શ્રીઆગમોદ્ધારક ગ્રંથ, ભા. ૧૦

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

તપાગચ્છીય સહસ્રાવધાની

શ્રીમુનિસુન્દરસૂરિવરકૃત

# ઉપદેશરત્નાકર

તથા

આગમોદ્ધારક આચાર્ય

શ્રીઆનન્દસાગરસૂરીશ્વરના પ્રશિષ્ય

શ્રીચન્દનસાગરજી

મહારાજે કરેલો

ભાવાર્થ

---

પ્રકાશક

શ્રીજૈન પુસ્તક પ્રચારક સંસ્થા

---

પ્રથમ, આવૃત્તિ નકલ ૫૦૦] [મૂલ્ય રૂા ૫-૦-૦

વીરસંવત્ ૨૪૭૫] [વિક્રમસંવત્ ૨૦૦૫

પ્રાપ્તિસ્થાન
શ્રીજૈનાનન્દ પુસ્તકાલય
ગોપીપુરા સુરત

અનુક્રમણિકા




મુદ્રક
ચંપકલાલ ગીરધરલાલ જરીવાલા
"ઊર્મિ" પ્રીન્ટરી [illegible] સુરત

तीर्थाधिराज-श्रीसिद्धक्षेत्रीयश्रीवर्द्धमानजैनागममन्दिर
श्रीसूर्यपुरीय-श्रीवर्द्धमानजैनताम्रपत्रागममन्दिर
संस्थापक श्रीविजयदेवसूरतपागच्छसम्भव
आगमोद्धारक-आगमदिवाकर-



श्रीमान् आनन्दसागरसूरीश्वर ।

# प्रासंगिकम्

१ यद्यपि जयसिरीत्यादिपदाङ्कितगाथासु तृतीयभागादिषु पदानां क्वचित् क्वचिद् विपर्यासोऽस्ति परमादिपदस्य समानत्वान्न समा पक्त्र धृता ।

२ अत्र निर्दिष्टे प्रथमद्वितीये तटे आद्यमध्यमतटनामाया स्वोपज्ञटीकाया विवृते, तृतीये तु तत्र अपरतटनामक संस्कृत-प्राकृतभाषायुक्तगाथात्मकं सुगममिति कृत्वा न तत्र विवृत ततो विवृतमुपदेशरत्नाकरमादरस्य प्राग् मुद्रणस्य कृतत्वात् तत्र न तन्मुद्रितं, ततस्तृतीयतटस्य मुद्रणं नूतनमेव तदुद्धारार्थमेव कृते प्रस्तुते प्रयत्ने प्राङ्मुद्रितयोः प्रथममध्यमतटयोर्मुद्रणं स्वखण्डाय ग्रन्थस्य ।

३ अकारादिक्रमे विवृणामपि तद्गतगाथानां विहिताऽनुक्रम, न च प्राङ्मुद्रिते द्वयोरपि मुद्रितयोस्तटयोरस्त्य कारादिक्रम ।

४ अत्र केषुचित् तरङ्गेष्वंशापरपर्यायेषु मूलादर्शापेक्षया या गाथास्तासामन्तरगणायानेकत्र वृत्तौ धृता गाथा परा तासु च काश्चिद् विवृता अपि सन्ति ।

५ विवरणपुस्तकेषु त्वंशानां भागास्तरङ्ग इति नाम्नाऽऽख्याताः

६ अत्र स्वकारान्तिकमरत्नयाणामपि तटानां कृतोऽस्ति ।

७ आद्ये चत्वारोऽंशा द्वितीये च चत्वारोऽंशा तृतीये तु तटेऽष्टांशा, एव षोडशांशात्मकोऽयं ग्रन्थ इति ।

आनन्दसागरः ।

# પ્રકાશકીય વક્તવ્ય

ઉદ્દેશ—આનો ઉદ્દેશ પરમ ઉપકારી આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજની સનાતન સૂચના અનુસાર જૈન પ્રાચીન સાહિત્ય બહાર પાડવાનો છે.

નામ—તે અનુસાર અમારી શ્રીજૈન પુસ્તક પ્રચારક સંસ્થા આગમોદ્ધારસંગ્રહના ભાગો તરીકે જુદાં જુદાં પ્રકાશનો કરી રહી છે. તેમાં આ ઉપદેશરત્નાકર મૂળ તથા ભાવાર્થને આગમોદ્ધારસંગ્રહ ભાગ ૨૦મા તરીકે બહાર પાડે છે.

પ્રકાશન—આગમોદ્ધારકશ્રીની દેહ એક વર્ષથી તબિયત નાદુરસ્ત હોવા છતાં તેમને કરેલી શાસનની ઉપાસના તેમની તેમાં જ લીનતા બતાવે છે. આથી એક શુભ પરિણામ એ આવ્યું કે સુરતના આગમ સૂરગચ્છનો ભંડાર કે જે હાલ ઉમરવાડી પાર્શ્વનાથના દેરાસરમાં છે, તે ભંડારની હાથપોથીઓ ફેરવતાં અપરતટ સહિતની ઉપદેશરત્નાકર મૂળની હાથપોથી જોઈ તે જોઈને તેમને અત્યંત આનંદ થયો કારણ કે લા. શા. દે. ના ગ્રંથાંક ૨૧મા તરીકે સં. ૧૯૭૧માં સ્વોપજ્ઞ ટીકાયુક્ત ઉપદેશરત્નાકર તેઓશ્રીએ સંપાદિત કરેલો. તેના પત્ર ૨૩૧માં આવેલા "अपरतट सुगमत्वात् न विव्रियते" એ ઉપરથી એ ગ્રંથના ઉપોદ્ઘાત (પૃ. ૪)માં પોતે તે અનુમાન કર્યું હતું કે આ ગ્રંથનો અપરતટ હોવો જોઈએ તેથી તે વખતે તેઓશ્રીએ અન્ય ભંડારોમાં ઘણું તપાસાવેલું પણ પ્રાપ્ત થયેલો નહિ તે આજે પ્રાપ્ત થાય, તે તો અધિક આનંદની જ વાત થાય એ નવાઈ જેવું છે?

તેની સાથે સાથે વિચાર થયો કે સાનિન્દ્રઘોષ કરીને જેમણે સંઘમાં શાંતિ કરી છે, જેઓએ સત્યઆરાધનાની વિરુદ્ધ પ્રયત્ન કર્યું છે,— જેઓએ ગુરુ મહારાજને એકસો આઠ હાથ પ્રમાણનો લેખ મોકલ્યો હતો તે મુનિસુંદરસૂરિજી મહારાજની આવી અનન્ય ઉત્તમ કૃતિ

અત્યાર સુધી કોઈ ભંડારમાંથી સંપૂર્ણ મળી નથી, તેથી અપ્રસિદ્ધપણે રહી જશે તો ગ્રંથ ક્રમે ક્રમે લુપ્તપ્રાય થશે માટે તેની પ્રતિઓ કોઈપણ રીતે વધવી જ જોઈએ

વળી તે પણ વાત થઈ કે આવા ઉપદેશના માટે અમુક અસાધારણ ગ્રંથ જો ભાવાર્થ સહિત બહાર પાડવામાં આવે તો ભવ્ય જીવોને પણ લાભ મળે તે ઉદ્દેશને પાર પાડવા ઉપદેશરત્નાકર મૂળ તથા ભાવાર્થ સહિત પ્રગટ કરવામાં આવ્યો છે

હાથપોથી-પ્રમાણ—આ હાથપોથી સુરતના આગમસાર [illegible]ના ઉમરવાડીમાં રહેલા ભંડારમાંની [illegible] પ્રત નં ૧૭ની છે તેમાં પત્ર ૧૦ છે દરેક પત્ર બન્ને બાજુએ લખેલ છે દરેક બાજુમાં ૧૭ લીટીઓ છે તે પત્રની લંબાઈ ૧૦ ઇંચ છે ને પહોળાઈ ૪॥ ઇંચ છે આ પ્રતિ ઉપરથી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે પત્ર ઉપરના અક્ષરો જોતાં એમ અનુમાન કરી શકાય કે તે સોળમી સદીની શરૂઆતમાં લખાયેલી હાથપોથી હશે

પ્રેસકોપી તથા ભાવાર્થ—પરમ તારક ગુરુવર્યશ્રીના આ ઉદ્દેશને પાર પાડવા માટે મુનિરાજ ચંદનસાગરજીએ તે હાથપોથીની પ્રેસકોપી અને ગ્રંથનો આધાર લઈ પ્રથમના ચાર તટ અને મધ્ય તટનો ભાવાર્થ કર્યો અને તેની અંદર કોઈ કોઈ જગા ઉપર ગ્રંથમાં જણાવેલી વિશિષ્ટ વાતો પણ ગદ્યપદ્યમાં સમજાવી અને ત્યાર પછી અંત્ય તટનો પણ ભાવાર્થ કર્યો જ ત્યારપછી ત્યાં પરમ તારક ગુરુવર્યશ્રીને તેમજ આચાર્ય મહારાજ શ્રીમાણિક્યસાગરસૂરિજી મહારાજને પૂછીને ખુલાસો કરાવ્યો એ રીતે પ્રેસકોપી તથા ભાવાર્થ તૈયાર કરવામાં આવ્યો છે પરમ તારક ગુરુવર્યશ્રીએ આ ગ્રંથના મૂળની પ્રેસકોપી સંપૂર્ણ તપાસી આપવા કૃપા કરી હતી

મુદ્રણ—તેનું મુદ્રણ કાર્ય અત્રના [illegible]પ્રેસમાં મુનિ મહારાજ [illegible] મહારાજની [illegible] અનુસાર

ઘણી ટૂંકી મુદતમાં શરૂ થયું અને તેનું પ્રૂફ જોવાનું કાર્ય મુનિરાજ ચંદનવિજયજી તથા ક્ષેમકરસાગરજીએ કર્યું

આ ગ્રંથનું પ્રાસંગિક પૂજ્ય ગુરુદેવશ્રીએ લખી આપ્યું હતું તે પૃ. ૫માં આપ્યું છે ઉપદેશરત્નાકરના કર્તા, તેમની કૃતિઓ અને તેનો વિસ્તર સંપૂર્ણ રીતે પ્રોફેસર હીરાલાલ રસિકદાસ કાપડિયાએ ભૂમિકામાં ચર્ચ્યો છે તે ભૂમિકા ત્યાર બાદ લાગેલું પછી મૂળ તથા ભાવાર્થ, ત્યારબાદ પરિશિષ્ટ પહેલામાં ટીકાકારે આપેલા અવતરણોના આદ્ય અંશો પરિશિષ્ટ બીજામાં ટીકાકારે આદિમા કરેલી પીઠિકાના આદ્ય પદો આપ્યા છે અને ત્રીજા પરિશિષ્ટમાં આ ગ્રંથમાં આવતા વિશેષ નામો આપ્યા છે તે નામો આગમોમાં કયા કયા મળી શકે તે માટે પહેલું આ ગ્રંથનું પત્ર પછી નામ અને તે પછી પરમ તારક ગુરુદેવશ્રીએ તારવેલી નોંધ ઉપરથી આગમોના નામ આપવાપૂર્વક પત્રોના અંક આપ્યા છે આ ગુરુદેવશ્રીને મળી આવેલું સંતિકરસ્તોત્ર કે જેની નોંધ પ્રશમરતિના વ્યાખ્યાનોના ઉપોદ્‌ઘાતમાં અને સિદ્ધચક્ર વર્ષ ૧૧ અંક ૮માં તેમજ સત્યપ્રકાશ વર્ષ ૧૪ અંક ૧૦માંમાં કરવામાં આવી છે તે સંતિકર પરિશિષ્ટ ૪માં આપવામાં આવ્યું છે કારણ કે આ સંતિકરસ્તોત્ર પણ તેમની જ-મુનિસુંદર સૂરિ મહારાજની જ કૃતિ છે

સંતિકરસ્તોત્ર—શ્રી વાચક નરસુંદરના અને ગૌતમસ્વામી-રાસ વિક્રમસંવત્ ૨૦૦૩માં જૈનચંદ્ર રામચંદ તરફથી બહાર પાડવામાં આવેલ છે તેનું સંપાદન પરમ તારક ગુરુદેવશ્રીએ કરેલું તેમાં સંતિકરની ગાથા ૧માં ગુરુદેવશ્રીએ મમ પાઠ સ્વીકારી એમ કરી જે મમ પાઠ ધારેલ તેજ પાઠ આ પ્રતમાં છે તેથી આ નાની સરખી કૃતિ મહત્ત્વની ગણી અત્રે ઉલ્લેખ કરીએ છીએ એ સ્તવ રચાયા પછી ઘણી જ ટૂંકી મુદતમાં કર્તાના હાથે લખાયું હોય તેવી ધારણા થાય છે કારણ કે **समाप्तम्** અને **कृतम्** એમ લખી પરમ ગુરુ

શબ્દ કહી પોતાના ગુરુ સોમસુન્દરસૂરિ મહારાજને સબોધીને **लिखितम्** એમ લખ્યુ છે તેથી તેમના પોતાના હાથનુ લખેલુ હોય તેમ માનવાને કારણ છે તે ૧૪૯૭ના ફાગણ માસની કૃષ્ણ પચમીએ લખેલુ છે આ ગ્રથ તેમના વિદ્યમાનપણાનો જ છે આ રહી તે પુષ્પિકા—

**"इति श्रीशान्तिनाथजिनस्तवन समाप्त कृत श्रीपरमगुरुश्रीसोमसुन्दरसूरिशिष्यैः श्रीमुनिसुन्दरसूरिभिः॥ स १४९७ वर्षे फल्गुनमासे श्यामपचम्या लिखितम्'**

પરિશિ ૮ પમા ઉપદેશરત્નાકરનો મૂળનો તથા મૂળભૂત અવતરણોનો અકારાદિક્રમ આપવામા આવ્યો છે ત્યાર પછી આગમોદ્ધારકની ત્રણ 'કૃતિ'ઓ આપવામા આવી છે તે કાચા ખરડામા હતી તે ઉપરથી છપાવી છે આના પૃ ૨૧૭–૨૨૮ સરસ્વતી પ્રેસમા છપાયા છે

પ્રેરણા—આગમોદ્ધારકની અનહદ પ્રેરણાને આભારીજ આ પ્રકાશન છે તે તેઓશ્રીનુ સસ્કૃતમા આપેલુ 'પ્રાસગિક' જોતા જણાશે આ ગ્રથના છેડે તેઓશ્રીની માહિતિ-સેવા' કે જેમા તેમની સપાદિત કૃતિઓ, તેમના રચેલા મુદ્રિત ગ્રથો ને સકલિત મુદ્રિત ગ્રથો છે તે **સુરતના શ્રીવર્ધમાનજૈનતામ્રપત્રઆગમમદિરની** ભમતીમાં નાજુક રૂમમા તેમની પ્રતિકૃતિ, તેમના ઉપદેશથી બધાવાયેલ એ મદિરોના દેખાવપૂર્વક તે નામથી આપવામા આવી છે તે ગ્રથનુ નામ આદિ આપવાપૂર્વક પૃષ્ઠ ૧ થી ૧૭મા છપાયેલ છે ને ત્યાર બાદ તેમના રચેલા સસ્કૃત-પ્રાકૃત ગ્રથો કે જે ત્યા હાથપોથી તરીકે મૂકવામા આવ્યા છે તેના અકારાદિક્રમે નામ ભાષા ગદ્યપદ્યાદિ, ગ્રથાગ્ર, રચ્યાસવત્, અને **શ્રીજૈનાનદ પુસ્તકાલય (સુરત)**નો નબર આપવાપૂર્વક પૃષ્ઠ ૧૮થી ૨૭મા છપાયા છે ત્યાર બાદ ઉપર જણાવેલા તે જ આગમમદિરની ગુરુદેવશ્રીએ લખેલી, શિલામા કોરેલી સસ્કૃત પ્રશસ્તિ આપી છે તે પછી તે જ આગમમદિર માટે જમીન ભેટ

આપનારનો લેખ ને મંદિરની ગજરાની પ્રશસ્તિ આપી છે' આ રીતે આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે.

ઋણી—આ ગ્રંથના કર્તાશ્રી તથા પરમ તારક ગુરુદેવશ્રીના તો અમે ઋણી છીએ જ વળી અમને છપાવવા માટે સંવાદ આપનાર તથા ભાવાર્થ સેવાપૂર્વક પ્રેસકોપી કરી આપનાર પ્રૂફ જોઈ આપનાર અને પરિશિષ્ટ વગેરે તૈયાર કરી આપનાર ઓ ભૂમિકા લખી આપનાર વગેરે અમારા કાર્યને મદદ કરનાર દરેકના અમે ઋણી છીએ.

ક્ષમાપના—આ ગ્રંથ મૂળ અને ભાવાર્થ સહિત યથાશક્તિ, યથામતિ યથાસાધન દ્વારાએ શુદ્ધ કરેલ છતાં કોઈ જગ્યા ઉપર સ્ખલના રહેવા પામી હોય તો સુજ્ઞ વાચકો તે અમને જણાવશે તો અમે તેનો બીજી આવૃત્તિમાં યથાયોગ્ય સુધારો કરીશું અસ્તુ

ગોપીપુરા
સુરત
૨૦૦૫ અષાડ
શુ ૧૧ વાર બુધ

નિ૦
પ્રકાશક

# ભૂ મિ કા

(લે પ્રો. હીરાલાલ ર કાપડિયા એમ એ)

ઉદ્ભવ—સહસ્રાવધાની' પ્રખરવાદી અને ગુરુગુણરાગી શીઘ્ર કવિ મુનિસુન્દરસૂરિએ સંસ્કૃત-પાઇયમા રચેના ઉપદેશરત્નાકર (ઉવએસરયણાયર)નો અપર તટ આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીઆનન્દ સાગરસૂરિજીને થોડા વખત ઉપર મળી આવ્યો હતો[1] અને એથી એમને અતિશય આનંદ થયો હતો એ છપાવવાની એમની ભાવના ઉત્કટ બની અને એના પરિણામરૂપે પ્રસ્તુત સંસ્કરણની યોજના થઈ આ સંસ્કરણમા 'જગતીતીર્થાવતાર રૂપ પીઠિકા—તટને છોડીને એના પછીના પ્રાચ્ય તટથી શરૂઆત કરાઈ છે વળી [2]અવતરણરૂપ પદ્યો પણ અપર તટવાળી હાથપોથીમા સ્થાન અપાયુ નથી એટલે એ પણ અહીં જતા કરાયા છે અંતમા અપર તટ પ્રથમ વાર રજૂ કરાયો છે મૂળના પદ્યો એનો અર્થ ભાવાર્થ અને કેટલીક વાર સ્પષ્ટીકરણ અપાયા છે આ સ્પષ્ટીકરણનો આધાર ઉપદેશરત્નાકરનુ સ્વોપજ્ઞ વિવરણ છે અપર તટ સુગમ હોવાથી એનુ વિવરણ અપાતુ નથી એમ કર્તાએ—મુનિસુન્દરસૂરિએ જાતે કહ્યુ છે[3] (જો કે ક્વચિત એ અપાયુ છે) એટલે એનો અર્થ બેસાડવાનુ કાર્ય અનુવાદક મહાશયે ફરી એના અર્થીઓને ઉપકૃત કર્યા છે, એમ કહી શકાય

પ્રયોજન—ઉપદેશરત્નાકરની મનોરમતા અને ઉપયોગિતાથી હુ આકર્ષિત હોવાથી તેમજ મુનિસુન્દરસૂરિનો જીવન-વૃત્તાન્ત અતિશય સંક્ષેપમા કે વિસ્તારથી રજૂ ન કરતા મધ્યમ સ્વરૂપે આ લેખ

---

1 જુઓ પ્રશમરતિ અને સંબંધકારિકાની મારી ઉત્થાનિકા (પૃ ૮).

2 જુઓ પરિશિષ્ટ ૧ (પૃ. ૨૦૯ ૨૧૦)

3 જુઓ દે. લા જૈ પુ સંસ્થા તરફથી સ્વોપજ્ઞ વિવરણ છપાયેલ [illegible] આવૃત્તિ (પત્ર ૨૩૧આ)

વાની મારી અભિલાષા હોવાથી અનુવાદકની તેમજ પ્રકાશકની વિજ્ઞપ્તિ સ્વીકારી હુ આ ભૂમિકા તૈયાર કરવા પ્રવૃત્ત થયો છુ અને મારે અનુવાદકના કાર્ય વિષે કશું કહેવાનું નથી આથી તો સૌથી પ્રથમ ઉપદેશ-રત્નાકરનો અને ત્યાર બાદ એના પ્રણેતાના જીવનવૃત્તાન્તનો—એમની અન્ય કૃતિઓનો પરિચય કરાવવાનો રહે છે આ કાર્ય મારે માટે સુગમ બનાવનારુ કોઈ વિશિષ્ટ સાધન હોય તો તે અધ્યાત્મ-કલ્પદ્રુમનો સ્વ મોહનલાલ દીપચંદ દેસાઈએ જે વિદ્વત્તાપૂર્ણ અને વિસ્તૃત ગ્રન્થકાર-પરિચય" નામનો ઉપોદ્ઘાત ગુજરાતીમા લખ્યો છે તે છે

મર્યાદા અને વિશિષ્ટતા—વાચકવર્ય ઉમાસ્વાતિએ રચેલા (સ્વોપજ્ઞ) ભાષ્ય અને સિદ્ધસેનગણિકૃત ભાષ્યાનુસારિણી' ટીકાથી વિભૂષિત તત્ત્વાર્થાધિગમસૂત્ર (ભા ૨)નો અંગ્રેજી ઉપોદ્ઘાત મારા અભ્યાસને ફળીભૂત કરવા માટે મે યોજ્યો ત્યારે એને સુસમૃદ્ધ[1] કરવામા જેમ એના ગુજરાતી વિવેચનની ગુજરાતી પ્રસ્તાવના મને પ્રેરક અને સહાયક બની હતી તેમ આજે આ દેસાઈકૃત ઉપોદ્ઘાત બન્યો છે આટલે અંશે હુ ઉપકારવશી છુ અને એ માટે, હુ તે તે લેખક અને પ્રકાશક મહાશયનો આભારી છુ

સ્વ દેસાઈને અપરંતઃ જોવા જાણવાનો પ્રસંગ મળ્યો હતો વિષયમા વિદ્યાસાગરગણિના પ્રથમ પ્રકાશિત કેટલાક સ્તોત્રો માટે પણ તેમને માટે તો આ જ પરિસ્થિતિ હતી એટલે ખાસ કરીને આ બે બાબતો વિષે કેટલુંક લખાણ રજૂ કરવાનો સુયોગ મને સાંપડે છે દેસાઈકૃત ઉપોદ્ઘાતની સંકલના અને મારી ભૂમિકાની સંકલનામા ભેદ છે આ વિશિષ્ટતાઓ ઉપરાંત મૂળ અને વૃત્તિના ભાષા-ભેદ

૧ આમ કરતી વેળા ગુજરાતી પ્રસ્તાવનામાની ભ્રાન્ત વિચારણારૂપ દોષનું નિવારણ અને મારા ઉપોદ્ઘાતને સમૃદ્ધ બનાવવા માટે આ પ્રસ્તાવનામા નહિ અપાયેલી બે બાબતોનું નિરૂપણ-ત્રુટિઓની પૂર્તિ એ બે કાર્ય મે કર્યાં હતા

ઔપદેશિક સાહિત્યની રૂપરેખા અનુયોગ-ચતુષ્ટય ઇત્યાદિ વિષે જે અહીં કહેવા ઇચ્છું છું તેને ઉપર્યુક્ત ઉપોદ્ઘાતમાં સ્થાન અપાયેલું નથી.

**મૌલિકતા**—જ્યારે તીર્થંકરો પણ—કેવળજ્ઞાનીઓ પણ એમની પૂર્વે થઈ ગયેલા જિનવરોએ કહેલું જ કહે છે અને જૈન [1]વિબુધવરો પોતાની જાતને ગ્રન્થકાર ન કહેતાં 'સંગ્રાહક' તરીકે ઓળખાવે છે ત્યાર બાદ જેવો સ્વલ્પજ્ઞ અમુક અમુક વિચારો કે અમુકની સંકલના એ મારી જ [2]મૌલિક સંપત્તિ છે એમ કહેવાનું દુઃસાહસ કેમ ખેડે ? આત્મોન્નતિકારક સાહિત્યની સાચી સેવા કરનારા પોતાની અમૂલ્ય કૃતિનો અંશત પણ નામનિશાન દર્શાવ્યા વિના કે આભાર માન્યા વિના જ્યાં જેને ઉપયોગ કરે તો તે તરફ કદી લક્ષ્ય ન જ આપે એટલું જ નહિ પણ એ અન્યના કામમાં આવ્યા બદલ રાજી થાય. સચ્ચારિત્ર્યની

---

1 જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્રની સંબન્ધકારિકા (શ્લો. ૨૨). અહીં ઉમાસ્વાતિએ આ ગ્રન્થને અર્હદ્‌વચનના એક ભાગના સંગ્રહરૂપ કહ્યો છે.

2 જેમને પોતાના લખાણને ગમે તે ભોગે મૌલિક કહેવાનો કે મનાવવાનો મોહ હોય- દુરાગ્રહ હોય તેઓ જયન્તભટ્ટે ન્યાયમંજરી (પૃ. ૧)માં નીચે મુજબના જે ઉદ્ગાર કાઢ્યા છે તે તરફ ધ્યાન આપશે કે?

"कुतो वा नूतनं वस्तु वयमुत्प्रेक्षितुं क्षमाः ?।
वचोविन्यासवैचित्र्यमात्रमत्र विचार्यताम् ॥"

પૃ. ૫માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે –

"आदिसर्गात् प्रभृति वेदवदिमा विद्याः प्रवृत्ताः, सङ्क्षेप-विस्तरविवक्षया तु तांस्तांस्तत्र कर्तॄनाचक्षते"

પ્રમાણમીમાંસાની સ્વોપજ્ઞ વૃત્તિના પ્રારંભમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ પણ આ જ બાબત કહી છે અને એ દ્વારા મૌલિકતાને નામે હો હા કરી રીતે ભડકાવનારની ખબર લીધી છે.

એટલાએ સામાન્ય કોટિના પરંતુ બુદ્ધિબળમાં સમૃદ્ધ વિદ્વાનો પૈકી કેટલાને આવી ઉત્તમ મનોદશા સેવવાનું સદ્ભાગ્ય હોય?

દેસાઈકૃત ઉપોદ્ઘાતમાં અપાયેલી બાબતોને અને બનતી તપાસ કરી પૂર્વાપર અનુસંધાન વિચારી આ ભૂમિકાનું કાર્ય હું આગળ ચલાવું છું

**ઉપદેશનો પ્રભાવ**—સંસારમાં મલિન ભાવને લઈને પરિભ્રમણ કરનારા જીવોને સદુપદેશ મળે તો તેઓ સન્માર્ગ ગ્રહણ કરી આત્મોન્નતિ સાધી શકે એ પ્રકારે શુદ્ધ ઉપદેશનો પ્રભાવ અદ્વિતીય છે સદ્ગુણ સુખ અને જ્ઞાનરૂપ ત્રિપુટીને એક ચપટીમાં સિદ્ધ કરવાની કળા એ ઉપદેશરૂપ ગુરુ પાસેથી મેળવી શકાય તેમ છે એ મળે તો રાગાદિ શત્રુઓ ઉપર વિજય અને મુક્તિરૂપ લક્ષ્મી (જયશ્રી) મળતા વાર ન લાગે આ પ્રકારના દિવ્ય પ્રભાવવાળો ઉપદેશ સુબોધક શૈલીમાં અને બાળ જીવોને પણ સુપરિચિત એવી ભાષામાં જ્યારે રજૂ થાય ત્યારે એનું મૂલ્ય અનેકગણું વધી જાય એ સ્વાભાવિક છે

**ઔપદેશિક સાહિત્ય**—સત્યદર્શી તીર્થપ્રવર્તકો વિશ્વને ઉન્નત બનાવવાની ઉત્તમ ભાવનાવાળા હોય છે એટલે એઓ સ્વકીય અનુભવપૂર્વકનું માર્ગદર્શન કરાવી શકે છે આ માટે એઓ વાણીનો ઉપયોગ કરે છે એમના પ શિષ્યો આ વાણીને હૃદયંગમ રીતે ગૂંથે છે જૈન આગમોનો વિચાર કરીશું તો જણાશે કે મહાવીરસ્વામીના, અનન્ય ઉપદેશનું અનેક આગમોમાં ઓછેવત્તે અંશે નિરૂપણ છે ઠાણ સમવાય અને પણ્ણવણા જેવા આગમમાં પણ આડકતરી રીતે તો આ જ બાબતની રૂપરેખા છે ઉત્તરજ્ઝયણ અને દસવેયાલિય જેવા આગમો મુનિવરોને અને ઉવાસગદસા શ્રમણોપાસકોને મનુષ્ય-ભવને સાર્થક કરવાની અનેક ઉત્તમ ચાવીઓ બતાવે છે આમ ઔપદેશિક સાહિત્યના મૂળ જૈન ઉપલબ્ધ સાહિત્યની દૃષ્ટિએ આગમો જેટલા તો પ્રાચીન છે જ ઉપદેશને મુખ્ય વિષય બનાવી એને અંગે સ્વતંત્ર કૃતિઓના સર્જનને આગમોના પ્રણયન-કાળમાં સ્થાન હતું કે

કેમ એ વિચારવા જેવી બાબત છે ધર્મદાસગણિએ [1]ઉવએસમાલા (ઉપદેશમાલા) નામની કૃતિ પાઇયમાં ૫૪૪ પદ્યમાં રચી છે આ ધર્મદાસગણિને કેટલાક મહાવીરસ્વામીના શિષ્ય ગણે છે, જ્યારે કેટલાક એ વાત માનતા નથી આવી પરિસ્થિતિમાં નિર્વિવાદ હકીકત તરીકે હુ ભવવિરહસૂરિની ઉર્ફે હરિભદ્રસૂરિની કૃતિ [2]ઉવએસપય (ઉપદેશપદ)નો ઉલ્લેખ કરીશ આ કૃતિના નામમાં પણ ઉપદેશ શબ્દ ગૂથી લેવાયો છે આવી અનેક કૃતિઓ છે તેમાં ઉપદેશ-રત્નાકરની પૂર્વે રચાયેલી કૃતિ તરીકે વિ સ ૧૧૭૮માં સ્વર્ગે સચરેલા 'સૌવીરપાયી' મુનિચન્દ્રસૂરિકૃત બે ઉપદેશામૃતકુલક, ઉપદેશ-પઞ્ચાશિકા ઇત્યાદિ કવિસભાશૃંગાર શ્રમણોપાસક [3]આસડ કૃત ઉપદેશ-કન્દલી, 'મલધારી હેમચન્દ્રસૂરિએ રચેલી અને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત ઉપદેશમાલા યાને પુષ્પમાલા, [4]મેરુતુંગસૂરિકૃત ઉપદેશશતી યાને મહાપુરુષચરિત્ર અને જયશેખરસૂરિએ વિ સ ૧૪૩૬માં રચેલ ઉપદેશચિન્તામણિ હુ નોધુ છુ ઉપદેશરત્નાકરની

---

૧ આની એક તાડપત્રીય પ્રત વિ. સ ૧૩૩૪માં લખાયેલી છે આ કૃતિ મોઢે કરવાની તથા કેટલાક વર્ષો ઉપર સાધ્વીઓ અને શ્રાવિકાઓમાં લેવાતી હતી આ કૃતિ ઉપર વાદી દેવસૂરિના શિષ્ય રત્નપ્રભસૂરિએ દોઘટ્ટી નામની સંસ્કૃત વૃત્તિ વિ. સ ૧૨૩૮માં રચી છે એમાં એમણે સિદ્ધર્ષિને વ્યાખ્યાતૃચૂડામણિ કહ્યા છે અને આ સિદ્ધર્ષિએ ઉવએસમાલા પર રચેલી વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે આ સિદ્ધર્ષિ તે જે સા. સ. ઈ (પૃ. ૧૯૫-૧૯૬) પ્રમાણે ઉપમિતિભવપ્રપંચાકથાના કરનાર સિદ્ધર્ષિ છે કે જેમણે શ્રીચન્દ્રકેવલીનુ પાઇય ચરિત્ર જોઈને એ (મુખાસવત્) ૫૯૮માં અર્થાત્ વિ. સ ૯૭૪માં સંસ્કૃતમાં રચ્યુ આ હિસાબે ઉવએસમાલા હજાર વર્ષ જેટલી તો પ્રાચીન ગણાય જ

૨. આની માહિતી માટે જુઓ અનેકાન્તજયપતાકા (સટીક)ના બીજા ખંડનો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ ૨૩-૨૪)

૩ એમણે વિવેકમંજરી રચી છે

૪ એમણે વિ. સ ૧૩૬૧માં પ્રબન્ધચિન્તામણિ રચેલ છે

પછી રચાયેલી કૃતિ તરીકે હું થોડીક ગણાવીશ. રત્નમંદિરગણિએ વિ. સં. ૧૫૧૯ પૂર્વે રચેલી ઉપદેશતરંગિણી, ઇન્દ્રહંસગણિએ વિ. સં. ૧૫૫૫માં રચેલી [1]ઉપદેશકલ્પવલ્લી, ૧૫૦૩માં સોમધર્મગણિએ રચેલી ઉપદેશસપ્તતિ, વિજયલક્ષ્મીસૂરિએ રચેલ ઉપદેશપ્રાસાદ, શ્રી ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત ઉવએસરહસ્સ (ઉપદેશરહસ્ય) અને વિ. સં. ૧૭૮૦માં જ્ઞાનવિમલસૂરિએ રચેલું ઉપદેશશતક [2] નોંધું છું.

આ ઉપરાંત અનેક જૈન કથાઓ અને રાસાઓનો પણ ઔપદેશિક સાહિત્યમાં સમાવેશ થાય છે.

આ ઉપરથી જોઈ શકાશે કે ઉપદેશરત્નાકરની રચના એક તરફથી વ્યાખ્યાનની પ્રશંસનીય પ્રણાલિકાનું હૃદયંગમ રીતે પાલન છે, અને બીજી બાજુએ આ પ્રકારના ગ્રંથો રચવાની પ્રેરક ભૂમિકા છે.

## ઉપદેશરત્નાકર (ઉવએસરયણાયર) અને એની સ્વોપજ્ઞ વૃત્તિ

**નામ**—ગ્રન્થકારે પોતે આ ગ્રન્થનું નામ 'ઉપદેશરત્નાકર' દર્શાવ્યું છે. જુઓ પીઠિકા-તટનું ૨૧મું પદ્ય.

**વિભાગ**—આ ગ્રંથને રત્નાકર અર્થાત્ સમુદ્રની ઉપમા અપાઈ છે એટલે આપણા ભરત ક્ષેત્રવાળા જંબૂદ્વીપને ફરતો જે લવણ સમુદ્ર છે તેને અંગે જેમ જગતી તટ અને તરંગ વિચારાય છે તેમ આ

---

૧ આ 'मण्ह जिणाण'ની વૃત્તિ છે.

૨. દા. ત. કુમારવાલપડિબોહ (કુમારપાલપ્રતિબોધ) એ ઉપદેશાત્મક (didactic) ગ્રંથ ગણાય છે.

ઉપદેશ દ્વારા ધર્મનું નિરૂપણ કરનારા સમુદ્રરૂપી ગ્રન્થને- ઉપદેશરત્નાકરને અને પણ આ બાબતને ઘટાવી શકાય તેવી રીતે એના વિભાગો એના કર્તાએ યોજ્યા છે 'લવણ' સમુદ્રનો પહેલો ભાગ અગમાન છે અને એનુ પ્રમાણ ૯૫૦૦૦ યોજનન છે એનો વચનો ભાગ ૧૦૦૦૦ યોજનનો છે અને છેનો ભાગ પહેલા ભાગના જેટલો છે એવી રીતે આ ઉપદેશરત્નાકરને પીઠિકારૂપે સસ્કૃતમા રચાયેલા ૨૯ શ્લોક પરતો જગતી-તીર્થાવતાર છે એના પછી પ્રાચ્ય તટ તેમજ આદ્ય અધિકાર તરીકે ઓળખાવાતો પ્રથમ તટ છે એને ચાર અશ છે અને એમા ઓળખાવતા તરગો છે પ્રથમ અશમા શ્લોક બાર છે પણ તરગ તેર છે બીજા બધામા તો જેટલા શ્લોકો છે એટલા જ તરગો છે

આ પ્રથમ તટ પછી મધ્ય અધિકાર છે એમા પણ ચાર અશો છે અને એ દરેકને ઓળખાવતા તરગો છે

[1]મધ્યમ અધિકાર પછી છેનો અધિકાર છે એને અપર તટ' તરીકે ગ્રન્થકારે નિર્દેશ્યો છે આ અપર તટ એના આઠ વિભાગ છે તેમા પહેલાને માટે તરગ અને પાચમા સાતમા અને આઠમા માટે 'અશ' શબ્દ વપરાયેલો છે

દરેક તટના અશ દીઠ શ્લોકોની સખ્યા જાણી શકાય અને સાથે સાથે ઉપર્યુક્ત બાબતોનો પણ એકસામટો ખ્યાલ આવી શકે તે માટે જગતીતીર્થાવતારરૂપ પીઠિકાને છોડીને ત્રણ અધિકારોના વિભાગરૂપ વિષયની હકીકતો કોષ્ટક દ્વારા રજૂ કરુ છુ -

[1] જુઓ દે લા વાળી આ વૃત્તિનુ પત્ર ૧૪૦ અ

| તટ યાને અધિકાર | ભાગ | અંશ | શ્લોક | તરંગ |
|---|---|---|---|---|
| આદ્ય અધિકાર યાને પ્રાચ્ય તટ | પા | ૧ | ૧૨ | ૧૩ |
| ,, , | ,, | ૨ | ૧૬ | ૧૬ |
| , , | , | ૩ | ૧૦[1] | ૮ |
| ,, , | , | ૪ | ૯ | ૯ |
| મધ્ય અધિકાર | ,, | ૧ | ૧૧[2] | ૧૦ |
| , , | ,, | ૨ | ૧૦ | ૧૧ |
| ,, , | , | ૩ | ૧૧ | ૭ |
| ,, | ,, | ૪ | ૧૨ | ૧૨ |
| અંતિમ અધિકાર યાને અપર તટ | સ | ૧ (તરંગ) | ૩૩ | — |
| , , , , | , | ૨ ( ) | ૩૧ | — |
| , , ,, ,, | , | ૩ ( , ) | ૧૯ | — |
| ,, ,, , | ,, | ૪ ( ,, ) | ૩૬ | — |
| ,, , , , | પા | ૫ | ૩૩ | — |
| , , , ,, | સ | ૬ | ૧૬ | — |
| , , ,, ,, | સ | ૭ | ૩૪ | — |
| , , ,, ,, | પા ને સ | ૮ | ૬૮ | — |

૧ શ્લો ૩-૫ને મળીને તરંગ અધૂરો હોય એમ લાગે છે

૨ શ્લો. ૨-૩ મળીને બીજો તરંગ અધૂરો છે

આ ઉપરથી જોઈ શકાય છે કે જ્ઞાની-તીર્થંકરતારૂપ પીઠિકા તટમાં ૨૯ શ્લોકો છે અને આદ્ય અધિકાર મધ્ય અધિકાર અને અંતિમ અધિકારમાં અનુક્રમે ૪૭ ૪૪ અને ૨૭૦ શ્લોકો છે આના પછી સમગ્ર ગ્રંથો ઉપર ટીકા એક પદ્ય સંસ્કૃતમાં છે આમ ઉપદેશ રત્નાકરમાં એકંદર ૩૯૧ પદ્યો છે એમાં વચ્ચે વચ્ચે અવતરણરૂપે જે ૫ પદ્યો છે તે ગણીએ તો કુલ સંખ્યા ૪૪૭ની થાય

**આદ્ય અને મધ્ય અધિકારોના પદ્યોની સંખ્યામાં ભેદ—** આ જે મૂળ છપાયું છે તે આ ડિ(સુરત)ના વિજય આણસુરના ભંડારની હાથપોથી (ક્રમાંક ૧૭૭)ને અનુસરે છે આ હાથપોથીમાં જે પ્રમાણે તટ (અધિકાર) અને તરંગ (અંશ) તરીકેના વિભાગો રાખી પદ્યાંક અપાયા છે તેજ પ્રમાણે એની અહીં યોજના કરાઈ છે સ્પષ્ટ શબ્દમાં કહું તો પ્રથમ અંક તે ઉપર સુજાગની હાથપોથી પ્રમાણેના પદ્યાંકનો છે આની પછી તરંગ અને એનો જે અંક અપાયેલ છે તે દે લા જૈ પુ સંસ્થા તરફથી છપાયેલી આવૃત્તિને અનુસરે છે

આ હાથપોથીમાં જે પદ્યો છે તેજ અહીં અપાયા છે જ્યારે મુદ્રિત આવૃત્તિમાં એથી વિશેષ પદ્યો છે અને એ અવતરણરૂપે છે એની સંખ્યા ૧૫૬ની છે પરંતુ પદ્ય સંસ્કૃતમાં અને બાકીના પાઇયમાં છે કયા પદ્યના અવતરણરૂપ કયું પદ્ય કે કયાં પદ્યો છે એ બાબતની તારવણી સંપાદક મહાશયે કરી છે અને એ પ્રથમ પરિશિષ્ટ તરીકે અપાઈ છે

એમ લાગે છે કે આ હાથપોથીમાં અપાયેલાં પદ્યો સૌથી પ્રથમ રચાયાં ત્યારબાદ વિવરણ તૈયાર કરવાની વેળા જરૂર જણાઈ ત્યાં ત્યાં અવતરણરૂપે પદ્યો યોજાયાં આ વધારેલાં પદ્યોવાળા મૂળને તેમજ એના વિવરણને અનુલક્ષીને પીઠિકારૂપે ૨૯ પદ્યો રચાયાં

૧ આદ્ય તટના અંશ ૧માં ૧ અને અંશ ૩માં ૧૩ એમ ચૌદ પદ્યો છે ચારે મધ્ય અધિકારના અંશ ૧માં ૧૨ અંશ ૨માં ૧૧ અંશ ૩માં ૯ અને અંશ ૪માં ૧૦ એમ ૪૨ છે આમ એકંદર ૫૬ પદ્યો છે

મૂળમાં જે અવતરણરૂપ પદ્યો ઉદ્ધૃત કરાયાં તેમાંથી પણ કોઈ કોઈ અંગે વિવરણ કે આ વિવરણરૂપ કાર્ય ન તો અવતરણરૂપ પદ્ય યોજાતી વેળા જ કરાયું હશે અથવા તો સમગ્ર મૂળ અને વિવરણની આ હસ્ત-પ્રતિ તૈયાર થતી વેળા તેમ થયું હશે.

પાઠાંતર—મુનિસુન્દરસૂરિએ જાતે ઉપદેશરત્નાકર ઉપર સ્વોપજ્ઞ વિવરણ રચ્યું છે અને તેમ છતાં આ વિવરણમાં મૂળને અંગે [1]પાઠભેદની નોંધ છે. આ વિલક્ષણતાનું કારણ એમ જણાય છે કે વિવરણ રચતી વેળા મૂળ પદ્યો અંગે વિચાર કરતાં અન્ય પાઠ સૂઝ્યો હોય અને તેને સ્થાન આપવાની આકાંક્ષાની વૃત્તિ થતાં તેમણે એની નોંધ લીધી. પદ્યાત્મક રચના કરનારને હાથે પાઠાન્તરો સંભવે છે એ વાત જાત-અનુભવની વાત છે કેમકે કંસવધના પદ્યાત્મક અનુવાદરૂપ કંસવધમાં મેં પણ પાઠાન્તર આપ્યાં છે. વિશિષ્ટ ઘટના તો એ છે કે ઉદ્યોતનસૂરિકૃત કુવલયમાલામાં ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના ગણાય એવા પાઠભેદ છે.

ગ્રંથાગ્ર—વ્યાખ્યા સહિત ગ્રન્થનું પ્રમાણ ૭૨૭૫ શ્લોક જેટલું છે.

અંક—જયશ્રી વડે આ ઉ૦ ૨૦ અંકિત છે.

ભાષા—ઉ૦ ૨૦ એ સંપૂર્ણતઃ સંસ્કૃતમાં કે પાઇયમાં રચાયેલો ગ્રન્થ નથી. એનો જગતી-તીર્થાવતારરૂપ સમગ્ર પીઠિકા-તટ સંસ્કૃતમાં છે અને એ પછીના બે તટો સર્વાંશે પાઇયમાં છે, જ્યારે છેલ્લો—અપર તટ અંશતઃ પાઇયમાં અને અંશતઃ સંસ્કૃતમાં છે. વિસ્તારથી કહું તો આ અપર તટના પહેલા ચાર તરંગરૂપ ચાર ભાગ તો સર્વાંશે સંસ્કૃતમાં છે. પાંચમો ભાગ પાઇયમાં છઠ્ઠો અને સાતમો સંસ્કૃતમાં અને આઠમાના પહેલા ૩૪ પદ્યો પાઇયમાં અને બાકીનાં ૩૪ સંસ્કૃતમાં છે. આ ઉપરથી એ વાત તારવી શકાય છે કે ઉ૦ ૨૦માં ૪૪૭ પદ્યો પૈકી ૨૩૪ (૨૩૩+૧) પદ્યો સંસ્કૃતમાં અને ૨૧૩ (૧૫૮+૫૫) પાઇયમાં છે. આમ મોટો ભાગ આ સંસ્કૃતમાં છે.

---

૧ જુઓ પત્ર ૧૭ આ.

અનુયોગ—ચતુષ્ટય—જૈન દર્શનના અભ્યાસીને એ વાત સુવિદિત છે કે જૈન શાસ્ત્રો–સાહિત્યના સમગ્ર ક્ષેત્રને અંગે ચાર અનુયોગો છે (૧) ધર્મકથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ આચારાંગની ટીકા (પત્ર ૧આ)માં શીલાંકસૂરિએ આ પ્રમાણેના ક્રમથી ચાર અનુયોગો—અર્હદ્વચનાનુયોગના ચાર પ્રકારો ગણાવ્યા છે સાથે સાથે એમણે પ્રત્યેક અનુયોગનુ ઉદાહરણ પણ આપ્યુ છે તેમા એમણે ધર્મકથાનુયોગના ઉદાહરણ તરીકે ઉત્તરાધ્યયનનો નિર્દેશ કર્યો છે વિશેષમા એમણે ચરણકરણાનુયોગને સૌથી મુખ્ય ગણ્યો છે ઉપદેશાત્મક ગ્રન્થમા ચાર અનુયોગોને ઓછેવત્તે અંશે સ્થાન હોઈ શકે પ્રસ્તુત ગ્રન્થ નામે ઉ૦ ર૦ એ મુખ્યતયા ધર્મની યોગ્યતારૂપ પ્રૌઢ વિષયને પલ્લવિત કરે છે એટલે એનો સબંધ વિશેષત ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગ સાથે છે

આ સબધમા ઉ ર૦ના સસ્કૃત [1]ઉપોદ્ઘાત (પત્ર ૪અ)મા આગમોદ્ધારક એમ કહે છે કે આ ગ્રન્થરત્ન કેવળ વિદ્વાનોને જ ઉપકારક છે એમ નથી વળી એ કથાનુયોગના રસિકોને જ દાનકલ્પદ્રુમની જેમ ઉપકાર કરનારો છે એમ પણ નથી વિશેષમા આ કેવળ ચરણકરણાનુયોગના અભિલાષીને પાક્ષિકસૂત્ર ઇત્યાદિની પેઠે એ અભિલાષની જ તૃષ્ણાને દૂર કરનાર છે એમ પણ નથી આ ઉપરાત એ કઠોર ગ્રન્થોના અર્થને પ્રકટ કરવાથી જેમણે વાસ્તવિક રીતે ન્યાયાચાર્ય પદ મેળવ્યુ છે જેઓ વિધિપૂર્વક પ્રતિષ્ઠિત ગણેના શાસનના ભારને વહન કરવામા વૃષભ સમાન છે અને જેઓ ગણધરે આપેલ જ્ઞાન અને ક્રિયા એ બનેના અભ્યાસ વડે શોભે છે એવા મહોપાધ્યાય

---

[1] આ ઉપોદ્ઘાતમા અપર તટના અસ્તિત્વ વિષે તેમજ એના મરોની સખ્યા અને અધિકારો વિષે જે અનુમાનો કરાયા છે તેની નોધ મે પ્રશમરતિ અને નબ ધર્મરશ્મિની મારી ઉત્થાનિકા (પૃ ૮–૯)મા લીધી છે.

યશોવિજય ૫ હિમવત્ (હિમાલય) પર્વતમાથી નીકળેલી સ્યાદ્ના કલ્પલતા નામની શાસ્ત્રવાર્તાસમુચ્ચયની વૃત્તિ ૫ ગગાની પેઠે દ્રવ્યાનુયોગની યોજનાવાળી કૃતિ ૫ (જ) છે એમ નથી પરતુ ઉપર્યુક્ત ગ્રન્થો ઇત્યાદિના રહસ્યના ગ્રહણ વડે જાણે તૈયાર કરાયેલ ન હોય તેમ આ સર્વ ગુણોની સપન્ન છે આ વાત વિબુધોને આ ગ્રન્થના પીઠ પ્રસ્તાવનો નીચે મુજબનો ૨૪મો શ્લોક વિચારતા સ્પષ્ટ જણાશે –

"एकाहिकागमगभीरफलैस्तद् य-
मिथ्यात्विमद्रकबुधेतरयोग्यताद्यै ।
भेदैस्ततो नवनवै सुकृतापदेशान्
वक्ष्ये बहूनिह परप्रतिबोधसिद्ध्यै ॥"

આનો અર્થ એ છે કે (૧) એક દિવસમા જેનુ વ્યાખ્યાન થઈ શકે એવા (૨) બે વગેરે દિવસમા થઈ શકે એવા (૩) આગમના આલાપકોના અર્થરૂપ (૪) એનાથી અન્ય પ્રકારના અર્થાત્ પ્રકરણોના વિચારોના અર્થ ૫ (૫) પોતાની બુદ્ધિ વડે ગૂથેલા વૃત્ત અને ગાથા ઇત્યાદિરૂપ, (૬) ગભીર (ગહન) અર્થવાળા (૭) પ્રકટ અર્થવાળા (૮) પુણ્ય અને પાપરૂપ ફળને જણાવનારા (૯) પાપ અને પુણ્યના સ્વરૂપના કારણાદિ ઉપર પ્રકાશ પાડનાર (૧૦) મિથ્યાત્વીઓને (૧૧) ભદ્રકોને તથા (૧૨) બુધોને તેમજ (૧૩) મિત્રસમ્યગ્દૃષ્ટિઓને, (૧૪) કઠણ વ ર પ્રકૃતિવાળા જનોને અને (૧૫) મૂર્ખ જનોને યોગ્ય તેમજ (૧૬-૧૮) રાજમત્રી ક્ષત્રિય બ્રાહ્મણ વગેરેને યોગ્ય એમ અનેક પ્રકારના નવનવા ધર્મોપદેશો હુ અન્યના પ્રતિબોધ માટે કહીશ

* આ ઉપરથી જણાશે કે આ ગ્રથ કેવળ 'સામાન્ય કોટિના જ શિક્ષાર્થીઓને જ ઉપયોગી નથી વળી એને જે રત્નાકર' કહ્યો છે તે યોગ્ય છે

**વિષય**—જગતી – તીર્થંકરરૂપ પીઠિકા – તટમા પ્રારભમા ઋષભદેવ શાતિનાથ નેમિનાથ પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી

એ પાંચ નામિત તીર્થંકરોની સ્તુતિ છે ત્યાર બાદ શ્લોક ૯થી ૧૧માં ભાગની દીક્ષાગુરુ દેવસુન્દર (જ્ઞાન)ગુરુ જ્ઞાનસાગર અને સૂરિ પદ આપનારા સોમસુન્દરની સ્તુતિ છે[1]

પ્રથમ અધિકારમાં શ્રોતાઓની યોગ્યતા અને અયોગ્યતા, ગુરુઓની લાયકાત અને બીનલાયકાત તેમજ માયા અને લોભ ધર્મ અને વિધિપૂર્વક ધર્મ કરવાનો ઉપદેશ એ ભાગનો મુખ્યપણે વિષય છે

મધ્ય અધિકારમાં ધર્મના શ્રવણની ભાવના મનુષ્ય જન્મ વિશે ઊહાપોહ, જીવોનું વૈવિધ્ય અને શ્રુત પ્રત્યે સાધુઓનું વર્તન એમ પ્રકીર્ણક ઉપદેશનું નિરૂપણ છે

અંતિમ અધિકારમાં ધર્મના ફળનો નિર્દેશ ધર્મકૃત્યમાં પ્રમાદનો પરિહાર પાપનું નિવારણ વિશિષ્ટ ધાર્મિક પ્રવૃત્તિઓનો ઉપદેશ ધાર્મિક મનોરથ કરવાની ભાવના સર્વગમત ધાર્મિક અનુષ્ઠાનો અધિકારીઓને ઉપદેશ ક્ષત્રિયના તેમજ બ્રાહ્મણોના ધર્મનું નિરૂપણ જિનેશ્વરને જગતના પિતામહ કહેવાનું કારણ તેમજ એમની પૂજ્યતાના હેતુઓ, જિનેશ્વરની ભક્તિનું ફળ, ત્રિવિધ પૂજા પઉમચરિયમાંથી જિનપૂજનને મળતો અવતરણો અષ્ટપ્રકારી પૂજાનું સ્વરૂપ, જિનેશ્વરનો નિર્મમાદિ તરીકે નિર્દેશ જિનેશ્વરનું સ્વરૂપ અને એમની પૂજ્યતા અજૈન કૃતિમાં જિનેશ્વર વિષે ઉલ્લેખ ઇત્યાદિ બાબતો છે

બે કડો દૃષ્ટાન્તો—ઉ૦ જઠના મધ્ય અધિકારના અન્તમાં પત્ર ૨૦૧ આમાં નીચે મુજબનું પદ્ય છે—

---

૧ જયાનન્દકેવલિચરિત્રના શ્લો૦ ૮-૧૨માં દેવસુન્દર જ્ઞાનસાગરસૂરિ અને સોમસુન્દરસૂરિની પ્રશંસા કરાઈ છે આ ત્રણેના શિષ્ય તરીકે ચરિત્ર નાયક કેવલીને વાર [illegible] ઓળખાવ્યા છે

"દૃષ્ટ્વા તરાંતૈર્નરૈરુપદર્શિત ધર્મપદમિતિ શ્રુત્વા।
શુદ્ધે તસ્મિન્ પ્રયતા ભવરિપુવિજયશ્રિયે ભવત ॥"

આનો અર્થ એ છે કે સેંકડો દૃષ્ટાન્તો વડે અનેક રીતે ઉપર બતાવેલા ધર્મ-પદને સાંભળીને એ શુદ્ધ પદને વિષે સંસારરૂપ શત્રુના વિજયરૂપ લક્ષ્મી (મેળવવા) કાજે (હે ભવ્ય જનો!) તમે પ્રયત્નશીલ બનો

આમ આ ગ્રંથમાં અનેક દૃષ્ટાંતો અપાયાં છે અને એનું સ્પષ્ટીકરણ વિવરણમાં કરાયું છે તેમાં પ્રથમ તરંગના પ્રથમ અંશના ચોથા તરંગરૂપ પ્રથમ પદ્ય (પૃ ૨)માં જે બહુરૂપ કુટુંબનો ઉલ્લેખ છે એને અંગે એક લેખ નામે "મંગુ કુટુંબ" મેં લખ્યો હતો તે જૈન ધર્મ પ્રકાશ (પુ ૬૫ અં ૧૦, પૃ ૨૬૦-૨૬૨)માં થોડા વખત ઉપર છપાયો છે

વિવિધ પ્રકારો—ઉ૦ ૧૦માં ધર્મ ગુરુ જીવ, મેઘ વગેરેના અનેક પ્રકારો વિવિધ રીતે વિચારાયા છે દા ત પૃ ૧૨, ૧૭ ૩૦ અને ૩૧માં ગુરુના ચાર પ્રકારો પૃ ૩૨માં ગુરુના આઠ તેમ જ સોળ પ્રકારો પૃ ૧૮માં આચાર્યના ચાર પ્રકાર અને પૃ ૩૪માં ધર્મના[1] પાંચ પ્રકારો અને પૃ ૧૦૭માં મત્સ્યના પાંચ પ્રકારોનો નિર્દેશ છે

સામગ્રી—ઉ૦ ૧૦ અને એનું સ્વોપજ્ઞ વિવરણ અનેકવિધ સામગ્રી પૂરી પાડે છે જાતજાતના વૃક્ષ[2] પક્ષીઓ, પશુઓ મત્સ્યો, કરિયાણાં અને ખોપરીઓનો અહીં ઉલ્લેખ છે પૃ ૪૨-૪૪-માં હાથીના પંદર ગુણો અને પૃ ૪૫-૪૬માં ગિરિના સાત ગુણો ગણાવાયા છે વૈદક સંબંધી કેટલીક માહિતી અહીં અપાઈ છે[3] સુવર્ણસિદ્ધિ (પૃ ૫૦) (સિદ્ધ)રસ (પૃ ૭૭), પરાવર્તનકારી ઔષધિ

---

૧ આમાંનો એક પ્રકાર તે બૌદ્ધ ધર્મ છે એવો અહીં ઉલ્લેખ છે
૨ પૃ. ૨ માં બાર જાતનો અને પૃ. ૫માં મહા-સાહસ કહેલ છે
૩ જુઓ પૃ ૫૧ ૫૨ ૫૫ ૫૭ અને ૧૧૦

(પૃ ૫૦) તેમજ વિલક્ષણ અંજનો અને ગુટિકાઓ (પૃ ૫૦) અને કામકલશ (પૃ ૧૨૩) એ અલૌકિક–ચમત્કારી બાબતોની અત્ર નોંધ છે પૃ ૧૦૯ મા મુખવાસ અને પૃ ૭૫ અને ૧૦૮મા વેગરનો ઉલ્લેખ છે પૃ   મા બાળકોની ક્રીડા વિષે–આર્દ્ર ધૂળ વડે પાળ વગેરે બાંધી સરોવર બનાવવાની વાત છે પૃ ૮૨મા ચૂનો ચાળોઠી, પતંગિયુ ચોન (મજીઠ) પગવાળુ કસુંબિયો અને કપાસના ઉદાહરણ દ્વારા રંગોની સમજણ અપાઇ છે એવી રીતે પૃ ૮૬મા કિરાન (વિન)નુ ફળ, ક્ષિદ્ર દુકૂલ કૃષ્ણવેન યાને નાગદમની નીની અને કપાસના ઉદાહરણ પાપના રંગને–એની કાળાશને અંગે વિચારાયા છે

આમ ઉ૦ ૨૦ એ ખરેખર રત્નાકર છે એનુ પરિશીલન કરવાથી આત્મોન્નતિ સાધવાનો ઉત્તમ સુયોગ સાંપડે તેમ છે એટલુ જ નહિ પણ સામાજિક પરિસ્થિતિનો તેમજ અનેક વ્યવહારુ બાબતોનો બોધ થાય એવુ એનુ આનુષંગિક ફળ છે

વેગર—ઉ૦ ૨૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૧૬૫અ)મા આ સબંધમા નીચે મુજબ સ્પષ્ટીકરણ છે—

"वेगर पुनर्द्राक्षाम्लैलाकर्पूरचारफलिकाबदामगारिका द्रापरकरण्डादि "

આમ 'વેગર' શબ્દ દરાખ લવગ એલચી કપૂર ચારોળી બદામ ખારેક, ટોપરુ યાને કોપરુ તેમજ ખાડ એમ નવ ચીજના સમુદાય માટે વપરાયો છે આ 'દેશ્ય' શબ્દ છે

મુખવાસ—ઉ૦ ૨૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૨૨૧આ)મા 'મુખવાસ'નો અર્થ નીચે પ્રમાણે અપાયો છે—

"मुखे शोषाद्युपशमायार्प्यमाण दाडिमसारकपित्थवटिकादि मुखवास" અર્થાત્ મુખમા ઉપરનો સોજો ઇત્યાદિ દૂર કરવા માટે

જિનશેખરસૂરિએ સિરિસિરિવાલકહાની ગા ૩૭૦મા બે ઔષધિનો પ્રભાવ વર્ણવ્યો છે (૧) એક ઔષધિ વડે જળમા તરી શકાય અને (૨) બીજી વડે પારકાના શસ્ત્ર વાગે નહિ[1]

આમ જે આ કેટલીક ઔષધિઓને અલૌકિક પ્રભાવવાળી કહી છે તે વાતને હરિભદ્રસૂરિકૃત સમરાઇચ્ચચરિય (ભવ ૬, પત્ર ૫૦૨)ની નિમ્નલિખિત પંક્તિ સમર્થિત કરે છે —

**अचिंतो हि [2]मणि-मंतोसहीण पभावो"**

રત્નાવલી (૨, પૃ ૮૯)મા આ હકીકત નીચે મુજબ રજૂ કરાઈ છે —

**"अचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभाव "**

ગુટિકા—યોગશાસ્ત્ર (પ્ર ૨ શ્લો ૭૨)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૦૮ આ)મા મૂળદેવ અને મંડિકની કથામા ગુટિકાના પ્રભાવથી કૂબડા બનવાની વાત આવે છે

જયતિલકસૂરિકૃત મલયાસુન્દરીચરિત્ર (પત્ર ૨૫ આ)મા કેશપાશમાંથી ગુટિકા કાઢી કેગીના રસમા એને ઘસી કપાળે તિલક કરી સ્ત્રી પુરુષરૂપમા ફેરવી નાખી એ હકીકત અપાઈ છે

ગુલિયા—સમરાઇચ્ચચરિય (ભવ ૬, પત્ર ૫૨૧)મા એ વાત છે કે ચંડરુદ્દ (ચંડરૌદ્ર) યોગી પાસે આંખમા આંજવાની એક પરદિટ્ઠિમોહિણી (પરદૃષ્ટિમોહિની) નામની ચોર-ગુલિકા હતી. એ પાણી સાથે મેળવીને આંજતા એ ચોર તેમજ લક્ષ્મી અદૃશ્ય બન્યા

ઉત્તરજ્ઝયણની નેમિચન્દ્રસૂરિકૃત વૃત્તિમા 'અગડદત્તચરિય' (પત્ર ૧૯૧ અ)મા વરધનુ કહે છે કે પરિવ્રાજકે આપેલી ગુટિકા (ગોળી) મે

---

૧ આ પૈકી એક ઔષધિ ધાબાજરિયું એ નામથી ઓળખાતા એક વનસ્પતિના કંદનું સ્મરણ કરાવે છે

૨ અનેકાન્તજયપતાકા (અ. ૫)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પૃ. ૧૫) ઉપરથી માથાના શૂળને શમાવવાનો પ્રભાવ કોઈક રત્નમા હોય છે એમ ફલિત થાય છે

મોમા નાખી અને હુ નિશ્ચેષ્ટ બન્યો એથી મને મરેલો જાણી એ (દીર્ઘ રાજાના સુભટો) ચાલ્યા ગયા લાગ્યા વખતે મે મોમાથી ગોળી કાઢી

મૂલિકા—જિનસૂરિકૃત રૂપસેનચરિત્ર (પત્ર ૭૬)મા મૂલિકા (મૂળિયુ) સુઘવાથી વાદરામાથી પાછો રૂપસેનકુમાર થયાની વાત છે આ પહેલા પત્ર ૬૮મા કહ્યુ છે કે જેમ મનુષ્ય મૂલિકા સૂઘે તો વાદરા થાય તેમ વાદરો એ સૂઘે તો મનુષ્ય થાય

જટિકા—ધર્મદાસગણિકૃત ઉવએસમાલા (ગા ૧) ઉપરની રામવિજયગણિકૃત વૃત્તિ (પત્ર ૧૫)મા જટિકા (જડી—બુટ્ટી)ના પ્રભાવ વડે પુરુષ રૂપ ધારણ કરવાનો વિચાર કમળાવતીએ કર્યો એમ કહ્યુ છે

સુવર્ણસિદ્ધિ—આ સબધમા ઘણુ કહી શકાય તેમ છે અહીં તો સ્વોપજ્ઞ વિવરણમા સૂચવ્યા પ્રમાણે અમુક ઔષધિ અને અમુક ચૂર્ણ પણ સોનુ બનાવવામા કામ લાગે છે એ વાતનો નિર્દેશ કરુ છુ [1]દસવેયાલિયની આદ્ય ગાથા [2]આવસ્સયની નિજ્જુત્તિની ૩૩૬મી ગાથા અને પાદલિપ્તસૂરિકૃત [3]નીરથુઈ સુવર્ણ બનાવવાની રીતો દર્શાવે છે સોનુ બનાવવાની એક રીત નીચે મુજબના પદ્યમા બતાવાઈ છે —

'તોરસ ગધક મોરસ પારા જામે મેલો [4]ગગનસુ ધ્યારા
[5]નાગમારે નાગ કુ દીજે યા વિધ રીત કચન કર લીજે"

૧ જુઓ ચતુર્વિંશતિપ્રબન્ધનો મારો ગુજરાતી અનુવાદ (ગ—પરિશિષ્ટ, પૃ ૨૪૧)

૨ જુઓ મેં સપાદિત કરેલ અનેકાર્થરત્નમજૂષા (પૃ. ૧૭૨-૧૭૩).

૩ જુઓ મે સપાદિત કરેલ ચતુર્વિંશતિપ્રબન્ધનું ધ-પરિશિષ્ટ (પૃ. ૨૬૫). આની ટીકામા સુવર્ણ બનાવવાની રીત અપાયેલી છે પણ આ ટીકા છપાઈ હોય એમ જાણવામા નથી.

૪ ગગરણ કે સીસુ (?). ૫ નાગવચ્છ

બાવન તોલા ઔર પાવ રતી' એમ જે બોલાય છે તે 'બાવન તોલા જેટલા અમુક મિશ્રણમાં પા રતી જેટલી 'અમુક ચીજ' નાખતાં સોનું બને' એ વાતનું સૂચન કરે છે

**સિદ્ધરસ**—CO ૨૦॥ સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૧૭૩અ)માં કહ્યું છે કે સિદ્ધરસ વડે તાંબાનું સોનું બને છે આ સિદ્ધરસ વિષે મેં ટીકાગતનો 'સિદ્ધરસ અને રસકૂપ' નામના મારા [1]લેખમાં વિચાર્યું છે આ લેખ છપાયા બાદ મને એ જાણવા મળ્યું છે કે સિદ્ધરસનો ઉલ્લેખ યોગશાસ્ત્ર કરતાં ઘણા પ્રાચીન એવા **વસુદેવ ચરિય** યાને **વસુદેવહિંડી**માં (ગંધર્વદત્તા-લંભકમાંની ચારુદત્તની કથામાં) મળે છે એટલું જ નહિ પણ મેં જે અજિતપ્રભસૂરિકૃત **શાંતિનાથચરિત્રમાંથી** મુનિની કથા આપી છે તેના મુખ્ય ઘટકો આ ચારુદત્તની [2]કથામાં નજરે પડે છે આ ચારુદત્તની કથાનું ભાષાંતર સિદ્ધરસ વિ. **સમરાઇચ્ચકહા**, **ભવભાવના**, **ભુવનસુંદરી**, **જૈનકથાકોશ**, **પાર્શ્વનાથચરિત્ર** અને **ધર્મકલ્પદ્રુમ**માં ઉલ્લેખ હોવાની માહિતી તેમજ **પ્રભાવકચરિત્ર**માં **પાદલિપ્તસૂરિચરિતગત** **નાગાર્જુનના** અધિકારમાંથી સિદ્ધરસને લગતો પ્રસંગ મુનિશ્રી રમણિકવિજયજીએ 'સિદ્ધરસ અને રસકૂપના વધુ ઉલ્લેખો' નામના [3]લેખમાં રજૂ કરેલ છે અહીં **સમરાઇચ્ચકહા** વગેરે ગ્રન્થોનાં કેવળ નામ ગણાવ્યાં છે પરંતુ એનાં પૃષ્ઠાંકનો ઉલ્લેખ નથી

**કામકલશ અને અમૃત-ઘટ**—પૃ ૧૨૩માં આપેલ ૨૭મું પદ્ય વિચારતાં કલશથી 'કામકલશ' અભિપ્રેત છે એમ જણાય છે એટલે એ

---

૧ આ લેખ 'જૈન સત્ય પ્રકાશ' (વ. ૧૪ અ ૭ પૃ ૧૨૪-૧૨૭)માં છપાયો છે

૨ જુઓ વસુદેવહિંડીનું ભાષાંતર (ભા ૧ પૃ. ૧૮૦-૧૯૧)

આ લેખ 'જૈન સત્ય પ્રકાશ' (વ ૧૪ અ ૮-૯ પૃ. ૧૪૬-૧૪૮)માં છપાયો છે

સંબંધે કેટલીક કહીશ 'કામઘટ કામકુંભ અને કામકલશ' એ નામનો મેં એક લેખ લખ્યો છે એમાં મેં એ સૂચવ્યું છે કે યશોવિજયગણિ **ધર્મનાથજિનસ્તવનની** નિમ્નલિખિત બીજી કડીમાં કહે છે કે જેને ઘેર 'કામકુંભ હોય–જેને એ મળે તેની દરિદ્રતા આપોઆપ દૂર થાય

'કામકુંભ ઘર આવે દારિદ્ર કિમ રહે રે'

આ ગણિએ **મહાવીરજિનસ્તવનની** પહેલી અને **ઋષભજિનસ્તવનની** બીજી કડીમાં કામઘટનો ઉલ્લેખ કર્યો છે અહીં એ ઉમેરીશ કે વિ સં ૧૪૧૨માં રચાયેલા **ગૌતમસ્વામીનો રાસ** (ઢાલ ૬)માં નીચે મુજબની પાંચમી–પચ્ચેની પદમી ગાથામાં કામકુંભનો ઉલ્લેખ છે—

'ચિંતામણિ કર ચઢિયો આજ સુરતરુ સારે વંછિત કાજ
કામકુંભ સૌ વશ હુવો એ કામગવી પૂરે મનકામિય
અષ્ટ મહાસિદ્ધિ આવે ધામિ સામિય ગોયમ અણુસરો એ'

રત્નશેખરસૂરિએ **અર્થદીપિકા**માં આપેલ વસુદત્તની કથાના [1]૧૯૨મા પદ્યમાં કામઘડ શબ્દ વાપર્યો છે એનું સંસ્કૃત સમીકરણ કામઘટ' છે આ કામઘટ અને કામકુંભ તે જ 'કામકલશ' છે

મુનિસુન્દરસૂરિકૃત **જિનસ્તોત્રરત્નકોશ** (પ્રસ્તાવ ૧)માંના પહેલા સ્તોત્રરત્નના ત્રીજા પદ્યમાં મરુત્-ઘટ'નો ઉલ્લેખ છે રત્નમંડનગણિએ **સુકૃતસાગર** (તરંગ ૩, શ્લો ૧૦૪)માં દુષ્પ્રાપ્ય વસ્તુઓ ગણાવતાં 'મરુત્-કુંભનો ઉલ્લેખ કર્યો છે આ મરુત્-કુંભ તે જ કામકલશ હોય એમ લાગે છે

१ "कोा सुत्तक्प हार हारइ कीलिअकप विहार च।
चद्दणमिघणक्वज्जे ठिक्करिअक्प य कामघड?॥१९२॥"

અહીં ઠીકરી માટે કામઘડનો ઉપયોગ કરવાની વાત છે આ ઉપરથી કામઘટ મહિમાનો-માગેલો હોવા જોઈએ એમ લા. ભ

સુરમણિ— (. ૧૨૩મા ૨૨મા પદ્યમા 'મણિ ને-સ દર્ભ' જોતા સુરમણિનો નિર્દેશ છે જ્યાર પૃ ૧૫૩મા ૨૭મા પદ્યમા તો સુરમણિ-નો સ્પષ્ટ ઉ લેખ છે **જૈન** ગ્રન્થોમા કનકમણિ ચિન્તામણિ દ્યુમણિ, પારસમણિ અને સુરમણિ તેમજ સ્પર્શપાષાણ અને સ્વર્ગસદ્રત્ન એમ વિવિધ નામો જોવાય છે આને અગે મે "સુરમણિ, દ્યુમણિ ચિન્તામણિ પારસમણિ ઇત્યાદિ' એ નામનો લખ લખ્યો છે એટલે અહી તો થોડીક જ બાબત રજૂ કરુ છુ

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **અભિનન્દનજિનસ્તવન** (પૃ ૫)મા નીચે મુજબની પક્તિમા સુરમણિનો ઉલ્લેખ કર્યો છે —

સુરમણિ હો પ્રભુ! સુરમણિ પામ્યો હ'થ
આગણે હો પ્રભુ! આગણે મુજ સુરતરુ ફળ્યોજી "

સુરમણિ તે જ દ્યુમણિ અને સ્વર્ગસદ્રત્ન હશે એમ લાગે છે વિશેષમા આ ત્રણેનો અર્થ ચિ તામણિ' હશે એમ પણ ભાસે છે જો આમ માનવુ બરાબર હોય તો દ્યુમણિ' માટે રત્નમદિર-ગણિકૃત **ઉપદેશતરગિણી** (પત્ર ૨૭૦)ના **દ્યુમણિ**થી શરૂ થતુ પદ્ય સ્વર્ગસદ્રત્ન માટે રત્નમદિરગણિકૃત **સુકૃતસાગર** (તરગ ૩)નુ ૧૦૪મુ પદ્ય ચિ તામણિ માટે **મહાનિસીહ** અનેકાન્તજયપતાકાની સ્વોપજ્ઞ વ્યાખ્યા (ભા ૧ પૃ ૮) **ઉવસગ્ગહરથોત્ત** (ગા ૪), જિનહર્ષગણિકૃત **રયણસેહરીકહા** ( પત્ર ૫આ ) સોમપ્રભસૂરિકૃત **સિન્દૂરપ્રકર** યાને **સોમશતક**ના શ્લો ૪-૬ અને યશોવિજયગણિકૃત **પ્રભુસેવા** (૧ ૧૯૫) જેવા ભલામણ કરી શકાય —

કનકમણિ તે જ પારસમણિ યાને સ્પર્શપાષાણ હોય એમ લાગે છે એટલે એ વિષે હુ કઈ કહેતો નથી

---

૧ કહા કરુ સુરતરુ ચિ તામણિ કુ તેમ પ્રભુસેવા પાઇ
શ્રીજશવિજય કહે દર્શન દે તો ઘર આગણુ નવનિધિ આઈ "

**ખાપરીઓ**—પૃ ૨૨-૨૩માં ચાર પ્રકારની ખાપરીઓ વિષે નિરૂપણ છે આ વિચારતા મને ચતુર્વિંશતિપ્રબન્ધગત જીવદેવ-સૂરિપ્રબન્ધમાની નીચેની વાતનુ સ્મરણ થાય છે

અવસાનનો સમય નજીક આવતા જીવદેવસૂરિએ પોતાના અખ-કપાલ (ખાપરી)ને સર્વ સિદ્ધિના કારણે ભાગી નાખવાનુ શ્રાવકોને કહ્યુ કેમકે જો એમ નહિ કરાય તો પેલો યોગી (જૈનોમ્વિજયિની) વિદ્યા સાધી સઘને ઉપદ્રવ કરશે એમ એમને લાગ્યુ

**મકુડી રત્ન**—પૃ ૧૯મા આ રત્ન વિષે ઉલ્લેખ છે આનુ સ્વરૂપ જાણવામા નથી રાયપસેણઇજ્જ (કંડિકા ૯)મા સોળ જાતના રત્નોનો ઉલ્લેખ છે

**તામ્રપર્ણિકા અને મૌક્તિક**—પૃ ૧૨૦મા તામ્રપર્ણિકાનો અને એ નદીમા મોતીઓ હોવાનો ઉલ્લેખ છે

વાગ્ભટકૃત કાવ્યાનુશાસન (અ ૧ પૃ ૯)માં તામ્રપર્ણીમાજ મોતીઓ હોય છે એ વાત કહી છે પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે —

"ताम्रपर्ण्यामेव मौक्तिकानि"

'કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત [1]કાવ્યાનુશાસન (અ ૧ સૂ. ૧૦)ની સ્વોપજ્ઞ વૃત્તિ નામે અલંકારચૂડામણિ (પૃ ૨૬)મા જાતિના નિયમના ઉદાહરણ તરીકે "ताम्रपर्ण्यामेव मौक्तिकानि' એમ કહ્યુ છે આના ઉપરના વિવેકમા આ સબધમા નીચે મુજબનુ અવતરણરૂપ પદ્ય છે —

"काम भवन्तु सरितो भुवि सुप्रतिष्ठा
स्वादूनि सन्तु सलिलानि च शुक्तयश्च ।
एता विहाय वरवर्णिनि ताम्रपर्णी
नान्यत्र सम्भवति मौक्तिककामधेनु ॥"

---

1 અ. ૩ સૂ ૩ ઉપરના વિવેક (પૃ. ૧૮૩)મા નર્મદા તાપી પયોષ્ણી, ગોદાવરી કાવેરી ભૈમરથી વેણી કૃષ્ણવેણી વંજુરા તુગભદ્રા તામ્રપર્ણી ઉત્પલાવતી અને રાવગગા એમ નદીઓ ગણાવાઇ છે

પ્રશ્ન ના નવમા અધ્યાયમાં થઈ ગએલા પાપાવરીય નામોલ્લેખ નંદિસૂત્રની (ગાથા ૧ ગો ૧૭)માં 'તમ્બવણ્ણી' નો ઉલ્લેખ કરેલ છે તે આ તામ્રપર્ણી' નથી છે

પુક્ખલસંવર્ત (પુષ્કલાવર્ત)—પૃ ૩૦માં ૯મા પદ્યમાં 'પુક્ખલસંવટ્ટ'નો જે ઉલ્લેખ છે તેને માટે સંસ્કૃતમાં પુષ્કરસંવર્ત' શબ્દ આને જ માટે પુષ્કરાવર્ત' શબ્દ સુપ્રસિદ્ધ છે

ઠાણાંગ ચોથા ઠાણના ચોથા ઉદ્દેશમાં (સૂત્ર ૩૪૭)માં પુક્ખલ(ના)ર શબ્દ વપરાયો છે એટલું જ નહિ પણ એનો અર્થ મહામેઘ' તરીકે ઉલ્લેખ છે પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે—

"पुक्खल(ला)वट्टए ण महामेहे एगेणं वासेणं दस वाससहस्साइं भावेति"

આ ઉપરથી જાણી શકાય છે કે 'પુષ્કરાવર્ત' એ એક મેઘ મેઘ છે

C૦ ૨૦ના ઉપર્યુક્ત પદ્યના વિવરણમાં ક્ષાર-મેઘ અમ્લ-મેઘ, અગ્નિ-મેઘ વિષ-મેઘ અને અશનિ-મેઘનો ઉલ્લેખ છે વિશેષમાં અહીં કહ્યું છે કે આ મેઘો યુગના અન્તસમયે વર્ષે છે અને એ યથોત્તર સકળ બીજોની પુષ્ટિ કરે છે જ્યારે પુષ્કરાવર્ત-મેઘ, ક્ષીર-મેઘ ઘૃત-મેઘ અમૃત-મેઘ અને રસ-મેઘ કલ્પના પ્રારંભમાં સર્વે બીજો વગેરેના વાવેતર માટે થાય છે આને અંગે અહીં અવતરણ આપાયાં છે તેમાં કહ્યું છે કે પહેલો મેઘ નામે 'પુષ્કરાવર્ત' પૃથ્વીને શીતલ બનાવશે બીજો ક્ષીર-મેઘ ધાન્યો ઉત્પન્ન કરશે ત્રીજો ઘૃત-મેઘ ચિકાશ ઉપજાવશે ચોથો અમૃત-મેઘ' ઔષધિઓને જન્મ આપશે અને પાંચમો રસ-મેઘ' પૃથ્વી વગેરેને રસ આપશે પાંત્રીસ દિવસ સુધી વૃષ્ટિ થશે

પુષ્કરાવર્ત' મેઘ અને ભૂગળાવિયો પથ્થર—૧૪મા અપાયના ૧૧મા પદ્યમાં સેત' શબ્દ વપરાયો છે એના સ્વોપજ્ઞ

વિવરણમા આનો અર્થ મુદ્દગ-પ્રમાણ શલ્ક કરાયો છે કે જેને આપણે મગસળિયો પત્થર' કહીએ છીએ આનુ માપ 'મગ જેટલું છે એની અને પુષ્કરાવર્ત મેઘ વચ્ચે એક કાલ્પનિક સવાદ જે પાઇયમા યોજવામા આવ્યો છે તે અહીં રજૂ કરાયો છે એમાંનો મુખ્ય સૂર એ છે કે યુગપ્રમાણ-મૂસળધારપણે પુષ્કરાવર્ત મેઘ વરસ્યો તો પણ આ પત્થરે જરાયે ભીંજાયો નહિ

ભારડ—આ પક્ષીને અગે પૃ ૩૫ અને ૬૮મા ઉલ્લેખ છે એને અગે મે [1] ભારડ એક મહાકાય પક્ષી એ નામના લેખમા વિવિધ અવતરણપૂર્વક ઉલ્લેખ કર્યો છે વળી આ પક્ષી વિષે મે Gigantic & Fabulous Animals in Jaina Literature" નામના લેખમા પણ કેટલીક બાબત રજૂ કરી છે[2] અહીં એ ઉમેરીશ કે સૂયગડ (સુય ૧ અ ૧૧)ની નિજ્જુત્તિ(ગા ૧૦૮)ની ટીકા (પત્ર ૧૯૬ આ)મા શીલાકસૂરિએ ભારુડનો ઉલ્લેખ કર્યો છે અભયદેવસૂરિએ ૨૨ પદ્યનું જે વીરજિણથય' નામનુ[3] સ્તોત્ર પાઇયમા રચ્યુ છે તેના ૮મા પદ્યમા "भारंडे वाऽपमत्ते" એમ મહાવીરસ્વામીને અગે કહ્યુ છે

મા-સાહસ—પૃ ૩૫મા 'મા-સાહસ' પક્ષીનો ઉલ્લેખ છે અને પૃ ૩૯મા એ પક્ષીના સ્વરૂપનુ નિરૂપણ છે સવેગચૂલિયાકુલય (ગા ૬)મા આ પક્ષી વિષે ઉલ્લેખ છે ઉવએસપયમા નીચે મુજબનુ અવતરણ છે એમ પાઇયસદ્દમહણ્ણવ (પૃ ૮૫૩)મા નિર્દેશ છે—

"'मा-साहस'सउणिसमो किं घा चिट्ठामि घघलिओ

૧ આ લેખ અહીંના ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ"ના તા. ૫-૧-૪૭-ના અકમા છપાયો છે

૨ આ અગ્રેજી લેખમા શરભ આસાલિક અને મહોરગ તેમજ મહાકાય મત્સ્યો વિષે મે કેટલીક બાબત નોંધી છે આ લેખ "New Indian Antiquary (Vol. VIII Nos. 4-6)મા છપાયો છે.

૩ જુઓ જૈનસ્તોત્રસદોહ (ભા. ૧ પૃ. ૧૯૭-૧૯૮)

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ [1]પરિશિષ્ટપર્વ યાને સ્થવિરાવલીચરિતમાં જમ્બૂસ્વામીનું જે ચરિત્ર આપ્યું છે તેમાં એમની આઠ પત્ની પૈકી કનકવતીનું કથન નીચે મુજબ પત્ર ૪૬આમાં રજૂ કર્યું છે—

કોઈ એક પુરુષ દુકાળને લઈને દુઃખી થતાં સ્વજનને ત્યજીને સાર્થવાહની સાથે દેશાન્તર માટે ઉપડ્યો. એક મોટા જંગલમાં સાથે વાસો કર્યો ત્યારે એ ઘાસ, લાકડાં વગેરે લાવવા માટે એકલો નીકળ્યો. એ વખતે એક પક્ષી વનની ઝાડીમાં સૂતેલા વાઘના મોઢામાંથી એના દાંતે લાગેલા માંસના ટુકડાને લઈને ઝાડ ઉપર આવી બેસતું 'મા સાહસ' (અર્થાત્ સાહસ ન કર) એમ વારંવાર બોલતાં અને માંસ ખાતા એ પક્ષીને આ પુરુષે વિસ્મયથી કહ્યું તું 'મા સાહસ' એમ બોલે છે અને સાથે સાથે વાઘના મોઢામાંથી માંસ ખાય છે તું મૂર્ખ જણાય છે કેમકે તું તારી વાણીને અનુરૂપ વર્તતો નથી

સંસારના સાક્ષાત્ સુખને ત્યજીને અદૃષ્ટ સુખની ઇચ્છા કરનાર તું (જંબૂ)- 'મા સાહસ' પક્ષીની ઉપમાને પાત્ર છે

આમ અહીં, મા-સાહસ નામના પક્ષીનો અને એના વર્તનનો નિર્દેશ છે એ ઉપરથી એનું નામ 'મા-સાહસ' કેમ પડ્યું તે સમજાય છે

જંબૂસ્વામીના અન્ય ચરિત્રોમાં પણ આ મા-સાહસની કથા હોવા સંભવ છે કેમકે અંચલ ગચ્છના જયશેખરસૂરિએ ઉપદેશ-ચિન્તામણિ જે સ્વોપજ્ઞ વૃત્તિ સહિત રચ્યો છે એમાં આ કથા જંબૂસ્વામીના અધિકારમાં આપી છે આ અધિકાર જંબૂસ્વામિ-ચરિતના નામથી અલગ છપાયો છે[2] એના ૨૪અ પત્રમાં કનકવતી

૧ આના પાંચમા પદમાં સૂચવાયું છે કે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દસ પર્વ રચ્યા બાદ આ રચાયું છે

૨ શ્રીઆત્માનંદસભા (ભાવનગર) તરફથી વિ સં ૧૯૬૮માં છપાયેલ છે

'મા-સાહસ' પક્ષીની વાત કરી છે એમાં એ પક્ષી સિંહના મુખમાં માંસ ખાતું અને સિંહ જાગતાં એના વડે મરાયેલું વર્ણવાયું છે

ક્ષમાવિજયના શિષ્ય જિનવિજયકૃત અનંતજિનના સ્તવનની નીચે મુજબની પાંચમી કડીમાં 'મા-સાહસ' પક્ષીનો ઉલ્લેખ છે —

"એક દિનમાં નવ વાર 'કરેમિ ભંતે' કહું,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણે ક્ષણ એક નવિ રહું
મા-સાહસ' પંખીરીતિનીતિ ઘણી કહું,
ઉત્તમ કુળવટ વાટ ન તે પણ નિરવહું —૫"

ધર્મદાસગણિએ રચેલી અને [1]ઓછામાં ઓછી સોળસો વર્ષ જેટલી પ્રાચીન એવી ઉવએસમાલાની ૪૭૧મી ગાથામાં 'મા-સાહસ' પક્ષીનું નામ છે અને ૪૭૨મી ગાથામાં એનું સ્વરૂપ છે આ રહી એ બે ગાથા —

"साहंति अ फुडवियडं, 'मा-साहस'सउणसरिसया जीवा।
न य कम्मभारगरुयत्तणेण तं आयरंति तहा ॥४७१॥[2]
वग्घमुहम्मि अइगओ मंसं दंतंतराउ कड्ढेइ।
'मा-साहस' ति जंपइ, करेइ न य तं जहाभणियं ॥४७२॥"[3]

સર્વસંમત ધર્મ—પૃ. ૧૬૧મા ૨૩મા પદ્યમા દાન, તપ અને શીલને 'સર્વસંમત ધર્મ' તરીકે ઓળખાવાયા છે. પૃ. ૧૬૭મા ચોથા પદ્યમા એવી રીતે દાનનો નિર્દેશ છે. પૃ. ૧૫૨માં ૨૩મા પદ્યમા તપ

1 જુઓ 'ભૂમિકા' (પૃ. ૫).

2 મા-સાહસ પક્ષી જેવા જીવો સ્પષ્ટ રૂપે વિસ્તારથી (ન ચને ઉપદેશરૂપે) કથન કરે છે પણ કર્મના ભારની ગુરુતાને લઈને તેઓ તેવું આચરણ કરતા નથી

3 વાઘના મોંમાં પેસી એના દાંતની વચ્ચે રહેલા માંસને (એ પક્ષી) કાઢે છે (અને ખાય છે). વળી સાહસ ન કરીશ એમ એ બોલે છે પણ એ પોતે કહ્યા પ્રમાણે કરતું નથી.

કરવાથી અને દાન દેવાથી ઉત્તમ ફળ મળે છે એમ કહ્યુ છે આમ ધર્મના (૧) દાન, (૨) શીલ (૩) તપ અને (૪) ભાવ એ પ્રકારોનું એક યા બીજી રીતે મહત્ત્વ વર્ણવાયુ છે અને એ સ્થાને છે

શીલ પાળવુ તપશ્ચર્યા કરવી કે શુભ ભાવના ભાવવી એમા કઇ પાઇનો યે ખર્ચ કરવો પડે તેમ નથી આ કાર્ય તો ગરીબમા ગરીબ પણ સુખથી કરી શકે તેમ છે વળી ન્યાયથી પૈસો મેળવાય તે જો સન્માર્ગે ન ખર્ચાય-એ કોઇ દીન દુખી કે સધર્મીને સહાયક થવામા ન વપરાય તો એની કિંમત પણ શી? દાનના જ્ઞાન-દાન અને અભયદાન જેવા પ્રકારોના પાલન માટે પૈસાની જરૂર જ છે એમ નથી આથી એમ કહી શકાય કે ગમે તે વ્યક્તિ ગમે તે સયોગમા દાનાદિ ચાર પ્રકારવાળો ધર્મ ઓછેવત્તે અશે જરૂર પાળી શકે જેટને અશે એ પળાય તેટલે અશે એ વ્યક્તિ આ લોકમા અને પરલોકમા સુખ અને આનદ મેળવી શકે જેમ દાનાદિ ધર્મ પાળનારી વ્યક્તિ પોતાનુ કલ્યાણ કરી શકે છે તેમ સાથે સાથે એ અન્ય જનોને પણ ઉપકારક બને છે આમ આ ધર્મ વ્યક્તિ તેમજ સમષ્ટિને લાભપ્રદ છે એનું પરાકાષ્ઠાએ સેવન કરનાર જન્મમરણની જજીરમાથી સદાને માટે મુક્ત બને તેમ છે સુગમ સરળ અને શ્રેષ્ઠ એવો આ દાનાદિ ચાર પ્રકારવાળો ધર્મ સાર્વભૌમ છે નતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ સાધવામા-જીવનને સરભરી બનાવવામા એ ઓછો છે એનું નૈતિક તેમજ આધ્યાત્મિક મહત્ત્વ આજે છે કેમકે આ મહત્ત્વ સાર્વજનીન અને સર્વકાલીન છે સર્વકાલીન એ દૃષ્ટિએ છે કે એનુ પાલન હરકોઈ સયોગમા થઈ શકે તેમ છે તેમજ એ પાળનારને કદી પણ એનાથી અહિત થવાની સભાવના પણ નથી

આ પરિસ્થિતિને લઇને તો જૈન કથા-સાહિત્યમા દાન વગેરેના [1]ઉપપ્રકારોને અનુલક્ષીને જાતજાતની મનોરજક [2]કથાઓ અપાઈ છે

---

૧-૨ વૈરાગ્યરસમજરીના ચોથા ગુચ્છકમા શ્લો. ૧ થી ૨૯૭મા દાનાદિના ઉપપ્રકારો એના સેવનનુ ફળ તેમજ એને લગતી કથાનો નિર્દેશ છે આ સબધમા મે પૃ ૧૪૫-૨૬૮મા વિસ્તૃત વિવેચનરૂપ સ્પષ્ટીકરણ આપ્યુ છે

આ વિશિષ્ટ કથા-સાહિત્ય સમગ્ર લોકજીવનને ઉન્નત અને ચારિત્ર શાળી બનાવવાની નૈતિક પ્રેરણાનું પાન કરાવનારૂં સર્વોત્કૃષ્ટ પીયૂષ છે આમ હોવાથી એનો ઉપદેશ આપવો એ કોઇ નહિ ને કોઇ પ્રકારનું તપસ્વી જીવન જીવનાર શ્રમણોનું શાસ્ત્રવિહિત કર્તવ્ય ગણાય છે

**શ્રાવકની કરણી ઇત્યાદિ**—ઉ૦ ૨૦માં અનેક સ્થળે શ્રાવકોને અંગે વિચાર કરાયો છે એક રીતે વિચારતાં **ઉવાસગદસા** નામનું સાતમું અંગ અને **આવસ્સય** એ બે આગમો શ્રાવકની રહેણીકરણી પર-એના આવશ્યક ક્રિયાકાંડ ઉપર ઉત્તમ પ્રકાશ પાડે છે અનાગમિક યાને આગમબાહ્ય સાહિત્યમાં પણ શ્રાવકનું [1]વ્યાવહારિક અને ધાર્મિક જીવન કેમ ઉન્નત બને-ઉત્કૃષ્ટ શ્રાવક ક્યારે બનાય એ બાબત વિચારાઈ છે ઉદાહરણ તરીકે અહીં હું હરિભદ્રસૂરિકૃત **ધર્મબિન્દુ**, **સાવગધમ્મ સમાસ** યાને **સાવયપણ્ણત્તિ** ધનપાલકૃત **સાવયવિહિ** જિનેશ્વરસૂરિકૃત [2]**છટ્ઠાણપયરણ** પ્રદ્યુમ્નસૂરિકૃત **મૂલશુદ્ધિ** યાને **સ્થાનપ્રકરણ** દેવે ન્-

---

૧ શ્રાવકના ૨૧ ગુણો હરિભદ્રસૂરિએ ત્ત બોહપયરણમાં શ્રાવક- અધિકારમાં ગા ૬-૮ દ્વારા પત્ર ૩૬માં નોંધ્યા છે ન્યાયસંપન્નવિભવ ઇત્યાદિ ૩૫ ગુણોનો ઉલ્લેખ **ધર્મબિન્દુ** ( ૧ ૧ સૂ. ૪-૫૮)માં છે **લલિતવિસ્તરા** (પત્ર ૧૮ રતલામની આવૃત્તિ)માં માર્ગાનુસારિની શબ્દ છે

૨ છટ્ઠાણપયરણમાં જે શરૂઆતમાં અવતરણરૂપે નીચે મુજબની બે ગાથાઓ અપાઇ છે તેનું મૂળ સ્થાન શોધવું બાકી રહે છે બાકી આ બાબતની ગાથા સંબોહપયરણ (શ્રાદ્ધપ્રતિમાધિકાર પત્ર ૩ આ)માં છે —

"कयवयकम्मयभावो १ सीलत्त २ चेव तह य गुणवत्त ३।
रिउमइववहरण ४ चिय गुरुसुस्सूसा ५ य बोद्धव्वा ॥
पवयणकोसल्ल ६ पुण छट्ठ तु हाइ नायव्व।
छट्ठाणगुणेहिं जुओ उक्कोसो सावओ होइ॥"

૩ આ પાઇય કૃતિનો હિંદીમાં પરિચય કથાકોષપ્રકરણ ની પ્રસ્તાવના (પૃ ૪ -૫૪)માં અપાયેલો છે આ પાઇય કૃતિ એટલે ઉપર્યુક્ત સ્પષ્ટીકરણ મા ...તિને શ્રાવકવક્તવ્યતા-પ્રકરણ તરીકે પણ એ .

સૂરિકૃત સદ્ધર્મવિચારપ્રકરણ, રત્નશેખરસૂરિકૃત અર્થદીપિકા, જિનકીર્તિસૂરિકૃત શ્રાદ્ધગુણસંગ્રહ અને જિનમંડનગણિકૃત શ્રાદ્ધગુણવિવરણ અને શાન્તિસૂરિકૃત ધર્મરત્નપ્રકરણનો નિર્દેશ કરું છું

પ્રાતિહાર્ય—પૃ ૧૨૬મા ૩૦મા પદ્યમા અને પૃ ૧૯૬મા ૩૮મા પદ્યમા પ્રાતિહાર્ય વિ. ઉલ્લેખ છે પ્રાતિહાર્ય એ જૈન પારિભાષિક શબ્દ છે એની સમજૂતી મે સ્તુતિચતુર્વિંશતિકાના સ્પષ્ટીકરણ (પૃ ૨૯૫-૨૯૬)મા શ્રીપાર્શ્વભક્તામરના સ્પષ્ટીકરણ (પૃ ૧૫૯-૧૬૪)મા તેમજ વૈરાગ્યરસમંજરીના સ્પષ્ટીકરણ (પૃ ૨૮૮-૨૯૦)મા આપી છે[1] પઉમચરિય (ઉ ૨ ગ્લો ૩૬)મા આઠ મહાપ્રાતિહાર્ય એવો નિર્દેશ છે તિલોયપણ્ણત્તિ (૪ ૯૧૫-૯૨૭)માં આઠ પ્રાતિહાર્યનુ વર્ણન છે વિનયપિટકના મહાવગ્ગમા ૧૫ ચમ કારનો ઉલ્લેખ છે

સાત ક્ષેત્ર—પૃ ૧૬૨મા ૨૪મા પદ્યમા સાત ક્ષેત્રનો ઉલ્લેખ છે પૃ ૧૭૬મા ૧૯મા પદ્યમા ક્ષેત્ર શબ્દ બહુવચનમાં વપરાયો છે અને પૃ ૧૫૧મા ૧૮મા પદ્યમા ક્ષેત્ર-ભૂ એવો ઉલ્લેખ છે જૈન ગ્રંથોમા નીચે મુજબના સાત ક્ષેત્રો ગણાવાય છે -

(૧) જિન-ચૈત્ય (૨) જિન-બિમ્બ (૩) જૈન આગમ (૪) સાધુ (૫) સાધ્વી, (૬) શ્રાવક અને (૭) શ્રાવિકા

કોઈ કોઈ કૃતિમા સાત ક્ષેત્રને બદલે નવનો ઉલ્લેખ જોવાય છે

જિનપ્રભસૂરિએ લગભગ વિ. સં ૧૩૬૪થી ૧૩૮૯ના ગાળામા રચેલા વિવિધતીર્થકલ્પના દશમા કલ્પ (શ્લો ૨૧)મા સત્તખિત્તી એવો નિર્દેશ છે

નન્દિરત્નગણિના શિષ્ય રત્નમંડનગણિએ વિ સં ૧૫૧૯ પહેલા રચેલી ઉપદેશતરંગિણીનો બીજો તરંગ સાત ક્ષેત્રના ઉપદેશરૂપ છે એના પ્રારંભમા પત્ર ૧૦૨મા નીચે મુજબનુ પદ્ય છે—

---

૧ "આઠ પ્રતિહારો" એ નામનો મારો લેખ વીરશાસન (વ. ૧૫, અ. ૧૯ મ છપાયો છે

"जिनभवनबिम्बपुस्तकचतुर्विधश्रमणसङ्घरूपाणि।
सप्त क्षेत्राणि सदा जयन्ति जिनशासनोक्तानि॥"

વિ. સં. ૧૨૪૧માં કુમારપાલપડિબોહ રચનાર સોમપ્રભસૂરિએ સિંદૂરપ્રકર યાને સૂક્તિમુક્તાવલીના નિમ્નલિખિત ૮૦મા પદ્યમાં સપ્તક્ષેત્રીનો ઉલ્લેખ કર્યો છે—

"तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कण्ठिता श्रीः
स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्तित्वऋद्धिः।
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसम्पत्
सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः॥८०॥"

વિજયસેનસૂરિના શિષ્ય [illegible] કૃત [1]આત્મશિક્ષાપ્રકરણ યાને શ્રુતાસ્વાદ (ગા. ૧૨૯)માં સાત ક્ષેત્ર વિ. નિર્દેશ છે.

યોગશાસ્ત્ર (પ્ર. ૩, શ્લો. ૧૨૦)માં મહાશ્રાવકનું વર્ણન કરતી વેળા 'સપ્તક્ષેત્રી'નો ઉલ્લેખ છે. એની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૨૦૪આ)માં (૧) જૈન બિંબ, (૨) જૈન ભવન, (૩) જૈન આગમ, (૪) સાધુ, (૫) સાધ્વી, (૬) શ્રાવક અને (૭) શ્રાવિકા એમ સપ્તક્ષેત્રી'નો અર્થ કરાયો છે.

હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુ (અ. ૩)માં નીચે મુજબના ૭૦મા સૂત્રમાં ક્ષેત્રનું લક્ષણ આપ્યું છે:—

"वीतरागधर्मसाधकं क्षेत्रमिति।"

આ અધ્યાયના ૬૮મા સૂત્રમાં પોતાના વૈભવ અનુસાર વિધિપૂર્વકના ક્ષેત્રમાં દાન દેવાની બાબત હોવાથી એમણે 'ક્ષેત્ર' એટલે શું તે કહ્યું છે. આવી પરિસ્થિતિમાં આ ૭૦મા સૂત્રનો અર્થ, મુનિચન્દ્રસૂરિએ જે નીચે મુજબ કર્યો છે તે કેવી રીતે સમુચિત ગ

૧ [illegible] આપણી કૃતિ ઉપલબ્ધ હોય એમ લાગતું નથી.

ગા ગ્યા કર છે આમ કરી એમણે 'પાસ થ' માટે 'પાર્શ્વસ્થ' અને પાશ થ' એમ બે સમીકરણો આપ્યા છે અને એની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે દર્શાવી છે –

"दर्शनादीना पार्श्वे तिष्ठतीति पार्श्वस्थ"
"मिथ्यात्वादयो बन्धहेतव पाशा पाशेषु तिष्ठतीति पाशस्थ"

આ પાસત્થના સર્વથી અને દેશથી એમ બે પ્રકાર છે તેમા જ્ઞાન શ ા અને ચારિત્રની જે પાસે રહે તે સર્વથી પાસત્થ જાણવો શ ાાતરવડે લાવેલા લગ્નોના પિ રાજપિંડ નિત અગ્રપિંડનું કારણ વિના ભાજન કરે કુળની નિશ્રાએ વિહાર કરે સ્થાપના-કુળમા કારણ વિના પ્રવેશ કરે સ ખડી જોવાને જાય અને મમત્વ કરે એ દેશથી પાસત્થ છે

આવશ્યકની નિ જ્જુત્તિની ૧૧૦૮મી ગાથામા કહ્યુ છે કે પાસ થ વગેરેને વ દન કરવાથી નથી કીર્તિ મળતી કે નથી નિર્જરા થતી બાથી તો ઊલટો માનાને ક્લેશ થાય છે અને કર્મનો બ ધ થાય છે

ચાર પ્રકારના મિ યાત્વ—પૃ ૬૦મા આ વિષે ઉ લેખ છે આ ચાર પ્રકાર તે દેવ અને ગુરુ એ બ નેને સ બધી લૌકિક અને લોકોત્તર એમ બન્ને ભેદ ગણતા ચાર થાય¹

અષ્ટપ્રકારી પૂજા—પૃ ૬૦મા અષ્ટપ્રકારી પૂજાનો નિર્દેશ છે એને આ સ બધમા થોડુ ક બીજ પૂજાના વિવિધ પ્રકારો છે તેમા અગ્ર-પૂજા અગ્ર-પૂજા અને ભાવ-પૂજા એ એના ત્રણ પ્રકારો છે લલિતવિસ્તરા(પત્ર ૧૨ આ દે ના)મા પુષ્પ-પૂજા આમિષ-પૂજા

૧ દ સણસુદ્ધિપયરણમા કહ્યુ છે –
"दुविह लोइयमिच्छ देवगय गुरुगय मुणेअव्व ।
लोउत्तर पि दुविह देवगय गुरुगय चेव ॥
चउभेअ मिच्छत्त ।"

સ્તોત્ર-પૂજા અને પ્રતિપત્તિ-પૂજા એમ ચાર પ્રકાર ગણાવાયા છે આમિષ આમિષથી ભોગ્ય વસ્તુ' એ અર્થ કરવાનો છે કે જે અર્થ ગૌતમેશમા છે દેવેન્દ્રસૂરિકૃત ચૈત્યવન્દનભાસ (ગા ૧૦)મા પાંચપ્રકારી, અષ્ટપ્રકારી અને સર્વપ્રકારી પૂજાનો ઉલ્લેખ છે પુષ્પ અક્ષત, ગંધ, ધૂપ અને દીપ વડે પાંચપ્રકારી પૂજા થાય છે એમા નૈવેદ્ય ફળ અને જળ ઉમેરતા અષ્ટપ્રકારી પૂજા થાય છે

પૃ ૧૮૭મા ૧૯મા પદ્યમા તેમજ પૃ ૧૯મા ૪૬મા પદ્યમા અષ્ટપ્રકારી પૂજાનુ સ્વરૂપ છે[1] સકલવિધિની રત્નશેખરસૂરિએ રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ નામે વિધિકૌમુદી (પત્ર ૫૮અ)મા આ હકીકત છે એટલુ જ નહિ પણ ત્યા સત્તરપ્રકારી પૂજાનુ પણ નિરૂપણ છે અભયદેવસૂરિના શિષ્ય ચન્દ્રપ્રભ મહત્તરે પોતાના શિષ્ય વીરદેવની પ્રાર્થનાથી [2]વિજયચન્દચરિય વિ સ ૧૧૨૭મા રચ્યુ છે એમા આઠ પ્રકારની પૂજાના ફળના વર્ણન અને આઠ કથાઓ છે નેમિચન્દ્રસૂરિએ અનન્તનાથચરિત્રમા આઠ પૂજાઓ પૈકી પ્રત્યેકને અંગે એકેક કથા પદ્યમા રચી છે

પઉમચરિયમા ... ગાથા દ્વારા અનેક પ્રકારની—[3]...પ્રકારના નામનિર્દેશપૂર્વકની પૂજા વિષે ઉલ્લેખ છે વિશેષમા એના પત્ર

1 આર્હતજીવનજ્યોતિના ... (પૃ. ૫૭-૫૫)મા અષ્ટપ્રકારી પૂજા વિષે મે કેટલીક બાબત વિચારી છે

2 આ કૃતિ જૈન વિવિધ સાહિત્યશાસ્ત્રમાલામા પ્રસિદ્ધ થયેલી છે

3 આમા ... તુરુક્ક અને ... એમના ઉલ્લેખ છે તે નોંધપાત્ર છે તુરુક્કથી ધૂપ કરવાના કામમા ... સમજવાનો છે આ શબ્દ સમવાય (સુ ૧૩૭) ... (૧૧) ઇત્યાદિમા ... છે આ સુગંધી દ્રવ્ય તુર્કસ્તાનથી મળતુ હશે એમ લાગે છે ... એને ... કહે છે

... નો અર્થ ... કરાય છે આ શબ્દ છે એ પઉમચરિયમા ... ૭... ...

૧૩૯ આમા જિનપૂજાનો વિચાર કરવાથી તે જિનની સ્તુતિ કરવા સુધીના ઉત્તરોત્તર શુભ ફળનુ,—ચઉત્થ છટ્ઠ ઇત્યાદિ રૂપ ફળનુ નિરૂપણ છે વિશેષમાં પત્ર ૧૩૯અમા પુષ્પપૂજા, ભાવ–પુષ્પ–પૂજા દીપ–પૂજા ઇત્યાદિના ફળનો નિર્દેશ છે

કેટલાકને મતે ઉમાસ્વાતિકર્તૃક **પૂજાપ્રકરણ** (શ્લો ૧૮)મા ૨૧ પ્રકારની પૂજાનું વર્ણન છે નવ અંગે નવ તિલક વડે પૂજા કરવાની વાત શ્લો ૭–૯માં અપાઈ છે શ્લો ૯મા વાસ–પૂજાનો અને શ્લો ૧૦મા અગ્ર–પૂજાનો ઉલ્લેખ છે

**અવકેસી** વૃક્ષ–પૃ ૨૯મા આઠમા પદ્યમા અવકેસી શબ્દ વપરાયો છે આ પદ્યના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૭૫અ)મા કહ્યુ છે કે અવકેશી જાતનુ ગમે તેટલુ સેવન સિંચન કે વર્ધન કરાય તો પણ એને કદી ફળ આવતા નથી એ તો ફક્ત ધાના કરે છે આમ જે વનસ્પતિ ફળની દૃષ્ટિએ વાઝણી હોય તે અવકેશી (પા અવકેસી) કહેવાય

**અતિશયો**–પૃ ૧૮૮ના ૨૩મા પદ્યમા વપરાયેલ [1] 'અઇસય', શબ્દ અને પૃ ૨૦૬મા ૬૩મા પદ્યમાંનો 'અતિશય શબ્દ એ જૈન' પારિભાષિક શબ્દ છે અઇસય માટે સસ્કૃતમા અતિશય શબ્દ છે એનો અર્થ વિશેષતા છે જૈન આગમાદિમા ૩૪ અતિશયોનો નિર્દેશ છે દા ત જુઓ **સમવાય** (સુ ૩૪) [2]**અભિધાનચિન્તામણિ** (કા ૧, શ્લો ૫૭–૬૪) અને **પવયણસારુદ્ધાર** (દાર ૪૦ ગા ૪૪૧–૪૫૦)

---

૧ **પઉમચરિય** (ઉ ૨)ના ૩૭મા પદ્યમા અઇસય' શબ્દ વપરાયો છે અને ૩૮માથી ૪૫મા સુધીના પદ્યોમા કેટલાક અતિશય ગણાવાયા છે

૨ અહીં ૪ સહજ ૧૧ કર્મક્ષયથી ઉદ્ભવેલા અને ૧૯ દિવ્ય એમ ૩૪ ગણાવાયા છે **યોગશાસ્ત્ર** (પ્ર ૧૧ શ્લો ૨૭–૨૯)મા ૧૯ અતિશયોનો ઉલ્લેખ છે દિગંબર આચાર્ય **કુન્દકુન્દ** રચેલા ગણાતા **નિયમસાર**મા બાને બારે ૩૪ અતિશયોનો ઉલ્લેખ છે વિશેષ માટે જુઓ મારો લેખ અતિશયો

પવયણસારદ્ધારમા અભિધાનચિન્તામણિમા ગણાવાયેલો ૩૩મો અતિશય નથી અને ૩૪માને બદલે બે ગણાવાયા છે વળી ક્રમમા પણ ભેદ છે પૃ ૧૯૭મા ૪૩મા પદ્યમા અને પૃ ૨૦૫મા ૬૨મા પદ્યમા કેટલાક અતિશયોનુ સૂચન છે

**પુદ્ગલ-પરાવર્ત**—પૃ ૧૮૯મા ૨૪મા પદ્યમા 'પુગ્ગલપરિઅ' શબ્દ છે એ જૈનોનો પારિભાષિક શબ્દ છે એને સંસ્કૃતમા પુદ્ગલ-પરાવર્ત કહે છે

**ઇન્દ્રવારુણી**—પૃ ૧૭૯મા ૨૪મા પદ્યમા 'ઇન્દવારુણ'નો ઉલ્લેખ છે આ ફળને ગુજરાતીમા ઇન્દ્રવારણું કહે છે એ દેખીતુ જેટલુ સુંદર હોય છે તેટલુ જ એ કડવુ હોય છે આ ફળને અનુવાદમા કિંપાક કહેલ છે

**નિર્યામકાદિ તરીકે જિનેશ્વરનો નિર્દેશ**—પૃ ૧૮૩મા બીજા પદ્યમા જિનેશ્વરનો પિતામહ તરીકે, પૃ ૧૯૪મા ૩૦મા પદ્યમા નિર્યામક મહાગોપ અને સાર્થવાહ તરીકે અને પૃ ૧૯૫મા ૩૫મા પદ્યમા ધન્વન્તરિ તરીકે અને પૃ ૨૦૦મા ૫૫મા પદ્યમા વૈદ્ય તરીકે નિર્દેશ છે ઉવાસગદસા (અ ૭)મા સદ્દાલપુત્ત ગોસાલકને કોણ મહાબ્રાહ્મણ છે, મહાગોપ છે મહાસાર્થવાહ છે મહાધર્મકથી છે અને કોણ મહાનિર્યામક છે એ પ્રશ્નો પૂછે છે અને ગોસાલક એના સ્પષ્ટીકરણપૂર્વક ઉત્તર આપે છે **અભયદેવસૂરિએ** રચેલા 'જયતિહુયણ' સ્તોત્રમા પ્રારંભમા પાર્શ્વનાથને ધન્વંતરિ કહ્યા છે પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે—

"जय तिहुयणवरकप्परुक्ख ! जय जिण ! धन्नंतरि "

મુનિસુન્દરસૂરિએ જયાનન્દરાજર્ષિકેવલિચરિત્ર (સ ૧૧)ના નીચે મુજબના પાર્શ્વનાથને અપૂર્વ ધન્વંતરિ કહ્યા છે

"चिन्तातु शिवशर्मापूर्वधन्वन्तरिश्री-
त्रिजगति फणिनीरुग्व्यामलं पार्श्वनाथः ।
समपनयति याहात्म्यं तरानामयौघान्
स्मृतिमपि गमितो यः सर्वविघ्नापहारी ॥१॥"

રત્નાકરે રચેલી અને રત્નાકરપચ્ચીસી તરીકે સુપ્રસિદ્ધ[1] રત્નાકર પંચવિંશતિકાના નિમ્નલિખિત બીજા પદ્યમાં જિનેશ્વરને અત્યંત કષ્ટે કરીને નિવારી શકાય એવા સંસારરૂપ રોગના વિકારને—રોગને મટાડનાર વૈદ્ય કહ્યા છે —

जगत्त्रयाधार ! कृपावतार !
दुर्वारसंसार ! विकारवैद्य ! ।
श्रीवीतराग ! त्वयि मुग्धभावाद्
विज्ञप्रभो ! विज्ञपयामि किंचित् ॥२॥"

હરિભદ્રસૂરિએ અષ્ટકપ્રકરણમાં મહાદેવાષ્ટકના શ્લો છમામાં તીર્થંકરના વચનને સુવૈદ્યના વચન સાથે સરખાવ્યા છે

સ્કન્દપુરાણ વગેરેમાં જિનેશ્વરનું વર્ણન—પૃ ૨૦૦માંના ૪૯મા પદ્યના સ્વોપજ્ઞ વિવરણમાં એમ કહ્યું છે કે (૧) સ્કન્દપુરાણમાં નગરસ્થાપના અધિકારમાં નાગરપુરાણમાં ૭૦ હજાર શ્લોકપ્રમાણક ઋષભચરિત્ર છે (૨) ભાગવતમાં પાંચમા સ્કંધ(અ ૬–૯)માં વિષ્ણુના અવતારે જે ઋષભદેવનું વર્ણન છે તે તો વિષ્ણુનું મહત્ત્વ વધે એ હેતુથી આલેખ્યું છે કેમકે અહીં તો દશ અવતારની જ વાતો આવે છે નહિ કે ચોવીસની (૩) લિંગપુરાણમાં જે ઋષભદેવનું ચરિત્ર છે તે

[1] આના ઉપર કનકકુશલગણિએ સંસ્કૃતમાં ટીકા રચી છે આ ગણિ વિષેની માહિતી જૈ સ પ્ર (વ. ૧૩ અંક ૧૨ પૃ. ૨૭૩–૨૭૫)માં છપાયેલા મારા લેખ નામે કનકકુશલગણિ અને એમની કૃતિઓ માં આપી છે

પણ વિષ્ણુના અનુયાયીઓની રચના છે અને (૪) બ્રહ્માંડપુરાણ શિવપુરાણ અને નાગપુરાણમાં ઋષભદેવ વિષે ઉલ્લેખ છે "नास्ता न भस्म न जटा" વાળું પદ્ય ભાન્ધાતાના પ્રાચીન પ્રશસ્તિ ક્યાંય માં છે.

આ રીતે વેદોમાં [1]અમુક અમુક પાઠ અને અમુક અમુક મંત્ર[2] હોવાનું જે કહ્યું છે[3] એ પાઠો ઉપનિષદ્ વગેરેમાં હોય એમ જણાતું નથી ઋગ્વેદની વીસેક શાખા પૈકી એક જ શાખા રહી છે અને વેદો અખંડિત સ્વરૂપમાં સચવાઈ રહ્યા નથી એ વાત વિદ્વાનોથી અજાણી નથી એટલું જ અહીં કહેવું બસ થશે

[4]अपाणिपादोથી શરૂ થતું પદ્ય શ્વેતાશ્વતર ઉપનિષદ્ (અધ્યાય ૩)માં ૧૯મા પદ્ય તરીકે છે આ ઉપરથી એમ જણાય છે કે વેદો

૧ (અ) ॐ ऋषभ पवित्रमध्वरम्, (આ) ॐ त्रैलोक्य-प्रतिष्ठितान् चतुर्विंशतितीर्थंकरान्

૨ યજુર્વેદના મૂળ મંત્ર—स्वस्तीन इन्द्रो वृद्धश्रवा, ઇત્યાદિ-મંત્ર—स्वस्तीनस्तार्क्ष्यो रिष्टनेमि

૩ તત્ત્વનિર્ણયપ્રાસાદ (પૃ ૫૨૨-૫૨૩)માં યજુર્વેદ (વૈશ્વદેવ-ઋચા), યજુર્વેદ (અ. ૯ શ્રુતિ ૫) બૃહદારણ્યક, સવનશ્રુતિ તૈત્તિરીય આરણ્યક (૨ ૪ અ ૫ મ ૧૭ પ્ર ૬ અ ૪) અને આરણ્યમાંથી પાઠો આપી એમાં જૈન તીર્થંકરોના નામ વારે હોવાનું સૂચન કરાયું છે આ ઉપરથી આ વાત અધ્યાત્મતત્ત્વાલોકના પ્રસ્તાવનામાં ઉપોદ્ઘાત (પૃ. ૪)માં અપાઈ છે પાઠો વિશેષ ગવેષણાનો વિષય છે

૪ હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણમાંના મહાદેવાષ્ટક (શ્લો. ૪)ની વૃત્તિમાં જિનેશ્વરસૂરિએ આ પદ્ય અવતરણ તરીકે નીચે મુજબ આપ્યું છે -

'अपाणिपादो ह्यमनो (? जवनो) ग्रहीता
पश्यत्यचक्षु स शृणोत्यकर्ण।
स वेत्ति विश्व न स तस्य वेत्ता
तमाहुरग्र्य पुरुष महान्तम॥"

વડે કેવળજ્ઞાન વૈદર્ભ મુનિસુન્દરસૂરિને અભિપ્રેત નથી પણ બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદો પણ સામાન્ય વૈદિક હિંદુઓ વેદના સ્થાને ગણે છે તેમ એમાં કર્યું છે

**જિનપ્રમાણા પુના દવી**—અહીં જિન'થી [1]ચોવીસની સખ્યા સમજવાની છે જિન શબ્દનો આ અર્થમા પ્રમાણ નિગમ મકડીરાચાર્યકૃત **અજિતસાગર પ્રદ્ર** ( )મા અને **ભાસ્કરા ચાર્યકૃત ગોલાધ્યાય** ( ૫ )મા મળે છે

નાણીના ગુણો—વાણિના ૩૫ ગુણો **અભિ૦ ચિન્તા૦** (કાડ ૧, શ્લો ૬૫-૭૧)મા ગણાવ્યા છે **સમવાય** (સુ ૩૫)મા '**પણતીસ સચ્ચવયણાઇસેસા**' એટલો પાઠ છે એમને એ દ્વારા સત્ય વચનના ૩૫ અતિશયો છે એટલુ જ આપણે જાણી શકીએ છીએ પણ એ ૩૫ અતિશયોના નામ અહીં કે અન્ય કોઈ આગમમા અપાયાં નથી અભયદેવસૂરિએ આથી આની ટીકા (પત્ર ૬૩અ-આ)મા આ નામો ગ્રન્થાન્તરને આધારે ગણાવ્યા છે અને એમણે કે અન્ય કોઈએ સારે સાથે એનુ સ્પષ્ટીકરણ આપ્યુ છે

**અઢાર દોષ**—ક ૧૯૮મા ૪૩મા પદ્યમા ૧૮ દોષો ગણાવ્યા છે તેમા હાસ્યાદિ ૭ થી હાસ્ય રતિ અરતિ, ભય, જુગુપ્સા અને શોક એ છ દોષો સમજવાના છે એવી રીતે ચાર કષાયથી ક્રોધ માન માયા અને લોભ અને પાચ આસ્રવથી હિંસા અસત્ય ચોરી અબ્રહ્મ અને પરિગ્રહ સમજવાના છે

**અભિ૦ ચિન્તા૦** (કાડ ૧, શ્લો ૭)મા તો દાનાન્તરાય લાભાન્તરાય વીર્યાન્તરાય ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય એ પાચ અન્તરાયો ગણાવી અને ઉપર્યુક્ત હાસ્યાદિ ૭ દોષોનો ઉલ્લેખ કરી

[1] આવસ્સયનિજ્જુત્તિ (ગા. ૧૧૧૨)મા સહિલ શબ્દ છે એનો અર્થ હરિભદ્રસૂરિએ ૨૪ વિદ્યાસ્થાન કર્યો છે

કામ મિથ્યાત્વ અજ્ઞાન, નિદ્રા, અવિરતિ રાગ અને દ્વેષ એમ બીજા સાતનો નિર્દેશ કરી ૧૮ દોષો દર્શાવાયા છે

જયચન્દ્રસૂરિએ અન્યાન્ય ગ્રંથોમાંથી ગાથાઓ ઉદ્ધૃત કરી જે મણિહુસત્તરિ સંકલિત કરી છે તેમાં એમણે નીચે મુજબની ગા ૪-૫મા અઢાર દોષો ગણાવ્યા છે —

'अन्नाण १ कोह २ मय ३
माण ४ लोह ५ माया ६ रई ७ अ अरई ८ अ ।
निद्दा ९ सोय १० अलियवयण ११ चोरिया १२
मच्छर १३ भया १४ य ॥४॥
पाणिवह १५ पेम १६ कीलापसंग १७ हासा १८ य
जस्स इय दोसा ।
अट्ठारस वि पणट्ठा नमामि देवाहिदेव त ॥५॥"

આ બે ગાથાઓ નેમિચન્દ્રસૂરિકૃત પવયણસારુદ્ધારમા ગા ૪૫૧ ને ૪૫૨ તરીકે અને પ્રદ્યુમ્નસૂરિકૃત વિચારસારપયરણ (ગા ૧૦૦-૧૦૧)માં ૪૬૨મી અને ૪૬૩મી તરીકે અપાયેલી છે આ ત્રણે સ્થળની ગાથાઓ હરિભદ્રસૂરિકૃત સબોહપયરણમા ગા ૧૩-૧૪ તરીકે જોવાય છે

આમ જે ૧૮ દોષો ભિન્ન ભિન્ન રીતે જણાવાય છે તે વિવક્ષાની ભિન્નતાને આભારી છે બાકી વસ્તુતઃ એમા ભેદ નથી

**ચૈત્ય છત્ર સિંહાસન ઇત્યાદિ**—પૃ ૨૦૧મા 'ચૈત્ય, છત્ર અને સિંહાસનનો નિર્દેશ છે આ સંબંધમા મે **સ્તુતિચતુર્વિંશતિકા** (શ્લો ૯૪)ના સ્પષ્ટીકરણ (પૃ ૨૯૫-૨૯૬)માં કેટલીક બાબતો નોંધી છે

**ગુણસ્થાન**—પૃ ૨૦૪માં પઉમા પદ્યમા જે ગુણસ્થાનનો નિર્દેશ છે તેની સંખ્યા ચૌદની છે **સમવાય** (સુ. ૧૪)મા કર્મની વિશુદ્ધિના માર્ગને ઉદ્દેશીને ચૌદ જીવટ્ઠાણ (જીવસ્થાન) ગણાવેલ

એના ઉપરની અભયદેવસૂરિકૃત ટીકા (પત્ર ૨૮ અ-આ)મા આ ચૌદનું સ્વરૂપ વર્ણવાયું છે

ચૌદ ભૂત-ગ્રામનું સ્વરૂપ સમજાવ્યા બાદ હરિભદ્રસૂરિએ આવશ્યકની ટીકા (પત્ર ૬૫૦અ)મા સગ્રહણિકારને નામે ચૌદ ગુણસ્થાનને લગતી ગાથા આપી છે અને આ હરિભદ્રસૂરિએ ગુણસ્થાન શબ્દ વાપર્યો છે અને ચૌદ ગુણસ્થાનનુ સ્વરૂપ સક્ષેપમા આપ્યુ છે

પચસગહમા બધકરણમા-બીજા કરણમા ચૌદ ગુણસ્થાન સુધીના કર્મ-બન્ધને અગે એક ગાથા છે એનો ચાલુ ક્રમાક ૧૧૭ છે

જીવસમાસની પહેલી જ ગાથામા चोद्दसगुणठाणए એમ કહ્યુ છે અને આઠમી અને નવમી ગાથામા ચૌદ ગુણસ્થાનોના નામ ચૌદ જીવસમાસને નામે અપાયા છે

પવયણસારુદ્ધાર (દ્વાર ૨૨૪)મા ચૌદ ગુણસ્થાનોના નામ ગુણ એવા ઉલ્લેખપૂર્વક અપાયા છે એના ઉપર સિદ્ધસેનસૂરિએ સસ્કૃત વૃત્તિ (પત્ર ૭૭૬આ-૩૮૦આ)મા વિસ્તારથી સમજણ આપી છે

પ્રાચીન કર્મગ્રન્થો પૈકી બીજા કર્મગ્રથ નામે કમ્મત્થય(ગા ૩-૪)-મા આ ગુણસ્થાનોના નામ છે

દેવેન્દ્રસૂરિકૃત બીજા કર્મગ્રથ નામે કમ્મત્થય (ગા ૨)મા પવયણની જ ગાથા છે અને એના ઉપર સ્વોપજ્ઞ ટીકા છે

રત્નશેખરસૂરિએ વિ સ ૧૪૪૭મા ગુણસ્થાનક્રમારોહ રચેલ છે એના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ કર્મસાગરના શિષ્યે ગુણસ્થાનકની સજ્ઝાય રચી છે[1]

જેમ જૈન દર્શનમા ૧૪ ગુણસ્થાનકનું નિરૂપણ છે તેમ યોગ વાસિષ્ઠ જેવા વેદાન્તના ગ્રથમા ૭ અજ્ઞાનની અને ૭ જ્ઞાનની એમ

૧ જુઓ જિનેન્દ્રસ્તવનાદિ કાવ્યસગ્રહ (ભા ૧ પૃ ૩૭-૪૧)

બૌદ્ધ આત્મિક ભૂમિકાઓનું વર્ણન છે એવી રીતે સાંખ્ય-યોગ દર્શનમાં ક્ષિપ્ત મૂઢ વિક્ષિપ્ત એકાગ્ર અને નિરુદ્ધ એ પ ચિત્ત-ભૂમિકાઓ અને બૌદ્ધ દર્શનમાં પૃથગ્જન ઇત્યાદિ સ્વરૂપે આધ્યાત્મિક વિકાસક્રમની પાંચ ભૂમિકાઓ વર્ણવાઈ છે

તેર કાઠિયા—પૃ ૧૩૯મા ૩૧મા પદ્યમાં काठिकेषु એમ છે એથી 'તેર કાઠિયા સમજવા ।। છે. આને અંગે મેં પ્રશમરતિ અને સંબોધપ્રકરણની મારી ઉપોદ્ઘાત' (પૃ ૪૩-૪૫)માં કેટલીક બાબતો રજૂ કરી છે એમાં 'જૈન ધર્મ પ્રકાશ' (પુ ૧૨ અં ૩)માં શ્રી શાંતિ ... નો ઉપયોગ કર્યો શ્રીહેમવિમલસૂરિકૃત તેર કાઠિયાની સજ્ઝાય હું ઉમેરું છું

ભાલોદ્ઘટ્ટનક અને ઉદ્ધામણી—પૃ ૨૦૭માના ૧૮મા પદ્યમાં ભાલોદ્ઘટ્ટનનો ઉલ્લેખ છે આ પદ્યને અંગેના ભાવાર્થમાં ઉદ્ઘાટન ... માળાઓને પહેરવા વડે એમ એનો અર્થ કરાયો છે મૂળ પદ્યમાં 'ઉદ્ધામણી' એવો શબ્દ નથી અવચૂરિ અનુવાદ અને ભાવાર્થમાં જે ફેર પડે છે તે આ પ્રકારનો હોય છે

સાધુવિધિ (પ્ર ૫)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૬૧આ)માં [1]ભાલોદ્ઘટ્ટનનો ઉલ્લેખવાળી પંક્તિ નીચે મુજબ છે —

"निधारस्य दपद्रव्यस्य पृष्टिमलिदाघट्टनेन्द्रमालादि परिधानपरिधापननिशापौषिकादिमोपमङ्गल्योन्मपणपूर्वकारात्रिकविधानादिना"

આ પંક્તિગત 'ઉદ્ઘટ્ટન' શબ્દનો અર્થ 'ઉદ્ધામણી' થઈ શકે કેમ કે ક્ષિતિ ... થઈ હતી એ સ્થાને બાજુ પર રાખી ... 'ઉદ્ધામણી' શબ્દ કેવી રીતે બને છે અને એનો શો અર્થ છે એ બાબત મેં અર્જુન ... નમ...

૧ ધનુર્વિંશતિમાળ પ (પત્ર ૫ ૧૦ પૃ ૧૦૨)માં આ શબ્દ

રાવ દિવેટિયાની ગુજરાતી ભાષા અને સાહિત્ય (ભા ૧ પૃ ૭૩૭)માંથી નિમ્નલિખિત પંક્તિઓ રજૂ કરું છું —

"उत्सपणी  उच्छपणी
(= ઊંચે ઊંચે જવું એ
ઉપરથી હરરાજીમાં—  उछापणी  उछामणी
લીલામમાં—ભાવનો
માગણીનો ચડાવો)  उछावणी  (= હરરાજી લીલામ)

આમ એમણે ઉત્સર્પણી શબ્દમાંથી ઉછામણી શબ્દ બન્યાનો જે ઉલ્લેખ કર્યો છે એ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ સમુચિત છે

યોગશાસ્ત્ર (પ્ર ૪)નું ૧૪મું પદ્ય उत्सर्पयन्‌થી શરૂ થાય છે એની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૨૮૩આ)માં "उत्सर्पयन्–ऊर्ध्वं नयन्‌ એમ કહ્યું છે મહાનિસીહ (અ ૩)માં तित्थुच्छप्पणा એવો ઉલ્લેખ છે આનો અર્થ તીર્થની વૃદ્ધિ' એમ થાય છે

ઇન્દ્રમાલા—પૃ ૨૦૭માં ૬૬મા પદ્યમાં ઇન્દ્રમાલાનો નિર્દેશ છે અને ૬૮મા પદ્યમાં એ પહેરવાની વાત છે રત્નમન્દિરગણિ (વિ સં ૧૪૫૨–૧૫૧૭)કૃત સુકૃતસાગર (તરંગ ૭)માં પત્ર ૮૮આમાં ઇન્દ્રમાલા' શબ્દ પેથડ (પૃથ્વીધર)ના ચરિત્રો અંગે વપરાયો છે રત્નશેખરસૂરિએ સડ્ઢવિહિ (પ્ર ૫)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૬૧અ)માં ઇન્દ્રમાલા શબ્દ વાપર્યો છે અને પત્ર ૧૬૬અમાં કહ્યું છે કે રૈવત પર્વતને અંગે શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે વિવાદ થતાં એવું નક્કી થયું કે જે ઇન્દ્રમાલા પહેરે તેનું આ તીર્થ ગણાય એમ ઠરાવ્યું છે પેથડે ૫૬ ધડી (ધરી) સુવર્ણ આપીને ઇન્દ્રમાલા પહેરી

સ્નાત્ર-મહોત્સવ—પૃ ૨૦૭માં ૬૮મા પદ્યમાં સ્નાત્ર-મહોત્સવનો ઉલ્લેખ છે એના વર્ણનો મળે છે આ સંબંધમાં કેટલીક હકીકત મેં જન્માભિષેક ને મહાવીરકલશ નામના મારા [1]લેખમાં

[1] આ લેખ જૈન ધર્મ પ્રકાશ (પુ ૧૪ અં ૪ પૃ ૫૭–૬૨)માં છપાયો છે

આપી છે ધર્મઘોષસૂરિએ 'અપભ્રંશમાં'[1] મહાવીર-કલશ રચ્યો છે

કલ્યાણકો—પૃ ૨૦૬મા ૯૭મા પદ્યમા કલ્યાણક વિષે ઉલ્લેખ છે આ કલ્યાણકોને અગે મે સ્તુતિ-ચતુર્વિંશતિકા (શ્લો ૫)ના સ્પષ્ટીકરણ (પૃ ૩૦-૩૩)મા વિચાર કર્યો છે અને એમા જન્મ-કલ્યાણકનુ સવિસ્તર વર્ણન કર્યુ છે અને એ દ્વારા સ્નાત્ર-મહોત્સવનુ દિગ્દર્શન કરાવ્યુ છે આ જી જ્યોના ત્રીજા ભાગરૂપ ત્રીજી કિરણાવલી (પૃ ૧૯)મા મે કલ્યાણકોની આછી રૂપરેખા આલેખી છે

સવિગ્નપાક્ષિક—ઉ૦ ૨૦ના પૃ ૧૮માના પદ્યની સમજૂતિ આપતા પૃ ૭૦મા 'સવિગ્નપાક્ષિક'નો ઉલ્લેખ છે ઉ૦ ૨૦ની સ્વો૦ વૃત્તિ (પત્ર ૯૭અ)મા કહ્યુ છે કે કેટલાક શ્રમણો અદ્યાપિ અગારે હોય છે કેમકે તેઓ પોતાના આત્માને ઉપકારી સયમરૂપ ગુણથી રહિત હોય છે પણ તેઓ બહારથી સારભૂત છે કારણ કે તેઓ જ્ઞાનાદિ સાધુઓનુ વૈયાવૃત્ય કરે છે આવા શ્રમણો તે 'સવિગ્નપાક્ષિક' વગેરે છે આ સબધમા નીચે મુજબનુ અવતરણ આ વૃત્તિ (પત્ર ૪૭અ)મા અપાયુ છે —

'खा(क)रोद्दमड्डाणमोमगो ग्घमाइकज्जेसु ।
स नायरेण जयणाइ कुणइ ज साहुकरणिज्ज ॥'"[2]

આ સવિગ્નપાક્ષિક વગેરે શ્રમણો કઈક યોગ્ય છે કેમકે સવિગ્નપાક્ષિકતા એ ત્રીજો માર્ગ છે (આ વૃત્તિમા) કહ્યુ પણ છે કે

---

૧ આ નનકડી કૃતિ જૈનસ્તોત્રસન્દોહ (ભા ૧ પૃ ૨૫૭-૨૬૨)મા છપાઇ છે

૨ આ ધર્મ સમ્મિલિત ઉપદેશમાલાની પરથી આપ્યા છે ગાથા અર્થ એ છે કે વનમા આવી ચડતુ કે રસ્તામા ભૂલાઈ જવુ વિષમ માર્ગ ચાલવુ દુકાળ પડવા રોગ આવી પડવા એમ અનેક જાતના સકટોમા સવ આ સૂચક યતનાથી સાધુને કરવા લાયક કાર્ય એ કરે છે

'सावज्जजोगपरिवज्जणाइ सव्वुत्तमो जईधम्मो।
बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो॥"[1]

અર્થાત્ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ ઇત્યાદિ લક્ષ્ય એ સાધુધર્મ સર્વોત્તમ-પ્રથમ સ્થાને છે શ્રાવકધર્મ બીજી કક્ષાએ છે અને સંવિગ્નપક્ષરૂપ માર્ગ ત્રીજી કક્ષાએ છે

ગચ્છાચારની ૩૭મી ગાથામાં 'તદ્દપક્ખ' થી સંવિગ્નપાક્ષિકનું સૂચન છે આના ઉપરની રચેલી લઘુ વૃત્તિ (પત્ર ૨૧અ)માં સંવિગ્નપાક્ષિકનો અર્થ નીચે મુજબ અપાયો છે –

'संविग्नाना-मोक्षाभिलाषिसुसाधूना पाक्षिक -साहाय्य कर्ता संविग्नपाक्षिक' અર્થાત્ સંવિગ્ન' એટલે મોક્ષની ઇચ્છાવાળા સુસાધુઓ એમનો જ પાક્ષિક–એમને જે સહાય કરે તે સંવિગ્નપાક્ષિક છે આ લઘુ વૃત્તિ (પત્ર ૨૧અ-આ)માં સંવિગ્નપાક્ષિકનું લક્ષણ નીચે મુજબના અવતરણ દ્વારા અપાયું છે –

'सुद्धं सुसाहुधम्मं कहेइ निंदइ य नियमायारं।
सुतवस्सियाण पुरओ होइ य सव्वोमराइणिओ॥
वंदइ न य वंदावइ किइकम्मं कुणइ कारवे नेव।
अत्तट्ठा न वि दिक्खइ देइ सुसाहूण बोहेउं॥"[2]

---

૧ આ પણ ઉપર્યુક્ત ઉવએસમાલાની ૫૧૯મી ગાથા છે

૨ એ સુસાધુના ધર્મને કહે અને પોતાના આચારની શિથિલતાની નિંદા કરે તેમ જ સારા તપસ્વીઓની આગળ સર્વથી પણ લઘુ થાય–નવદીક્ષિતથી પણ પોતાને ઊતરતો ગણે વળી એ એવા સાધુને વંદન ન કરે પણ તેમની પાસે વંદન ન કરાવે નહિ પોતે એમનું કૃતિકર્મ (વિશ્રામણા ઇત્યાદિ વૈયાવૃત્ય) કરે કે કરાવે નહિ અને પોતાની પાસે દીક્ષા લેવાને આવેલાને એ દીક્ષા આપે નહિ પણ પ્રતિબોધ પમાડી સુસાધુ પાસે મોકલે. યશોવિજયગણિએ સીમંધર સ્વામીને વિનતિરૂપ જે ૧૨૫ ગાથાનું સ્તવન રચ્યું છે તેની સાતમી ઢાલમાં ૮૨મી ગાથામાં એમણે નીચે પ્રમાણે કહ્યું છે –

પ્રથમ સાધુ બીજો વર શ્રાવક ત્રીજો સંવેગપાખીજી
એહ ત્રણે શિવમારગ કહીએ જિહાં છે પ્રવચન સાખીજી

આ બે ગાથાઓ ધમ્મદાસગણિકૃત ઉવએસમાલામાં ૫૧૫-મી અને ૫૧૬મી ગાથા રૂપે જોવાય છે હરિભદ્રસૂરિએ પંચવત્થુની ૧૬૮૦મી અને ૧૬૮૧મી ગાથામાં સંવિગ્નપાક્ષિકનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે એ કાયાથી અસમર્થ હોવા છતાં ધર્મનો રાગી છે અને એથી એ મુક્તિનો અધિકારી છે

અષ્ટકપ્રકરણ (અષ્ટક ૨૭ શ્લો૦ ૭)ની ટીકા (પત્ર ૯૨ અ)-માં જિનેશ્વરસૂરિએ દ્વાદશ સંઘને અંગે કહ્યું કે આ સૂરિ પોતે અગવતોને દાન દેવડાવતા હતા તેના સમર્થનાર્થે એમણે આ પ્રકરણ યોજ્યું છે એમ કેટલાક કલ્પના કરે છે કેમકે હરિભદ્રસૂરિ પોતાના ભોજકસમયે શંખ વગાડી યાચકોને ભોજન અપાવતા હતા એમ સંભળાય છે પરંતુ આ સંભવતું નથી કેમકે એઓ સાવદ્યપાક્ષિક છે અને સંવિગ્ન ક સાવદ્યપાક્ષિક અનાગમિક અર્થનો ઉપદેશ આપે એ સંભવતું નથી કારણકે એથી તત્ત્વની હાનિ થવાનો પ્રસંગ આવે છે[1]

ભાષા શૈલી ઇત્યાદિ—મુનિસુંદર સૂરિએ પોતાના ચિત્તસાગરમાં ઉદ્ભવતી અને ઉઠતી ઊર્મિઓને કેવી રીતે વ્યક્ત કરી છે તે હવે વિચારીશું આ સૂરિવર્યનું સંસ્કૃત અને પાઇય એમ બંને ભાષાઓ ઉપરનું પ્રભુત્વ હોવાથી અને કોષોનો એમને વિશાળ બોધ હોવાથી એમની આ પદ્યાત્મક કૃતિમાં વગેરે (૮), ઉમ્મા (૬ ૩૧) ન મૂગાર (૬ ૧૯૦) જેવા પ્રાકૃત દેશ્ય શબ્દને સાદ કરતા અન્ય અપરિચિત શબ્દો નજરે પડતા નથી એટલું જ નહિ પણ સંસ્કૃત અને પાઇયના સામાન્ય અભ્યાસીને પણ સદ્ભાગ્યે સમજાય એવા શબ્દો એમણે વાપર્યા છે સાથે સાથે એમણે પદલાલિત્યને કે અર્થ ા ગૌરવને વાધો આવવા દીધો નથી

[1] આ સંબંધમાં કહાવલીમાં કહ્યું છે તે વાતેની નોંધ મ (ભાગ ૨)ના અમેજ ઉપોદ્ઘાત (પૃ. ૧૦૩-૧૦૪)માં લીધી ... કરેલ નથી

એમનો ઉપદેશરૂપ રસનો પ્રવાહ વિવિધ દૃષ્ટાન્તોના રંગોથી રંગાતો જતે મન્દ મન્દ વેગે પરંતુ સચોટ રીતે સ્વાભાવિકપણે એકધારો આગળ ને આગળ વહે છે ગદ્ય અને પદ્યને સરળ સુબોધ અને પ્રાસાદિક રચનાના આપણને દર્શન થાય છે શબ્દોની કે અર્થની ખેંચતાણ કે કૃત્રિમતા વડે રચના ખડબચડી કે ક્લિષ્ટ બને એવો અનિષ્ટ પ્રસંગ આ કૃતિને અંગે ઉપસ્થિત થયો નથી કેટલીક વાર તો પાઠકવર્ગને પણ જાણે એમ લાગે, અસ્ખલિતપણે વહેતા પ્રવાહમાં સાનંદ આગળ વધવાની વૃત્તિ થાય એવી આ કૃતિની હૃદયંગમ રચના છે વ્યાકરણની દૃષ્ટિએ બાધક ગણાય એવો એકે પ્રયોગ આ કૃતિમાં જણાતો નથી પૃ ૧૩૧મા આપણને નામધાતુઓની હારમાળા જોવા મળે છે

આ સૂરિની અલંકારશાસ્ત્રની વિશારદતાની આ કૃતિ સાક્ષી પૂરે છે વિષયને અનુરૂપ યોજના કરવામા આ સૂરિ સિદ્ધહસ્ત છે પૃ ૧૦૯માના પદ્ય ૭મા દર્શનરૂપ રથનું સુભગ ચિત્ર આલેખાયું છે એવી રીતે પૃ ૧૧૭મા જિનેશ્વર અને ધર્મને કલ્પવૃક્ષની ઉપમા અપાઈ છે પૃ ૧૫૬મા ધર્મનો કલ્પવૃક્ષ તરીકે પૃ ૧૬૪મા વૃક્ષ તરીકે અને પૃ ૧૭૫મા (૫૯મા પદ્યમાં) મેરુ તરીકે નિર્દેશ છે પૃ ૧૫૩મા ગૃહસ્થધર્મનો વૃક્ષ તરીકે ઉલ્લેખ છે પૃ ૧૪૫મા પાપરૂપ વૃક્ષનું આબેહૂબ ચિત્ર દોરાયું છે પૃ ૧૪૭ગત પદ્ય કુટુંબનું અને પૃ ૧૪૮માનું પદ્ય ભોજનનું દૃશ્ય તાદૃશ સ્વરૂપે રજૂ કરે છે પૃ ૧૭૮માનું ૩૨મું પદ્ય ભાવવાહી છે

આ વિષય આમ પૂર્ણ કરાય તે પૂર્વે વ્યાકરણને અંગે કેટલીક બાબતો નોંધવી દુરસ્ત જણાય છે

પૃ ૧૨૯મા **पर** અને **ऋद्धी**ની સંધિ કરાઈ નથી પણ તેમા કંઈ ખોટું નથી આનું કારણ એ છે કે સિદ્ધહેમચન્દ્રના "ऋलृति ह्रस्वो वा" (૧ ૨ ૨) એ સૂત્ર પ્રમાણે તેમજ અષ્ટાધ્યાયીના 'ऋत्यक" એ સૂત્ર પ્રમાણે સંધિ માટે વિકલ્પને

સ્થાન છે આ પ્રમાણેની સંધિ-નહિ કર્યાનું એક ઉદાહરણ સિંદૂરપ્રકરનું ૧૮૦મું પદ્ય પૂરું પાડે છે

પૃ ૧૫૮મા આઠમા પદ્યમાં **भजता** એવું આજ્ઞાર્થવાચક બીજા પુરુષ એકવચનનું રૂપ છે અને એમાં આત્મનેપદ માટે વપરાતો **ताम्** પ્રત્યય છે કે જેનો ભાગ્યે જ પાઇય કૃતિમાં પ્રયોગ થયેલો જોવાય છે પૃ ૧૦૮મા **तय** (સં० **तर्कत्**) એવું રૂપ છે આ પણ વિરલતાના એક ઉદાહરણરૂપ છે

પૃ ૧૩૩માના સંસ્કૃતમાં રચાયેલા ૧૮મા પદ્યગત **ही** નો પ્રયોગ નોંધપાત્ર છે

પૃ ૧૨૮માના ત્રીજા (સંસ્કૃત) પદ્યમાં 'લાભ' અર્થમાં **लभ**-નો પ્રયોગ વિચારણીય ગણાય કેમકે એક તો આ શબ્દ અન્યત્ર ભાગ્યે જ વપરાયો હોય એમ લાગે છે અને બીજું વ્યાકરણ-દૃષ્ટિએ એ સુસંગત છે કે કેમ એમ સહજ પ્રશ્ન ઉદ્ભવે પણ આ શંકા અસ્થાને છે, કેમકે **लभ्** ધાતુને 'अ' પ્રત્યય લગાડી **लभ** એવો અકારાન્ત પુંલિંગ શબ્દ નીપજાવી શકાય તેમ છે એના પ્રથમાના બહુવચનનો પ્રયોગ અત્ર કરાયો છે[1]

પૃ ૧૮૪ના છઠ્ઠા પદ્યમાં **मयह** ને બદલે **मयहा** પૃ ૧૮૬-મા ૧૩મા પદ્યમાં **अडवीप** ને બદલે **अडवि** પૃ ૧૮૯મા ૨૭મા પદ્યમાં **लहह** ને બદલે **लहई** એમ જે પ્રયોગો છે તે પાઇય ભાષાના બંધારણને અનુરૂપ છે

**ભાષાનું દ્વૈવિધ્ય**—જૈન મુનિવરોનું ધ્યેય સ્વપરકલ્યાણ સાધવાનું હોય છે એટલે એઓ એના સાધન વિષે ઐકાન્તિક આગ્રહ ન સેવે

૧ જુઓ પૃ ૩૧

એ દેખીતી વાત છે આવી પરિસ્થિતિમાં એમણે લોક-ભાષાનો આશ્રય લેતા પણ-સંસ્કૃત જેવી શિષ્ટ ભાષાને પણ તિલાંજલિ આપતા શોક થાય નહિ વળી સંસ્કૃત દ્વારા જ ઉપકાર થઈ શકે તેમ હોય તો લોક ભાષાને-પાઇય ભાષાને ન ને આ ભાષાને અપનાવતા તેઓ ન જ અચકાય આથી તો આપણને આજે પાઇય અને સંસ્કૃત તેમજ ગુજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં જૈન સાહિત્ય મળી આવે છે

જૈન આગમોમાના બારમા અંગ નામે દિટ્ઠિવાયની રચના સંસ્કૃતમાં થઈ હતી એમ આચારદિનકરમાના નીચે મુજબના અવતરણ ઉપરથી જણાય છે —

"मुत्तूण दिट्ठिवायं कालिय-उक्कालियंगसिद्धंत।
थी-बालवायणत्थ पाइयमुइयं जिणवरेहिं॥"[1]

દિટ્ઠિવાયના મુખ્ય અને મહત્ત્વના મહાકાય વિભાગરૂપ પુવ્વગય-ચૌદ પુવ્વ સંસ્કૃતમાં રચાયા હતા એમ [2]પ્રભાવકચરિત્રમાં એના કર્તા પ્રભાચન્દ્રસૂરિએ કહ્યું છે બાકી પુવ્વમાંથી જે [3]અવતરણો મળે છે તે જોતા તેમજ ઉપર્યુક્ત અવતરણાદિની પ્રાચીનતા વિચારતા પુવ્વ સંસ્કૃતમાં કેવી રીતે હોઈ શકે એવો પ્રશ્ન ઊઠે છે આ વિવાદ ગ્રસ્ત વિષય હોવાથી તત્ત્વાર્થાધિગમસૂત્રને આપણે ઉપલબ્ધ સાહિત્યની દૃષ્ટિએ સંસ્કૃતમાં રચાયેલા[3] પહેલા ગ્રન્થ તરીકે ઓળખાવીશું

---

૧ આ અવતરણ આપતી વેળા तत्त्वनिर्णयप्रासाद (પૃ ૪૧૨)માં "यत उक्तमागमे" એમ કહ્યું છે પણ આ ગાથા મને તો કોઈ આગમમાં મળી નથી તો આ ક્યા આગમમાં ક્યાં છે?

૨. જુઓ વૃદ્ધવાદિ-પ્રબન્ધ, શ્લો. ૧૧૪

૩ આવસ્સયની ચુણ્ણિમાની અનેક ગાથાઓ નવપયપયરણમાં ગૂંથી લેવાઇ છે એમાની जारिसओ जइभेओ એ ગાથા પુવ્વની છે જુઓ નવપયપયરણની બૃહદ્વૃત્તિનો ઉપોદ્ઘાત (પત્ર ૧૭)

અર્ધમાગધી ભાષામાં અંગિકા પ્રરૂપણા કરે છે એટલે એ ભાષા તરફના બહુમાનને લઈને તેમજ મૂળનો અર્થ એ જ ભાષામાં દર્શાવવામાં કોઈ વાંધો ન જણાવાથી નિજ્જુત્તિ અને ભાસ એ બે ટીકાઓ પાઇયમાં જ રચાઈ તે સ્વાભાવિક છે વખત જતા જૈન તત્ત્વો વિષે અન્યદર્શનીઓમાં ભ્રામક દશા પ્રવર્તી અને એના નિવારણની તેમજ અન્ય દર્શનકારોએ કરેલા ખંડનોનો એમની જ ભાષામાં પ્રત્યુત્તર આપવાની આવશ્યકતા જણાતા તેમજ સંસ્કૃત ભાષાનુ ફરીથી પુનરુત્થાન થઈ એના વર્ચસ્વ, વ્યાપકત્વ અને મહત્ત્વ સ્વીકારતા સુવિજ્ઞોમાં સંસ્કૃતને ઓછેવત્તે અંશે સ્થાન અપાયુ[1] આમ એક જ કૃતિમા ભાષા-દ્વૈવિધ્ય આવ્યુ આગળ જતા આનુ પરિણામ એ આવ્યુ કે ભવવિરહસૂરિ ઉર્ફે હરિભદ્રસૂરિ જેવા ગ્રન્થકારે પોતાની પાઇય કૃતિનુ—સાવયપણ્ણત્તિનુ સ્પષ્ટીકરણ સંસ્કૃત ટીકા દ્વારા કર્યુ આમ જે આ નવો ચીલો પડ્યો તે માર્ગે એમના પછી થઈ ગયેલા કેટલાયે મુનિવરો સંચર્યા છે દા ત કક્કસૂરિના શિષ્ય જિનચન્દ્રગણિએ—સૂરિ-અવસ્થામાં દેવગુપ્તસૂરિએ નવપયપયરણ ઉપર શ્રાવકાનન્દ નામની [2]સ્વોપજ્ઞ વૃત્તિ સંસ્કૃતમાં વિ. સં ૧૦૭૩મા રચી છે વીરચન્દ્રસૂરિના શિષ્ય દેવસૂરિએ વિ સ ૧૧૬૨મા જીવાણુસાસણ રચ્યુ છે અને એના ઉપર સંસ્કૃતમા ટીકા રચી છે મલધારી હેમચન્દ્રસૂરિએ ભવભાવણા ઉપર સંસ્કૃતમા વૃત્તિ વિ સ ૧૧૭૦માં રચી છે અને એ પૂર્વે એમણે

---

૧ જૈન કૃતિઓ સૌથી પ્રથમ પાઇયમા રચાઈ તો ક્યારે સંસ્કૃત કૃતિઓ કેમ અને ક્યારે રચાઈ તેનો ઉહાપોહ મેં અષ્ટકપ્રકરણમ્ ના પ્રાક્કથન (પૃ. ૭-૯)મા કર્યો છે. આ વિષય તાજેતરમા પ્રસિદ્ધ થયેલી ચાલુ પંચાશિકા (જ્ઞાનપંચમીકથા)ના પ્રાસ્તાવિક વક્તવ્ય (પૃ ૧૩-૧૫)મા પણ ચર્ચ્યો છે

૨, આ વૃત્તિ (પત્ર )મા અણુવ્રતવિધિ નામની ગોવાની કૃતિ નેવાની ભલામણ કરાઇ છે આ કૃતિ જેસલમેરમા હોવાનો ઉલ્લેખ છે

[1]ઉવએસમાલા ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે પ્રદ્યુમ્નસૂરિના શિષ્યાવયવ ચન્દ્રસેને ઉપ્પાયાઇસિદ્ધિપયરણ ઉપર વિ સં ૧૨૦૭માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે રત્નશેખરસૂરિએ સડ્ઢવિહિ રચી સંસ્કૃતમાં વૃત્તિ વિ સં ૧૫૦૬માં રચી છે ન્યાયાચાર્ય યશોવિજયગણિએ અજ્ઝપ્પમયપરિક્ખા ઉપર સંસ્કૃતમાં વિવરણ રચ્યું છે

આ ઉપરથી ઉ૦ ૨૦નો પ્રાચ્ય તટ પૂરનો વિભાગ પાઇયમાં હોવા છતાં એના ઉપર સંસ્કૃતમાં કેમ વિવરણ થયું એ સમજાયું હશે અહીં એ વાત ઉમેરીશ કે [2]દાર્શનિક સાહિત્ય માટે સંસ્કૃત ભાષાનો સ્વીકાર થયા બાદ પણ [3]ઔપદેશિક સાહિત્ય માટે તો એનો ઉપયોગ ગૌણ થયેલો છે એમ શ્વેતાંબર કૃતિઓ જોતાં જણાય છે આને લઇને તો ઉ૦ ૨૦નો જગન્નીતીર્થાવતાર રૂપ ભાગ સંસ્કૃતમાં પછીનો પ્રાચ્ય તટ પાઇયમાં અને અપર તટ બંને ભાષામાં રચેલા મળે છે એમ કહેવાય તો કેમ?

અપર તટનો અંતિમ અંશ અડધોઅડધ સંસ્કૃતમાં અને અડધો અડધ પાઇયમાં રચાયો છે એ ખાસ આશ્ચર્યનો વિષય નથી કેમકે કેટલીક કૃતિના પદ્યાર્ધ સંસ્કૃતમાં તો બાકીનો ભાગ પાઇયમાં છે આવી કૃતિ તરીકે ધનપાલની વીરસ્તુતિ રત્નશેખરસૂરિકૃત અર્ધ-

1 ગ્રંથકારે જાતે અહીં તેમજ વિશેષાની ટીકાના અંતમાં આ જ નામનો નિર્દેશ કર્યો છે તેમ છતાં એનું જે પુષ્પમાલા નામ પ્રસિદ્ધિમાં આવ્યું છે તે આ ઉવએસમાલાની બીજી ગાથાના નિમ્નલિખિત ઉત્તરાર્ધમાં એને કુસુમમાલા સાથે સરખાવાઈ છે તેને આભારી છે એટલે કે ઔપમિક નામ છે —

"उवएसमालमेयं रएमि घरकुसुममाल व"

2 શ્વેતાંબર સંપ્રદાયમાં તો દાર્શનિક કૃતિએ અત્યારે તો પાઇયમાં રચાતી જોવાય છે જ્યારે દિગંબર સંપ્રદાયે એક વેળા સંસ્કૃતનો સ્વીકાર કર્યો બાદ પાઇયને જાણે ધીરે ધીરે પણ શોકસભાએ તિલાંજલિ આપી હોય એમ લાગે છે

3 સૌથી પ્રથમ કથાગ્રંથ સંસ્કૃતમાં રચનાર કોઇ જૈન લેખક હોય તો તે સિદ્ધર્ષિ છે એમ લાગે છે અને એમના પછી ધનપાલ આ માર્ગે ગયા.

દીપિકાગત 'શીલવતી-કથા' (પત્ર ૮૫આ-૯૯અ) અને અ યકર્તૃક [1]ભીમકુમારકથા ગણાવુ છુ

સન્તાનન—ઉ૦ ૨૦માના કેટલાક [2]પદ્યો આ પૂર્વે રચાયેલાં ગ્રન્થમાથી ઉદ્ધૃત કરાયા છે તો કેટલીક વાર એવા કોઈક ગ્રન્થની એ છાયારૂપ છે ઉદાહરણાર્થે પ્રથમ તટના પ્રથમ અશનું અભિનારેમુ પદ્ય (પૃ ૪) જે સેલ્ઘણથી શરૂ થાય છે તે નદીમા ૪૪મા પદ્ય રૂપે પત્ર ૫૪આમા જોવા છે અપર તટમાના આઠમા અ શના ૧૫માથી ૧૮મા સુધીનાં તેમજ ૨૮મુ અને ૨૯મુ પદ્ય એ છ પદ્યો વિમલસૂરિકૃત પઉમચરિયમાથી ઉદ્ધૃત કરાયા છે અને એ વાત તો મુનિસુન્દરસૂરિએ પોતે વિવરણમા જણાવી છે પરતુ આ છ પદ્યો પૈકી છેલ્લા બે પદ્યો મુદ્રિત પઉમચરિયમા મને મળ્યા નથી જો એ અહીં નજ હોય તો એ પઉમચરિયની બીજી કોઈ હાથપોથીમા—કદાચ મુનિસુન્દરસૂરિને મળેલી હાથપોથીમાં હશે એ ગમે તે હો આ બે પદ્યો દ્વારા પૂજાના જે ૧૯ પ્રકારો ગણાવાયા છે તેના સ્પષ્ટીકરણરૂપ પદ્યો પૃ ૧૯૦-૧૯૩મા અહીં અનુવાદક તરફથી અપાયા છે આ ૧૯ પ્રકારો નીચે મુજબના ક્રમાકવાળા પદ્યોમા જોવાય છે —

| પ્રકાર | પદ્ય | પ્રકાર | પદ્ય |
|---|---|---|---|
| ૧ | ૮૧ | ૮-૧૨ | ૭૬ |
| ૨ | ૮૦ | ૧૩ | ૭૫ |
| ૩ | ૭૯ | ૧૪-૧૬ | ૮૪ |
| ૪ | ૭૮ | ૧૭ | ૮૩ |
| ૫-૭ | ૭૮ | ૧૮ | ૭૪ |
| | | ૧૯ | ૭૬ |

---

૧ આની એક હાથપોથી પન્નગના એક ભડારમા છે

૨ પૃ ૬૨ ગતપદનો પૂર્વાર્ધ પૃ ૧૨૨ના પૂર્વાર્ધ સાથે મળતો આવે છે

પૃ ૧૦૫માનુ अयवरूप'વાળુ પદ્ય ઉત્તરજ્ઝયણ (અ ૭ ગા ૧૧)નુ સ્મરણ કરાવે છે

પૃ ૧૭ ઉપરનુ સોવાગરવેસવાળુ પદ્ય ઠાણ (ઠા ૪, ઉ ૪ પત્ર ૨૭૧ અ)ના નિમ્નલિખિત ૩૪૮મા સુત્તને આધારે યોજાયુ છે—

'चत्तारि करडगा पन्नत्ता, त जहा-सोवागकरडते वेसिताकरडते गाहावतिकरडते रायकरडते ,१६, एवामेव चत्तारि आयरिया प० त०—सोवागकरडगसमाणे, वेसिताकरडगसमाणे गाहावइकरडगसमाणे रायकरंडगसमाणे १७।"

એવી રીતે પૃ ૩૧માનુ जइ मज्झपिहाणेसुथी શરૂ થતુ પદ્ય ઠાણ (ઠા ૪, ઉ ૪ પત્ર ૨૭૯અ)ના ૩૬૦મા સુત્તને પૃ ૧૦૫માનુ उद्दिओद्दिगवाળુ પદ્ય ઠાણ (ઠા ૪ ઉ ૩, પત્ર ૨૩૭અ) ના ૩૧૫મા સુત્તને પૃ ૧ ૩માનું उदचा नीअावાળુ પદ્ય ઠાણ (ઠા ૪ ઉ ૨ પત્ર ૨૩૩ આ)ના ૩૧૮મા સુત્તને અને પૃ ૧૦૭માનું अणुसोअवाળુ ૧૧મુ પદ્ય ઠાણ (ઠા ૪ ઉ ૪ પત્ર ૨૭૧અ)ના ૩૪૯મા સુત્તને આભારી છે આ રહ્યા આ ચાર સુત્તો —

१ 'चत्तारि कुभा प० त०—महुकुभे नामं एगे महुप्पिहाणे, महुकुभे णाम एगे विसपिहाणे, विसकुभे नाम एगे महुपिहाणे, विसकुभे णाममेगे विसपिहाणे, एवामेव चत्तारि पुरिसजाया प० त०—महुकुमे नाम एगे मधुपिहाणे ४—

हिययमपावमकलुस जीहा वि य महुरभासिणी निच्च।
जमि पुरिसमि विज्जति से मधुकुभे मधुपिहाणे ॥ १॥

हियथमपावमकलुस जीहा वि य कडुयभासिणी निच्च
जमि पुरिसमि विज्जति से मधुकुभे विसपिहाणे ॥ २॥

जं हियय कलुसमय जीहा वि य मधुरभासिणी निच्च।
जंमि पुरिसंमि विज्जति से विसकुंभे महुपिहाणे ॥३॥
जं हियय कलुसमय जीहा वि य कडुयभासिणी निच्च।
जंमि पुरिसंमि विज्जति से विसकुंभे विसपिहाणे ॥४॥'
(सू० ३६०)

२ "चत्तारि पुरिसजाया प० तं०—उदितोदिते णाममेगे, उदितत्थमिते णाममेगे, अत्थमितोदिते णाममेगे, अत्थमियत्थमिते णाममेगे। भरहे राया चाउरंतचक्कवट्टी णं उदितोदिते बंभदत्ते णं राया चाउरंतचक्कवट्टी उदितत्थमिते हरिएसबले णामणगारे णमत्थमिओदिते, काले णं सोयरिये अत्थमितत्थमिते।' (सू० ३१५)

३ चत्तारि पुरिसजाया प० तं० उच्चे णाममेगे उच्चच्छंदे, उच्चे णाममेगे णीतच्छंदे, णीते णाममेगे, उच्चच्छंदे नीए णामेगे णीयच्छंदे।" (सू० ३१८)

४ चत्तारि मच्छा प० तं०—अणुसोयचारी पडिसोयचारी अंतचारी मज्झचारी २२ एवामेव चत्तारि भिक्खागा प० तं०—अणुसोयचारी पडिसोयचारी अंतचारी मज्झचारी २३।" (सू० ३४९)

અવતરણ—ઉ૦ ૯૦ના સ્વોપજ્ઞ વિવરણમાં અધ્યાત્મકલ્પદ્રુમના પદ્યો મુનિસુન્દરસૂરિએ ઉદ્ધૃત કર્યાં છે.—

| વિવરણ | પ્રતીક | અધ્યાત્મકલ્પદ્રુમ |
| --- | --- | --- |
| પત્ર ૧૩૩અ | [1]मृत्यव्यस्तजात्मा० | શ્લો ૫૦ (૪૪) |
| „ ૧૩૬અ | [2]शाधिदयमात्सय० | શ્લો ૧૫૨ (૧૧,૨) |

૧ આ પદનું નામ નથી अत्यधिप्मद्धि એટલો જ ઉલ્લેખ છે

૨ अवोचमेव એમ કહી આ પદ્ય અપાયું છે પણ મૂળ કૃતિનું નામ દર્શાવાયું નથી

| વિવરણ | પ્રતીક | અધ્યાત્મકલ્પદ્રુમ |
|---|---|---|
| ૫૪ ૧૪૯આ | [1]आलम्बन तव | શ્લો ૧૨૬ (૧૦,૨) |
| | सप्त भीत्यमिमवेऽप | [1]શ્લો ૧૦૫ (૯ ૫) |
| ૧૬૧આ | [2]शैथिल्यमात्सर्य | શ્લો ૧૫૭ (૧૧ ૨) |
| , ૨૦૨આ | [3]चर्मास्थिमज्जान्त्र० | શ્લો ૩૬ (૨ ૨) |
| ૨૦૩આ | [4]दहे विमुह्य | શ્લો ૫૭ (૫ ૪) |
| , ૨૦૪આ | [5]यानि द्विपामप्युपकारकाणि | શ્લો ૪૮ (૪,૨) |

C૦ ૨૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૧૪૯ આ)મા 'अस्माभिरप्युक्तम्" એવા ઉલ્લેખપૂર્વક જે નીચે મુજબનુ પદ્ય રજૂ કરાયુ છે તે ઉ૦ ૨૦ના [1]અપરતટ (અ ૫)નુ ત્રીજુ પદ્ય છે —

धम्म काउं तुरह, जगभक्खणलोलुपण कालेण।
सुरनरनारयतिरिया पए सज्झीकया कयग॥'

अवोचम એમ કહી ઉ૦ ૨૦ ના [1]અપર તટના દ્વિતીય અશમા જે ૧૯મુ પદ્ય અપાયુ છે તે અધ્યાત્મકલ્પદ્રુમનુ ૧૩૭મુ પદ્ય છે (જુઓ પત્ર ૮૦ દે,લા)

---

૧ આ અવતરણ અધ્યાત્મકલ્પદ્રુમમાથી જ એમ અહીં ઉલ્લેખ છે

૨ 'यत" એટલો જ ઉલ્લેખ છે

૩ अवोचाम च तथाऽध्यात्मकल्पद्रुमे" એવા ઉલ્લેખપૂર્વક આ અપાયુ છે

૪ तथा चाध्यात्मकल्पद्रुमेऽध्यगीष्महि" એવા ઉલ્લેખપૂર્વક આ અપાયુ છે

૫ अध्यात्मकल्पद्रुमेऽपि" એવા ઉલ્લેખપૂર્વક આ રજૂ કરાયુ છે

૧ આ ઉપરથી એ સૂચિત થાય છે કે અપરતટ રચ્યા બાદ સ્વોપજ્ઞ વિવરણ રચાયુ છે

ઉ૦ ર૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૧૭અ)માં "अभ्यधिष्महि च' એવા ઉલ્લેખપૂર્વક નીચે મુજબનું પરંતુ ઉ૦ ર૦ કૃત અધ્યાત્મકલ્પદ્રુમમાં નહિ જણાતું પદ્ય અપાયું છે–

"आयुल्लसल्लघिरनिधि प्रबोधयेत्
बहुपदैरपि कोऽनवस्थितम् ।
मेघु तडिद्वह्निमलं न पुष्कगा-
वर्तोऽपि धाराशतलक्षकोटिभि ॥

अभ्यधिष्महि એવા નિર્દેશપૂર્વક અપર તટના ત્રીજા અંશમાં જે ૧૩મું પદ્ય જૂ કરાયું છે તે ધ્યાન રે?

ભલામણ—ઉ૦ ર૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૨૦૪અ)માં વિસ્તાર માટે અધ્યાત્મકલ્પદ્રુમ જોવાની અને પત્ર ૧૫૫અમાં ગૈત્રમુખરજસૂચી દ્વિજવદનચપેટા, ગદ્દુસમુચ્ચય ધર્મપરીક્ષા વગેરે ગ્રંથો જોવાની ભલામણ કરાઈ છે.

શ્રાવકોનો ઉલ્લેખ—ઉ૦ ર૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૫૧અ)માં પુષ્કલી શ્રાદ્ધ અને મ૦ હેમા એ બંને વિષે નીચે મુજબ ઉલ્લેખ છે—

"श्रीवीरजिनसेवकपुष्कलीश्राद्धादिवत् आधुनिकपत्तनीय म०हेमादिरच्च'

આ બે ગૃહસ્થો વિષે વિશેષ હકીકત કોઈ સ્થળે મળે છે ખરી?

પૌર્વાપર્ય—ઉ૦ ર૦માં અધ્યાત્મકલ્પદ્રુમનાં પદ્યો છે અને એની ભલામણ પણ છે એટલે અધ્યાત્મ-કલ્પદ્રુમ પછી એની રચના થઈ છે એ વાત નિઃશંકપણે સિદ્ધ થાય છે. આથી ધનવિજય ઉપાધ્યાયે અધ્યાત્મકલ્પદ્રુમની ટીકાના પ્રારંભ (પત્ર ૨અ)માં "उपदेशरत्नाकराद्यनेकग्रन्थग्रथनानन्तरं" એટલે ઉ૦ ર૦ [1]અનેક વગેરે ગ્રન્થ રચ્યા બાદ અધ્યાત્મકલ્પદ્રુમ

[1] અનેકગ્રન્થથી ક્યા ક્યા ગ્રંથ વિવક્ષિત છે તે જાણવું બાકી

સ્તુ છે તે માટે ક્રે ડ ગનચંદ્ર અધ્યાત્મકલ્પદ્રુમની ટીકાના આરંભ (પત્ર ૧આ)માં "गुर्जरत्यागरत्पायविद्वल्लानरङ्गिणीनामा गुरुपट्टक्रमो वर्णितस्तोत्रायेति-तदनन्तर" એમ જે કહ્યું છે તે ઉચિત છે આથી વિ શતરંગિણી પછી અધ્યાત્મકલ્પદ્રુમ અને આ પછી ઉપદેશરત્નાકર રચાયેલ છે એમ મેલ્ક કહી શકાય

રચના-સમય—પ્રારંભમાં પીઠિકા-તટમાં નીચે મુજબ ગાથા પદ્યનો પૂર્વાર્ધ છે —

इति स्तुत्यगग स्तुत्वा मुनिसुन्दरसूरिणा।"

અંતમાં ઉ૦ ૨૦ના સ્વોપજ્ઞ વિવરણ (પત્ર ૨૩૧આ)માં ગ્રન્થકાર પોતાને વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે —

'श्रीसोमसुन्दरसूरिशिष्यै श्रीमुनिसुन्दरसूरिभिर्विरचिते जयश्रयङ्के श्रीउपदेशरत्नाकरे"

આમ જે અહીં ગ્રન્થકારનો સૂરિ તરીકે નિર્દેશ છે એ ઉપરથી એ વાત ફલિત થાય છે કે આ ઉ૦ ૨૦ની રચના સૂરિ પદ મળ્યા બાદ એટલે કે વિ સ ૧૪૭૮ પછીની છે

વ્યાખ્યા—ઉ૦ ૨૦ઉપર સ્વોપજ્ઞ વિવરણ છે એનો ગ્રન્થાગ્ર ૭૭૫ શ્લોકનો ગણાય છે આ ઉપરાંત કોઇએ આના પર સંસ્કૃત ટીકા કે બાલાવબોધ રચ્યાનું જાણવામાં નથી

ભાષાંતર— શ્રી વસનજી ત્રિકમજી જેપી ગ્રન્થમાળાના મણકા તરીકે પાલીતાણાના જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી વિ સ ૧૯૬૪માં છપાયેલ ઉ૦ ૨૦ની આવૃત્તિમાં ત્રીજા અંશના છઠ્ઠા તરંગ સુધીનું મૂળ એનું સ્વોપજ્ઞ વિવરણ અને એ બન્નેનું ગુજરાતી ભાષાન્તર છપાયેલ છે

પ્રકાશન—ઉપર્યુક્ત સિવાય મૂળ અને એનું ગુજરાતી ભાષાન્તર ઉપયુક્ત જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ (પાલીતાણા) તરફથી

પ્રસિદ્ધ થયેલા છે પણ એ અપૂર્ણ છે કેમકે બીજા અંશના છ [illegible] તરંગે એ અપૂર્ણ જાય છે[1] અપર તટ અને એને લગતું જે થોડું સ્વોપજ્ઞ વિવરણ છે તે તો આ પ્રસ્તુત આવૃત્તિમાં જ પહેલી વાર છપાતું છે

હાથપોથી—૨૯૦ ૭૦ [illegible] વ્યાખ્યા સહિતની એક હાથપોથી વિ સં ૧૬૭૨માં લખાયેલી છે અને એ [illegible] ભંડારમાં છે

---

# [3]મુનિસુન્દરસૂરિની જીવનરેખા

જન્મસમય—મુનિસુન્દરસૂરિએ પોતાના માતપિતા [illegible] નામ જન્મભૂમિ અને જન્મસમય પૈકી એકે બાબત ઉપર પ્રકાશ પાડ્યો નથી ધર્મસાગર ઉપાધ્યાયે તપા ગચ્છની પટ્ટાવલી વિ સં ૧૬૫[illegible] મા રચી છે એમાં એમણે એમનો જન્મસમય વિ સં ૧૪૩૬નો દર્શાવ્યો [illegible]

દીક્ષા—[4]ગીર્વાણશાવલિ પરથી એમ જણાય છે કે મુનિસુન્દરસૂરિએ દીક્ષા લીધી ત્યારે એમનું નામ મોહન [illegible] ર[illegible]

૧ દે [illegible] જૈ પૂ [illegible] તરફથી ઇ [illegible] ૧ ૨૨માં છપાયેલી આવૃત્તિના પત્ર ૧ [illegible] ૭ પત્ર સુધીના [illegible] વિભાગ છે

૨ નામ—સામ્ય—[illegible] [illegible] [illegible] [illegible] વિક્રમના [illegible] વિ [illegible] સં ૧૬[illegible]માં ૪૦૭૫ પદમાં જે શ્રાવકાચાર રચ્યો છે એનું બીજું નામ ઉપદેશરત્નાકર છે (જુઓ જિનરત્નકોશનું પૃ ૫૨) નામ [illegible] ગ્રન્થ સાથે આનું નામ-સામ્ય છે

[3] આ સૂરિનો સંક્ષિપ્ત પરિચય જૈનસ્તોત્રસન્દોહ (ભા. ૨)ની પ્રસ્તાવના (પૃ ૬૩-૬૬)માં સ્વ. મુનિ ચતુરવિજયે આપ્યો છે

૪ જૈન સાહિત્ય સંશોધક (ખંડ ૧ [illegible] ૩ પૃ. ૧-૫ )માં [illegible] છપાયેલી [illegible] [illegible] નામ [illegible]

હશે[1] અને એએ સૂરિ થયા ત્યાં સુધી તે ગુરુ હશે ઉપર્યુક્ત પટ્ટાવલીમાં દીક્ષા વિ સં ૧૪૪૩માં થયાનો ઉલ્લેખ છે આમ રત્નશેખર સુન્દરસૂરિની પેઠે સાત વર્ષની વયે[3] ગરિતનાશક સંસારના બંધનો દૂર કરી ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી

દીક્ષાગુરુ—શ્રી સોમસુન્દરસૂરિએ મુનિસુન્દરસૂરિને દીક્ષા આપી હશે એમ નાની કે કમક ગુર્વિગોષ્ઠીમાં મુનિસુન્દરસૂરિએ પોતાને આ

---

૧ જુઓ ગુરુપર્વક્રમ-વર્ણન (પત્ર ૭અ) કે જેથી પરિચય એમ સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો

૨ આ સૂરિનો જન્મ વિ સં ૧૪ ૭માં દીક્ષા ૧૪૩૭માં વાચક ૧૪૫ માં સૂરિ ૧૪૫૭માં અને સ્વર્ગારોહણ ૧૪૯ માં થયા (જુઓ પરિચય નું પત્ર ૧ ૨૧) તેમણે યુષ્મચ્છબ્દનવસ્તવી અને અસ્મચ્છબ્દ નવસ્તવી રચી છે આ બંને ૩૨ એક સ્તુરિ છે એની એક હારોગી જૈનાનંદ પુસ્તકાલયમાં છે

૩ જુઓ પ્રબાલ ગિયામા, આગમોદ્ધારક (પૃ ૧૩૬-૧૪) મા તેમ મતમતાંતરીપિમ (પૃ ૩૪૮-૩૫૩)મા ગ્રાનીપિનોના નામો ૨૫ પારેલા જ મુખ્ય તથા આને આધારે આ રીતે સાત વર્ષ જેવડી બા લયમાં દીક્ષા લેનાર મહા મુનિ રોના સુગૃહીત નામો વર્ષની સંખ્યા પ્રમાણે નીચે મુજબ છે —

વર્ષ —વજ્રસ્વામી (જુઓ પરિશિષ્ટ પર્વ સ ૧૨ ગો ૧૩૫)

વર્ષ ૪-મુનિ ચાનસૂરિ અને સોમવિમલસૂરિ

વર્ષ ૫-આનંદવિમલસૂરિ તેને મા ન ભામસૂરિ

વર્ષ ૬—અતિમુક્ત કન્યા સાગર સૂરિ જિનચંદ્રસૂરિ જિનવિજયસૂરિ જિન સાગરસૂરિ રત્નશેખરસૂરિ લ બ્ધીસાગરસૂરિ વિજયરત્નસૂરિ અને સિદ્ધાંત સાગ સૂરિ

વર્ષ ૭-જિનો નસૂરિ (સોમપ્રભ) દેવેન્દ્રસિંહસૂરિ મુનિસુન્દરસૂરિ વિજય પ્રભ સૂરિ જિનકીર્તિસૂરિ સોમસુન્દરસૂરિ અને હેમ સોમસૂરિ

૪ એમનો જન્મ વિ સં ૧૩ ૬માં (જુઓ ગુર્વાવલી) એમની દીક્ષા ૧૪ ૪માં અને સૂરિ ૧૪૨ મા થયા (જુઓ પરિચય નું પત્ર ૭ આ) એમનો સ્વર્ગવાસ વિ સં ૧૪૯૯માં થયો (જુઓ પરિચયનું ૫૪ આ)

સૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે ગુર્વાવલીના અંતમાં પણ આ પ્રમાણે 'વિનેય' તરીકે નિર્દેશ છે

વિદ્યાગુરુ—ત્રૈવિદ્યગોષ્ઠીના પ્રારંભમાં અને અંતમાં કહ્યા પ્રમાણે તેમજ ઉ૦ ૨૦ની લીટિમ (શ્લો ૧૦) મુજબ મુનિસુન્દર [1]જ્ઞાનસાગરસૂરિ પાસે અભ્યાસ કર્યો હતો એટલે એ એમના વિદ્યાગુરુ થાય સોમસુન્દરસૂરિના પટ્ટ જ્ઞાનસાગરસૂરિ વિદ્યાગુરુ થાય છે

[2]વાચકપદ—રત્નશેખરકૃત તપાગચ્છપટ્ટાવલી પ્રમાણે મુનિસુન્દરને વાચકપદ વિ સ ૧૪૬૬માં મળ્યું હતું

ગુરુભાઈ—સોમસુન્દરસૂરિને મુનિસુન્દર જયચન્દ્ર ભુવનસુન્દર જિનકીર્તિ [3]રત્નશેખર અને [4]જિનસુન્દર એમ ૭ શિષ્યો હતા જૈ સ્તો સ (ભા ૨)ની પ્રસ્તાવના (પૃ ૮૮–૯૩)માં આ ઉપરાંત ભાવસુન્દર અમરસુન્દર સોમદેવ સુધાનન્દન જિનમણ્ડન, રત્નહંસ સાધુરાજ અને વિશાલરાજને સોમસુન્દરસૂરિના શિષ્ય કહ્યા છે આ હિસાબે મુનિસુન્દરસૂરિના તેર ગુરુભાઈ થાય

મિત્ર—પમહુસ્સાનવાની પ્રશસ્તિ—દેવચન્દ્રસૂરિકૃત શાન્તિનાથચરિત્રની વિ સ ૧૪૭૮માં લખાયેલી પ્રશસ્તિમાં મુનિસુન્દરસૂરિને

1 એમનો જન્મ વિ સ ૧૪૦૫માં દીક્ષા ૧૪૧૭માં સૂરિપદ ૧૪૪૧માં ને સ્વર્ગગમન ૧૪૬ માં થયાં હતાં ગુર્વાવલી (શ્લો ૩૨૭- ૪૦) અને વિવરણ (પત્ર ૯ )

2 જુઓ પૃ ૫૫ (પત્ર ૯ આ)

3 અર્થદીપિકા અને આચારપ્રદીપના અંતમાં એમણે પોતાને ભુવનસુન્દરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે

4 જુઓ જૈ સા સ ઇ (પૃ ૪૬૮)

5 જૈ સ્તો સ (ભા ૨)ની પ્રસ્તાવના (પૃ ૫૪)માં એવો ઉલ્લેખ છે કે એક હજાર અને આઠ અવધાન કરવા જેટલી ધારણા શક્તિ એઓ ધરાવતા હતા એટલે અષ્ટાવધાની હતા

શાતિરત્ન દ્વારા મારિના [illegible] ૧ગણ્યાવધાની એ સિરના સાર અને વિવિધ શાસ્ત્રના વિધાયક મહા છે વિ સ ૧૪૮૮મા લખાયેલી એક હાથપોથીમા 'सहस्रनामाभिधानिचिरदामहिमिकधाम' એવો ઉલ્લેખ છે ગોક સાથે ઉત્તર [illegible] પર ધ્યાન આપનારને ગ આવવાની કઈ છે ભાગાનગમા પ [illegible] એક માટે હજાર નામ વાદ ગખાર અને ૧૦૮ ના મા (સર્વુનિમા)નો નાદ પાટખાર તરીકે ધર્મસાગરે તપાગચ્છ પટ્ટાવલીમા મુનિસુન્દરસૂરિનો ઉલ્લેખ કર્યો છે સોમવિમલે વિ સ ૧ [illegible]મા રચેલી ઉપદેશલીસજ્ઝાયમા પણ આમ જ જણાવ્યુ છે

વાદિ-ગોકુલ-સડ' એ બિરુદ ખભાતમા [4]દફરખાન સુબાએ મુનિસુન્દરને આપ્યુ હતુ એમ હીરસૌભાગ્યકાવ્ય (સ ૧૪ શ્લો ૨૦૪)મા કહ્યુ છે ધર્મસાગરે તપાગચ્છપટ્ટાવલીમા વાદી-ગોકુલ-સડ એવુ બિરુદ જણાવ્યુ છે અને વિ સ ૧૬૮૫મા ઋષભદાસે હીરવિજયસૂરિરાસ (પૃ ૧૩૭)મા એમ જ કહ્યુ છે

કાલી-સરસ્વતી એવુ બિરુદ દક્ષિણના પંડિતો તરફથી મુનિસુન્દરને અપાયુ હતુ એવો હી૦ સૌ૦ (સ ૪ શ્લો ૧૭૭)મા ઉલ્લેખ છે સોમચારિત્રગણિકૃત ગુરુગુણરત્નાકર કાવ્ય ( ૧ શ્લો ૬૭) પ્રમાણે

---

૧ ન [illegible] ગણિના શિષ્ય અને અભયરત્નમ કૂપાના કર્તા શાતિચન્દ્ર ગણિ તથા ભાનુચન્દ્ર ગણિના શિષ્ય સિદ્ધિચન્દ્ર ગણિ શતાવધાની હતા યશોવિજય ગણિ [illegible] ગવધાની હતા

૨ જુઓ પ્રશસ્તિ સગ્રહ (ભા ૧ પૃ ૭૭) અને પાટણના ભડારની સૂચી (પૃ ૭ )

૩ જુઓ ઐતિહાસિક સજ્ઝાયમાલા (પૃ ૪ )

૪ એ સોમનાથના શિવ-મંદિરનો વિ સ ૧૪૫૮મા અને શત્રુંજય તીર્થના મુખ્ય નાયક આદિનાથની પ્રતિમાનો વિ સ ૧૪૬૩મા નાશ કર્યો હતો એને ઝફરખા કે જફરખાન નામ પણ ઓળખાવાયેલો છે જુઓ પરિચય (પત્ર ૪ આ આ)

જયચન્દ્રસૂરિને ગચ્છના સમય વાળીઓએ 'કૃષ્ણ-સરસ્વતી' કહ્યા હતા[1] સોમસૌભાગ્ય કાવ્ય (સ ૧૦ શ્લો ૫૧)મા જણ્યુ છે કે ચારિત્રગણિનુ બિરુદ 'કૃષ્ણ-સરસ્વતી' હતુ આ બિરુદ મુનિસુન્દરસૂરિના નામે ભૂલથી ચડી ગયુ હશે એમ 'પરિચય" (પત્ર ૧૫ આ)મા કહ્યુ છે

ઉપદ્રવ-નિવારણ—પ લક્ષ્મીસાગરગણિકૃત શ્રીમુનિસુન્દરસૂરિ વિજ્ઞપ્તિમા કહ્યુ છે કે (સિરોહીના) સહસમલ્લ રાજાની વિનતિ સ્વીકારી એના દેશને તીડના ઉપદ્રવથી મુક્ત કર્યો પ્રસ્તુત પક્તિ નીચે મુજબ છે—

'અમારિ ઈતિ-ઉપદ્રવ ટાલતિ શ્રમ ગુરુ વીનવતિ સહસમલ રાઉ
જ્યાનિ બપ્પડા તરુ ગુરુઆ તીડ તણા ભય દૂરિ પલાઇ'

અમારિ-પ્રવર્તન—શ્રીમુનિસુન્દરસૂરિવિજ્ઞપ્તિમા કહ્યુ છે કે તેઓ અમારિ સહસમલ્લ દેસે સો વરતાવઇ ગુરુ-ઉપદેશે ધર્મસાગર તપાગચ્છ-પટ્ટાવલીમા એવો ઉલ્લેખ કર્યો છે કે મુનિસુન્દરસૂરિના ઉપદેશથી ચપકરાજ દેપા ધારા વગેરે રાજાઓએ તેમજ સિરોહીના સહસમલે પોતપોતાના પ્રદેશમા અમારિ પ્રવર્તાવી હતી

પ્રભાવ-માહાત્મ્ય—જૈન સ્તો સ (ભા ૨)ની પ્રસ્તાવના (પૃ ૯૪) પ્રમાણે મુનિસુન્દરસૂરિમા સૂરિમન્ત્રનુ સ્મરણ કરવાની અજબ શક્તિ હતી એથી કરીને તેમજ એમની છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપશ્ચર્યાને લઇને પદ્માવતી વગેરે દેવીઓ એમને પ્રત્યક્ષ થતી હતી[2]

વિહાર ઇત્યાદિ—મુનિસુન્દરસૂરિનુ ઉદયપુરમા આગમન[3] દેવકુલપાટક'મા ચાતુર્માસ ઇત્યાદિ હકીકતો ભિન્ન ભિન્ન કૃતિઓ ઉપરથી તારવવાનુ કામ કરવા જેવુ છે પણ અત્યારે તો એ મારાથી થઇ શકે તેમ નથી

---

1 સોમસુન્દરસૂરિના શિષ્ય પ્રતિષ્ઠાસોમે આ કાવ્ય વિ સ ૧૫૨૪મા રચ્યુ છે

2 જુઓ વિ સ ૧૫૪૧નુ ગુરુગુણરત્નાકરકાવ્ય (સ ૧ શ્લો ૬૮)

3 જુઓ ગુરુગુણરત્નાકરકાવ્ય (સ ૧ શ્લો ૭૨)

સૂરિ-પદ—વાચક મુનિસુન્દરસૂરિ વિ. સં. ૧૪૭૮માં સૂરિપદથી અલંકૃત થયા એમ સોમસૌભાગ્ય તથા ગુર્વાવલી જોતાં જણાય છે. દેલવાડા (મેવાડ)ના દેવરાજે આપેલી સંમતિથી સોમસુન્દરસૂરિએ આ પદવી-પ્રદાનનો ઉત્સવ કર્યો હતો અને ત્યારબાદ સંઘપતિ થઈ મુનિસુન્દરસૂરિની સાથે શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી હતી. આ યાત્રા વિ. સં. ૧૪૮૦માં કર્યાનું જિનસ્તોત્રરત્નકોશમાંના બીજા સ્તોત્રના અંતમાંના ઉલ્લેખમાં સૂચવાયું છે. જો એ ઉલ્લેખ ગ્રન્થકારના પોતાનો હોય અને એમાં ન છપાયો તો સૂરિ ૧૪૭૬માં થયા એમ જે માનીએ સોમસૌભાગ્યકાવ્યમાં સૂચવ્યા મુજબ સોમસુન્દરસૂરિએ મુનિસુન્દર વાચકને સૂરિ-પદવી આપી હતી.

ભટ્ટારક-પદ—મુનિસુન્દરસૂરિ ભટ્ટારક વિ. સં. ૧૪૯૯માં થયા. વિ. સં. ૧૪૭૮માં મોકલ રાજાના રાજ્યમાં શાન્તિનાથ-પ્રાસાદમાં સોમસુન્દરસૂરિએ પ્રતિષ્ઠા કરાવી હતી એને લગતા લેખમાં કે જેનો પાછળનો કેટલોક ભાગ વિ. સં. ૧૫૦૮ પછી ઉત્કીર્ણ થયેલો હોય એમ જણાય છે તેમાં મુનિસુન્દરસૂરિને ભટ્ટારક-પુરંદર કહ્યા છે.

પાઠક-પદ—ગુજરાતના ગુર્જરાત્રા અહમદ શાહના માનીતા ગુરુ રાજ સાધુના ભાઈ જે આમ—આ તેઓ દેવસુન્દરસૂરિ પાસે દીક્ષા લીધી તેમને વિ. સં. ૧૪૬૫માં પાઠક-પદ મુનિસુન્દરસૂરિએ આપ્યું હતું જુઓ ચિત્રકૂટ-પ્રશસ્તિ (શ્લો-૪૫-૪૬)

શિષ્ય-પરિવાર—વડનગર પાસેના ઉમાપુરમાં ૭ વર્ષની વયે લક્ષ્મીસાગરને વિ. સં. ૧૪૭૦માં મુનિસુન્દરસૂરિએ દીક્ષા આપી હતી એમ ગુરુગુણરત્નાકરકાવ્ય (સ. ૧ શ્લો. ૮૩ ને ૮૪) જોતાં જણાય છે વિ. સં. ૧૫૦૧માં વાચકપદવી મેળવી વિ. સં. ૧૫૧૫માં યથાર્થમંજૂષા રચનારા હેમહંસગણિએ આની પ્રશસ્તિમાં મુનિસુન્દરને પોતાના દીક્ષાગુરુ

તરીકે ઓળખાવ્યા છે

શુભશીલગણિએ જે વિ સં ૧૫૦૯માં ભરતેશ્વર-બાહુબલિવૃત્તિ રચી છે તેમાં એમણે પોતાને મુનિસુન્દરસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે વિશેષમાં એમણે ગુરુઓ તરીકે ઉદયનંદિ ચારિત્રરત્ન રત્નશેખરસૂરિ લક્ષ્મીસાગર વિશાલરાજ અને સોમદેવગણિનો ઉલ્લેખ કર્યો છે એટલે એ રીતે આ ૧૫ મુનિઓ મુનિસુન્દરસૂરિના શિષ્યો ગણાય

વિ સં ૧૪૮૦થી ૧૪૮૯ સુધી ગ્રંથો રચનાર હર્ષભૂષણે પોતાના ગુરુ તરીકે હર્ષસેન ઉપરાંત સોમસુન્દરસૂરિ અને મુનિસુન્દરસૂરિને તેમજ જયચન્દ્ર જિનસુન્દરસૂરિ ભુવનસુન્દર અને મહિમાનન્દને પણ ગણાવ્યા છે

ચન્દ્રસેનગણિ એ મુનિસુન્દરસૂરિના શિષ્ય છે એમ જયાનંદ રાજર્ષિકેવલિચરિત્રના અંતની સંશોધક તરીકેની એમની પ્રશસ્તિ જોતાં જણાય છે

સંઘવિમલ, સમયકલશગણિ શિવસમુદ્રગણિ શુભસુન્દરગણિ અને વિશાલરાજ પણ કેટલાકને મતે મુનિસુન્દરસૂરિના શિષ્ય થાય છે

જૈ સ્તો સં (ભા ૧)ની પ્રસ્તાવના (પૃ ૬૫-૬૬)માં મુનિસુન્દરસૂરિના 'શિષ્યાદિપરિવાર' એ શીર્ષકપૂર્વક નીચે મુજબનાં નામો ગણાવાયાં છે—

રત્નશેખરસૂરિ, સંઘવિમલ જયચન્દ્રસૂરિ હર્ષસેન શુભશીલગણિ વિશાલરાજ અને શિવસમુદ્ર[1]

ભા. પ્રા વિ સં મંદિરને મુંબઈ સરકાર તરફથી વહીવટ માટે સોંપાયેલી હાથપોથીઓ પૈકી જૈન હાથપોથીઓનું જે વિસ્તૃત અને

૧ જૈનાનંદ પુસ્તકાલયની હાથપોથી (ક્રમાંક ૧૦૧૨)માં આ ઉપરાંત

વર્ણનાત્મક સૂચીપત્ર (DCJM) મે તૈયાર કર્યું છે તેના પૃ ૧૭ ભા ૫, પૃ ૧૩મા મે મુનિસુન્દરસૂરિના ૧૧ શિષ્યોના નામ નોંધ્યા છે

સ્વર્ગ-વાસ—મુનિસુન્દરસૂરિ વિ સ ૧૫૦૩ના કાર્તિક શુદ ૫ વે (ગુજરાતી મેરાને વર્ષે) સ્વર્ગ સિધાવ્યા એમ ધર્મસાગર તપાગચ્છ-પટ્ટાવલીમાં કહે છે વીરવંશાવલિમા આ જ મત છે અને સાથે સાથે એ સ્વર્ગવાસ [1]કોરટામા થયાનો ઉલ્લેખ છે, આ કોરટા (કોરટક) એક પ્રાચીન તીર્થ છે અને કોરટક નામનો ગચ્છ એના ઉપરથી નીકળ્યો છે

ગચ્છનાયક-પદ્ધર—મુનિસુન્દરસૂરિ વિ સ ૧૪૯૯થી લગભગ ૧૫૦૩ સુધી—ચાર વર્ષ સુધી ગચ્છનાયક તરીકે રહ્યા વિ સ ૧૫૦૩ની શરૂઆતમા એમનો સ્વર્ગવાસ થતા એમની પાટે એમના ગુરુભાઇ અને કાવ્યપ્રકાશ [2]સન્મતિ વગેરે ભણાવનારા [3]કૂર્ચાલસરસ્વતી જયચન્દ્રસૂરિ આવ્યા અને તેઓ વિ સ ૧૫૦૬ સુધી ગચ્છનાયક રહ્યા વિ સ ૧૫૦૭મા [4]બાલસરસ્વતી [5]રત્નશેખરસૂરિ ગચ્છનાયક બન્યા એઓ વિ સ ૧૫૧૭મા સ્વર્ગે ગયા એટલે [6]લક્ષ્મીસાગરને ગચ્છનાયકનુ પદ મળ્યુ

---

૧ મારવાડના એરિનપુરા સ્ટેશનથી પશ્ચિમે ૧૨ માઇલ દૂર આવેલુ અત્યારનુ નાનું ગામ તે આ છે

૨ જુઓ સોમસૌભાગ્ય (સ ૧૦ શ્લો ૫)

૩ જુઓ સોમસૌ (સ ૧ શ્લો ૪) તેમજ વિ સ ૧૪૭૯મા લખાયેલી પઞ્ચાશકવૃત્તિ, પિણ્ડનિર્યુક્તિ, જીતકલ્પ અણુઓગદાર અને નન્દીની હાથપોથીની પ્રશસ્તિ

૪ જુઓ દેવવિમલગણિકૃત હીરસૌભાગ્ય (સ ૪ શ્લો ૧૨૯)

૫ જન્મ વિ સ ૧૪૫૭મા મતાન્તર પ્રમાણે ૧૪૫૨મા દીક્ષા ૧૪૬૩મા પંડિતપદ ૧૪૮૩મા વાચકપદ ૧૪૯૩મા સૂરિપદ ૧૫૦૨મા અને સ્વર્ગગમન ૧૫૧૭મા થયા

૬ આ સૂરિની જ મહુડલી ગુરુગુણરત્નાકરકાવ્ય (સ. ૧ શ્લો. ૭૮) પછી રચાઈ છે

ગુરુક્રમ— ઉપાધ્યાય પં. વિ. પ્રતિષ્ઠાગણિએ વિ સ ૧૬૩૪મા સસ્કૃતમા જે વિજ્ઞપ્તિ રચી છે એના અંતમા 'ગુરુપર્વક્રમ'નુ વર્ણન છે એમા આ ગણિએ મુનિસુન્દરસૂરિનો સોમસુન્દરસૂરિના પટ્ટધર તરીકે ઉલ્લેખ કર્યો છે વિશેષમા એઓ જે પરંપરામા થયા તેમા થયેલા મુનિવરોના નામો એમણે જણાવ્યા છે

કર્તૃત્વાપ—મુનિસુન્દરસૂરિએ કઈ કઈ કૃતિઓ રચી છે તેનો અંતિમ ઉત્તર આપવા જેટલું સાહિત્ય-ક્ષેત્ર ખેડાયું નથી પરંતુ એમની કૃતિ તરીકે ગણાવાતી કેટલીક કૃતિઓ એમની નથી જ એમ આજે આપણે કહી શકીએ તેમ છે

ત્રણ સિત્તરિ—મુનિચન્દ્ર નામના એક આચાર્ય 'બૃહદ્' ગચ્છમા થઈ ગયા છે અને એમણે [1]આવસ્સય-સિત્તરિ, અંગુલ-સિત્તરિ અને વણસ્સઈ-સિત્તરિ એમ ત્રણ સિત્તરિ (સં. સપ્તતિકા) રચી છે શ્રી મો. ગી. કાપડિયાએ આ ત્રણને મુનિસુન્દરસૂરિની કૃતિ ગણાવવાની જે ભૂલ કરી હતી તેની નોંધ 'પરિચય' (પત્ર ૨૫ આ)મા છે સાથે સાથે જૈ. સા. સ. ઇ. (કંડિકા ૩૩૩ ને ૩૩૬)મા પહેલી બે કૃતિને મુનિસુન્દરસૂરિકૃત ગણાવાઈ હતી તે ભૂલ છે એમ મેં કહ્યું છે

---

૧ આ કૃતિને એના રચનારે આવસ્સય-પાક્ખિય સત્તરિ-સિત્તરિ તરીકે ઓળખાવાઈ છે તે પાઠમા—જઈણ મરહટ્ઠીમા મુનિચન્દ્રે રચેલી આ નાની કૃતિ છે આની પહેલી અને છેલ્લી ગાથા નીચે મુજબ છે—

'वंदियवंदियवंदिय पयपउम वंदिउ जिण वीरं।
आवस्सयसरूव समासओ किंपि जंपमि ॥१॥"
"मुणिचंदसूरिणा सुमरणत्थमिममप्पणो पवयणाओ।
उद्धरिय जुत्तिजुत्तं परेसि सबोहणत्थ च ॥७०॥'

આના ઉપર મહેશ્વરસૂરિએ સુખપ્રબોધિની નામની જે વૃત્તિ રચી છે તેના પ્રારંભમા દેવસૂરિને નમન કરી તેમને વિ દન કર્યું છે ગાથાની ૭૦મી ગાથાની વૃત્તિમા આ કૃતિના બે નામ જણાવ્યા છે—

(૧) આવશ્યકસપ્તતિ અને (૨) પાક્ષિકસપ્તતિ

**તપાગચ્છ-પટ્ટાવલી** અને **શાન્તરસરાસ** (ગુજરાતીમાં)—આ બે પૈકી પહેલી મો. ગી. કાપડિઆએ મુનિસુન્દરસૂરિની કૃતિ તરીકે નિર્દેશી છે પણ આ **તપાગચ્છ-પટ્ટાવલી** તે **ગુર્વાવલી** હશે અથવા તો ગુર્વાવલીના આધારે પાછળથી રચાયેલી કૃતિ હશે એમ દેશાઈનું માનવું છે.

**શાન્તરસરાસ**—આ રાસ ... માં હોવાનો ઉલ્લેખ મનસુખલાલ ક. મહેતાએ કર્યો ... તે ભંડારે તપાસ કરતાં એ દેખાયું ન મળતાં એમણે એવી સંભાવના કરી છે કે આ કૃતિ તે અધ્યાત્મકલ્પદ્રુમ હશે કે જેના અંતમાં '**शान्तरसभावनात्मा मुनिसुन्दरसूरिभिः कृतो ग्रन्थः**' એવો ઉલ્લેખ જોવાય છે.

**પંચદર્શનસ્વરૂપ**—'...' (... ૨૫મા)માં આને મુનિસુન્દરસૂરિની કૃતિ તરીકે ગણાવાઈ છે પરંતુ ... એ વાત ખોટી છે એમ કહ્યું છે. ... ની એક હાથપોથી વિ. સં. ૧૬૧૦માં લખાયેલી છે અને એ ... માં છે. આ તેર પાનાની પોથીમાં પહેલાંના સાત પત્રમાં ઋષિમંડળ ... પૂરી થાય છે. એના પછી સંસ્કૃતમાં ગદ્યમાં બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક અને જૈમિનીય એ પાંચ દર્શનનાં લક્ષણ ઇત્યાદિ સંક્ષેપમાં નિરૂપાયાં છે.[1] અંતમાં

---

૧ સૂયગડ (સુય. ૧, ... ૧૨)ની ટીકા (પત્ર ૨૨૫અ-૨૨૬આ)માં શીલાંકસૂરિએ નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ એ ચાર દર્શનોના સિદ્ધાન્તોનું નિરૂપણ અને ખંડન કર્યું છે. આગમોદ્ધારકે આ બાબત મારું લક્ષ્ય ... પંચદર્શનસ્વરૂપની ... એમની પાસે હતી ને ... હતી ... (પત્ર ... અ)માં પ્રારંભિક ભાગ નીચે મુજબ ... છે—

'**भिक्षु(क्षु)सौगतशाक्यशौद्धोदनतथागतशून्यवादिनामानो बौद्धाः । ते च वैभाषिक-सौत्रान्तिक-योगाचार-माध्यमिकभेदाच्चतुर्धा**'

અંતમાં નીચે પ્રમાણે પંક્તિ છે—

'**अविद्याऽपरनाममायावशात् प्रतिभासमानोऽयं प्रपञ्चोऽपारमार्थिक इति जैमिनीयमतम्। इति पञ्चदर्शनस्वरूपम् ॥**'

... આમાં બૌદ્ધ મતનું અને ત્યાર બાદ અનુક્રમે નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક અને જૈમિનીય મતનું સંક્ષેપમાં નિરૂપણ છે.

સોમસુન્દરસૂરિના શિષ્ય ૫ ... ન ગણિને વાચવા માટે વિ સં ૧૫૧૦માં લખાઈ એ મતલબનો ઉલ્લેખ છે પાછળથી ૫ હુંસ વિમલગણિ વાચનાર્થં ' એમ ઉમેરાયું છે

[illegible]નું પાઠ્યસ્તોત્ર—"જૈન" તા. ૮-૧-૩૩ ના અંકમાં મારા ... 'યોગમાં અને જૈન સ્તોત્રો' એ નામના મારા લેખનો બીજો હપ્તો છપાયો છે એમાં ૨૫ ગાથાના એક [1]પાઠ્ય સ્તોત્રની પહેલી અને છેલ્લી ગાથા આપી છે અને આ સ્તોત્રના કર્તા 'મુનિસુન્દરસૂરિ' હશે એમ અનુમાન કર્યું છે એમ કહ્યું છે, પણ એ અનુમાન ખોટું છે કે એ તો મુનિસુન્દરસૂરિના દીક્ષિત અને પાછળથી સૂરિ તથા એમના પટ્ટધર બનેલા લક્ષ્મીસાગર મુનિના શિષ્ય શુભસુન્દરની કૃતિ છે

આ સ્તોત્રની ૨૫મી ગાથામાં મુનિસુન્દરગણિએ દેવ ન (દિનકર-દેવતા)ના [illegible] કર્યાનો ઉલ્લેખ છે આ મુનિ તે જિનરત્નકોશનું [illegible] છે

ષડ્ભાષાસ્તવ—કેટલાક મુનિવરોએ સંસ્કૃત મહારાષ્ટ્રી (માહારાષ્ટ્રી) શૌરસેની (શૌરસેની) માગધી (માગધી) પૈશાચી (પૈશાચી)[1] ચૂલિકાપૈશાચી (ચૂલિકા-પૈશાચી) અને અપભ્રંશ એમ વિવિધ ભાષામાં સ્તોત્રો રચ્યાં છે[2] આવું વિવિધ ભાષામય સ્તોત્ર મુનિસુન્દર

૧ આ [illegible] ... સાથે આવતી [illegible] વિષે ઉલ્લેખ છે તેમ મારા [illegible] (પૃ ૩૭)માં આપ્યા છે ... પ્ર. વિ. ... આ [illegible] જયવૃષભ [illegible] હેમચન્દ્રના "જ્ય [illegible]" નામના સ્તોત્રમાં ૧થી ૨૪ [illegible] ભાષાવાળા માહાત્મ્ય વિષે નિર્દેશ છે [illegible] ૨૮૫/૧૮૪૩-૪૬

૨ [illegible] પ્રાકૃત ભાષાઓ અને સાહિત્ય (ભા ૨)

સૂરિએ પણ રચ્યું છે એમ કહેવાય છે, પણ એ સોમસુન્દરસૂરિકૃત સ્તોત્ર હોય એમ જણાય છે

સ્વ શ્રીધર ભાંડારકરના ઈ સ ૧૮૮૮ના અહેવાલમાં સને ૧૮૭૨-૭ ના ગ્રંથના ક્રમાંક ૧૭૮માં શાન્તિનાથચરિત્ર (સંસ્કૃત)ના કર્તા તરીકે મુનિસુન્દરનો ઉલ્લેખ છે તે મુનિદેવ જોઈએ[1]

જૈનગ્રંથાવલીમાં ૫૦૦ શ્લોક પ્રમાણનું નરનાથચરિત્ર મુનિસુન્દરસૂરિકૃત તરીકે નોંધાયું છે અને એ જેસલમેરમાં હોવાનું કહ્યું છે તો શું આ ઉલ્લેખ યથાર્થ છે? જૈનગ્રંથાવલીમાં ચતુર્વિંશતિજિનસ્તોત્ર (શ્લોકસંખ્યા ૫૦૫) સ્તોત્રરત્નકોશ (શ્લોકસંખ્યા ૧૨૫૦) સીમંધરજિનસ્તુતિ અને [2]સાધારણજિનસ્તુતિની નોંધ છે એને અંગે વિશેષ તપાસ થવી ઘટે

આ પ્રમાણે મુનિસુન્દરસૂરિને નામે ખોટી રીતે ચડાવાયેલી તેમજ સંદિગ્ધ જણાતી કૃતિઓનો નિર્દેશ પૂરો થાય છે એટલે હવે એમની નીચે મુજબની કૃતિઓ અકારાદિ ક્રમે નોંધું છું —

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ
(૨-૩) ઉપદેશરત્નાકર અને એનું સ્વોપજ્ઞ વિવરણ
(૪) [illegible]ચતુષ્ટય યાને મિત્રચતુષ્કકથા
(૫) જયાનન્દરાજર્ષિચરિત્ર
(૬) જિનસ્તોત્રકોશ (પ્રથમ પ્રસ્તાવ)
(૭) ત્રિદશતરંગિણી (ગુર્વાવલી સ્તવપંચવિંશતિકા ઇત્યાદિ)
(૮) ત્રૈવિદ્યગોષ્ઠી
(૯) શાન્તિકરસ્તોત્ર
(૧૦-૧૯) સ્તોત્રદશક

---

૧ જુઓ પરિચય (પત્ર ૨૫ ઇ)

૨ આ કૃતિના કિંચિદ્ વક્તવ્યમાં સને ૧૯૬૬ કે આ. સમિતિ તરફથી છપાયેલી કહી છે તો એ ક્યાં છપાઈ છે?

[૧] અધ્યાત્મકલ્પદ્રુમ—આ ગ્રન્થનુ નામ જ કહી આપે છે તેમ આમા અધ્યાત્મ વિષે હકીકત છે આ 'શાત' રસની ભાવનાથી રગાયેલી અને ભવ્ય જનોને રગતી સમગ્ર કૃતિ પદ્યોમા છે એના સોળ અધિકાર છે સમતા, સ્ત્રીમમત્વમોચન અપત્યમમ૦ ધનમમ૦ દેહમમ૦ વિષયપ્રમાદત્યાગ, કષાય-ત્યાગ શાસ્ત્રાભ્યાસ, મનોનિગ્રહ, વૈરાગ્યોપદેશ, ધર્મશુદ્ધિ ગુરુશુદ્ધિયતિશિક્ષા, મિથ્યાત્વાદિનિરોધ, શુભ વૃત્તિ, અને સામ્યસર્વસ્વ એમ આ સોળ અધિકારના સ્વરૂપ-નિષ્પન્ન નામ છે

અ૦ક૦ના ૧૮૧મા પદ્યમા અજાગર કર્તાની ત્યાગની છ... છે

ઉ૦ર૦ના વિવરણમા અ૦ક૦માથી [૧]અવતરણ અપાયુ છે અને [૨]ભલામણ પણ કરાઈ છે એટલે તે વિ૦ સ૦ ૧૯૦૦ કરતા આ ગ્રન્થ વહેલો રચાયો છે ગુર્વાવલી પછી આ ગ્રન્થ રચાયો છે એમ રત્નચન્દ્રગણિનુ કહેવુ છે[૩]

સસ્કૃત વિવરણો—અ૦ક૦ ઉપર સસ્કૃતમા ત્રણ ટીકાઓ છે

(૧) ધનવિજયગણિકૃત અધિરોહિણી[૪]

(૨) રત્નચન્દ્રગણિએ વિ સ ૧૬૭૪મા રચેલી અધ્યાત્મકલ્પલતા[૫]

(૩) ઉપાધ્યાય વિદ્યાસાગરકૃત ટીકા

બાલાવબોધ—ઉપર્યુક્ત અ૦ ક૦ ઉપર બે બાલાવબોધ ગુજરાતીમા રચાયા છે —

---

૧ જુઓ પૃ ૫૫-૫૬

૨ જુઓ પૃ ૫૭

૩ જુઓ પૃ ૫૮

૪-૫ આ બન્ને ટીકા મૂળ (અ૦ક૦) સહિત દે લા૦ જૈ પુ સસ્થા તરફથી ઇ સ ૧૯૪૦મા પ્રસિદ્ધ થઈ છે

૬ રત્નચન્દ્રે અને ધનવિજયે અધ્યાત્મકલ્પલતાની ...

સ ... મા છે જુઓ DCJM (Vol XVIII pt I

(૧) રત્નચન્દ્રગણિકૃત ગીમ જોષી દ્વારા વિ સં ૧૭૭૦ પહેલાં રચેલો બાલાવબોધ[1]

(૨) રત્નવિજયે વિ સં ૧૮૦૦માં રચેલો બાલાવબોધ[2]

અનુવાદ—વિજયચન્દ્રસૂરિના શિષ્ય રત્નવિજયે અધ્યાત્મ-બાસ[3] એ નામથી અ૦ક૦ના મૂળ પદ્યોને ગુજરાતીમાં પદ્યમાં જ રચ્યા છે શ્રી મો૦ ગિ૦ કાપડિયાએ અ૦ક૦નો ગદ્યમાં ગુજરાતીમાં [4]અનુવાદ કર્યો છે

[૪] કથાચતુષ્ટય યાને મિત્રચતુષ્કકથા—આમાં એકંદર ચાર કથાઓ છે એ દરેક કથા ચાર પ્રસ્તાવોમાં ગ્રથિત છે વળી આ પ્રત્યેક કથા સંસ્કૃતમાં પદ્યમાં રચાયેલી છે પહેલી કથામાં ૨૬૭ બીજીમાં ૪૨૬ ત્રીજીમાં ૧ ૭ અને ચોથીમાં ૫૦૫ શ્લોક છે આમ કુલ્લે આશરે ૧૨૮૫ શ્લોક છે આ ચાર કથાનું ગ્રંથાગ્ર ૧૪૫૦ શ્લોક જેટલું છે[5]

વિષય—પહેલી કથા ચન્દ્રવીર શુભાંકને અંગે છે એમાં શ્રાવક ધર્મનો પ્રભાવ વર્ણવાયો છે બીજી કથા ધર્મરાજાની છે એમાં દાનાદિના પુણ્યરૂપ ફળનું નિરૂપણ છે ત્રીજી કથાનો નાયક સિદ્ધદત્ત કપિલ છે એમાં શ્રાવક ધર્મની આરાધના અને વિરાધનાનો વિચાર

---

૧ આ પ્રકરણરત્નાકર (ભા ૨ પૃ ૮–૯૧)માં છપાયો છે એની હાથપોથીના વર્ણન માટે જુઓ DCJM (Vol XVIII pt I pp 161 164)

૨ લીંબડીના જૈન જ્ઞાન ભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર" (પૃ ૪)માં એક ઉપર એક ટિપ્પણ રોવાનું લખ્યું છે આ ટિપ્પણ કઇ ભાષામાં અને ચારે રચ્યું એ જાણવું બાકી રહે છે

૩ દે લા૦ની આવૃત્તિ (પત્ર ૧૧૩અ–૧૨૫અ)માં આ છપાયેલ છે

૪ આ અનુવાદ, જૈન ધ પ્ર સભા તરફથી છપાયો છે

૫ જૈન આત્માનંદ સભા તરફથી વિ સં ૧૯૭૬માં આ પ્રસિદ્ધ કરાઈ છે

કરેલો છે જેથી કથા સુમુખ નૃપ વગેરેને ઉદ્દેશીને છે એમાં ચાર નિયમના પાલનનો અધિકાર છે

**રચના-સ્થળ અને રચના-સમય**—પહેલી કથાના અંતમાં એ દેવકુલપાટકમાં વિ સં ૧૪૮૪માં આસો મહિનામાં રચાયાનો ઉલ્લેખ છે ત્રીજી કથાના અંતમાં એ કથા દેવકુલપાટકમાં વિ સં ૧૪૮૪ના માગસર મહિનામાં રચાયાનો ઉલ્લેખ છે આ ઉપરથી એ ફલિત થાય છે કે મુનિસુન્દરસૂરિએ વિ સં ૧૪૮૪માં (હિન્દી) વર્ષનું ચોમાસુ મેવાડના દેલવાડામાં કર્યું હતું[1] અને ત્યાં તેઓ માગસર મહિના સુધી રહ્યા હતા

**સંશોધન**—ઉપર્યુક્ત ચારે કથાઓનું સંશોધન લક્ષ્મીભદ્ર મુનિએ ગુરુભક્તિને વશને કર્યું હતું એમ છેવટની કથાના પ્રસંગના ઉલ્લેખ ઉપરથી જણાય છે

**જયાનન્દ-રાજર્ષિ-કેવલિ-ચરિત**—આમાં જયાનન્દ કેવલીનો અધિકાર સંસ્કૃતમાં ૧૪ સર્ગમાં પદ્ય દ્વારા યોજેલો છે અને એ દ્વારા શ્રાવકના વ્રત પાળવાનું ફળ વર્ણવાયું છે આ કૃતિનો ગ્રન્થાગ્ર ૭૫૦૦ શ્લોક જેવડો છે એનું સંશોધન કર્તાના શિષ્ય ચન્દ્રરત્નગણિએ કર્યું છે

આ ચરિતના સ ૧ના શ્લો ૨૬ પછી દસાસુયક્ખંધની ચુણ્ણિમાંથી ઉપાસકની પ્રતિમાના અધિકારને લગતું અવતરણ અપાયું છે અને જે ક્રિયાવાદી અને અક્રિયાવાદીની હકીકત છે તેને આયાર સૂયગડ અને ઉત્તરજ્ઝયણની નિજ્જુત્તિમાં નિરૂપાયેલા ક્રિયાવાદી અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદીના સ્વરૂપ સાથે નામ-સામ્યને લઈને ખોટી રીતે જોડી દેવાયું છે એમ આગમોદ્ધારકે મને એક વેળા કહ્યા બાદ આ પ્રસંગને એમણે **તાત્ત્વિક પ્રશ્નોત્તરમાં** સ્થાન આપ્યું છે

---

[1] જુઓ પૃ ૬૩

સત્યવિજયગણિના સમકાલીન પદ્મવિજયે જયાનન્દચરિત્રરૂપ [1]કૃતિ નવ સર્ગમાં [2]ગદ્યરૂપે વિ. સં. ૧૮૫૮માં ગૂંથી છે. વિશેષમાં આ કૃતિની લોકપ્રિયતાને લઈને વિજયલક્ષ્મીસૂરિના શિષ્ય કવિ ...એ વિ. સં. ૧૬૮૬માં ગુજરાતીમાં આ કૃતિ રાસ રૂપે રચી છે[3] અને તેમાં મુનિસુન્દરસૂરિનો તપા ગચ્છના એકાવનમા પટ્ટધર તરીકે ઉલ્લેખ કર્યો છે[4] ઉપર્યુક્ત પદ્મવિજયે પણ વિ. સં. ૧૮૫૮માં [5]જયાનન્દકેવલિ-રાસ ગુજરાતીમાં રચ્યો છે. એમણે જયાનન્દચરિત્રનો શાન્તરસયુક્ત ભક્તિ-વૈરાગ્ય-પવિત્ર તરીકે નિર્દેશ કર્યો છે. આમ મુનિસુન્દરસૂરિ પછી જયાનન્દનાં ચરિત્રો રચાયેલાં મળે છે પણ એમની પૂર્વે કોઈએ જયાનન્દનું કોઈ ચરિત્ર આપેલું જણાતું નથી. જો એ ન જ હોય તો જયાનન્દ એ શું કાલ્પનિક વ્યક્તિ હશે એવો પ્રશ્ન ઉદ્ભવે છે.

[૬] **જિનસ્તોત્રરત્નકોશ**—આ કોશમાં અનેક પ્રસ્તાવ હોવા જોઈએ કેમકે આ તો [6]'પ્રથમ પ્રસ્તાવ' છે. ૨૩ સ્તોત્રોનો એક જ પ્રસ્તાવ છપાયેલો છે[7] એમાં જે ઐતિહાસિક બાબતોનો ઉલ્લેખ છે તેની તારવણી 'પરિચય' (પત્ર ૨૦ અ-આ)માં અપાઈ છે. અત્રે જે નીચે મુજબનાં ૨૩ સ્તોત્રો છે એના શ્લોકોની કુલ સંખ્યા ૬૧૭ની છે—

---

૧ હીરાલાલ હંસરાજે જામનગરથી વિ. સં. ૧૯૬૮માં અને પં. મફતલાલ ઝવેરચંદે ગ્રામ ... વિ. સં. ૧૯૮૩માં પ્રસિદ્ધ કરી છે. આનો ગુજરાતી અનુવાદ જૈ. ધ. પ્ર. સ. તરફથી વિ. સં. ૧૯૮૦માં છપાયો છે.

૨ આ ગદ્યાત્મક કૃતિ પં. અમૃતલાલ અમરચંદ દ્વારા સંશોધિત કરાવી એ. એમ. ઍન્ડ કંપની તરફથી વિ. સં. ૧૯૭૭માં છપાવાઈ છે.

૩ જુઓ 'આનન્દ કાવ્ય મહોદધિ મૌક્તિક ૩માંના ગ્રંથકારો" (પૃ. ૫-૭)

૪ આની જયાનન્દચરિત્રનો ગ્રન્થાગ્ર ૮ શ્લોકનો કહ્યો છે.

૫ આ રાસ નડિયાદના જ્ઞાનખાતા તરફથી વિ. સં. ૧૯૯૫માં છપાયો છે.

૬ પ્રત્યેક સ્તોત્રના અન્તની પુષ્પિકામાં 'प्रथमप्रस्तावे' એવો ઉલ્લેખ છે.

૭ આ યશોવિજય જૈન ગ્રન્થમાલા (કાશી) તરફથી પ્રકાશિત જૈન-સ્તોત્ર-સંગ્રહ (ભા. ૨ પૃ. ૪૩-૧૨૭)માં છપાયેલ છે.

| | નામ | શ્લોક |
|---|---|---|
| ૧ | ચતુર્વિંશતિજિનાશીર્વાદસ્તોત્ર | ૨૭ |
| ૨ | શત્રુંજયમંડન-શ્રીઆદિનાથસ્તોત્ર | ,, |
| ૩ | ગિરિનારમૌલિમંડન-શ્રીનેમિનાથસ્તવન | ૩૩ |
| ૪ | [1]સોપારકતીર્થનાથ-શ્રીઋષભદેવસ્તવ | ૨૫ |
| ૫ | [2]વટ્ટનગરાલંકાર-શ્રીઋષભદેવસ્તોત્ર | ૨૭ |
| ૬ | [3]અર્બુદગિરિ-શ્રીઋષભસ્તોત્ર | ૨૫ |
| ૭ | [4]કોરાપલ્લી-શ્રીપાર્શ્વસ્તોત્ર | ૩૩ |
| ૮ | [5]સ્તંભનકાવતંસ-શ્રીપાર્શ્વસ્તોત્ર | ૨૫ |
| ૯ | સિદ્ધપુરસ્થ-શ્રીરાજવિહારમંડન-શ્રીવર્ધમાનસ્તોત્ર | |
| ૧૦ | [6]ઇલદુર્ગાલંકાર-શ્રીઋષભજિનસ્તોત્ર | , |
| ૧૧ | [7]તારણદુર્ગાલંકાર-શ્રીઅજિતસ્વામિસ્તોત્ર | , |
| ૧૨ | [8]નાગહ્રદભૂષણ-શ્રીપાર્શ્વજિનસ્તોત્ર | ૨૮ |
| ૧૩ | [9]ફલવર્દ્ધિમંડન-શ્રીપાર્શ્વનાથસ્તોત્ર | |
| ૧૪ | [10]શ્રીમહાવીરગણધરસાર્થસ્તોત્ર | |
| ૧૫ | કેવલાક્ષરપદસ્તોત્ર | ૨૯ |
| ૧૬ | વર્ધમાનજિનસ્તોત્ર | ૨૫ |
| ૧૭ | જિનપતિમહાર્થદ્વાત્રિંશિકાસ્તોત્ર | ૩૨ |
| ૧૮ | ચતુર્વિંશતિજિનકલ્યાણકસ્તોત્ર | ૨૪ |
| ૧૯ | સીમંધરસ્વામિસ્તોત્ર | ૨૫ |
| ૨૦ | [11]સ્વસાંસારિકદુઃખપ્રકટન-દુઃખપ્રતિકાર-વિજ્ઞપ્તિ | ૩૬ |
| ૨૧ | ગૌતમસ્તોત્ર | ૨૫ |

---

૧ સોપારા ૨ વડનગર ૩ આબુ ૪ [illegible] ૫ થંભણા કે ખંભાત ૬ ઈડર ૭ તારંગા ૮ નાગદા ૯ ફલોધી

૧૦ આ સ્તોત્ર દરરોજ આઠમે મંગલ માટે ભણવા યોગ્ય છે

૧૧ પોતાના સાંસારિક દુઃખને પ્રકટ કરી દુઃખના પ્રતીકાર પેટે

नाम | श्लोक
---|---
२२ [1]प्रहनान पुरम ञन-प्रह नानविहार- श्रीपार्श्वजिनस्तव । | २६
२३ [2]दैदनाविभूषण-श्रीऋषभजिनस्तवन[3] |

आ पैकी बीजु अने त्रीजु स्तोत्र वि सं १४७८मा स देवराज स हेमराज अने स घरसिंहना सोनाना कळश छत्र चामर वगेरेथी सुशोभित सघ श्री गिरनारनी यात्राथी मुक्त सघनो साथ हतो त्यारे रचाया छे

आ त्रेवीसे स्तोत्र पैकी १-३ ५, ७ १०, १५, १६ १८ २० अने २३ ए क्रमाकवाळा जेम अगियारना स्तोत्रना अतमा जे पद्य छे तेना छे ना २ २ चरणो समान छे, ज्यारे पहेना पहेला चरणमा फेर छे आ प्रकारना पद्य क्रियागुप्तकरूप-रिखवकानन्द यापि-जिन-स्तवाष्टक ना अतमा जोवाय छे

११मा १४मा अने [4]२२मा स्तोत्रमा पाठान्तर छे

१९मु स्तोत्र सीमधरस्वामीने अगे छे जैनग्रथावली पृ मा सीमधरजिनस्तुति तरीके नोधायेली कृति ते आ ज छे के ?

[६] त्रि शत गिरि (गुर्वावली, स्तवपचविंशतिका इत्यादि) मुनिसुन्दरसूरिए पोताना दीक्षागुरु अने गच्छनायक देवसुन्दर सूरि उपर प्रभावना रूपे पद्य गुणपर्व-विरचित नणी मोकली हती

१ पा नम्बर. २ हेतोत्र
३ जुओ १ ६
४ जुओ पृ १२१

આ વિજ્ઞપ્તિ શ્લોકો આઠ (૧૮૮) હાથ લાંબી લાગી હતી એમ જિનવર્ધનગણિએ વિ. સં. ૧૪૮૨માં રચેલી પટ્ટાવલીમાં કહ્યું છે

ધર્મસાગરે આ વિજ્ઞપ્તિનું વર્ણન ગુર્વાવલીમાં આપતાં કહ્યું છે કે પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્તક, અર્ધભ્રમ સર્વતોભદ્ર મુરજ, સિંહાસન અશોક ભેરી સમવસરણ સરોવર, આઠ મહાપ્રાતિહાર્ય ઇત્યાદિ નવા નમૂના (૩૦૦) નવ, તર્કપ્રયોગાદિ, અનેક ચિત્રાક્ષર દ્વ્યક્ષર પાંચ વર્ગનો પરિહાર ઇત્યાદિ વિશિષ્ટતાવાળા અનેક સ્તોત્રોથી યુક્ત પત્ર એમણે ગુરુ ઉપર મોકલ્યો

આ વિજ્ઞપ્તિ તે જ ત્રિદશતરંગિણી છે એમાં શ્લોકમાં ગોત્ર ત્રણ સ્રોત (સં. સ્રોતસ્)[3] છે તેમાંના ત્રીજા સ્રોતનો એક મોટો ધ્રહ[4] તે

૧ મુનિસુન્દરસૂરિના ભક્ત હર્ષભૂષણગણિએ રૂપકરૂપ જે વિ. સં. ૧૪૮૦માં ? અંચલમતદલનપ્રકરણ યાને અવિધિમતવિધ્વંસ રચ્યું છે તેમાં ૧૮ ચિત્રબંધ એવો ઉલ્લેખ છે પ્રશસ્તિ પંક્તિ નીચે મુજબ છે—

"तत्रानेकप्रासाद-पद्मचक्र-षट्कारक-क्रियागुप्तक-तर्क-प्रयोगादि-नैकचित्रैकाक्षर-द्व्यक्षर-पञ्चवर्गपरिहारादि-नैकस्तव-मयसुरतरंगिणीविज्ञप्तिनामधेयाष्टोत्तरशतहस्तचित्रलेखप्रणेतृ-व्याकरण-ग्रंथविशारद-श्रीमन्मुनिसुन्दरसूरिपदकमलमरालेन हर्षभूषणेन"

આ પ્રતિઓ ભા. પ્રા. સં. મંદિરમાંના જૈન ગ્રંથોના ભાગ છપાયેલા વર્ણનાત્મક વિસ્તૃત સૂચિપત્ર (DCJM) (પુ. ૧૮ ભા. ૧ પૃ. ૧૩૦)માંથી મેં નોંધી ત્યારી છે

ઉપર્યુક્ત ટિપ્પણ પરથી એકાદી પ્રશસ્તિની પણ રચના થઈ હોય એમ લાગે છે અને વસ્તુસ્થિતિ પણ એમ જ છે

૨ જુઓ પટ્ટાવલિસમુચ્ચય (ભા. ૧ પૃ. ૬૬)

૩ સ્રોતના ત્રણ યાને ગ્રાહ અને પ્રવાહ એમ બે અર્થ છે

૪ આનો અર્થ ધરો યાને પાણીનો ઊંડો ભાગ એ છે. પાઇય ભાષામાં 'દ્રહ' માટે પણ છે

ગુર્વાવલી છે એમ એની નિમ્નલિખિત પુષ્પિકા ઉપરથી જણાય છે[1]

"इति श्रीयुगप्रधानावतारश्रीमत् तपा गच्छाधिराजबृहद्गच्छनायकपूज्याराध्यपरमाप्तपरमगुरुश्रीदेवसुन्दरसूरिग(?गु)णराशिमहिमाणवानुगामिन्या तद्विनेयश्रीमुनिसुन्दरगणिहृदयहिमवदवतीर्णश्रीगुरुप्रभावपद्मद्रहप्रभवनाया श्रीमत्तपश्रीधिराजश्रीपर्युषणापर्वविज्ञप्तित्रिदशतरङ्गिण्या तृतीये श्रीगुरुपर्ववर्णनस्रोतसि गुर्वावलीनाम्नि महाह्रदेऽनभिव्यक्तगणना(?) एकषष्टितमस्तरङ्गः ।'[2]

ગુર્વાવલી—આ સંસ્કૃતમાં રચાયેલા ૪૮૬ પદ્યોની કૃતિ છે

---

૧ આ વિજ્ઞપ્તિમાં અક્રુત્રની આધારેલિખિત ટીકા (પત્ર ૨ આ)માં ? ગુર્વાવલીના મારા પર્યાય તરીકે ત્રિદશતરંગિણી વિષે ? નીચે મુજબનો ઉલ્લેખ છે તે જ્ઞાત કરે છે—

"गुर्वावलिपरपर्यायत्रिदशतरङ्गिणीनामा गुरुपट्टक्रम ।'

૨ આનો અર્થ એ છે કે યુગપ્રધાનના અવતારરૂપ શ્રી તપાગચ્છના અધિપતિ બૃહદ્ ગચ્છના નાયક પૂજ્ય આરાધ્ય પરમ આપ્ત અને પરમ ગુરુ એવા શ્રીદેવસુન્દરસૂરિના ગુણના સમૂહના મહિમારૂપ સાગર તરફ જનારી અને શ્રીમત્તપશ્રીધિરાજ શ્રી પર્યુષણા પર્વને લગતી વિજ્ઞપ્તિરૂપ ત્રિદશતરંગિણીની ઉત્પત્તિ એમના (દેવસુન્દરસૂરિના) શિષ્ય શ્રીમુનિસુન્દરગણિના હૃદયરૂપ હિમવત્ (હિમાલય પર્વત) ઉપર રહેલા શ્રીગુરુના પ્રભાવરૂપ પદ્મદ્રહમાંથી થઈ છે આ ત્રિદશતરંગિણીના ત્રીજા સ્રોતનું નામ શ્રીગુરુપર્વવર્ણન છે એમાં ગુર્વાવલી નામનું મહાહ્રદ છે અને એમાં અસ્પષ્ટ ગણના (પ્રમાણ ?) ૬૧ તરંગ છે

અ વિ મ ૧૪૮૬માં લેખાયેલી છે. [illegible] માંડીને દેવસુન્દરસૂરિ અને એમના પટ્ટધર સોમસુન્દરસૂરિ (વિ. સં. ૩૪૮–૩૬૩ અને ૩૯૦–૪૦૬) તેમજ તેમના [illegible] જાણીતા છે. આમ આમાં કર્તાના સમયની અનેક [illegible] બાબતો રજૂ કરાયેલી છે. નવાઈની વાત તો એ છે કે [illegible] જન્મ દીક્ષા અને વાચક–પદ ક્યાં અને ક્યારે થયાં તે [illegible]

[illegible] નિઃશાનરૂગિણી નો અર્થ [illegible] 'ગંગા નદી હિમાલય' પર્વત પર આવેલા [illegible] લીધેલી 'ગંગાની ઉપગાગરેને [illegible] પુષ્પિકામાં જણાવ્યા મુજબ) [illegible] મુનિસુન્દરસૂરિનું [illegible] એ હિમવત્ (હિમાલય, [illegible] હિમાલય પર્વત ઉપર એમના ગુરુને [illegible] છે અને એ [illegible] મહિમાગ્ય સાગર તરફ જાય છે.

આગળ નદી [illegible] એના ભિન્ન ભિન્ન [illegible] દિશામાં વહે–એના [illegible] પણ ભિન્ન ભિન્ન [illegible] એમાં એમણે પ્રથમ [illegible] નમસ્કારમય [illegible] [illegible] નીચે મુજબની પુષ્પિકા [illegible]

૧ ગુર્વાવલીના [illegible] અને આવી છે –

"[illegible] मुनिसुन्दरसूरिणा कृता पूर्वा [illegible]
[illegible] गुर्वावलि [illegible] ॥४०॥"

૨ [illegible]
[illegible]

"इति युगप्रधानावतार'तपाबृहद्'गच्छाधिराजपरमपूज्यश्री देवसुन्दरसूरिगुरुगणमहिमार्णवाऽनुगामिन्या तद्विनेयश्रीमुनिसुन्दरसूरिहृदयहिमवद्वनीणश्रीगुरुप्रभावपद्मद्रहप्रभावाया श्रीपर्युषणामहापर्वविज्ञप्तित्रिदशतरङ्गिण्या जयश्र्यङ्काया प्रथमे जिनादिस्तोत्रगर्भत्वापरनामनि नमस्कारमंगल स्रोतसि वर्त्तमान चतुर्विंशतिश्रीजिनस्तवचतुर्विंशिका हृदमहाहृदे श्री वर्द्धमानस्याऽपश्चिमतीर्थपतेः सम्प्रति प्रवर्त्तमानधर्मतीर्थमहाकर्तृत्वस्तुतिरूप स्तोत्ररत्ननामा पञ्चविंशो गुरुतश्च तरङ्ग ॥ छ ॥ ॥ ✓ ॥ सम्पूर्ण० वर्त्त० हृद ॥ छ ॥ छ ॥ छ ॥ श्री ॥ श्रीआज्ञन्मार्के नयात् ॥ छ ॥ श्री ॥ ॥ छ ॥ छ ॥ ग्र० श्लोक ३६१॥"

સ્રોતની ઉપમા ધરાવનાર ૧૯ અને તરંગનો નિર્દેશ કરે છે એ મુજબ મુનિસુન્દરસૂરિ ત્રિદશતરંગિણીના ૩ અને તરંગો ગણાવે છે જેમાં એઓ નમસ્કાર-મંગલ નામના પ્રથમ સ્રોતના પ્રારંભમાં નીચે મુજબના ૭ તરંગો રજૂ કરે છે —

(૧) ૧મંગલ-શબ્દ-શ્લોક-ગર્ભાષ્ટક (શ્લો. ૧૦)

(૨) યુગાદિજિનસ્તવનાષ્ટક (શ્લો. ૧૦)

(૩) શાન્તિજિનયમકસ્તવાષ્ટક (શ્લો. ૧૧)

(૪) પંચમવર્ગપરિહાર-શ્રીનેમિજિનસ્તવનાષ્ટક (શ્લો. ૧૨)

(૫) પાર્શ્વજિનસ્તવાષ્ટક (શ્લો. ૧૧)

(૬) વર્ધમાનસ્વામિસ્તવ (શ્લો. ૧૭)

આ પરથી પ્રથમ તરંગ જોતાં એમ જણાય છે કે અહીંથી ત્રિદશતરંગિણીનો પ્રારંભ થાય છે આના પછીના પાંચ તરંગોમાં વર્તમાન ચોવીશીમાંના સાત સુપ્રસિદ્ધ-વિશેષતઃ લોકપ્રિય બનેલા સાત તીર્થંકરોની સ્તુતિ છે

૧ આની રહેલા ત્રિદશતરંગિણીના મંગલચરણરૂપે એક પદ્ય છે

પહેલા બે તરંગોમાં આ આઠ પદો પછીના બે પદ્યોને 'ચૂના' અને પ્રતિચૂના' તરીકે ઓળખાવેલ છે જ્યારે ત્રીજામાં નવમા પછી અને ચોથામાં દસમા પછી આમ જે પાચમા તરંગમાં આ બા પદ્ય પછીના પદ્યોને ચૂના પ્રત્યૂ ા ઓ રામથ ના ન્પ કિત કહેલા છે

વર્ધમાનસ્વામિસ્તવ નામના છઠ્ઠા તરંગમ મગનાચરણરૂપે પહેલુ પદ્ય છે ત્યાર પછી ર' એ અક્ષરાત્રિ—એકાક્ષરી પદ્ય છે ત્રીજા અને ચોથા પદ્યમા મ' અને 'ર એ બે જ અક્ષરોનો ઉપયોગ કરાયો છે આમ આ દ્વ્યક્ષરી પદ્ય છે એવી રીતે પાચમા પદ્યમા વ' અને ર' છઠ્ઠામા 'ગ' અને 'ય સાતમામા 'ન અને ન તેમ જ આઠમા અને ર નવમામા ૫ અને મ ૧૦મા ૧૧ર, અને ૧૨મામા 'સ અને ર અને તેરમામા વ' અને ર નો ઉપયોગ કરાયો છ આ દ્વ્યક્ષરી પદ્યો જે ચૌદમુ પદ્ય ... છે એના પછીના ત્રણ પદ્યોને ચૂના પ્રતિચૂના અને ... એ નામથી ઓળખાવાયા છે આ છઠ્ઠા તરંગના ... ૧૪ના ઉપર ... વૃત્તિ છે અને આધારે ... ૧૩ને અંગે ... આ ... સ્પષ્ટીકરણ તૈયાર કર્યું છે

આ છઠ્ઠા તરંગ પછી 'ચતુર્વિંશતિજિન... નામનો ... શરૂ થાય છે એમા પ્રથમ મંગલાચરણરૂપે એક શ્લોક આપી ... મુજબના ત્રણ તરંગો રજૂ કરાયા છે —

(૧) આદ્ય-જિનાષ્ટક (શ્લો ૮ + ૧ ચૂર્ણ)

(૨) મધ્યમ-જિનાષ્ટક (શ્લો ૮)

(૩) ચરમ-જિનાષ્ટક (શ્લો ૮)

આ ત્રણ પછી ઉપસંહારરૂપે બે શ્લોક ...

---

૧ ... પદ્ય ત્રીજા પદ્યના ... છે

૨ આ નવમુ પદ્ય ... છે

ઉપર્યુક્ત ત્રણ તરંગ પૈકી પહેલામાં ઋષભદેવથી માંડીને ચન્દ્રપ્રભ સ્વામી સુધીના આઠ તીર્થંકરોની સ્તુતિ છે એવી રીતે બીજામાં એમના પછીના આઠની સુવિધિનાથથી શાન્તિનાથ સુધીના આઠ મધ્યમ તીર્થંકરોની સ્તુતિ છે અને ત્રીજામાં છેલ્લા આઠની એટલે કે કુંથુનાથથી તે મહાવીરસ્વામી સુધીના તીર્થંકરોની સ્તુતિ છે.

આ ત્રણ તરંગોનો ક્રમાંક નિયમથી ન આપતાં ચાલુ અપાયો છે એટલે કે એ ૭મા ૮મા અને ૯મા તરંગો છે. આ નવ તરંગ પૂર્ણ થતાં શતક પૂરો થાય છે ગોઠવણ ઉત્તમ છે. આ શતક પછી નીચે મુજબના ત્રણ તરંગો છે—

(૧) ક્રિયાદિગુપ્તકરૂપ-વિજ્ઞાનાદિપાર્શ્વજિનસ્તવાષ્ટક (શ્લો ૯[1])

(૨) ઉરોવાડીપાર્શ્વસ્તવનાષ્ટક (શ્લો ૯)

(૩) શારદાસ્તવાષ્ટક (શ્લો ૮)

આ ત્રણેના ક્રમાંક ચાલુ અપાયા છે એટલે આ હિસાબે આગમાંથી બા મા તરંગ છે એમાં પહેલામાં ક્રિયાગુપ્ત રૂપ છે બીજાનો 'દ્વિતીય-પુટભેદ' રૂપે નિર્દેશ છે આ પૈકી દશમા તરંગ ઉપર આગમોદ્ધારકે ૫ ... કરવા પૂર્વક ક્રિયાદિ વગેરે જે અહીં ગુપ્ત છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે આ ક્રિયાદિગુપ્તસ્તવાષ્ટકનું અન્તિમ પદ્ય નીચે મુજબ છે—

'एवं नित्यनिरञ्जनाव्ययपदं श्रीतीर्थनाथं मुदा
शाम्भालीमुनिसुन्दरस्तवगणं नूतनमम यः स्तुते ।
सर्वाभीष्टसुखौघवरचित स्फूर्जत्प्रमोदाद्भयो
मोहद्वेपिजयश्रिया स लभते श्रेयोऽचिराच्छाश्वतम् ॥'

---

૧ આની પહેલાં મંગલાચરણરૂપે એક પદ્ય છે

આ ॥ ૫ ગી નીગે મુ ભના ૨૫ સ્તોત્રોવાળી 'સ્તવપરિચિત તિકા' છે —

૧ મ ૨ ક-શ ાર્શ્વ-સ્તવન (શ્લો ૬)

૨ " (શ્લો ૬)

૩ " (શ્લો ૬)

૪ " (શ્લો ૬)

૫ સાધારણ જિન સ્તવ (શ્લો ૬)

૬ યુગાદિ-જિન-સ્તવન (શ્લો ૯)

૭ " (શ્લો ૮)

૮ સીમંધરસ્વામિ-જિન-સ્તવન (શ્લો ૬)

૯ વર્ધમાનજિનાષ્ટક (શ્લો ૮)

૧૦ [1]શંખપુર-શ્રીપાર્શ્વનાથ-સ્તવન (શ્લો ૧૦)

૧૧ ચતુર્વિંશતિ-જિન-સ્તવ (શ્લો ૫)

૧૨ " (શ્લો ૫)

૧૩ ચતુર્વિંશતિ-વિહરમાણ-શાશ્વત જિન-સ્તવન (શ્લો ૯)

૧૪ [2]મંગલાષ્ટક (શ્લો ૫)

૧૫ ચતુર્વિંશતિજિન-નમસ્કાર (શ્લો ૫)

૧ વીર [3]હુંડી-સ્તુતિ (શ્લો ૪)

---

૧ ખા કૃતિ ગમાના રચિત્રૂમી ૨મ છે

૨ આ સ્તોત્ર નવા નિશાળિયાઓને પ્રથમ શરાવવા માટે રચાયું

૩ આ [illegible] કે સૈકાની સ્તુતિ છે

૧૭ મ ાન-સ્તવ (શ્લો ૬)
૧૮ જિ ાકણ્તવ (શ્લો ૬)
૧૯ જિનમતિમા તવ (શ્લો ૬)
૨૦ જિ ા-મગન-સ્તવ (શ્લો ૬)
૨૧ , (શ્લો ૬)
૨૨ જિન ભક્તિ- તવ (શ્લો ૮)
૨૩ જિન ાભક્તિ-મગન-સ્તવન (શ્લો ૭)
૨૪ મ ાન ક્ષ-સ્તવ (શ્લો ૭)
૨૫ શાંતિજિનસ્તવન (શ્લો ૬)

આ સ્તવચતુર્વિશતિકામા નીચે મુજબનુ જે પદ્ય ઉપસંહારરૂપે છ તે જ પદ્ય વતમાન ક્રમમા પણ છે —

> 'स्तुतिमिति तनुते जिनेन्द्र ! यस्ते
> मघरमहामुनिसुन्दरस्तुताङ्के ! ।
> स भवति गुणसम्पदा समस्ते
> फलमिति तद् चितराचिरात्समाधि ॥'

જે ાનન્દ-પુસ્તકા યની હાથપોથી (ક્રમાક ૨૦૭)મા આરત સુધીનો જ ભાગ છે

અ ીના આગ્રસુરીશ્વરના ભડારની એક હાથપોથી (ક્રમાક ૫૦૫)મા ગ ાપ્ત વર્તમાન-ચતુર્વિશતિશ્રીજિનસ્તવ ચતુર્વિશતિકા ક્ષક છ નામનુ સ્તપત્ર પત્ર [illegible] અને એથી પ્રથમ ા ાવ નવ પદ્યોવાા ત્ર ા તરગ ચ ો ચોગના સા ા ચાર પદ્યો (ક્ર ૨ ૩ા ૫ ) મળ છ ગર ા ેા ા તરગના અવશિષ્ટ ભાગ તરીકે અભિનન્દનજિ ા-સ્તોત્રરૂપે [illegible]

એના પછી ઋષભ નાથથી માંડીને મહાવીર સુધીના જિનેશ્વરના સ્તોત્રો નવ નવ પદ્યોના ... નેમાં ફક્ત વિમલનાથને અંગે ક્રમ પદ્યો છે

આમ વર્તમાન ચોવીસીને અંગે એક એક સ્તોત્ર રચવા બાદ નવ પદ્યોની આ સ્તુતિ છે ... નું નામ **વર્તમાનશ્રુતતીર્થધર્મપ્રવૃત્તિસ્તુતિ** ... આ ... માંના ગુ... ગવાયાં છે આમ ... કરાયું છે અંતમાં ઉપર્યુક્ત પુષ્પિકા છે

**વિંશતિ ...ણી** ... હજી સુધી મળી નથી ... ... મુખ્યતયા ... એના આઠમા ... નવ સ્રોત છે તેમાના પ્રથમ સ્રોતનું નામ '... નમસ્કાર ...' યાને નમસ્કાર ... છે બીજા સ્રોતનું નામ ... એને અંગેનું ... જણાવવામાં નથી ત્રીજા સ્રોતનું નામ ગુરુપર્વવર્ણન છે પ્રત્યેક સ્રોતને ... છે તેમ ... સ્રોતને ... માનચતુર્વિંશતિ ... શ્રી ... નામનું ... છે ... સ્રોત ... થી એના મહાહૃદના નામની ખબર નથી ત્રીજા સ્રોતને ... નામનો ... છે પ્રત્યેક ... ને ... અને ... ને તર ... છે

ગુરુ ... લીના અંતમાં ... તરંગો' એવા ... છે આ એક રીતે ... તરંગોની સંખ્યા સૂચવે છે પણ સાથે સાથે એમ ... ના ... રચ્યા હશે

[૮] ત્રૈવિ...ડી—આ સંસ્કૃતમાં મુખ્યતયા ગદ્યમાં રચાયેલી કૃતિ છે[૧] આના પ્રારંભમાં અને અંતમાં એક એક પદ્ય છે આ કૃતિ ... થી શરૂ કરાઈ છે એમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત પદ્ય ... ગુરુપે ... છે

---

૧ ... એક સ્થળે ... નવી ... છે

૨ મુંબઈના ... જૈન ... તરફથી ... વિ ... છપાયેલી છે એમાં આગમોદ્ધારકની સંસ્કૃતમાં પ્રસ્તાવના છે

**विषय**—આ કૃતિનું નામ જ સૂચવે છે તેમ આમાં લક્ષણ અર્થાત્ વ્યાકરણ છંદ અર્થાત્ કાવ્ય અને પ્રમાણ અર્થાત્ તર્ક એમ ત્રણ વિદ્યાનું નિરૂપણ છે પ્રથમ ભૂમિકા (પત્ર ૩અ)માં એ વિદ્યાના વિવિધ સાધના ... છે જેમ (૧) વિશુદ્ધ બુદ્ધિનો આભોગ (...) (૨) સદ્ગુરુનો સમાગમ (૩) સદ્ગુરુના વિનયનો પ્રયોગ, (૪) પુસ્તકોની પ્રાપ્તિનો યોગ (૫) પ્રમત્તતાનો વિયોગ (૬) અવિચ્છિન્ન ઉપયોગ (૭) દૃઢ અભિયોગ (૮) શરીરનું આરોગ્ય, (૯) ભાગ્ય ઇત્યાદિ આ સર્વ સાધનો ... મળવા ... છે ... મહાપુરુષો થયા છે જેમકે એ ... સિદ્ધસેન દિવાકર મલ્લવાદી, હરિભદ્રસૂરિ ... વાદી દેવસૂરિ હેમચંદ્રસૂરિ વગેરે

લક્ષણ-ગોષ્ઠી માં જૈનેન્દ્ર ... વ્યાકરણના નામ ગણાવ્યા છે એનો અભ્યાસ કરવાની રીત અને એનાથી થતો લાભ ... છે —ગોષ્ઠી'માં ... અને કાવ્ય-ગોષ્ઠી માં કાવ્યના પ્રકાર દર્શાવાયા છે પ્રમાણ-ગોષ્ઠી'માં પ્રમાણ ... પ્રમાણનું કથન છે અંતમાં દેવ ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોના લક્ષણો વગેરેનું નિરૂપણ છે

**રચના-સમય**—આ કૃતિના અંતમાં કહ્યા પ્રમાણે આ કૃતિ વિ સં ૧૪૫૫માં ... ના ... માં ... ની પ્રભુતા ... રચાઈ છે

[૯] **સંતિકરથોત્ત (શાન્તિકરસ્તોત્ર)**—આ સ્તોત્ર સંતિકર થી શરૂ થતું હોવાથી આને 'સંતિકરથોત્ત' કહે છે આની [1]પહેલી ગાથામાં **जयसिरी** પદ છે આમ આ સ્તોત્ર પણ જયશ્રી થી અંકિત છે આ સ્તોત્રમાં મોળમા તીર્થંકર શાન્તિનાથનો મહિમા વર્ણવાયો છે

१ 'संतिकरं संतिजिणं जगसरणं जयसिरीइ दायारं ।
समरामि भत्तपालगनिव्वाणीगरुडकयसेवं ॥१॥'

આથી આને કેટલાક શાન્તિનાથ-જિનસ્તવન' કહે છે આ સ્તોત્ર પ્રેરક સ્થલેથી મુદ્રિત થયું છે એમાં ચૌદ ગાથાઓ જોવાય છે પરંતુ વિ. સં. ૧૪૯૭માં લખાયેલી એક હાથપોથીમાં તો તેર જ ગાથા છે (જુઓ પૃ. ૨૧૬) વિશેષમાં આ હાથપોથીના અંતમાં જે નીચે મુજબના ઉલ્લેખ છે એ વિચારતાં આ હાથપોથી કર્તાએ-મુનિએ સ્વયં જ તે જ લખી હોય એમ લાગે છે કેમકે એમાં સમાપ્ત કૃત અને લિખિત એમ ત્રણ શબ્દો વપરાયેલા છે —

'इति श्रीशान्तिनाथजिनस्तवन समाप्त कृत श्रीपरमगुरु श्रीसोमसुन्दरसूरिशिष्य श्रीमुनिसुन्दरसूरिभि लिखित ।"

પાઠભેદ—ઉપર્યુક્ત હાથપોથીમાં રક્ખતુ મમ રોહિણિ-પણ્ણત્તી' એવો પાઠ છે અને એ જ વધારે વિશ્વસનીય જણાય છે

કર્તા—કર્તાએ પોતાનું 'મુણિસુંદર' (મુનિસુન્દર) નામ બારમી ગાથામાં જ કર્યું છે જો કે કેટલાક સ્તવક તરીકે ઓળખાવ્યા છે એ ચૌદમી ગાથામાં પણ મુણિસુંદર નામ છે વિશેષમાં એમાં તપ' ગચ્છ પ ગગનના સૂર્ય તરીકે યુગવર (યુગપ્રધાન) સોમસુન્દરનો ગુરુ તરીકેનો અને એમની પાસેથી કર્તાએ મન્ત્ર-વિદ્યા અર્થાત્ સૂરિ-મન્ત્ર મેળવી એ સિદ્ધ કર્યાનો ઉલ્લેખ છે

પ્રભાવ—આ સ્તોત્રની રચનાથી મારિ યાને મરકી દૂર કર્યાની હકીકત અનેક પ્રાચીન કૃતિઓમાં નોંધાયેલી જોવાય છે જેમકે દેવચન્દ્રસૂરિકૃત શાન્તિનાથચરિત્રની વિ. સં. ૧૪૮૮માં લખાયેલી લેખક-પ્રશસ્તિમાં

१ 'शान्तिस्तवेन जनमारिहृतस्महस्र-
नामावधानविविदा महिमैश्वर्दाम ।
तेऽवादिमा विविधशास्त्रविधानधात्-
तुल्या जयन्ति मुनिसुन्दरसूरिराजा' ।

જુઓ અધ્યા નો ઉપોદ્ઘાત (પત્ર ૧૮૪)

વિ. સં. ૧૪૯૮માં લખેલી અને લક્ષ્મીસાગરગણિએ રચેલી 'શ્રી મુનિસુન્દરસૂરિવિજ્ઞપ્તિ'માં, વિ. સં. ૧૫૨૧માં રચાયેલા સોમસૌભાગ્યકાવ્ય (સ. ૧૦ શ્લો. ૩)માં વિ. સં. ૧૫૪૧માં સોમચારિત્રે રચેલા ગુરુગુણરત્નાકરકાવ્ય (સ. ૧ શ્લો. ૮)માં

સ્મરણોમાં આ શાન્તિકરસ્તોત્રને ત્રીજું સ્મરણ ગણવામાં આવે છે. પાક્ષિકાદિ પ્રતિક્રમણ પછી બોલાતા આ સ્તોત્રને મોટા ...

અન્યત્ર—સોમસૌભાગ્યકાવ્ય (સ. ૧૦ શ્લો. ૩)માં જણાવ્યું છે કે દેવકુલપાટક (મેવાડ-દેલવાડા)માં શાન્તિકર સ્તવનથી અર્થાત્ શાન્તિકરસ્તોત્ર વડે મુનિસુન્દરસૂરિએ મહામારિનો ઉપદ્રવ શાંત કર્યો.

રચના-સમય—સંતિકરંથોત્ત 'સૂરિપદ મળ્યા પછી રચાયું હશે, કેમકે એમાં કર્તાએ પોતાનો 'સૂરિ' તરીકે નિર્દેશ કર્યો છે.

મંત્રો—આ સ્તોત્રમાં રોગ અને ઉપદ્રવનો નાશ[2] કરવા માટેના મન્ત્રોનો સમાવેશ કરાયો છે. સૂરિમન્ત્રની પાંચ પીઠમાંનાં કેટલાંક પદો શાન્તિનાથના નામ સાથે જોડીને બીજી અને ત્રીજી ગાથામાં ઉપદ્રવના નિવારણ માટે તેમ જ આરોગ્યની પ્રાપ્તિને અર્થે મૂકાયાં છે. જેમકે ॐ णमो विप्पोसहिपत्ताणं [1]ह्रौं स्वाहा, ॐ णमो खेलोसहिपत्ताणं અને ॐ ह्रीं (ह्रैं) णमो सव्वोसहिपत्ताणं

સ્મરણીય સ્મરણ—સૂરિમન્ત્રની રચનાને પીઠના અધિષ્ઠાયકો, સોળ વિદ્યાદેવીઓ, ચોવીસ શાસનયક્ષો અને ચોવીસ શાસનદેવીઓનું નામપૂર્વક સ્મરણ કરાયું છે.

ઔષધિ—આ વિપ્રુડૌષધિ વગેરે ઔષધિ એ તો આ લબ્ધિનાં નામ આવ્યાં છે. આ ઉ... અન્ય ઔષધિઓ માટે ... છે.

---

૧ સૂરિમન્ત્રમાં કહેલ મન્ત્રબીજ   ૨ જુઓ પૃ. ૮૯

આમ્નાય-ભાવના—ગતિ-રથ્થે ત્તન અ ગેનો આ નાન હૈ સ્તોમ (ભા ૧ પૃ ૦–૩૨૩)માં સંસ્કૃતમાં અપાયો છે એના પછી ગુજરાતીમાં ભાવના શાનો છે ત્યાર બાદ પૃ ૩૨૩–૩૭માં આ ગનો ભાવાર્થ ગુજરાતીમાં અપાયો છે.

યન્ત્ર—જૈન સ્તોત્ર સ (ભા ૨)ના અંતમાં ૬૪મા યન્ત્ર તરીક આ સ્તોત્રનુ યન્ત્ર અપાયુ છે

વિવરણ—સ તિકરથોત્તની એક અવચૂરિ છે

અનુવાદ—આ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ પંચપ્રતિક્રમણ સૂત્રો લગતા અનેક પુસ્તકોમા છે એવી રીતે એને ૧ સુખલાલ-કૃત હિંદી અનુવાદ પંચ પ્રતિક્રમણસૂત્ર (પૃ ૨૯૬–૩૦૩)ના છપાયો છે

[૧૦] સ્તવન—પાઇય ભાષામા ગૂંથાયેલા નેત્રોની એક ગાથામાં મુનિસુ દરસૂરિએ રચેલો એક સ્તવ છે

અપભ્રંશમા એક વીરસ્તવન છે અને એની હાથપોથી જૈનાન પુસ્તકાલયમા છે

[૧૧] સ્તોત્ર ગણ— પવિત્ર ... ... મુનિસુન્દરસૂરિએ નીચે મુજબના ... છે—

(૧–૨) સૂરિમન્ત્રસ્તોત્ર ... ... છે

( ) ગોયમગણહરથોત્ત (... ...) આ ૫ ...

(૪–૮) સૂરિમન્ત્રની (૧) ... (૨) મહ... (૩) ઉપવિદ્યા-પીઠ (૪) મન્ત્ર... (૫) મન્ત્રાધિરાજ ... પાંચ પીઠના અધિષ્ઠાયકોને ... (૧) ... સરસ્વતીને, (૨) ત્રિભુવનસ્વામિની (૩) શ્રીદેવીને ... યક્ષરાજને અને (૫) ગણિપિટક ... ચોવીસ ... સ્તોત્ર ...

(૯) ચક્રેશ્વરી-સ્તોત્ર—પાંચમી વીશ અધિ તાવિકા તરીકે ચક્રેશ્વરીને ગણી એના અંગે સંસ્કૃતમાં રચાયેલું આ સ્તોત્ર છે

(૧૦) ગણિવિદ્યાના અધિકાયકનું સ્તોત્ર—આ પદ્યમય એમાં આગમના તમામ અધિષ્ઠાયકોની બે ની સ્તુતિ છે

આ મ સ્તોત્રો અપ્રસિદ્ધ છે અને એની એક નકલ શ્રી મ જાણી પામ છે એમ પરિચય મા કર્યું છે

પ્રતિષ્ઠા—મુનિસુ દરસૂરિએ નીચે પ્રમાણે પ્રતિષ્ઠા કરાવી છે-

| પ્રતિષ્ઠા-વર્ષ | | સ્થળ |
|---|---|---|
| ૧૪૮૮ | દેવકુલિકા | દેલવાડા-મેવાડનું મંદિર |
| ૧૪૮૯ | સુમતિનાથનું બિંબ | ખંભાતના જીરાગવાડાનું મનમોહન પાર્શ્વનાથનું મંદિર |
| ૧૪૯૭ | આદિનાથનું | ના નું મંદિર |
| ૧૪૯૯ | મુનિસુવ્રતનું | માતરનું મંદિર |
| | મહાવીરસ્વામીનું | અમદાવાદનું દેવસાના પાડાનું પાર્શ્વનાથનું મંદિર |
| ૧૫૦૦ | [1]અનંતનાથનું | પાટણના કનાસાના પાડાનું શાંતિનાથનું મંદિર |
| | [2]ચ ૯ ની | આગ્રા સીમંધર સ્વામીનું મંદિર |
| | મહાવીર સ્વામી | અમદાવાદ શાંતિનાથનું મંદિર |
| ૧૫૦૧ | શાંતિનાથનું, | જેસલમેરનું સુપાર્શ્વનાથનું મંદિર |
| | [3]સુમતિનાથન | ઉ પુરનો મોદીનો ભ ા |

૧-૨ ન ત્રીર્થી ૩ ધાતુની મૂર્તિ

| પ્રતિષ્ઠા-વર્ષ | | સ્થળ |
| --- | --- | --- |
| ૧૫ ૧ | ? | ખેડાનું ભીડભંજન પાર્શ્વનાથનું મંદિર |
| | સુમતિનાથનું બિંબ | નપુર-મંદિર |
| | વાસુપૂજ્ય-પ્રમુખ પંચતીર્થી | ઉ પુરનો ગોગીજીનો ભંડાર |

ગુણકીર્તન—સોમસૌભાગ્ય (સર્ગ ૬, શ્લો ૩-૯)માં મુનિસુન્દરસૂરિના નાયક-ઉપાધ્યાય તરીકેના ગુણોનું વર્ણન છે એમાં મધ્યસ્થતા ગાન ગાતો છે

(૧) મુનિસુન્દરની તર્કના અને પ્રખર વાદ-પદ્ધતિ (૨) ત્રિદશતરંગિણીનો પ્રશસ્ત્યાત્મક નિર્દેશ (૩) સિદ્ધસેન દિવાકરાદિનું સ્મરણ કરાવનારી સ્તુતિ-સ્તોત્રોની રચના (૪) સહસ્રાવધાનિતા (૫) શાન્તિસ્તવ (૬) જ્ઞાનપુણ્ય અને (૭) વ્યાપક પ્રતાપ

જયાનન્દકેવલિ-રાજર્ષિ-ચરિત્રના અંતમાં મુનિસુન્દરસૂરિના શિષ્ય ચન્દ્રરત્નગણિએ ચાર શ્લોકની પ્રશસ્તિ રચી છે, અને એમાં પોતાના ગુરુના ગુણ ગાયા છે[1] એમણે મુનિસુન્દરને સૂરિરાજેન્દ્ર અને 'સૂરિશક્ર' કહ્યા છે એમણે શાન્તિસ્તવ દ્વારા મારિ દૂર કરનાર તરીકે ઓળખાવતી વેળા મુનિસુન્દરને ભદ્રબાહુ સાથે સરખાવ્યા છે મરુ દેશ નગરમાં અમારિ પ્રવર્તાવનાર તરીકેનો નિર્દેશ કરતી વેળા હેમચન્દ્રસૂરિનું સ્મરણ કરાવનાર તરીકે નિર્દેશ્યા છે

સોમસૌભાગ્ય (સર્ગ ૧૦, શ્લો ૧-૪)માં મુનિસુન્દરસૂરિનું ગણધર તરીકે ગુણગાન છે એમાં મુનિસુન્દરસૂરિએ સૂરિમન્ત્રના જપસ્મરણથી પ્રાપ્ત થયેલી શક્તિનો, શ્રીરોહિણી (સિરોહી)ના રાજા પાસે શિકાર બંધ કરાવેલા નિષેધનો અને અમારિ-પ્રવર્તનનો ગ[illegible]

૧ [illegible] સૂરિ [illegible]

## સાકળિયુ

## ઉપદેશરત્નાકર

## ભવભાવનાગત ઉપદેશ

| પૃ | પં૦ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૭૭ | ૨ | जण० | जिण० |
| ૭૭ | ૧૨ | સુર્વણ | સુવર્ણ |
| ૮૧ | ૧૫ | अहमप्रमाया | अहमपमाया |
| ૮૫ | ૧૯ | શુદ્ધ | શું |
| ૧૨૦ | ૧૮ | मुक्तये | भुक्तये |
| ૧૨૨ | ૨ | પુણ્ય એક | પુરૂષ ચરિત્રોને |
| ૧૨૪ | ૧૮ | ०शीपैश्च | ०शीर्षैश्च |
| ૧૨૮ | ૧૯ | એવા સુભગો | તેવા અગણ્ય ગુણરો |
| ૧૪૧ | ૬ | द्रारिद्र० | दारिद्र्य० |
| ૧૪૧ | ૧૦-૧૪ | દારિ° | દારિતા० |
| ૧૪૨ | ૫ | गोपाऽपि | गोपा अपि |
| ૧૪૪ | ૩ | એવા | તેઇ |
| ૧૪૫ | ૩ | ०रतुल० | ०रतुला० |
| ૧૪૬ | ૧૮ | ध्रुंवम | ध्रुवम् |
| ૧૪૭ | ૧૪ | ०दीदिद्युत० | ०दिद्युत० |
| ૧૫૫ | ૨૩ | शुष्यत्य० | शुद्ध्यत्य० |
| ૧૬૧ | ૨૩ | सुवियेय | सुविधेय |
| ૧૮૧ | ૭ | स्ताप | स्त्य ताप |
| ૧૮૩ | ૭ | धति | धृति |
| ૧૯૪ | ૧૭ | છે | છે એવી |
| ૧૯૫ | ૭ | નિસ્પૃહતા | નિઃસ્પૃહતા |
| ૧૯૫ | ૮ | ભગવાનને પૂજે | ભગવાન પૂજ્ય છે |
| ૧૯૭ | ૨૧ | કરે છે | છે |
| ૧૯૮ | ૪ | કોણ | સોના |
| ૨૦૦ | ૧૫ | महस्त्रै | सहस्त्रै |
| ૨૦૧ | ૧ | जेत्यादि मा धात० | जटेत्यादि माधात० |
| ૨૦૮ | ૨ | ०पूजाधिकरो० | ०पूजाधिकारो० |

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રીમુનિસુંદરસૂરિકૃત—

# શ્રીઉપદેશરત્નાકર

(મૂળ તથા ભાવાર્થ)

(પ્રથમ તટ, પ્રથમ અંશ)

जयसिरिविहिअसुहए अणिट्ठहरणे तिवग्गसारंमि।
इहपरलोगहिअत्थं सम्मं धम्मंमि उज्जमह ॥ १ तरंग १ ॥

ભાવાર્થ—હે ભવ્ય આત્માઓ! જય, લક્ષ્મી અને ઇચ્છિત સુખને દેનાર, અનિષ્ટનું હરણ કરનાર અને ત્રણ વર્ગમાં સારભૂત એવા સમ્યક્ ધર્મને વિષે આ લોક અને પરલોકના હિતને માટે તમે ઉદ્યમ કરો। (मुद्रितपत्रे ४)

जुग्गेहिं जुग्गपासे सो पुण जुग्गो गहिज्जए विहिणा।
संपुण्णसुहफलो जं एवं चिय अन्नहा इहरा (इयर)॥२ त २॥ तरंगा

ભાવાર્થ—યોગ્ય એવાએ યોગ્યની પાસે યોગ્ય એવો જે તે ધર્મ વિધિપૂર્વક ગ્રહણ કરવા યોગ્ય છે આવી રીતે ગ્રહણ કરાયેલો જે ધર્મ તે સંપૂર્ણ શુભ ફળવાળો થાય છે, અન્યથા ઊલટી રીતે થાય છે (मु प ६)

## યોગ્યાયોગ્યાની વ્યવસ્થા

रत्ता१ दुट्ठा२ मूढा३ पुव्विं वुग्गाहिओ४ अ चत्तारि।
उवएसस्स अणरिहा अरिहा इसरहिं जुग्गेति ॥ ३ त ३ ॥

**ભાવાર્થ**-કોઇનો-રાગી૧, દ્વેષી૨, મૂઢ૩, ને પહેલેથી ભરમાયેલો૪-આ ચાર ઉપદેશ માટે અયોગ્ય છે અથવા અતિશયોવાળા વડે તેઓ બોધ પામે છે (मु प ७)

**अणवट्ठिओ१ पमत्तो२ बहिरकुडुंबोवमो३ अ दुग्गहवं४। पामरसम५ सुअमित्तग्गाही६ धम्मं न साहंति ॥४ त ४॥**

**ભાવાર્થ**-અનવસ્થિત, પ્રમાદી, બહેરા કુટુંબના સરખો, ખોટા આગ્રહવાળો, પામર (મૂર્ખ) સરખો, અને શ્રુતમાત્રને જ ગ્રહણ કરનારો (અર્થની વિચારણા વિનાનો)-આટલા ધર્મને સાધતા નથી, માટે અયોગ્ય છે (मु प ११)

**गिरिसिर१ पणाल२ मरुथल३ कसिणावणि४ जलहिसुत्ति५ मणिखाणीद। धम्मोवएसवासे फलजणणे जीवदिट्ठंता ॥५ त ६॥**

**ભાવાર્થ**-ગિરિસર (પર્વતની ટોચે રહેલી શિલા), પાણી જવાની નીક, મરુભૂમિ, કાળીભૂમિ, સમુદ્રમાં છીપોની અને મણિની ખાણમાં જેમ વરસાદનું ફળ હોય છે, તેવી રીતે ગુરુમહારાજના ઉપદેશરૂપ વરસાદનું ફળ ઉત્પન્ન થવામાં જીવોના દૃષ્ટાન્તો જાણવા (मु प १४)

**सुहअसुहदव्ववासिअ वम्मा अवम्मा अ (वा) वासिआ य घडा। सुहअसुहधम्मवासे पडुच्च जीवाण दिट्ठंता ॥६ त ७॥**

**ભાવાર્થ**-શુભ અથવા અશુભ ધર્મની વાસનાને આશ્રીને જીવો શુભ દ્રવ્યથી વાસિત અને અશુભ દ્રવ્યથી વાસિત, વામ્ય અને અવામ્ય અને વાસિત અવાસિત એવા ઘડાઓના દૃષ્ટાન્તોથી જાણવા (मु प १७)

जह वरजम्मभिअसरे जायमरमाणेग्मऽदसरमाण ।
नायतिहणाग्मिअयइ्हर सुगुरुवयने तह जिआण ॥ ७ त ८ ॥

ભાવાર્થ–જેવી રીતે શ્રેષ્ઠ જાતિના નગરના તળાવમા પાણી પીતા નથી, એ ત્યાં જાય છે, હાથી તૃપ્તિ કરે છે અને હંસ આનંદ કરે છે, તેવી રીતે સુગુરુના ઉપદેશમા જીવોના દૃષ્ટાન્તો જાણવા (મુ પ ૧૮)

मण्पीजगारखहाइ-जहगवीत्मनिहा चउह जीवा ।
परिणमइ जेसु मत्ये विमरताविमरमामपयहव्व ॥ ८ त ९ ॥

ભાવાર્થ–એક જ એવો પદાર્થ જેમ સર્પમા વિષરૂપે પરિણમે છે, જળોમા તત્ત્વરૂપે પરિણમે છે, વાંઝણી ગાયમા નિષ્ફળ જાય છે અને નહીં વાંઝણી (ફળતી) ગાયમા દૂધરૂપે પરિણમે છે તેમ ગુરુ મહારાજનો ઉપદેશ અનુક્રમે જીવોમા વિષરૂપ, તત્ત્વરૂપ, નિષ્ફળરૂપ ને દૂધરૂપ–આ ચાર પ્રકારે પરિણમે છે (મુ પ ૨૦)

जिण्णाजिण्णजराइसु होइ जहा इक्कमय गाखीर ।
गुणदोसुप्पत्तिकर, सुहगुरुवयण तह जिएसु ॥ ९ त १० ॥

ભાવાર્થ–જીર્ણ અને અજીર્ણ એવા તાવ આદિના જેવી રીતે એક જ જાતનુ ગાયનુ દૂધ ગુણ–દોષની ઉત્પત્તિ કરે છે, તેવી રીતે શુભ એવા ગુરુ મહારાજનુ વચન જીવોમા (તથા પ્રકારની પાત્રતા વિશેષથી) ગુણ દોષની ઉત્પત્તિ કરે છે (મુ પ ૨૭)

इक्कावि महयुट्ठी मणिमुत्ताविविहधनप्फहेऊ ।
रयणायराइसु जहा सुहगुरुवयण तह जिएसु ॥ १० त ११ ॥

ભાવાર્થ-એક એવી મેઘની વૃષ્ટિ (વરસાદ) રત્નાકરાદિ જુદા જુદા સ્થાનોમા મણિ, મોતી અને ભિન્ન ભિન્ન પ્રકારના ધાન્ય અને ફળના કારણભૂત થાય છે, તેવી રીતે શુભ એવા ગુરુ મહારાજના વચન(ઉપદેશ)નુ ફળ જુદા જુદા પાત્રવિશેષમા-જીવોમા ભિન્ન ભિન્નરૂપે થાય છે (મુ પ ૨૩)

सेलघण१ कुडगर२ चालणि३ परिपूणग४ हंस५ महिस६ मसे७ अ।
मसग८ जलूग९ बिराली१० जाहग११ गो१२ भेरि१३ आभीरी१४
॥११ त १२॥

ભાવાર્થ-મગશળીઓ પત્થર૧, ઘડો૨, ચાલણી૩, ધીગરણી૪, હંસ૫, પાડો૬, બકરો૭, મચ્છર૮, જળો૯, બિલાડી૧૦, જાહક૧૧, ગાય૧૨, ભેરી૧૩ ને આભીરી૧૪ (આ દૃષ્ટાન્તો ગુરુના ઉપદેશમા યોગ્ય અને અયોગ્ય રૂપમા જાણવા) (મુ પ ૨૩)

## અહીં ભાવના નીચે પ્રમાણે

૧ જેવી રીતે મગશળીઆ પાષાણ પ્રત્યે ભીંજાવવામા પુષ્કરાવર્ત મેઘ જેવાની પણ મહેનત નિષ્ફળ જાય છે, તેવી રીતે જે જીવ ઉપર ગુરુ મહારાજનો ઘણો ઉપદેશ પણ નિષ્ફળ જાય છે તે જીવ મગશળીઆ પત્થ સરખો જાણવો

૨ જેવી રીતે શુભ દ્રવ્યથી વાસિતમા અને નવા કોરા ઘડામા નાખવામા આવતા સસ્કાર ફળીભૂત થાય છે, તેવી રીતે સારા સસ્કારથી સસ્કૃત અને કોઈના સસ્કાર નહીં પામેલા જીવોમા ગુરુ મહારાજનો ઉપદેશ ફળીભૂત થાય છે

જેવી રીતે અશુભ દ્રવ્યથી વાસિત ઘડામા નાખવામા આવતા સારા સસ્કારો નિષ્ફળ જાય છે, તેવી રીતે અશુભ સસ્કારવાળા જીવોમા ગુરુ મહારાજના ઉપદેશથી નાખવામા આવતા સારા સસ્કારો નિષ્ફળ જાય છે

૩ જેવી રીતે ચાલણીમા જેટલુ પાણી નાખવામા આવે તેટલુ બહાર નીકળી જાય છે, પરન્તુ ટકી શકતુ નથી તેવી રીતે કેટલાક જીવો ગુરુ મહારાજનો અપાતો ઉપદેશ એક કાનેથી બીજે કાને કાઢી નાખે છે, પરન્તુ ટકાવી શકતા નથી

૪ જેવી રીતે ઘીગરણીમા નાખવામા આવેલ ઘી આદિ ગળી જાય છે અને ઘીગરણી કચરો ધારણ કરે છે, તેવી રીતે કેટલાક જીવો ગુરુ મહારાજના ઉપદેશમાથી સાર સાર વસ્તુઓને છોડી દે છે અને અસાર વસ્તુઓને ગ્રહણ કરે છે આ દૃષ્ટાન્ત અયોગ્યમા જાણવુ

૫ જેવી રીતે એકમેક બનેલા દૂધપાણીમાથી હંસ દૂધને ગ્રહણ કરે છે અને પાણીને છોડી દે છે, તેવી રીતે કેટલાક જીવો ગુરુ મહારાજના ઉપદેશમાથી સાર સાર ગ્રહણ કરે છે અને અસાર છોડી દે છે આ દૃષ્ટાન્ત યોગ્યમા જાણવુ

૬ જેવી રીતે ઢાબખા પાણીમા જઈને સગોવગને પાડો મલિન કરી નાખે છે, તેવી રીતે કેટલાક જીવો ગુરુ મહારાજના ઉપદેશને મલિન કરી નાખે છે આ દૃષ્ટાન્ત અયોગ્યમા જાણવુ

૭ જેવી રીતે નાનામા નાના ખાબોચિયામાથી પણ પાણીને મલિન કર્યા વિના બકરો પાણી પીવે છે, તેવી રીતે

જે શિષ્ય વિનયપૂર્વક આચાર્યના ચિત્તને ખુશ કરી પદમાત્ર પણ ગ્રહણ કરે છે તે યોગ્ય છે આ દૃષ્ટાન્ત યોગ્યમા જાણવુ

૮ જેવી રીતે મચ્છર ચટકાઓ ભરી પીડે છે, તેવી રીત જે ગુરુ મહારાજને વચનરૂપી ચટકાઓ ભરી પીડે છે તે શિષ્ય ઉપદેશ માટે અયોગ્ય છે

૯ જેવી રીતે જળો શરીરને દુભાવ્યા વિના લોહીને ચૂસે છે, તેવી રીતે જે શિષ્ય ગુરુ મહારાજને દુભાવ્યા વિના જ્ઞાન ગ્રહણ કરે છે તે શિષ્ય ઉપદેશ માટે યોગ્ય છે

૧૦ જેવી રીતે થોડુ થોડુ પાણી પીને જાહક પડખાઓમા તેને વાગોળે છે, તેવી રીતે જે શિષ્ય પહેલા ગ્રહણ કરેલા સૂત્ર અને અર્થને અતિપરિચિત કર્યા પછી બીજુ ગ્રહણ કરે છે તે શિષ્ય ઉપદેશ આદિ માટે યોગ્ય છે

૧૧ જેવી રીતે બિલાડી દૂધનુ વાસણ ઢોળીને ભૂમિ ઉપર પડેના દૂધને પીવે છે, તેવી રીત જે શિષ્ય વિનયાદિ કરવાના ભયે ગુરુ મહારાજ પાસે જઈ શ્રવણ આદિ કરતો નથી પરન્તુ વ્યાખ્યાન આદિમાથી ઉઠેલા પાસેથી પૂછીને જાણી લે છે તે અયોગ્યમા જાણવો

૧૨ (ક) જેવી રીત ચાર બ્રાહ્મણો વચ્ચે કોઈએ ગાયનુ દાન આપ્યુ એ ચારે બ્રાહ્મણોએ એ ગાયને વારા ફરતી દોહવાની વહેચણી કરી જેનો વારો આવે છે તે દૂધ દોહી લે છે, પરન્તુ મારે ચારા-પાણીનુ દૂધ તો બીજો લેશે તેમ ધારી કોઈએ ચારા-પાણી ન કરતા તે ગાય

મરણને વાવણ થઈ લોકોમાં તેમની હેલના થઈ, તેવી રીતે ભણવા આદિ માટે આવેલા પરોણા શિષ્યો તેમના શિષ્યો કરશે તેવુ વિચારે અને સ્વ શિષ્યો આવેલા પરોણા શિષ્યો કરશે તેમ વિચારે, આમ કરતા તેઓ ગુરુ મહારાજને અતિખેદ ઉત્પન્ન કરનારા થાય છે આ અયોગ્યમા દૃષ્ટાન્ત જાણવુ

(આ) જેવી રીતે ચાર બ્રાહ્મણો વચ્ચે કોઇએ એક ગાયનુ દાન કર્યું એ ચારે બ્રાહ્મણોએ સદ્ગુરુ ગાયને સારાફરની ખૂબ જ માનવી સુખી થયા અને લોકોમા તેમના ખૂબ જ વખાણ થયા તેવી રીતે જે ભણવા આદિ માટે આવેલા પરોણા શિષ્યો અને પોતાના શિષ્યો બન્ને ય ગુરુ મહારાજની વેયા વચ્ચાદિ કરે છે, તે ગુરુ મહારાજને ખેદ ઉત્પન્ન કરતા નથી અને તેઓનો લોકોમા જશ એ લાય છે આ યોગ્યમા દૃષ્ટાન્ત જાણવુ

૧૩ જેવી રીતે શ્રીકૃષ્ણ મહારાજને દેવતાએ અશિવ-ઉપસમિણી ભેરી આપી આ ભેરીનો એ, પ્રતાપ હતો કે ભેરી વગાડતા છ માસ સુધી નવા રાગો ઉત્પત્તિ થતી નથી અને પહેલા ઉત્પન્ન થયેલા રોગો પણ શમી જાય છે આ ભેરી દર છ માસે વગાડવામા આવે છે એકદા વખત રોગી એવા કોઈ પરદેશીએ ભેરીના રક્ષકને, લાંચ આપી તેમાથી ટુકડો લીધા રક્ષકે કાપેલ, ટુકડાના સ્થાને ચંદનનુ થીગડુ માર્યુ આમ વારંવાર થતા આખી ભેરી કથાન્તરૂપ થઈ ગઈ જ્યારે વગાડવાનો અવસર આવ્યો ત્યારે ડોમ આપી ... મહા કૃષ્ણ મહારાજ ... વાસ...

જાણ થતા ભેરી તપાસી જોઈ તો સદ્દહુ ભેરી કથામ્વરૂપ થયેલી દીઠી; સદ્દહુ રક્ષકને સજા કરી અને ફરીથી દેવની આરાધના કરી ને બીજી ભેરીને પ્રાપ્ત કરી બીજા રક્ષકે આદરપૂર્વક તેનુ રક્ષણ કર્યું તેવી રીતે જે શિષ્ય ગુરુ મહારાજે આપેલા જ્ઞાનને પરમત અને પોતાના બીજા ગ્રન્થોથી મિશ્રિત કરી સૂત્રને, આપેલા અર્થને કથામ્વરૂપ કરી નાખે છે, અથવા ભુલેલ સૂત્રાદિને અભિમાનથી બીજાને પૂછે નહીં અને પરમત અગર સ્વમતના બીજા ગ્રન્થોથી મિશ્રિત કરી કથા જેવુ કરી નાખે છે તે શિષ્યો અયોગ્યમા જાણવા

૧૪ જેવી રીત આભીર અને આભીરી–એ બન્ને જણા ઘીના ગાડવા ગાડામા ભરીને એક ગામમા વેચવા માટે ગયા હતા ત્યા ગાડવાની આપ લે કરતા એક ગાડવો છટકી ગયો આભીરે આભીરીનો વાક કાઢ્યો અને આભીરીએ આભીર–(ભરવાડ)નો વાક કાઢ્યો આમ કરતા ખૂબ બોલાચાલી થઈ યાવત્ બાથ બાથા થતા ગાડામા રહેલા બાકીના ગાડવા પણ ફૂટી ગયા, કૂતરાઓ ઘી ચાટી ગયા અને લોકો ઘી ઉપાડી ગયા, છેક સાજે ઝઘડો શાત થતા વેચેલા ગાડવાના નાણા લેઈ ઘેર જવા નીકળ્યા માર્ગમા ચોરોએ તેઓને લૂટી લેતા બન્ને જણા ઘણા દુખી થયા, તેવી રીતે જે શિષ્યો સ્ખલનના આદિમા ગુરુ મહારાજ ઉપર આક્ષેપો કરી કોપાવે છે, તે શિષ્યો અને ગુરુ મહારાજ બન્ને ખેદને પામે છે આ અયોગ્યમા દૃષ્ટાન્ત જાણવુ

**अत्थी१ समरथर मज्झत्थ३ परिक्खगध य धारगा५ विसेसन्नूद्द। अपमत्त७ थिर८ जिइंदिअ९ धम्मस्स पमाहगा पाय ॥१२त १३॥**

ભાવાર્થ-અર્થી૧, સમર્થ૨, માધ્યસ્થ બુદ્ધિવાળો૩, પરીક્ષક૪, ધારક૫, વિશેષતાને જાણનાર૬, અપ્રમાદી૭, ધીર૮, અને જિતેંદ્રિય૯—આટલા પ્રાયે ધર્મને સાધનાર થાય છે (મુ પ ૨૬)

इति तपागच्छाधिराजश्रीमुनिसुन्दरसूरिविरचित
श्रीउपदेशरत्नाकरे प्रथमतटे
आत्मगतयोग्यायोग्यस्वरूपनिरूपणप्रथमतरंग

ઇતિ તપાગચ્છાધિપતિ શ્રીમુનિસુંદરસૂરિવિરચિત
શ્રીઉપદેશરત્નાકરમાં પ્રથમ તટમાં શ્રોતા સંબંધી
યોગ્યાયોગ્યના સ્વરૂપના નિરૂપણ નામનો
પ્રથમ અંશ સમાપ્ત થયો

(પ્રથમ તટ, દ્વિતીય અંશ)

जह चास१सुय२महुअर३मोर४पिगा५हंस६कीर७, करट८मुहा ।
अट्ठ खगा तह गुरुणा रूयुवएसाइकिरिआहिं ॥१ त १॥

ભાવાર્થ-જેવી રીતે ચાષ, કાચ, ભમરો, મોર, કોકિલા, હંસ, પોપટ ને કાગડો-આ આઠ પ્રકારના પક્ષીઓ રૂપ, ઉપદેશ આદિ અને ક્રિયા વડે ભિન્નતાવાળા હોય છે, તેવી રીતે ગુરુ પણ રૂપ, ઉપદેશ આદિ અને ક્રિયા વડે કરી ભિન્નતાવાળા હોય છે (મુ પ ૩૨)

અહીં ભાવના નીચે પ્રમાણે

૧ જેવી રીતે ચાષ પક્ષીમાં પાંચે વર્ણે કરી સુંદરપણું હોવાથી રૂપ છે, શુકનપણાએ દર્શનીયપણું છે, કિન્તુ

વાણીમા અસુંદરપણું અને ઠીક આદિનો આહાર કરવા વડે ક્રિયામા અસુંદરપણુ છે, તેવી રીતે કેટલાક ગુરુઓમા સુવિહિત વેષ હોવાથી રૂપ હોય છે, પરન્તુ શુદ્ધ માર્ગની પ્રરૂપણાથી વિહીન હોવાથી ઉપદેશમા નથી તેમ નિરવદ્ય આહાર આદિની ક્રિયા નહીં હોવાથી ક્રિયા અસુંદરપણું હોય છે આવા ગુરુઓ **કુલવાલક**ના દૃષ્ટાન્તથી **ચાપ** પક્ષી સમાન જાણવા

૨ જેવી રીતે કોયલ પક્ષીમા રૂપ નથી તેમ શુભ ક્રિયા પણ નથી, પરન્તુ મધુર અને ગભીર બોલવાપણુ હોવાથી ઉપદેશ છે, તેવી રીતે કેટલાક ગુરુઓમા સારા વેષનો અભાવ હોવાથી રૂપમા હોતા નથી, પ્રમાદમા પડેલા હોવાથી ક્રિયામા સુંદરતા નથી, પરન્તુ શુદ્ધ માર્ગની પ્રરૂપણા હોવાથી ઉપદેશ હોય છે આવા ગુરુઓ શુદ્ધ પ્રરૂપક **મરીચિ** અને પાર્શ્વસ્થાદિના દૃષ્ટાન્તથી **કોયલ** પક્ષી સમાન જાણવા

૩ જેવી રીતે ભ્રમરામા કૃષ્ણ વર્ણ હોવાથી રૂપ હોતુ નથી, તેમ તથા ભ્રમરનુ સ્વરનુ મધુરપણુ નહીં હોવાથી ઉપદેશ નથી, પરન્તુ પુષ્પોને પીડા કર્યા વિના આહારક્રિયા કરે છે તેવી ક્રિયા સુંદર છે તેવી રીતે કેટલાક ગુરુઓમા સાધુનો વેષ ધારણ નહીં કરેલો હોવાથી રૂપ નથી, ઉપદેશને દેતા ન હોવાથી ઉપદેશ નથી, પરન્તુ યથાયોગ્ય ક્રિયા હોય છે આવા ગુરુઓ પ્રત્યેકબુદ્ધના દૃષ્ટાન્તથી **મધુકર (ભમરા)**ના સમાન જાણવા

૪ જેવી રીતે મોરમા પાંખ વર્ણથી મનોહરપણ હોવાથી રૂપ હોય છે, મધુર ટહુકા હોવાથી મધુર ઉપદેશ હોય છે, પરન્તુ સર્પ આદિનો આહાર કરતો હોવાથી ક્રિયા ખરાબ હોય છે તેવી રીતે કેટલાક ગુરુઓ સુવિહિત વેષને ધારણ કરવાથી રૂપમા હોય છે અને વિશુદ્ધ માર્ગની પ્રરૂપણા કરતા હોવાથી ઉપદેશમા હોય છે, પરન્તુ આહારાદિ ક્રિયામા ખરાબ હોવાથી ક્રિયામા હોતા નથી આવા ગુરુઓ મંગુ આચાર્યના દૃષ્ટાન્તથી મોરની સમાન જાણવા

૫ જેવી રીતે પિક-કોકિલામા પંચમ સ્વરનું ગાન હોવાથી ઉપદેશ છે અને આંબાની મંજરીઓ ખાવાથી આહારક્રિયામા શુભ હોય છે, પરન્તુ કાગડા જેવા વર્ણે કાળાપણું હોવાથી રૂપમા નથી તેવી રીતે કેટલાક ગુરુઓ શુદ્ધ માર્ગની પ્રરૂપણાએ કરી ઉપદેશમાં હોય છે તથા શુદ્ધ ક્રિયા વડે ક્રિયામા હોય છે, પરન્તુ સાધુવેષ ન હોવાને લીધે રૂપ હોતુ નથી આવા ગુરુઓ સરસ્વતી' સાધ્વીને વાળવા માટે સાધુવેષનો ત્યાગ કરેલા શ્રીકાલકાચાર્યના દૃષ્ટાન્તથી કોકિલાના સરખા જાણવા

૬ જેવી રીતે હંસમા રૂપ હોય છે અને કમળની નાળ વગેરેના આહારાદિ ક્રિયા શુભ ક્રિયા હોય છે, પરન્તુ કોકિલા અને પોપટની માફક ઉપદેશ હોતા નથી તેવી રીતે કેટલાક ગુરુઓ સાધુના વેષથી રૂપ હોય છે અને આહારાદિ શુદ્ધ ક્રિયા હોય છે, પરન્તુ ઉપદેશે આદિમા અનધિકાર આદિ હોવાથી

ઉપદેશ કરતા નથી આવા ગુરુઓ શ્રીશાલિભદ્રજીના દૃષ્ટાન્તથી હંસના સરખા જાણવા

૭ જેવી રીતે પોપટમા રૂપથી રમણીયપણું હોય છે, આંબા વગેરેનો આહાર કરવાથી ક્રિયામા હોય છે અને માન સાન વાક્યો–સૂક્તિઓ બોલવાથી ઉપદેશમા હોય છે તેવી રીતે કેટલાક ગુરુઓ સાધુવેષથી રૂપમા હોય છે, શુદ્ધ ક્રિયામા હોય છે તથા શુદ્ધ ઉપદેશ દેતા હોવાથી ઉપદેશમા હોય છે આવા ગુરુઓ શ્રીજંબૂસ્વામી અને શ્રીવજ્રસ્વામીના દૃષ્ટાન્તથી પોપટના સરખા જાણવા

૮ જેવી રીતે કાગડામા રૂપ હોતુ નથી, અપવિત્ર આહારાદિથી શુભ ક્રિયા હોતી નથી તથા અવાજનુ નિંદનીયપણું હોવાથી ઉપદેશ પણ હોતો નથી તેવી રીતે કેટલાક ગુરુઓમા સાધુવેષમા શ્રેષ્ઠપણું હોતુ નથી અથવા સાધુવેષ હોતો નથી, શુભ ક્રિયા પણ હોતી નથી તથા સન્માર્ગનો ઉપદેશ પણ હોતો નથી આવા ગુરુઓ અશુદ્ધ પ્રરૂપક એવા પાસત્થા અથવા પરતીર્થિકના દૃષ્ટાન્તથી કાગડાના સરખા જાણવા

बोयाग१वेसर२गिहवइ३रायाभरण४ व सव्वबहिभागा।
चउ गुरुणोविधम्मम्मिआ सुअकिरिआसुद्धिधम्मेहिं ॥१० त ०॥

ભાવાર્થ–ચાડાળના આભરણ૧, વેશ્યાના આભરણ૨, ગૃહપતિના આભરણ૩ અને રાજાના આભરણ૪–આ ચારે અનુક્રમે કરીને અંદરથી અસાર, સાર, બહારથી અસાર,

સાર, તેવી રીતે ગુરુ, શ્રાવક, ધર્મ અને જીવોની શ્રુત, ક્રિયા, શુદ્ધિ અને ધર્મ આ ચારને આશ્રીને ચતુર્ભંગી થાય છે (મુ ૫ ૨૬)

## અહી ભાવના નીચે પ્રમાણે

૧–ચાડાલના આભરણ – ઘરેણા કથીર હોય છે તે અદરથી પોલાણવાળા હોવાથી અસાર હોય છે, તથા પ્રકારની શોભાને પાત્ર હોતા નથી તેમ તેની કિમત કઈ ઉપજી શકતી નથી.

૨ વેશ્યાના આભરણ અદરથી પોલાણવાળા અગર લાખથી ભરેલા હોય છે બહારથી તાબાદિમય હોઈ, સોનાથી રસેલા હોય છે તે ભોળા લોકની દૃષ્ટિએ કિમતી દેખાય છે તેથી ઠગાય છે આ આભરણોને વેચતા તદ્દન સામાન્ય કિમત ઉપજે છે

૩ શેઠિયાઓના આભરણ સોનાના નક્કર હોવાથી અદરથી સારભૂત હોય છે, બહારથી સારભૂત હોવા છતા રત્નાદિથી જડિત વિનાના હોવાએ કરી અસાર હોય છે તેને વેચતા સાધારણ કિમત ઉપજે છે

૪ રાજાના આભરણો અદરથી નક્કર એટલે સારભૂત હોય છે, બહારથી રત્નાદિથી જડિત હોવાથી સારભૂત હોય છે તેને વેચતા ઘણી કિમત ઉપજે છે

## શ્રુતને આશ્રીને ગુરુઓ

૧ પાસત્થા આદિમા તથા કુગુરુઓના હૃદયમા સમ્યક્ શ્રુત હોતુ નથી તેમ તથા પ્રકારની ક્રિયાની શુદ્ધિ પણ હોતી

નથી આવી તરુઓ ચાંડાળના દાગીના– આભરણની પેઠે અંદરથી અને બહાર થી અસાર જાણવા ૧

૨ કેટલાક ગુરુઓ અભવ્ય એવા અંગારમર્દક આચાર્યની જેમ અંદરથી શ્રદ્ધા વિનાના પણ બહારથી જ્ઞાન આદિ સારભૂત દેખાય તેથી કરી ભદ્રિક લોકો તેમાં લોભાય છે આવા ગુરુઓ વેશ્યાના આભરણની જેમ અંદરથી અસાર અને બહારથી સારભૂત દેખાવવાળા જાણવા

૩ કેટલાક ગુરુઓના હૃદયમાં માષતુષ મુનિવરની પેઠે શ્રદ્ધા પ્રબળ હોય છે, પરન્તુ જ્ઞાનાવરણીયના ઉદય આદિને લેઈ ભણવા પ્રત્યે ચવગર્ષિની જેમ ઉલ્લાસ હોતો નથી આવા ગુરુઓ ગૃહસ્થના આભરણની જેમ અંદરથી નક્કર અર્થાત્ સારભૂત હોય છે જ્યારે બહારથી રત્નાદિના આભરણની જેમ સારભૂત હોતા નથી અર્થાત્ અસાર હોય છે

૪ કેટલાક ગુરુઓના હૃદયમાં શ્રીવજ્રસ્વામીની માફક શ્રદ્ધા હોય છે અને શ્રુતમાં સમ્યગ્ જ્ઞાન પણ હોય છે તે રાજાના આભરણની માફક અંદરથી સારભૂત અને બહારથી પણ અતિસારભૂત હોય છે

## ક્રિયાને આશ્રીને શ્રાવકો

શ્રાવકોમાં જઘન્યથી અષ્ટ પ્રવચનમાતાનુ જ્ઞાન અને ઉત્કૃષ્ટથી છજીવનિકાયઅધ્યયન સુધીનુ જ્ઞાન હોય છે ક્રિયામાં વ્યવહાર શુદ્ધિ, જિનપૂજા, ગુરુભક્તિ, સુપાત્રદાન, હિંસા આદિની વિરતિ, સામાયિક અને આવશ્યકક્રિયા આદિ હોય છે

## — ચતુર્ભંગી —

૧ કેટલાક શ્રાવકો હૃદયમાં શ્રદ્ધા વિનાના હોવાથી ક્રિયામાં રુચિ વિનાના હોય છે અને બાહ્ય રીતે પણ ક્રિયા કરતા નથી, પરન્તુ ફક્ત શ્રાવક નામ ધારણ કરે છે તે શ્રાવકો ચાહાવના આભરણની જેમ અંદરથી અસાર અને બહારથી પણ અસાર જાણવા

૨ કેટલાક શ્રાવકો હૃદયમાં શ્રદ્ધા વિનાના અને ક્રિયા પ્રત્યે રુચિ વિનાના હોય છે, પરન્તુ બાહ્ય રીતે પોતાનુ કાર્ય સાધવા, લોકોને ઠગવા માટે બાહ્ય ક્રિયા કરે છે, તે શ્રાવકો વેશ્યાના આભરણની જેમ અંદરથી અસાર અને બહારથી-દેખાવ માત્રથી ફક્ત સારભૂત જાણવા

૩ કેટલાક શ્રાવકો હૃદયમાં શ્રદ્ધાવાળા અને ભાવની શુદ્ધિવાળા હોવાથી અંદર સારભૂત, પણ બહારથી ક્રિયા કરી શકતા નથી માટે તે સંખ્યાત ભવે મોક્ષને પામે છે આવા શ્રાવકો ગૃહસ્થના દાગીનાની જેમ અંદરથી સારભૂત અને બહારથી અસારભૂત જાણવા

૪ કેટલાક શ્રાવકો હૃદયમાં ક્રિયાની રુચિવાળા છે અને બહારથી સમ્યક્ત્વ સહિત બાર વ્રતવાળા હોવાથી ત્રીજા ભવમાં કે સાત-આઠ ભવમાં મોક્ષે જનારા હોય છે તે રાજાના દાગીનાની માફક અંદરથી અને બહારથી સારભૂત જાણવા

## શુદ્ધિને આશ્રીને ધર્મ

૧ સર્વજ્ઞપ્રણીત સિવાયનો, હિંસાદિમય અને મહા આરંભ સહિત એવો જે ધર્મ તે અંદરથી અસાર છે, તથા બાહ્યથી પણ હિંસાદિમય ક્રિયા હોવાથી બહારથી પણ અસાર છે આવો જે ધર્મ તે ચાંદીના દાગીનાની જેમ અંદરથી અસાર અને બહારથી પણ અસાર જાણવો

૨ તાપસ વગેરેનો ધર્મ અંદરથી સમ્યગ્ જ્ઞાન રહિત હોવાથી અને બહારથી અનન્તકાય, કંદમૂળ, સેવાળ આદિનું ભક્ષણ, છ જીવનિકાયની હિંસામય ક્રિયા હોવા છતા વનવાસ, ઝાડની છાલના વસ્ત્ર અને કિંચિત્ તપ વગેરે ત્યાગ જોઈ મુગ્ધ જીવો લોભાય છે આવો ધર્મ તે વેશ્યાના આભરણની જેમ અંદરથી અસાર અને બહારથી-દેખાવમાત્રથી સારભૂત જાણવો

૩ સમ્યક્ પ્રકારે દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધા સહિત હોવાથી અંદરથી પાપથી ભીરૂ હોય છે જ્યારે બાહ્ય ક્રિયામા સ્થૂળ વધાદિનું અવિરતિપણું, તપસ્યા વગેરે કષ્ટો આદિ રહિત હોવાથી તે ધર્મ ગૃહસ્થના આભરણની જેમ અંદરથી સારભૂત અને બહારથી અસારભૂત જાણવો

૪ સમ્યક્ દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધાએ સહિત હોવાથી અંદરથી સારભૂત હોય છે અને બહારથી સર્વવિરતિ આદિ શુભ ક્રિયાઓએ કરી સારભૂત હોય છે આવો જે ધર્મ તે રાજાના આભરણની જેમ અંદરથી સારભૂત અને બહારથી સારભૂત જાણવો

ધર્મને આશ્રીને જીવોનો અધિકાર સટીક ઉપદેશ રત્નાકરથી જાણવો

मोयाग१वेसर२गिहवइ३रायक४रंडोवमा चउहा गुरुणा।
सुअचरणाहिं जहुत्तर असार य सारा य ॥ ३ त ३॥

ભાવાર્થ–ચાડાળ૧, વેશ્યાર, ગૃહપતિ૩ અને રાજા૪ના કરંડિયાની ઉપમા સંજ્ઞા શ્રુત અને ચારિત્ર આદિએ કરી અનુક્રમે અસાર અને સાર એવા ચાર પ્રકારના ગુરુઓ હોય છે (મુ પ ૪૨)

અહીં ભાવના નીચે પ્રમાણે

૧. જેવી રીતે ચાડાળનો કરંડિયો ચામડાનો હોય છે તે કરંડિયામાં ચામડા માટેના હથિયારો, વાધરી વગેરે હોય છે, જેથી અતીવ–અસાર હોય છે, તેવી રીતે પાસત્થા ગુરુઓ લોકને રંજન કરવાવાળી કથાઓ અને જ્યોતિષ આદિ સ્વરૂપવાળા સૂત્રો અને અર્થોને ધારણ કરનારા હોય છે, તેમ તથા પ્રકારની સાધુક્રિયાથી હીન હોવાથી ચાડાળના કરંડિયા સમાન અતીવ અસાર જાણવા

૨ જેવી રીતે વેશ્યાનો કરંડિયો લાખથી ભરેલા ને સોનાથી રસેલા આભરણવાળો હોય છે તેથી તે ગૃહસ્થના કરંડિયાથી અસાર હોય છે, પરન્તુ ચાડાલના કરતા સારભૂત હોય છે તેવી રીતે કેટલાક ગુરુઓ અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલા શ્રુતનો અંશ અને સામાન્ય કિંચિત્ ક્રિયાના પ્રવર્તન અને વાણીના આડંબર વડે ભોળા લોકોને આવર્જન કરે છે પરન્તુ પરીક્ષામાં અસમર્થ નીવડે છે તે ગુરુઓ વેશ્યાના કરંડિયાના સમાન જાણવા.

૩ જેવી રીતે ગૃહસ્થના કરંડિયામાં મણિ અને સુવર્ણ આદિમય આભરણો હોવાથી સારભૂત હોય છે, તેવી રીતે કેટલાક ગુરુઓ સ્વપર શાસ્ત્રના જ્ઞાતા અને સમ્યક્ ક્રિયા આદિ ગુણથી યુક્ત હોય છે તે ગુરુઓ ગૃહસ્થના કરંડિયા સમાન જાણવા

૪ જેવી રીતે રાજાના કરંડિયામાં અમૂલ્ય રત્ન આદિથી જડેલા આભરણો હોય છે, તેવી રીતે કેટલાક આચાર્યો આચાર્યના ગુણોને ધારણ કરનાર, અતિશયવાળી વિવિધ લબ્ધિઓની સમૃદ્ધિવાળા **શ્રીગૌતમસ્વામી**ની પેઠે અત્યન્ત સારભૂત હોય છે તે રાજાના કરંડિયા સમાન જાણવા

**मज्झबहिसारऽसारा, रयणा धाऽऽयरियरमणरसड्ढइजिआ ॥ सपरुभयाणुभयाणोवयारओ हुति चउभेया ॥ ४ त ४ ॥**

**ભાવાર્થ**–જેવી રીતે રત્નો અંદરથી અસાર અને બહારથી અસાર ૧, અંદરથી અસાર ને બહારથી સાર૨, અંદરથી સાર અને બહારથી અસાર૩ તથા અંદરથી સાર ને બહારથી સાર૪–એમ ચાર પ્રકારના હોય છે, તેવી રીતે આચાર્ય, સાધુ, શ્રાવક અને સામાન્ય જીવો સ્વ-ઉપકાર, પર-ઉપકાર, ઉભય-ઉપકાર અને અનુભય-ઉપકારે કરી અંદરથી અસાર, સાર, બહારથી સાર તથા અસાર વગેરે સ્વરૂપે ચાર પ્રકારના હોય છે (સુ પ ૪૬)

**અહીં ભાવના નીચે પ્રમાણે**

૧ કાચમણિ અંદરથી અને બહારથી બન્ને રીતે અસાર હોય છે

૨ મકુકી આદિ ગર્ભિત રત્ન અદરથી અસાર હોય છે, જ્યારે બહાર દેખાવમાત્રથી સારભૂત લાગે છે

૩ ખાણ આદિની માટીથી મેલા જાતિરત્નો બહારથી લાગેલી માટી આદિના કારણે અસાર લાગે છે, જ્યારે તે અદરથી સારભૂત હોય છે

૪ વિધિપૂર્વક સસ્કાર કરેલુ જાતિરત્ન બહારથી અને અદરથી બન્ને રીતે સારભૂત હોય છે

## (૧) રત્નોને આશ્રીને આચાર્યો

૧ કેટલાક આચાર્યો પોતે ચારિત્રના આચારોમા શિથિલ હોવાએ કરી અદરથી અસાર હોય છે અને સમ્યક્ દેશના-શાસ્ત્રાનુસારી દેશનાના અભાવે કરી બહારથી પણ અસાર હોય છે આવા પોતાને અને બન્નેને સસારસમુદ્રમા ડુબાડનાર હોવાથી ઉભય-અનુપકારી છે તેઓ પાસત્થાના દૃષ્ટાન્તથી કાકર્માણુ સમાન જાણવા

૨ કેટલાક આચાર્યો પોતે ચારિત્રના આચારોમા શિથિલ હોવાએ કરી અદરથી અસાર હોય છે, પરન્તુ બીજાઓને સમ્યક્ દેશના-શાસ્ત્રાનુસારી દેશનાને દેવાથી બહારથી સારભૂત હોય છે આવા આચાર્યો પોતાને વિષે અનુપકારી અને બીજાની ઉપર ઉપકારી હોવાથી તે મકુકી આદિ ગર્ભિત રત્ન સમાન જાણવા.

૩ કેટલાક આચાર્યો પોતે ચારિત્રના આચારોમા સપૂર્ણ હોવાએ કરી અદરથી સારભૂત હોય છે, જ્યારે

બીજાઓને સમ્યક્ દેશના આદિ દેતા ન હોવાથી અસારભૂત લાગે છે આવા આચાર્યો જિનકલ્પની તુલના કરનાર આર્ય મહાગિરિના સરખા પોતાને જ ઉપકાર કરનાર તે આગીથી મલિન રત્ન સમાન જાણવા

૪ કેટલાક આચાર્યો ચારિત્ર આદિ આચારોનું સમ્યક્ પાલન કરનાર હોવાથી કરી અંદરથી સારભૂત હોય છે અને સમ્યક્ દેશના આદિએ કરી બહારથી પણ સારભૂત છે આવા આચાર્યો સ્વ-પર-ઉપકારી હોવાથી શ્રીગૌતમસ્વામીના દૃષ્ટાન્તથી જાતિરત્ન સમાન જાણવા

## રત્નોને આશ્રીને સાધુઓ

૧ કેટલાક સાધુઓ પોતે સ્વ આત્માને લાભ કરનાર સંયમ ગુણોથી હીન હોવાને લઈ અંદરથી અસાર હોય છે, પરને સમ્યક્ માર્ગની દેશના આદિથી ઉપકાર કરતા નહીં હોવાથી બહારથી અસાર હોય છે આવા સ્વ-પર-અનુપકારી હોવાથી કાચમણિ સમાન જાણવા

૨ કેટલાક સાધુઓ પોતે સ્વ આત્માને લાભ કરતા સંયમ ગુણોથી હીન હોવાને લઈ અંદરથી અસાર હોય છે, પરન્તુ ગ્લાન આદિ અવસ્થાને પામેલા ઉત્તમ મુનિઓની વૈયાવચ્ચ આદિ કરતા હોવાથી બહારથી સારભૂત હોય છે આવા સાધુઓ સંવિગ્ન પાક્ષિકના દૃષ્ટાન્તથી અંદરથી અસાર અને બહારથી સારભૂત પોતાના ઉપર અનુપકારી તથા બીજાની ઉપર ઉપકારી હોવાથી મકુમી રત્નના સમાન જાણવા

૩ કેટલાક સાધુઓ પોતે પોતાના આત્માને લાભ કરતા સંયમના ગુણોને આચરનારા હોય છે, પરન્તુ બીજા આત્માઓને દેશના વગેરેએ કરી ઉપકાર કરતા નથી આવા સાધુઓ સ્વ-ઉપકાર કરતા પ્રતિમાને સ્વીકારનારા જિનકલ્પી આદિના દૃષ્ટાન્તથી અંદરથી સારભૂત અને બહારથી અસાર દેખાતા ખાણમાં પડેલા જાતિરત્ન સમાન જાણવા

૪ કેટલાક સાધુઓ પોતે પોતાના આત્માને લાભ કરતા સંયમના ગુણોને આચરનારા હોઈ અને બીજાના આત્માઓને દેશના આદિએ કરી ઉપકાર કરે છે આવા સાધુઓ સ્વ-પર-ઉપકારી શ્રીનંદિષેણજી આદિના દૃષ્ટાન્તથી અંદરથી સાર અને બહારથી સાર એવા જાતિરત્ન સમાન જાણવા

**રત્નોને આશ્રીને શ્રાવકો**

૧ કેટલાક શ્રાવકો સ્વયં ધર્મક્રિયામાં પ્રમાદી હોવાથી પોતે ભવસમુદ્રમાં ડૂબે છે, તેમજ બીજાઓને ધર્મ કરવાની પ્રેરણા નહીં કરવાથી, ધર્મકાર્યમાં સહાય નહિ આપવા વગેરેથી રહિત, દ્રવ્ય-ભાવથી આપત્તિમાં આવી પડેલા સ્વજનો, પરિજનોને નહીં તારતા હોવાથી બહારથી અને અંદરથી સાર વિનાના ઉભય-અનુપકારી છે આવા શ્રાવકો મહદેવના દૃષ્ટાન્તથી કાચમણિ સમાન જાણવા

૨ કેટલાક શ્રાવકો પોતે ધર્મક્રિયામાં પ્રવર્તતા નથી, પરન્તુ બીજાઓને ધર્મક્રિયામાં પ્રવર્તાવે છે, તેમજ ધર્મનો ઉપદેશ, વિઘ્નોના નિવારણ વગેરેથી સહાયભૂત થાય છે, તે શ્રાવકો સ્વ-અનુપકારી અને પર-ઉપકારી હોઈ અંદરથી

અસાર ને બહારથી સારભૂત છે તે શ્રીકૃષ્ણના દૃષ્ટાન્તથી મંડુક રત્ન સમાન જાણવા.

૩ કેટલાક શ્રાવકો સ્વયં ધર્મક્રિયાઓમાં પ્રવર્તતા હોય છે પરન્તુ તથા પ્રકારના કારણોથી બીજાઓને ધર્મનો ઉપદેશ, સહાય વગેરે કરવામાં અસમર્થ હોવાથી તે શ્રાવકો સ્વ-ઉપકારી અને પર ઉપર અનુપકારી હોઈ અંદરથી સારભૂત અને બહારથી અસારભૂત હોય છે તેવા શ્રાવકો **વિમલના** દૃષ્ટાન્તથી ખાણમાં રહેલા જાતિરત્ન સમાન જાણવા.

૪ કેટલાક શ્રાવકો સ્વયં ધર્મક્રિયાઓમાં પ્રવર્તતા હોય છે અને બીજાઓને પણ તથા પ્રકારનો ઉપદેશ, સહાય આપવા આદિનો ઉપકાર કરનારા હોય છે તે શ્રાવકો ઉભય-ઉપકારી હોઈ અંદરથી અને બહારથી સારભૂત હોય છે તેવા શ્રાવકો **શ્રીકુમારપાલ** મહારાજના દૃષ્ટાન્તથી જાતિરત્ન સમાન જાણવા.

આવી રીતે **સામાન્ય જીવોમાં** પણ સ્વયં સમજી લેવું.

वयण१किरियाहि२साराऽसाराइजह हुति चउविह कवाला।
तह गुरु१सीसा२सावय३ वाया१विणयाइ२कम्मेहिं ॥२८॥

**ભાવાર્થ**—વચન અને ક્રિયા વડે કરી જેવી રીતે સાર અને અસાર એવા ચાર પ્રકારે કપાલો (માથાની ખોપરીઓ) હોય છે તેવી રીતે વાચા અને વિનય આદિ ક્રિયાઓ કરી ગુરુ, શિષ્ય અને શ્રાવકોની ચતુર્ભંગી જાણવી (મુ૦ પ ૪૨)

**અહીં ભાવના નીચે પ્રમાણે**

જેવી રીતે અધિષ્ઠાયકે કરી સહિત કેટલીક ખોપરીઓ હોય છે તેમા ૧ કેટલીક વિધિપૂર્વક પૂજેલી ખોપરીઓ પાચસો રત્ન લે તેમ બોલે છે અને તુરત જ આપે છે તે વાણી વડે અને કાર્ય વડે સારભૂત હોય છે ૨ કેટલીક ખોપરીઓ આપવાનુ બોલે છે, પરન્તુ આપતી નથી તે વાણી વડે સારભૂત હોય છે, પરન્તુ કાર્ય વડે અસાર હોય છે ૩ કેટલીક ખોપરીઓ કઈ પણ આપવાનુ બોલતી નથી, પરન્તુ આપે છે તે વાણી વડે સારભૂત હોતી નથી, પરન્તુ કાર્ય વડે સારભૂત હોય છે ૪ કેટલીક ખોપરીઓ સામાન્ય હોય છે જે આપવાનુ બોલતી નથી અને આપતી પણ નથી

તેવી રીતે ૧ કેટલાક ગુરુઓ વાણીમા સારભૂત હોય છે અને વિનયાદિમા પણ સારભૂત હોય છે ૨ કેટલાક ગુરુઓ વાણીમા સારભૂત હોય છે, પરન્તુ વિનયાદિમા સારભૂત હોતા નથી ૩ કેટલાક ગુરુઓ વાણીમા સારભૂત હોતા નથી, પરન્તુ વિનયાદિમા સારભૂત હોય છે ૪ કેટલાક ગુરુઓ વાણીમા સારભૂત હોતા નથી અને વિનયાદિમા પણ સારભૂત હોતા નથી

આ પ્રમાણે શિષ્યો અને શ્રાવકોમા પણ ચઉભગી સમજી લેવી

सप्प१मसग२ठग३वणिअ४यंख्गयौदनडयद्धेणु७ मदि८यधू । ९
पिय१०माय११कप्पतरुणा१२गुरुसाययधिमय दिट्ठंता ॥दत द॥

ભાવાર્થ—સર્પો, ચોરો, ઠગો, વાણિયાઓ, વાઝણી ગાયો, નટો, ગાયો, મિત્રો, ભાઈઓ, પિતાઓ, માતાઓ અને કલ્પવૃક્ષોના ગુરુ અને શ્રાવક ॥ વિષયમા દૃષ્ટાન્તો જાણવા

( મુ ૦૫૦દ૦ )

અહીં ભાવના નીચે પ્રમાણે
ગુરુને આશ્રીને

૧ જેવી રીતે **સર્પ** સ્વભાવે ક્રૂર, આકારે ભયકર, ફૂફાડે ડરાવનાર અને લબ્ધાવકાશે પ્રાણનો નાશ કરે છે, તેવી રીતે આવા સ્વભાવવાળા કેટલાક ગુરુઓ હોય છે

૨ જેવી રીતે **ચોર** શસ્ત્રાદિથી ભય આપી લોકોના ધન લૂટે છે, તેવી રીતે કેટલાક ગુરુઓ શ્રાપ આદિનો ભય દેખાડી શુદ્ધ ધર્મરૂપી ધનને લૂટે છે

૩ જેવી રીતે ઠગ કપટ ક્રિયાએ કરી ધન અને પ્રાણોને હરે છે, તેવી રીતે કેટલાક ગુરુ નામમાત્રને ધારણ કરનારા, હૃદયમા નાસ્તિક અને ક્રિયાના દમ્ભો વડે કરી લોકોને ઠગી શુદ્ધ ધર્મરૂપી ધન અને શુદ્ધ ધર્મરૂપી જીવનને ઠગી લેના । હોય છે

૪ જેવી રીતે **વાણિયો** મૂલ્ય વડે જ લોકોને કરિયાણા વગેરે આપે છે, તે સિવાય તે આપતો નથી, ગ્રાહકોને કપટી અને મીઠી વાણીએ કરી એવી રીતે આવર્જે છે કે તેઓ બીજી દુકાનોએ જાય નહીં અને સુખે કરી ઠગવાનુ શક્ય થાય તેમ કરે છે તેવી રીતે કેટલાક ગુરુઓ મૂલ્ય વડે જ સમ્યક્ત્વ, આલોચનાદિ દે છે, પ્રતિષ્ઠા આદિ કરાવે છે, રોગાદિની ચિકિત્સા કરે છે અને લાભાલાભના શુકનાદિ કહે છે આમ વિવિધ પ્રકારે આવર્જન થયેલા ધર્મના અર્થી

લોકો એવા બની જાય છે કે સુવિહિત ગુરુઓની અને તેમને અનુસરનારાઓની હાંસી કરે છે આવા ગુરુઓ પોતાની આજીવિકા આદિ માટે ધર્માદિનુ વેચાણ કરનાર અને પર લોકથી પરાઙમુખ બનનારા પોતે સસારમા રુળે છે અને પોતાને આશ્રિત બનેલાઓને સન્માર્ગથી પતિત કરી કુમાર્ગમા પ્રવર્તાવી રખડાવે છે

૫ જેવી રીતે **વાઝણી ગાય** હમેશા ચારો ખાય છે, પરન્તુ દૂધ આદિ આપતી નથી તેવી રીતે કેટલાક ગુરુઓ હમેશા સારા સારા આહાર, વસ્ત્રો ને પૂજાઆદિને ઈચ્છે છે કોઈ તે પ્રમાણે નથી કરતુ તો તેના ઉપર રોષ કરે છે બળાત્કાર પણ ગ્રહણ કરે છે પરન્તુ વિશિષ્ટ શાસ્ત્રાનુસારી ઉપદેશ આદિએ કરી શ્રદ્ધા ઉત્પન્ન કરતા નથી

૬ જેવી રીતે **નટ** વાચિક, કાયિક અને સાત્ત્વિક અભિનયો વગેરેથી પોતાનામા અછતા એવા હાસ્ય રસ, વૈરાગ્ય રસ વગેરે રસોનુ પોષણ કરી સભાજનોમા તે રસોની અસર ઉત્પન્ન કરે છે, તેવી રીતે કેટલાક ગુરુઓનુ ચિત્ત ધર્મથી બહાર રખડતુ હોવા છતા શ્રાવકો આદિ સમક્ષ તથા પ્રકારની ક્રિયાસમદને કરવામા તત્પરતા બતાવે અને વિવિધ પ્રકારની આક્ષેપણી વગેરે કથાઓ કરી પોતાનામા નહીં છતા એવા વૈરાગ્ય આદિ રસોને પોષી સભાજનોને ખુશ કરે છે ખુશ થયેલા સભાજનો વિવિધ પ્રકારના આહારો, વસ્ત્રો અને પુસ્તકો વડે તેમને સેવે છે

૭ જેવી રીતે ગાય ઘાસ આદિ ખાય છે અને દૂધ, દહીં અને ઘી તેનુ આપે છે તથા દર વર્ષે વાછરડાને જન્મ આપે છે, તેવી રીતે કેટલાક ગુરુઓ પ્રાસુ આહાર આદિ વડે જીવન નભાવે છે અને શુદ્ધ માર્ગનો દૂધ, ઘીના સમાન ઉપદેશ આપે છે તથા વૈરાગ્ય ઉત્પન્ન કરે છે

૮ જેવી રીતે મિત્ર પોતાના મિત્રને ધન આદિની ઇચ્છા વિના જ હિત-માર્ગમા પ્રવર્તાવે છે અને શાંતિના ઉપાયો કરી અહિત-માર્ગમાથી તેને તારે છે વળી તેના અપવાદોને ગોપાવી ગુણોને પ્રગટ કરે છે, તેવી રીતે કેટલાક ગુરુઓ શ્રોતાઓ-નભાજનો પાસેથી કોઇ પણ જાતની ઇચ્છા વિના તેને હિત-માર્ગમા પ્રવર્તાવે છે અને શાન્તિના ઉપાયોએ કરી કુમાર્ગે જતાને સન્માર્ગમા લાવે છે

૯ જેવી રીતે બન્ધુ હમેશા સ્નેહ-પૂર્વક હૃદયવાળો પોતાના બન્ધુને યથાવસરે હિતાદિની શિખામણ આપે છે, પરન્તુ તેના તરફની ભક્તિ કે વિનયની અપેક્ષા રાખતો નથી અને સંકટના સમયમા સહાય કરે છે તેવી રીતે કેટલાક ગુરુઓ શ્રદ્ધાળુ જીવો ઉપર અકૃત્રિમ વાત્સલ્યને ધારણ કરે છે અને હિતકારી ઉપદેશ હમેશા આપે છે, પરન્તુ તેના આદર આદિની અપેક્ષા રાખતો નથી વળી રોગાદિથી પરાભવ પામેલાને હિતશિક્ષાઓ આપી ધર્મમા સ્થિર કરે છે

૧૦ જેવી રીતે પિતા એકાન્ત પ્રેમને ધારણ કરતો પોતાના પુત્રને શાન્તિ વડે અને તાડન કરવા વડે કરી શિક્ષા

કરે છે અને શ્રેષ્ઠ પદને પમાડે છે, તેવી રીતે કેટલાક ગુરુઓ એકાન્ત હિતને ધારણ કરી બન્ને રીતે હિતશિક્ષાએ કરી મોક્ષરૂપી ઉચ્ચ સ્થાનને પમાડે છે

૧૧ જેવી રીતે માતા એકાન્ત પ્રેમને ધારણ કરી પોતાના પુત્રને શાન્તિના ઉપાયોએ કરી હિતશિક્ષા આપે છે, તેવી રીતે કેટલાક ગુરુઓ અનુકૂલ ભાવના આદિ કોમલ ઉપાયોએ કરી સન્માર્ગે લાવે છે

૧૨ કલ્પવૃક્ષ સર્વ સુંદર એવી ઇચ્છિત વસ્તુઓને આપે છે, તેવી રીતે જ્ઞાન, સર્વોત્તમ લબ્ધિઓને ધારણ કરનારા એવા કેટલાક ગુરુઓ પોતાના શિષ્યોને મનને ઇચ્છિત એવી તમામ સુખની સંપદાઓ પ્રાપ્ત કરાવનારા હોય છે જેમ શ્રીગૌતમસ્વામીજી

ઉપરના બાર પ્રકારના ગુરુઓમાંથી પ્રથમના છ ગુરુ આ સર્વથા અયોગ્ય જાણવા પછીના છ ગુરુ ઉત્તરોત્તર અધિક શુભ ફળના દેનારા જાણવા

### શ્રાવકોને આશ્રીને

૧ કેટલાક શ્રાવકો ગુરુ મહારાજના અમૃત સમાન ઉપદેશને સર્પની માફક વિષસ્વરૂપ કરી દે છે

૨ કેટલાક શ્રાવકો ગુરુ મહારાજના વચની માફક છિદ્ર ખોળનારા હોય છે

૩ કેટલાક શ્રાવકો ધર્મની ક્રિયાઓ આભાસમાત્ર કરી વિશ્વાસુઓના ધનને હરણ કેમ કરે છે

૪ કેટલાક શ્રાવકો આલોકના, મંત્ર, તંત્ર ને નિમિત્ત આદિકનો ગુરુ મહારાજ ઉપકાર કરશે, તેમ ધારી વાણિયાની જેમ આહારાદિની ભક્તિ કરે છે

૫. કેટલાક શ્રાવકો વાઝણી ગાયની જેમ ગુરુ મહારાજના ઉપદેશને નિષ્ફળ કરે છે

૬ કેટલાક શ્રાવકો ગુરુ મહારાજનો ઉપદેશ, ગુરુ મહારાજે કહેલી કથાઓ વગેરે લોકરંજન માટે નટની માફક કંઠસ્થ કરે છે, પરન્તુ પોતાના આત્માને જરા પણ ધર્મ-માર્ગમા પોષતો નથી

૭ કેટલાક શ્રાવકોને ગુરુ મહારાજનો ઉપદેશ મહાફળના માટે થાય છે, તે ગાયના દ્દષ્ટાન્ત સરખા જાણવા

૮ કેટલાક શ્રાવકો ગુરુ મહારાજ ઉપર પ્રીતિને રાખતા તેમના ઉપદેશને હિત-બુદ્ધિએ સ્વીકારે છે અને સ્વજનોથી અધિક માને છે, પરન્તુ અવસરે કાર્ય-વિશેષમા પ્રશ્નાદિના બહુમાનની અપેક્ષા રાખે છે, અને નહીં પૂછતા જરાક રોષ કરે છે તેવા શ્રાવકો મિત્રના દ્દષ્ટાન્ત સમાન જાણવા

૯ કેટલાક શ્રાવકો ભાઈની માફક ગુરુ મહારાજના વચનને હિતબુદ્ધિએ અંગીકાર કરે છે પરાભવાદિમા સહાય કરનારા થાય છે

૧૦-૧૧ કેટલાક શ્રાવકો પિતામાતાની માફક ગુરુ મહારાજ ઉપર એકાન્ત વાત્સલ્યને ધારણ કરનારા હોય છે,

પ્રમાદ આદિવાળી અવસ્થામાં આદિમાં સાધુઓને પણ હિતશિક્ષા આપે છે, પરન્તુ જરા પણ સ્નેહમાં ઓછાશ કરતા નથી

૧૨ કેટલાક શ્રાવકો શ્રાવકોના ઉત્તમમાં ઉત્તમ ગુણને ધારણ કરનારા, શ્રાવકોમાં અગ્ર સ્થાને ગણાતા અને ગુણોએ કરી દેવોને પણ પૂજ્ય એવા સ્વપર-ઉપકારમાં તલ્લીન હોય છે, તે કલ્પવૃક્ષ સરખા છે

अयतरि१सिआल२मक्कड३करि४हरि५भारंड६जलपोअ७निभा।
सपरभयवारितारणअसत्तसत्ता य इह गुरुणो ॥७॥

ભાવાર્થ- લોઢાની નાવડી૧, શિયાળ૨, વાંદરું ૩, હાથી૪, સિંહ૫, ભારંડ પક્ષી૬ ને જાતિવંત વહાણ૭ એ પ્રમાણે પોતાને અને બીજાને ભવરૂપી સમુદ્રમાંથી તારવામાં અશક્ત અને શક્ત એવા ઘણા ગુરુઓ હોય છે

गिंगिणि१ताल२कयन्ति३गिरिसिरवरतरु४निभा य इह गुरुणो।
सुहदुहगिज्झाऽसुहसुह धम्मफला केऽवि अवकेसी ॥८॥

ભાવાર્થ- ગીંગણનું વૃક્ષ૧, તાડનું વૃક્ષ૨, કેળનું વૃક્ષ૩, પર્વતના શિખર ઉપર રહેલું આમ્ર વૃક્ષ૪- આ ચાર જાતિના વૃક્ષો જેમ સુખે કરી ગ્રહણ કરવા યોગ્ય, દુઃખે કરી ગ્રહણ કરવા યોગ્ય, ખરાબ ફળવાળાં અને સારાં ફળવાળાં હોય છે તથા અવકેશી વૃક્ષ જેમ ફળ વગરનું હોય છે, તેમ ગુરુઓ સુખે કરી ગ્રહણ કરવા યોગ્ય, દુઃખે કરી ગ્રહણ કરવા યોગ્ય, ધર્મમાં અસત્ય ફળવાળા, સારા ફળવાળા હોય છે અને કેટલાક ગુરુઓ અવકેશી વૃક્ષ જેવા ફળ વગરના હોય છે (મુ પ ૭૧)

खारम्माइ अ पुक्खलसवट्टंता जहा बहू मेहा ।
इअ धम्मबीअहरणा, करणा य गुरूणमुवएसा ॥९ त ९॥

ભાવાર્થ– ખાર આદિ અને પુષ્કરાવર્ત વગેરે ઘણા પ્રકારના મેઘો જેવી રીતે બીજનો નાશ કરનાર અને બીજને ઉત્પન્ન કરનારા હોય છે, તેવી રીતે કેટલાક ગુરુઓના ઉપદેશો ધર્મરૂપી બીજનો નાશ કરનારા હોય છે અને કેટલાક ગુરુઓના ઉપદેશો ધર્મરૂપી બીજને ઉત્પન્ન કરનારા હોય છે (મુ પ ૭૬)

ખારો વરસાદ, ખાટો વરસાદ, અગ્નિનો વરસાદ, વિષનો વરસાદ જે યુગને અન્તે વર્ષતો એક એક કરતા વધુ બીજના નાશ માટે પ્રવર્તે છે, તેવી રીતે કેટલાક ગુરુઓનો ઉપદેશ યથોત્તર ધર્મબીજના નાશ માટે પ્રવર્તે છે

પુષ્કરાવર્ત મેઘ, ક્ષીર મેઘ, ઘૃત મેઘ, અમૃત મેઘ અને રસ મેઘો જેમ કલ્પની આદિમા તમામ બીજોના માટે યથોત્તર ફળવાળા હોય છે, તેમ કેટલાક ગુરુઓનો ઉપદેશ યથોત્તર ધર્મબીજની વૃદ્ધિ કરવામા પ્રવર્તે છે,

पुरनिद्धमणनवपुअसरिअम्हुरपोदरमाणसप्पसरामा ।
दोसगुणेहिं चउहा गुरुणा तहेमणा य जिआ ॥१० त १०॥

ભાવાર્થ– નગરની ખાળ૧, નવા જલથી ભરેલ નાનું તલાવર, નવા જલથી ભરેલ વિશાળ સરોવર૩ અને માનસ સરોવર જેવી રીતે અનુક્રમે કેવલ દોષ૧, બહુ દોષ અલ્પ ગુણ૨, અલ્પ દોષ બહુ ગુણ૩ અને કેવલ ગુણ૪વાળા હોય છે, તેવી રીતે

કેટલાક ગુરુઓ, તેમની દેશનાઓ અને જીવો દોષગુણે કરી અનુક્રમે ચાર પ્રકારના હોય છે (મુ પ ૭૮)

अह मज्झविहासु पयमज्जेहिं हवंति चउ कलसा।
णाणाइअगुणदेसणमामरथेहिं तहा गुरुणो ॥११ त ११॥

ભાવાર્થ– જેવી રીતે અંદર દૂધ અને ઢાકણ દારૂનુ ૧, અંદર દારૂ અને ઢાકણ દારૂનુ ૨, અંદર દારૂ અને ઢાકણ દૂધનુ ૩ અને અંદર દૂધ અને ઢાકણ દૂધનુ ૪–એમ ચાર પ્રકારના કળશો હોય છે, તેવી રીતે જ્ઞાનાદિ ગુણવાળી દેશના અને સૌભાગ્યને આશ્રીને ચાર પ્રકારના ગુરુઓ હોય છે (મુ પ ૮૪)

मिसुकेलीसर१रव्वा॰ खीअरुपढमल॰णवा बहिं अंता।
चउहा असारमारा तह गुण१वायाइहिं२गुरुणो ॥१२ त १२॥

ભાવાર્થ– બાલકોએ રમત માટે બનાવેલ ધૂળનું સરોવર ૧, રધાતી એવી સળર, બીજો ક્ષીરોદધિ સમુદ્ર૩, પ્રથમ એવો લવણ સમુદ્ર૪ – જેમ અનુક્રમે અંદરથી અસાર અને બહારથી અસાર, અંદરથી અસાર અને બહારથી દેખાવમાત્રમા સાર, અંદરથી સાર અને બહારથી અસાર અને અંદરથી સાર તથા બહારથી સાર– એમ ચાર પ્રકારે હોય છે, તેવી રીતે ગુરુઓ ચારિત્ર આદિ ગુણે અને માર્ગોપદેશની વાણી વડે ચાર પ્રકારના હોય છે (મુ પ ૮૬)

निव१पिया॰२नालिअर३कयलि॰ट॰मनिहा बहिअंता।
चउहा असारमारा गुरु१मुणिर मावय३जिआइ हुंति ॥१३ त १३॥

ભાવાર્થ– જેવી રીતે ૧ લીંબડાનુ ફળ, ૨ રાયણનુ ફળ, ૩ નાળિયેરીનુ ફળ ને ૪ કેળનુ ફળ અંદરથી અસાર અને બહારથી અસાર, બહારથી સાર અને અંદરથી અસાર, અંદરથી સાર અને બહારથી અસાર, અંદરથી સાર અને બહારથી સાર અનુક્રમે હોય છે, તેવી રીતે ગુરુઓ, સાધુઓ, શ્રાવકો અને સામાન્ય જીવો હોય છે (મુ પ ૮૮)

फल१जल२छाया३हिं जुआ इगदुतिजोगहिं जह वणा अट्ठ।
अट्ठविहा तह गुरुणो चरित्तनाणोवएसेहिं ॥१४ त १४॥

ભાવાર્થ–જેવી રીતે ફળ, જલ અને છાયાએ સહિત અને અસહિતના એક, દ્વિક અને ત્રિકના યોગે કરી (૩+૩+૧=૭) અને તેના અભાવે કરી એક (૭+૧=૮) એમ આઠ પ્રકારના વનો હોય છે, તેવી રીતે ચારિત્ર, જ્ઞાન અને ઉપદેશે કરી આઠ પ્રકારના ગુરુઓ હોય છે (મુ૦ પ૦ ૯૦)

जल१फल२छाया३तित्थ४ऽविणआ नगा सोल जह तहा गुरुणो।
इगदुतिचउजोगहिं सुअ१चरण२उवएस३ऽइसएहिं ॥१५ त १५॥

ભાવાર્થ– જેવી રીતે જળ, ફળ, છાયા અને, મહિમા સહિત જિનપ્રાસાદરૂપ તીર્થે કરી યુક્ત ને, અયુક્તના ચતુષ્ક યોગે ૧, ત્રિક યોગે ૪, દ્વિક યોગે, ૬, એક યોગે ૪ અને ચારના અભાવે ૧–આમ ૧૬ પ્રકારના નગો–પર્વતો હોય છે, તેવી રીતે શ્રુત, ચારિત્ર, ઉપદેશ અને અતિશયો વડે સોળ પ્રકારના ગુરુઓ હોય છે (મુ૦ પ૦ ૯૩)

फीडय१खज्जोआ२घड३गिह४गिरि५दीवयगहिंद६कु७सुरा८मा।
सपरप्पयहुपयासा, नाणाइहिं अट्ठहा गुरुणो ॥१६ त १६॥

ભાવાર્થ—ચકચકતા દીવાનુ તેજ ૧, આગિયાનુ તેજ ૨, ઘડામા રહેલા દીવાનુ તેજ ૩, ઘરમા રહેલા દીવાનુ તેજ ૪, પર્વત ઉપરના દીવાનુ તેજ ૫, ગ્રહોનુ તેજ ૬, ચન્દ્રનુ તેજ ૭, સૂર્યનુ તેજ—આમ આઠ પ્રકારના તેજ સ્વ પ્રકાશ, પર પ્રકાશ, અલ્પ પ્રકાશ, બહુ પ્રકાશવાળા હોય છે, તેની રીતે જ્ઞાનાદિ (આદિમા-મહિમા, ક્રિયાદિ ગુણની પ્રભા)એ કરી આઠ પ્રકારના ગુરુઓ હોય છે (મુ૦ ૫૦ ૯૬)

इति गुरुगतयोग्यायोग्यत्वविचारणामा
द्वितीयस्तरङ्ग

એ પ્રકારે ગુરુ સંબધી યોગ્ય-અયોગ્ય
વિચાર નામનો પ્રથમ તટનો
બીજો અંશ

સમાપ્ત



बाल १ यअरजरिजुयभक्खिअपरण्डइक्खुदण्डरसा ।
सुहसुहअणुयहुतरतमफल्या इअ मिच्छजिणधम्मा ॥१ त १॥
॥ इय पावयिरइगुण्ण इत्यपि पाठ ॥

ભાવાર્થ– અન્ધ બાલક, દેખતો બાલક, વૃદ્ધ અને યુવાન વડે ખાધેલ એરંડ (દીવેલી)નું ચકું, એરંડાનો રસ, શેલડીનો સાંઠો, શેલડીનો રસ જેવી રીતે ક્રમે કરી અલ્પ, બહુ, બહુતર અને બહુતમ પિત્તને વધારવામાં અને પિત્તને શમાવવામાં કારણભૂત થાય છે, તેવી રીતે મિથ્યાત્વ અને જૈન ધર્મ (સમ્યક્ત્વ આદિસ્વરૂપ) સમજવા પાઠાન્તરથી પાપ આદિ અને વિરતિના ગુણો, ભાવના આદિના તફાવતથી ચાર પ્રકારે અશુભ, શુભ આદિ ફળવાળો થાય છે (મુ૦ પ૦ ૯૭)

कथरि१समीवाउल२गिरि३निव४सुरवण५समाण(मु०
समा० पाठ) पण धम्मा ।
नाहिअ१भिक्खार२तावस३सावय४ जइधम्म५मेएहिं ॥२ त० २॥

ભાવાર્થ– કન્થેરનું વન૧, સમીપ મધુવનું વન૨, ગિરિવન૩, નૃપવન૪ અને સુરવન૫ના સરખો અનુક્રમે નાસ્તિકોનો ધર્મ૧, બૌદ્ધોનો ધર્મ૨, તાપસોનો ધર્મ૩, શ્રાવકોનો ધર્મ૪ અને સાધુઓનો ધર્મ જાણવો (મુ૦ પ૦ ૧૦૧)

मुच्छिमतिरिभयणवणो१ पणिंदि सद्दमारि२ मिच्छनरयभे३ ।
अच्चुअ मइ्द४ अभव्या गविज्जे५ मुणि सियइ धम्मा ॥३॥

ભાવાર્થ-સમ્મૂર્છિમ તિર્યંચો પ્રથમ ગુણસ્થાને હોવાથી (મિથ્યાત્વ તપ આદિ અનુષ્ઠાન વડે) અથવા અમમ નિર્જરા આદિથી ઉત્કૃષ્ટે 'भवणवणे' ભવનપતિ, વ્યન્તરોમા ઉત્પન્ન થાય છે ગર્ભજ તિર્યંચ પચેન્દ્રિયો જાતિસ્મરણ આદિથી અથવા અતિશય જ્ઞાનીના ઉપદેશથી બોધિ પ્રાપ્ત થયે જૈનના તપ, અનુષ્ઠાનોથી 'सहसारि' ઉત્કૃષ્ટથી આઠમા સહસ્રાર કલ્પમા ઉત્પન્ન થાય છે૨ મિથ્યાદષ્ટિ ગર્ભજ મનુષ્યો ઘણા તપ ને કષ્ટવાળા અનુષ્ઠાનોથી ઉત્કૃષ્ટે 'बंभे' પાચમા બ્રહ્મલોકમા ઉત્પન્ન થાય છે૩ શ્રાવકો ઉત્કૃષ્ટથી 'अच्चुअ' અચ્યુત દેવલોકમા ઉત્પન્ન થાય છે૪ અભવ્યો સમ્યક્ ચારિત્ર અને દુષ્કર તપ, અનુષ્ઠાનોથી 'गविज्जे' ગ્રૈવેયકમા ઉત્પન્ન થાય છે૫ અને મુનિ મહાત્માઓ ઉત્કૃષ્ટથી 'सिद्धे' મોક્ષમા જાય છે૬ તેથી પૂર્વની ગાથામા કહેલા પાચમા યતિધર્મને વિચારો (આ ત્રીજી ગાથા ટીકા વારે બીજી ગાથાની ટીકામા (મુદ્રિત પત્ર ૧૦૫મા) ટીકા સહિત મૂકેલી દેખાય છે)

मलहा१ममयरहसो३रगरमिग५मामाहसद्दविरा७सुगट८करिणोर । हरि१०भारहा११व जहा तह सुहसुहिणा (दुहसुहिणो) सुहरिथनरा ॥४॥

माहिअ१वरपिंडोलग५नियोगि३नियरमिन्दद्दिट्टि५पासत्था६ तिविहगिहि७-८-९दुविहमुणिणा१०-११इकारमं कुगइसुगइगया (गतिद्वयापेक्ष) युग्मम ॥६ त ३॥

ભાવાર્થ– જેવી રીતે પતંગિયા૧, મચ્છર૨, માછલુ૩, નર્પ૪, મગ૫, મલ્લાદ્દગ૬, બિલાડી૭, ચોપટ૮, હાથી૯, સિહ૧૦ અને બારડ૧૧ જેવી રીતે સુખ–દુઃખને અનુભવે છે તેવી રીતે સુખના અર્થી નાસ્તિક૧, બલાત્કારથી પિંડ લેનાર૨, રાજાના સેવક૩, રાજા૪, મિથ્યાદષ્ટિ૫, પાસત્થા૬, ના૧ પ્રકારના ગૃહસ્થો ૭–૮–૯ અને બે પ્રકારના ગુરુઓ ૧૦–૧૧ એમ અગિયાર પ્રકારના મનુષ્યો ખરાબ ગતિ અને સારી ગતિમા ગયા (મુ ૫ ૧૦૬)

## અત્ર ભાવના નીચે પ્રમાણે

૧ જેવી રીતે સુખના અર્થી **પતંગિયા**ઓ ચક્ષુ–ઇન્દ્રિયના વશથી અગ્નિમા પડી નાશ પામે છે, તેવી રીતે વિષય-સુખમા લંપટ એવા **નાસ્તિકો**ની જેમ નાશ પામે છે અને અનન્ત દુખનુ પાત્ર થાય છે

૨. જેવી રીતે સુખના અર્થી **મચ્છરો** રુધિર પીવા વડે મનુષ્ય આદિને દશ દેતા હાથ વગેરેની આફતથી મરણને–શરણ થાય છે, તેવી રીતે **બળાત્કારી** ભિક્ષાથી જીવનારાઓ, ઉપલક્ષણથી ચોરો, લૂટારુઓ, પારકા છિદ્ર ખોળનારાઓ, પર દ્રવ્યના અભિલાષીઓ, વિવાહ, સાધર્મિકવાત્સલ્યાદિ હર્ષના કાર્યોમા માથુ, પેટ કૂટવા આદિ કુકર્મો કરવા વડે અને બીજા પણ કુકર્મો વડે બીજાઓને ઉદ્વેગ ઉત્પન્ન કરનારાઓ, પોતાનુ પેટ ભરવુ તે જ માત્ર સુખના અભિલાષીઓ સુખના અર્થીપણાએ કુકર્મમા પ્રવર્તતા આ

લોકમાં નિંદા-ગર્હાને પાત્ર થાય છે અને પરલોકમાં દુઃખોને અનુભવે છે.

૩ જેવી રીતે મત્સ્યો સુખના અર્થીપણે રસની લોલુપતાથી માછીમારની જાળમા પડી નાશ પામે છે, પોતાનું પેટ ભરવા પોતાના ઘણા બળના ગર્વથી અલ્પ બળવાળા પોતાની જાતવાળાનું ભક્ષણ કરવાનું પાપ કરે છે, તેવી રીતે રાજ્યસેવકો પોતાના સ્વામીના બળથી શિષ્ટ ધનવાનોના છિદ્ર ખોળે છે, પોતાનું મહત્ત્વ સાધવા માટે અને રાજાને રંજન કરવા માટે શિષ્ટોને દંડ, સંતાપ આદિ કરે છે ગામો લૂંટવા, ધાડ પાડવા આદિ કૃત્યો કરે છે, ઉપાયો વડે ચાણિક્યની માફક રાજાઓનો નાશ કરે છે, રાજાઓને ઝેર આપે છે, યુદ્ધાદિઓ મહાન્ પાપના આરંભવાળા કાર્યો પણ કરે છે અને કરાવે છે, આવાઓ અહીં પણ રાજ્યદંડ, શિક્ષા, ભૂખ, તરસ, તાડન, છેદન વગેરે દુઃખો ભોગવે છે પરલોકમા દુર્ગતિના પડી અનન્તા ભવો દુઃખ ભોગવે છે

૪ જેવી રીતે સર્પો સ્વભાવથી ક્રૂર, ક્રોધી, અભિમાની, હોય છે, પગના સ્પર્શમાત્ર જેવા કારણમા બીજાઓને દુઃખ દે છે યાવત્ મારી પણ નાખે છે આહાર આદિ માટે દેડકા, ઉંદરો અને પક્ષીઓના બચ્ચાઓનુ ભક્ષણ કરે છે, નાના સર્પોને ગળી જાય છે, પોતાનાં બચ્ચાઓનુ પણ ભક્ષણ કરે છે, ફૂટાના આટોપ આદિ કરી જગતને ભય પમાડે છે, મોહથી ધન ઉપર અધિષ્ઠિત થઈ રહે છે અને દૃષ્ટિવિષ વડે મારી નાખે છે તે વગેરે અનેક પાપો કરતા આ ભવમા

સમર્થો વડે પાપથી અથવા ભયથી નાશ પામે છે, માન્ત્રિકો-ગારુડીઓ પ કડી પકડી ઘેર ઘેર ભમાવે છે કરડિયામા ભૂખ, તરસ આદિ કષ્ટોને સહન કરે છે પરલોકમા યાવત્ પાચમી નારકીમા અનેક દુ ખો અનુભવે છે તેવી રીતે **રાજાઓ** ક્રૂર સ્વભાવવાળા, મિથ્યા ઠકુરાઇથી અભિમાની, મહા પાપોથી પરલોકના ભય વિનાના, થોડા અપરાધ વડે ક્રોધી બનેલા નગરનો, મનુષ્યોનો ઘાત વગેરે મહાપાપો કરે છે દેશોમા, ગામોમા ધાડા પડાવી બાળી નાખવુ આદિ પણ કરે છે મ્લેચ્છો વગેરે મ દિરો આદિનો નાશ પણ કરે છે, તેવી રીતે ભયકર એવા યુદ્ધના આરભો વડે નરકના દુ ખો પેદા કરે છે **પાડવોની** જેમ ગોત્રવધ આદિ પાપો કરે છે, **પરશુરામની** માફક પુત્ર, પિતા, માતા, ભાઇ ને સ્ત્રી આદિનો ઘાત પણ કરે છે મોટા રાજાઓ નાના રાજાઓને ઉદ્વેગ પમાડે છે, વિડબના કરે છે યાવત્ મારી નાખે છે આ લોકમા પણ આવા રાજાઓ બીજા રાજાઓથી વિડબના, નાશ આદિને પામે છે અને પરલોકમા પણ યાવત્ સાતમી નારકીના દુ ખો ભોગવે છે

(આ ચારે પ્રકારો ફક્ત વિષયો અને ધનની અભિલાષા વડે પ્રાયે ધર્મથી વિમુખો જ હોય છે )

૫ જેવી રીતે **હરણો** શિકારીઓએ એક દિશામા આપેલા પાશને જોઇ મરણથી, ભયથી શરણને રક્ષણને ઇચ્છતા છતા પણ તેના ઉપાયને નાશવાની દિશાને નહીં જાણતા તેવી રીતે નાશે છે કે પાશમા જ પડે છે સુખના

અર્થી એવા છતા પણ બન્ધ, મરણાદિની કદર્થનાના દુ ખો અનુભવે છે એવી રીતે લૌકિક **મિથ્યાદૃષ્ટિઓ**, બૌદ્ધ, શૈવ વગેરેના મતના અનુસરતા સાધુઓ, બ્રાહ્મણો વગેરે અને તેમને અનુસરતા રાજાઓ, પ્રધાનો, વાણિયાઓ વગેરે કંઇક વિનાશ ઉત્પન્ન કરનારા ઉપદેશથી જન્મ, જરા, મરણનાં દુ ખોના ભયથી બચવાની દિશાને નહીં જાણતા, કુગુરુઓના કથન કરેલા શાસ્ત્રોથી મૂઝાયેલા, તેઓએ દેખાડેલા ધર્મને નહિ સાધનાર હોવાથી અસત્ય એવા યજ્ઞ, અગ્નિહોમ, કુદેવપૂજા, પશુહોમ, વધ, માઘ, આદિ સ્નાન વગેરે મહા આરંભમય અનુષ્ઠાનોને ધર્મબુદ્ધિથી કરતા પાપબન્ધની જાળમા પડતા આ લોક અને પરલોકના અનન્તા ભવોના દુ ખોની પરંપરાથી મુક્ત થતા નથી

૬ જેવી રીતે **મામાહમ** પક્ષી રસનાઇન્દ્રિયને વશ પડેલા પરિણામે વિરસ ક્રિયાને જાણતા છતા માંસની આસક્તિથી સૂતેલા સિહના ફાડેલા મુખની દાઢની અદર રહેલા માસને ચાચ વડે જલદીથી લઈ વૃક્ષ આદિ ઉપર બેસીને '**મા માહસ મા માહમ**' એમ બોલતા માસ ખાતા વારવાર તેમ કરવાથી પાછા નહીં હઠતા, એક સમયે સિહના મુખરૂપી યન્ત્રમા પીડાય છે અને સુખના અર્થી હોવા છતા મરણાદિ દુ ખને પામે છે, તેવી રીતે **પાસત્થા** ઉપલક્ષણથી કુશીલિયા આદિઓ લોકોત્તર શ્રુત, આગમ આદિ ભણવા વડે પ્રમાદથી ભવદુ ખની જાળમા પડવાના કારણો જાણવા છતા પણ ઇન્દ્રિયાદિ સુખના લંપટપણાથી જીવોને મોક્ષ માર્ગને અનુકૂલ અનુષ્ઠાન આદિનો ઉપદેશ કરતા છતાં પણ

પોતે નહી કરતા અસંયમ-સ્થાનોમા પ્રવર્તતા સુખના અર્થી છતા અનન્ત દુખ અને ભવભ્રમણને પાત્ર થાય છે

૭ જેવી રીતે **બિલાડી** અના-ઇન્દ્રિયના સુખની આસક્તતાથી દૂધને પીતા તેના માલિકથી અનર્થને જાણતી છતી પણ પીવાથી પાછી નહીં હઠતી, લાકડીને જોઈ કોઇક બિલાડી નાશી જવા શકત બને છે કોઇક એકદમ તાડન પામેલી સુખની અર્થી હોવા છતા દુખી થાય છે, યાવત મરણને પામે છે તેવી રીતે કેટલાક **ગૃહસ્થો**, સામાન્ય રાજ્ય-સેવકો અને રાજાઓ વગેરે શ્રાવક ધર્મને જાણતા, ઘોર આરભાદિ પાપો વડે ભવિષ્યમા થવાવાળી ભયકર દુર્ગતિના દુખોને જાણતા હોવા છતા પાપ-દ્રવ્ય, પાચે પ્રકારના વિષયો આદિમા આસક્ત, ધન, રાજ્ય-માન, રાજ્યાદિના ખોટા અભિમાનને પાત્ર બનેલા ઘણા આરભો, રાજ્ય, વહેપાર, ધંધો, ગામ, નગરાદિના ઘાતો વગેરેને કરતા સર્વ પ્રકારના પાપોને પ્રવર્તાવતા- સર્વથા આશ્રવનો ત્યાગ, વિરતિનુ પાલણ, સ્વીકાર આદિ રહિત એવા જીવો કોઈક કંઈક આરાધના કરવા માટે શકિતવાન બને છે તે થોડી સદ્ગતિને પામે છે, જ્યારે કેટલાક જીવો પણ પૂર્વના અભ્યાસથી પાછા નહી ફરતા, મરણરૂપી લાકડીથી હણાતા, વિવિધ પ્રકારના દુખોને અનુભવે છે, યાવત્ દુર્ગતિમા જાય છે ઇતિ **સાતમો નવ પ્રકાર** અને પહેલો જૈન ધર્મને જાણનાર ગૃહસ્થનો પ્રકાર.

૮ જેવી રીતે **પોપટ** નહીં બધાયેલો છતા પણ પોતાને બન્ધયેલો માનતો અથવા અલ્પ બન્ધનો વડે

બધાયેલો પાજરારૂપી જેલને સહન કરે છે પાજરાથી છૂગ છતા પણ મનુષ્યના હાથ આદિમા રહ્યા છતા હમેશા ઈષ્ટ ફળાહાર આદિ વડે પોષાતવાથી તેના સુખમા રસવાળા સ્વ ઇચ્છા વડે ઊડીને જતા નથી બિલાડી આદિના ભય વડે પાજરામા પેસે છે, પાજરામા રહે છે, પરન્તુ કીડા, માસ આદિનુ પાપ કરતા નથી, આહાર, ભૂષણ, લાલનક્રીડા આદિ સુખોને અત્ર ભોગવે છે કોઈક પાપટ તો શ્રાવકના સસર્ગથી જાણેલા અને આદરેલા જિન-ધર્મથી સુગતિને પામી સુખના અર્થી એવા તે સુખોને પામે છે જ્યારે કેટલાક નથી જાણ્યો જિન-ધર્મ એવા છતા પણ વિશેષ પ્રકારના પાપો ન કરવાથી ઘણા દુ ખને અનુભવતા નથી, તેવી રીતે કેટલાક ગૃહસ્થો જાણેલો અને સ્વીકારેલો જૈન ધર્મ હોવા છતા પણ વિષયાસક્તિને ત્યાગ કરવા અશક્તિવાન્ બનેલા, પહેલાના નહિ એવા સ્ત્રી, પુત્ર આદિના બન્ધનો વડે આશા માત્રથી બન્ધાયેલા માનતા અને પાછળથી બન્ધનો છેદના માટે શકય એવા પણ અસાત્વિક સ્વભાવ વડે અને વિષય તૃષ્ણાથી બન્ધાયેલા ગૃહસ્થરૂપી પિજરના કેદખાનાને અનુભવે છે ગૃહસ્થપણાથી નીકળવા શક્તિવાન છતા પણ પરીષહ આદિના ભયથી તે જ ગૃહસ્થાવાસમા રહે છે, પણ સાધુમાર્ગરૂપી ધર્મને સુખના અર્થીપણે સ્વીકારતા નથી, જ્યારે કેટલાક દેશવિરતિને અગીકાર કરી પરલોકમા સાધર્મ દેવલોક આદિના સુખોને અનુભવે છે આ બીજો ગૃહસ્થનો પ્રકાર કહ્યો

૯ જેવી રીતે હાથી ઉત્તમ પ્રકૃતિ આદિ પદર ... લક્ષિત હોય છે, તેવી રીતે કેટલાક ગૃહસ્થો પદર ...

પોતે નહીં જાણતા અનાયતનસ્થાનોમાં પ્રવર્તતા સુખના અર્થી છતા અનન્ત દુઃખ અને ભવભ્રમણને પાત્ર થાય છે

૭ જેવી રીતે **બિલાડી** રસના-ઇન્દ્રિયના સુખની આસક્તતાથી દૂધને પીતા તેના માલિકથી અનર્થને જાણતી છતી પણ પીવાથી પાછી નહીં હઠતી, લાકડીને લોઈ કોઇક સિવાટી નાસી જવા શકત બને છે કોઇક એકદમ તાડન પામેલી સુખની અર્થી હોવા છતા દુઃખી થાય છે, યાવત મરણને પામે છે તેની રીતે કેટલાક **ગૃહસ્થો**, સામાન્ય રાજ્ય-સેવકો અને રાજાઓ વગેરે શ્રાવક ધર્મને જાણતા, ઘોર આરંભાદિ પાપો વડે ભવિષ્યમાં થવાવાળી ભયંકર દુર્ગતિના દુઃખોને જાણતા હોવા છતા પાપ-દ્રવ્ય, પાંચ પ્રકારના વિષયો આદિમાં આસક્ત, ધન, રાજ્ય-માન, રાજ્યાદિના ખોટા અભિમાનને પાત્ર બનેલા ઘણા આરંભો, રાજ્ય, વહેપારો, યુદ્ધો, ગામ, નગરાદિના ઘાતો વગેરેને કરતા સર્વ પ્રકારના પાપોને પ્રવર્તાવતા- સર્વથા આશ્રવનો ત્યાગ, નિર્વૃતિનું પાલણ, સ્વીકાર આદિ રહિત એવા છેવટે કોઈક કોઈક આનંદના કરવા માટે શકિતવાન બને છે તે થોડી સદ્ગતિને પામે છે, જ્યારે કેટલાક છેવટે પણ પૂર્વના અભ્યાસથી પાછા નહીં ફરતા, મરણરૂપી લાકડીથી હણાતા, વિવિધ પ્રકારના દુઃખોને અનુભવે છે, યાવત દુર્ગતિમાં જાય છે ઇતિ **સાતમો નરં** પ્રકાર અને પહેલો જૈન ધર્મને જાણનાર ગૃહસ્થનો પ્રકાર.

૮ જેવી રીતે **પોપટ** નહીં બંધાયેલો છતા પણ પોતાને બંધાયેલો માનતો અથવા અલ્પ બંધનો વડે

બંધાયેલો પાંજરારૂપી જેલને સહન કરે છે પાંજરાથી છૂટા છતા પણ મનુષ્યના હાથ આદિમા રહ્યા છતા હમેશા દૂધ દૂધાહાર આદિ વડે પોષાવવાથી તેના સુખમા રસવાળા સ્વ ઇચ્છા વડે ઊડીને જતા નથી બિલાડી આદિના ભય વડે પાંજરામા પેસે છે, પાંજરામા રહે છે, પરન્તુ કીડા, માંસ આદિનુ પાપ કરતા નથી, આહાર, ભૂષણ, લાલનક્રીડા આદિ સુખોને અનુભોગવે છે કોઈક પોપટ તો શ્રાવકના સંસર્ગથી જાણેલા અને આદર કરેલા જિન-ધર્મથી સુગતિને પામી સુખના અર્થી એવા તે સુખોને પામે છે જ્યારે કેટલાક નથી જાણ્યો જિન-ધર્મ એવા છતા પણ વિશેષ પ્રમાદના પાપો ન કરવાથી ઘણા દુઃખને અનુભવતા નથી; તેવી રીતે કેટલાક ગૃહસ્થો જાણેલો અને સ્વીકારેલો જૈન ધર્મ હોવા છતા પણ વિષયાસક્તિને ત્યાગ કરવા અશક્તિમાન્ બનેલા, છોડવાના નહિ એવા સ્ત્રી, પુત્ર આદિના બન્ધનો વડે આશા માનથી બન્ધાયેલા માનતા અને પાપથી બંધનો છેદવા માટે શક્ય એવા પણ અસાત્ત્વિક સ્વભાવ વડે અને વિષય તૃષ્ણાથી બન્ધાયેલા ગૃહસ્થરૂપી પિંજરાનાં દુઃખોને અનુભવે છે ગૃહસ્થપણાથી નીકળવા શક્તિમાન છતા પણ પરીષહ આદિના ભયથી તે જ ગૃહસ્થાવાસમા રહે છે, પણ સાધુમાર્ગરૂપી ધર્મને સુખના અર્થીપણે સ્વીકારતા નથી, જ્યારે કેટલાકો દેશવિરતિને અંગીકાર કરી પરલોકમા સૌધર્મ દેવલોક આદિના સુખોને અનુભવે છે આ બીજો ગૃહસ્થનો પ્રકાર કહ્યો

૯ જેવી રીતે હાથી ઉત્તમ પ્રકૃતિ દિવ્ય ગુણો સહિત હોય છે, તેવી રીતે કેટલાક ગૃહસ્થ પણ ગુણ સહિત હોય છે

# હાથીના પંદર ગુણ અને ગૃહસ્થના પંદર ગુણોની તુલના

| હાથીના ગુણો | ગૃહસ્થના ગુણો |
|---|---|
| ૧ સ્વભાવે કરી ઉત્તમ પ્રકૃતિ | ૧ શ્રાવક ધર્મે કરી ઉત્તમ પ્રકૃતિ |
| ૨ રાજ્યલક્ષ્મીને શોભાવે છે | ૨ જિન શાસનને શોભાવે છે |
| ૩ સારા લક્ષણવાળાને મોટો કરી મહિમાવન્ત બનાવે છે | ૩ ગુણોને પાત્ર એવો મહિમા અને પ્રસિદ્ધિને પામે છે |
| ૪ ઉત્તમ આહારને ખાય છે | ૪ પાપના ભીરુપણે સચિત્ત આદિનો ત્યાગ કરતો ફાસુ, એષણીય આદિ ગુણવાળા આહારને ખાય છે |
| ૫. તેજસ્વી એવો લોકો વડે પૂજાય છે, | ૫ રાજા, પ્રધાન આદિ શિષ્ટ લોકો વડે તેના ગુણોની પ્રીતિથી પ્રતિષ્ઠા, તીર્થયાત્રા અને સ્વામીવાત્સલ્ય આદિ મહોત્સવોમા ફૂલ, પુષ્પ, વસ્ત્ર અને અલંકારો વગેરેથી પૂજાય છે |
| ૬ તેજસ્વી લોકો વડે રક્ષણ કરાય છે | ૬ સારભૂત હોવાથી ચોર, લૂટાર આદિના ઉપદ્રવથી |

| | | | |
|---|---|---|---|
| | | | રાજા વગેરે વડે રક્ષણ કરાય છે |
| ૭ | સારા અલ કારોથી શોભા ગ્યશાળી એનો તે સર્વે લોકો વડે વખાણાય છે | ૭ | સર્વે લોકો વડે વખાણાય છે |
| ૮ | પ્રાયે નિય ત્રિત હોય છે | ૮ | સમ્યક્ત્વ, અણુવ્રતો, ગુણ વ્રતો અને શિક્ષાવ્રતો, તપ વગેરે નિયમોથી નિય ત્રિત હોય છે |
| ૯ | યુદ્ધાદિમા પાછો પડતો નથી | ૯ | સ્વ તત્ત્વ અને પર તત્ત્વનુ જાણપણું હોવાથી વાદ આદિમા ક્ષોભ પામતો નથી |
| ૧૦ | જયને પામે છે | ૧૦ | કર્મરૂપી શત્રુ ઉપર જયને મેળવે છે |
| ૧૧ | સરોવર, નદી આદિમા સ્નાન કરતા અને નિર્મલ જલને પીતા તાપ, તરસથી દૂર થઈ શાન્તિને પ્રાપ્ત કરે છે | ૧૧ | આવશ્યક, પૌષધ આદિમા સ વેગ, સુધ્યાન આદિ જળનુ પાન કરતો સ તોષ વગેરેની સ પત્તિઓને પામે છે |
| ૧૨ | સ્વ સ્વભાવના પ્રતાપે ધૂળ વડે પોતાના શરીરને ખરડે છે | ૧૨ | સ્વ કુટુમ્બ આદિનુ પોષણ કરતો કર્મ રજ વડે ખરડાય છે |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ફરી સ્નાન આદિ વડે શુદ્ધ થાય છે | ૧૩ | આલોચન, પ્રતિક્રમણ આદિથી શુદ્ધ થાય છે |
| ૧૪ | ગ્લાન થયો છતો સમ્યક્ પ્રકારે પાલન થાય છે | ૧૪ | કર્મવશાત્ અનાભોગ આદિથી સ્ખલના થતા પામતા, ગીતાર્થ ગુરુવર્યો આદિથી વિધિપૂર્વક શુદ્ધ ધર્મમા તૈયાર કરાય છે |
| ૧૫ | મર્યો છતો સંગુપ્ત કરાય છે | ૧૫ | સમ્યક્ વિધિથી દેહનો ત્યાગ કર્યો છતો યાવત્ બારમા કલ્પમા દેવ થાય છે ક્રમે કરી અલ્પ ભવમા મોક્ષ પામે છે |

એવી રીત સુખના અર્થી એવા સમ્યક્ પ્રકારના તે તે ઉપાયોની પ્રવૃત્તિથી સુખી જ થાય છે એ ત્રીજો **ગૃહસ્થનો** અને નવમો **માનવ** પ્રકાર કહ્યો

૧૦ જેવી રીતે સિંહમા દુર્ધર્ષ આદિ સાત ગુણ સ્વરૂપે હોય છે, તેવી રીતે **સ્થવિરકલ્પી સાધુઓમા** સાત ગુણો હોય છે

# સિંહ અને સાધુના ગુણોની તુલના

| સિંહના ગુણો | સ્થવિરકલ્પી સાધુના ગુણો |
|---|---|
| ૧ દુર્ધર્ષ | ૧ વાદ આદિના બળે કરી દુર્ધર્ષ પ્રભાવવાળા હોય છે |
| ૨ ધાંસનો ત્યાગ કરી બળ પુષ્ટિને કરનાર માસાદિનો આહાર કરે છે | ૨ અશુદ્ધ આહાર આદિનો ત્યાગ કરી ધર્મરૂપી શરીરની પુષ્ટિ કરનાર શુદ્ધ આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્રાદિને વાપરે છે |
| ૩ પોતાના અવાજ માત્રથી ક્ષુદ્ર જીવોને ત્રાસ પમાડે છે અને મોટા મોટા હાથીઓને પણ ડરાવે છે | ૩ ભવ્યોના મિથ્યાત્વ, વિષય કષાય આદિને ઉપદેશ માત્રથી ત્રાસ પમાડે છે મારી, મરકી, દુષ્કાળ વગેરે અરી યોજન સુધીની ભૂમિમાથી તેમના પ્રતાપ વડે દૂર થાય છે |
| ૪ કોઈથી પણ જેમ તેમ પાશમાં પડવા શક્ય બનતો નથી | ૪ કોઈનાથી પણ મોહપાશમા પાડવા માટે અશક્ય હોય છે |
| ૫ મોટા મોટા સુભટોને પણ વશ થતો નથી | ૫ સ્વજનો, ભક્ત શ્રાવક શ્રાવિકાઓ વગેરેની મહાન |

| | |
|---|---|
| | ભક્તિ, દાન, વંદન, પૂજા અને સ્તવન આદિથી અસ્ કારને વશ થતા નથી |
| ૬ શુન્વીરોએ યુદ્ધ માટે બોલાવેલો ભયંકર અવાજ કરતો ને પૂંછડું પછાડતો તીક્ષ્ણ નખ, દાતરૂપ આયુધોથી હણે છે | ૬ મોટા મોટા વાદીઓએ વાદ માટે બોલાવેલો, આમ ત્રેવો તુરત તૈયાર થાય છે અને વિવિધ પ્રમાણો, હેતુ અને યુક્તિઓ વડે તેનો પરાભવ કરે છે |
| ૭ પોતાના રહેવાના સ્થાનને ભંગ કરનારાઓથી બચાવે છે, રક્ષણ કરે છે | ૭ જૈન શાસનને અને સ્વગચ્છને કુવાદીઓ અને પ્રમાદ વગેરેથી બચાવે છે, રક્ષણ કરે છે |

૧૧ જેવી રીતે ભારંડ પક્ષીઓ અપ્રમત્તપણાદિએ રહે છે, તેની રીતે જિનકલ્પને ધારણ કરનારા **સાધુઓ** અપ્રમત્તપણે રહી મોક્ષમાર્ગને સાધે છે

मयलाऽयलपयपगुभंतेयरजंति जह पुरं छ नरा।
तहमिच्छसम्मदिट्ठिअसयलेयरकिरिअकिरिअमियं

॥६त ४॥

**ભાવાર્થ**—જેવી રીતે બળે કરી સહિત ભ્રાન્ત૧, બળે કરી સહિત અભ્રાન્ત૨, નિર્બલ ભ્રાન્ત૩, નિર્બલ અભ્રાન્ત૪,

પણુ ભ્રાન્ત૫, પણુ અભ્રાન્ત૬ આ છ મનુષ્યો ઈષ્ટ એવા નગરમા જવાવાળા હોય છે, તેવી રીતે મિથ્યાદૃષ્ટિ સબલ૧, મિથ્યાદૃષ્ટિ નિર્બલ૨, સમ્યગ્દૃષ્ટિ સબલ૩, સમ્યગ્દૃષ્ટિ નિર્બલ૪, ક્રિયાવાદી૫ અને અક્રિયાવાદી૬ એમ છ શિવનગરમા કહેતા મોક્ષરૂપી નગરમા જવાવાળા (મોક્ષનગરના મુસાફર) હોય છે (મુ પ ११२)

लहु१थूहु२मार३ऽसारा४जह रुक्खा अक्क१दक्ख२वड३चुआ ४।
तह मिच्छ१सम्म किरिआइ दाणजत्ताइआ३-४ धम्मा ॥७ त ५॥

ભાવાર્થ–જેવી રીતે નાનુ એવુ પણ અસાર વૃક્ષ જેમ આકડાનુ૧, નાનુ એવુ પણુ સાર વૃક્ષ જેમ દ્રાક્ષનુ ૨, મોટુ એવુ પણુ અસાર વૃક્ષ જેમ વડનુ૩, મોટુ એવુ પણુ સાર વૃક્ષ જેમ આબાનુ૪–આમ ચાર પ્રકારના વૃક્ષો હોય છે, તેવી રીતે મિથ્યાદૃષ્ટિ–ક્રિયાવાદી૧, સમ્યગ્દૃષ્ટિ–ક્રિયાવાદી૨, મિથ્યાદૃષ્ટિનુ દાન, યાત્રાદિ૩ અને સમ્યગ્દૃષ્ટિનુ દાન, યાત્રાદિ૪ ધર્મ અનુક્રમે લઘુ, બૃહત્, અસાર અને સારની ચઉભંગીનાગો જાણવો (મુ૰ પ૰ ११७)

सयलबहुऽप्पसारासारदुमा हुंति जह वणा चउहा।
जिणसव्वदेसमिच्छनाहिअ धम्मा तहा चउहा ॥८ त ६॥

ભાવાર્થ– કેવળ સાર વૃક્ષો૧, બહુ સાર અને અલ્પ અસાર વૃક્ષો૨, અલ્પ સાર અને બહુ અસાર વૃક્ષો૩ ને કેવળ અસાર વૃક્ષોના૪, વનો જેવા ફળવાળા છે તેવા ફળવાળા સર્વજ્ઞ ભગવાનનો કહેલો સર્વવિરતિ૧, દેશવિરતિ૨, મિથ્યાત્વી૩ ને નાસ્તિકનો ક્રમે ધર્મ છે (મુ૰ પ૰ १२०)

## પ્રથમ તટ, ચતુર્થ અંશ

विहिअणुसारा ओसहिचुण्णाइं जह फलंति लोगंमि।
तह धम्मो वि तओ त परिपुन्नविहीइ अज्जिणह ॥१त १॥

ભાવાર્થ–ઔષધિઓ અને ચૂર્ણો વગેરે વિધિ અનુસાર કરેલા લોકોમા જેવી રીતે ફળે છે તેવી રીતે ધર્મ પણ ફળ દે છે માટે પરિપૂર્ણ વિધિપૂર્વક ધર્મને ઉપાર્જન કરો

(મુ પ १२६)

### આની ભાવના નીચે મુજબ

જેવી રીતે કોઇક ઔષધિ સુવર્ણ સિદ્ધિનુ કારણ હોય છે, કોઇક ઔષધિ ધનના અક્ષયપણાને કરનારી હોય છે, કોઇક ઔષધિ ઇચ્છિત અર્થને આપનારી હોય છે, કોઇક ઔષધિ મનુષ્યનુ પશુ આદિરૂપ પરાવર્તન કરનારી હોય છે, કોઇક ઔષધિ પુરુષનુ સ્ત્રીરૂપમા પરાવર્ત્તન કરનારી હોય છે, કોઇક ઔષધિ વિષનો અપહાર કરનારી હોય છે, કોઇક ઔષધિ ભૂત, શાકિની આદિના દોષોને નાશ કરનારી હોય છે અને આવા ચૂર્ણો પણ હોય છે વળી આદિ શબ્દથી અંજન, ગુટિકા આદિ ઘણા પ્રકારના ગુણવાળી ઔષધિઓ હોય છે તે યથાવિધિ અનુસાર કરેલા ફળ આપે છે–સંપૂર્ણ વિધિથી સંપૂર્ણ ફળ મળે છે, હીન વિધિથી હીન ફળ મળે છે, વિધિ વિના ફળ રહિત થાય છે અને અવિધિથી ઉપયોગ કરતા અનર્થ ફળવાળી પણ થાય છે તેવી રીતે ધર્મ પણ સંપૂર્ણ વિધિથી સંપૂર્ણ ફળવાળો થાય છે, હીન વિધિથી હીન ફળવાળો થાય છે, વિધિ વિના ફળ રહિત થાય છે અને

અવિધિથી કરતા અનર્થ ફળવાળો થાય છે ભાવ રહિતવાળાને નિષ્ફળ થાય છે

परिहा१पसुगणक२लुसिअजि३ नवु४रेनयवु३माणससरा४भा।
मिच्छ१कुभाव२पमायाविही३परेहि४ चउर धम्मा ॥ ९ त २॥

ભાવાર્થ–ખાઇનુ૧, પશુઓના ટોળાએ મલિન કરેલુ અને જૂનુ૨, નવુ (તરતની વૃષ્ટિનુ) એવુ ૩ અને માનસ સરોવરનુ૪, એમ ચાર પ્રકારે પાણી હોય છે, તેમ મિથ્યાત્વીએ કરેલો૧, કુભાવે કરેલો૨, પ્રમાદે અને અવિધિથી કરેલો૩ અને સમ્યક્ત્વ, શુભ ભાવ અને અપ્રમાદથી કરેલો ધર્મ જાણુ઼ો (મુ પ ૧૨૭)

दोस१गुणार२भय३गुणमयं४ जह तुज्जा आसई सदा धम्मो।
मिच्छत्त१अनिआणार२सनिआणो३भावसुन्नाइ४ अ ॥ ३ त ३॥

ભાવાર્થ–જેમ ઔષધ એકલા દોષને હરનાર ૧, એકલા ગુણને કરનાર ૨, ગુણ અને દોષ બન્ને કરનાર ૩ અને ગુણ અને દોષ બન્નેને નહીં કરનાર૪ એમ ચાર પ્રકારનુ હોય છે, તેમ મિથ્યાત્વીનો૧, નિયાણાએ રહિત–આ લોક, પરલોકની પૌદ્ગલિક વાન્છા રહિત કરેલો૨, નિયાણા સહિત કરેલો૩ અને ભાવ શૂન્યપણે કરેલો૪ એમ ચાર પ્રકારે કરેલો ધર્મ પણ જાણવો (મુ પ ૧૨૮)

## અહીં ભાવના નીચે મુજબ

૧ જેવી રીતે પિત્તના તાવથી પીડાતાને, નિર્દોષની ભ્રાન્તિથી અષ્ટાદશ કવાથ આપે તો પિત્તનો પ્રકોપ થાય અને તેને આશ્રીને અન્ય રોગો વધે છે અને આ ઔષધ

सिद्धिअणुमारा ओसहिचुन्नाई जह फलंति लोगंमि।
तह धम्मो वि तओ त परिपुन्नविहीइ अज्जिणह ॥ १ त १॥

ભાવાર્થ–ઔષધિઓ અને ચૂર્ણો વગેરે વિધિ અનુસાર કરેલા લોકોમા જેવી રીતે ફળે છે તેવી રીતે ધર્મ પણ ફળ દે છે માટે પરિપૂર્ણ વિધિપૂર્વક ધર્મને ઉપાર્જન કરો

(मु प १२६)

આહી ભાવના નીચે મુજબ

જેવી રીતે કોઈક ઔષધિ સુવર્ણસિદ્ધિનુ કારણ હોય છે, કોઈક ઔષધિ ધનના અક્ષયપણાને કરનારી હોય છે, કોઈક ઔષધિ ઇચ્છિત અર્થને આપનારી હોય છે, કોઈક ઔષધિ મનુષ્યનુ પશુ આદિરૂપ પરાવર્તન કરનારી હોય છે, કોઈક ઔષધિ પુરુષનું સ્ત્રીરૂપમા પરાવર્ત્તન કરનારી હોય છે, કોઈક ઔષધિ વિષનો અપહાર કરનારી હોય છે, કોઈક ઔષધિ ભૂત, શાકિની આદિના દોષોને નાશ કરનારી હોય છે અને આવા ચૂર્ણો પણ હોય છે વળી આદિ શબ્દથી અજન, ગુટિકા આદિ ઘણા પ્રકારના ગુણવાળી ઔષધિઓ હોય છે તે યથાવિધિ અનુસાર કરેલા ફળ આપે છે–સપૂર્ણ વિધિથી સપૂર્ણ ફળ મળે છે, હીન વિધિથી હીન ફળ મળે છે, વિધિ વિના ફળ રહિત થાય છે અને અવિધિથી ઉપયોગ કરતા અનર્થ ફળવાળી પણ થાય છે તેવી રીતે ધર્મ પણ સપૂર્ણ વિધિથી સપૂર્ણ ફળવાળો થાય છે, હીન વિધિથી હીન ફળવાળો થાય છે, વિધિ વિના ફળ રહિત થાય છે અને

અવિધિથી કરતા અનર્થ ફળવાળો થાય છે ભાવ રહિતવાળાને નિષ્ફળ થાય છે

परिहा१पसुगणक२लुसिअजि३नवु४नयवु४माणमसरावभा ।
मिच्छा१कुभाव२पमाया३विही३वरेहिं४ चउर धम्मा ॥ ० त २ ॥

ભાવાર્થ–ખાઇનુ૧, પશુઓના ટોળાએ મલિન કરેલુ અને જૂનું૨, નવુ (તત્તની વૃષ્ટિનુ) એવુ ૩ અને માનસ સરોવરનુ૪, એમ ચાર પ્રકારે પાણી હોય છે, તેમ મિથ્યા ત્વીએ કરેલો૧, કુભાવે કરેલો૨, પ્રમાદે અને અવિધિથી કરેલો૩ અને સમ્ય ત્વ, શુભ ભાવ અને અપ્રમાદથી કરેલો ધર્મ જાણવો (સુ ૫ ૧૨૭)

दोस१गुणो२भय३णुभय४ जह वुज्जा ओसहं तहा धम्मो ।
मिच्छत्तं१अनिआणा२सनिआणो३भावसुन्नाए अ ॥ ३ त ३ ॥

ભાવાર્થ–જેમ ઔષધ એકલા દોષને કરનારૂ ૧, એકલા ગુણને કરનારૂ ૨, ગુણ અને દોષ બન્ને કરનારૂ ૩ અને ગુણ અને દોષ બન્નેને નહીં કરનારૂ૪ એમ ચાર પ્રકારનુ હોય છે, તેમ મિથ્યાત્વીનો૧, નિયાણાએ રહિત–આ લો~, પરલોકની પૌદ્ગલિક વાચ્છા રહિત કરેલો૨, નિયાણા સહિત કરેલો૩ અને ભાવ શુન્યપણે ક~લો૪ એમ ચાર પ્રકારે કરેલો ધમ પણ જાણવો (સુ ૫ ૧૨૮)

## અહીં ભાવના નીચે મુજબ

૧ જેવી રીતે પિત્તના તાવથી પીડાતાને ત્રિદોષની બ્રાન્તિથી અષ્ટાદશ કવાથ આપે તો પિત્તનો પ્રકોપ થાય અને તેને આશ્રીને અન્ય રોગો વધે છે અને આ ઔષધ

એકલા દોષને કરે છે, તેવી રીતે મિથ્યાત્વીઓએ કલ્પેલી સ્નાન, યજ્ઞાદિ ક્રિયાઓ ચાર ગતિમા ભ્રમણનુ કારણ હોવાથી કેવલ દોષને ઉત્પન્ન કરે છે

૨ જેવી રીતે ત્રિદોષના તાવથી પીડાતાને અષ્ટાદશ ક્વાથ આપે તો તાવને શમાવે છે અને આરોગ્ય રૂપી ગુણ કરે છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિની થતી નિયાણા વિનાની ક્રિયા તે કર્મક્ષયના ગુણને કરે છે યાવત્ મોક્ષ સુખને આપે છે

૩ જેવી રીતે વાતપિત્તના તાવથી પીડાતાને મુસ્તાપર્પટ ક્વાથ આપે તો પિત્તને શમાવવારૂપી ગુણ કરે છે, પણ વાતને વધારવારૂપી દોષની વૃદ્ધિ કરે છે, તેવી રીતે નિયાણાએ સહિત એવી ક્રિયા ઇચ્છિત સુખોને આપે છે, પરન્તુ ભાવિ-દુર્ગતિ કરે છે તે **બ્રહ્મદત્ત** ચક્રવર્તીના દૃષ્ટાન્તથી સમજી લેવુ

૪ જેવી રીતે વાતપિત્તના તાવથી પીડાતાને સિન્ધવ અને જીરા સહિત બિજોરુ આપે તો વાતપિત્ત શમતા નથી તેમ વધતા પણ નથી, તેવી રીતે ભાવે કરી શુન્ય ક્રિયા તે ગુણ-દોષ કંઈ કરતી નથી અર્થાત્ નિષ્ફળ જાય છે

**दोस१गुणो२भय३ऽणुभय४, जह कुज्जा ओसह तहा धम्मा ।**
**मिच्छत्ती१तच्चत्ता२सम्मीसो३भावसुन्नो४अ ॥ ५ त ४॥**

**ભાવાર્થ**-જેમ ઔષધો દોષને૧, ગુણને૨, ઉભયને૩ અને અનુભય૪,ને કરે છે, તેમ મિથ્યાત્વીનો૧, મિથ્યાત્વના ત્યાગ

વાળાનો૨, મિથ્યાત્વથી મિશ્રિતવાળાનો અને ભાવ શુન્ય વાળાનો ધર્મ અનુક્રમે ફળ કરે છે ( દાર્ષ્ટાંતિક ભાવના ત્રીજી ગાથાની ભાવના પ્રમાણે જાણવી ) (મુ પ ૧૩૨)

दोस१गुणो२भय३ऽणुभयं४, जह कुज्जा ओसह तहा धम्मो।
मिच्छत्त१मणारभो२मारभो३भावसुन्नो४ अ ॥५ त ५॥

ભાવાર્થ–ઔષધ જેમ દોષ૧, ગુણ૨, ઉભય૩ અને અનુભય૪ને કરે છે, તેમ ક્રમે મિથ્યાત્વીનો૧, અનારંભીનો૨, આરંભીનો૩, અને ભાવ શુન્યનો૪ ધર્મ જાણવો ( અહીં ભાવના ત્રીજી ગાથામા જણાવ્યા પ્રમાણે જાણવી ) (મુ પ ૧૩૨)

दोस१गुणो२भय३णुभय४, जह कुज्जा ओसहं तहा धम्मो।
मिच्छत्त१ विहिजुत्तो२विहिहीणो३ भावसुन्नो४ अ ॥६ त ६॥

ભાવાર્થ–ઔષધ જેમ દોષ૧, ગુણ૨, ઉભય૩ અને અનુભય૪ને કરે છે, તેમ ક્રમે મિથ્યાત્વીનો૧, વિધિયુક્ત કરેલો૨, વિધિ વગર કરેલો ૩ અને ભાવ વગર કરેલો૪ ધર્મ જાણવો (અહીં ભાવના ત્રીજી ગાથામા જણાવ્યા અનુસાર જાણવી ) ( મુ પ. ૧૩૩ )

गुण१दोस२सम३-नयराहिअ४-५ऽणुभयं६ओसह जहा कुज्जा।
तह सम्म१मिच्छ२मीसग३धम्मा विहिहीणु४-५भावसुन्नो६ अ
॥७ त ७॥ गीति ॥

ભાવાર્થ–જેવી રીતે કેવલ ગુણ કરે૧, કેવલ દોષ કરે૨, દોષ અને ગુણ બન્નેને સરખા કરે૩, વધારે ભાગે

રોગને શાન્ત કરે અને દોષની ઉત્પત્તિ ઓછી કરે૪, ઓછા ભાગે રોગને શાન્ત કરે અને દોષની ઉત્પત્તિ વધુ કરે૫ અને રોગને ઓછો ન કરે અને વધારે પણ નહીં૬, તેમ છ પ્રકારે ઔષધ હોય છે, તેવી રીતે સમ્યક્ત્વ સહિતનો૧, મિથ્યાત્વ સહિતનો૨, સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્રિતનો૩, વિધિ વધારે અને અવિધિ ઓછીપૂર્વક કરાતો૪, અવિધિ વધારે અને વિધિ ઓછીપૂર્વક કરાતો૫ અને ભાવશૂન્યપણે કરાતો એમ છ પ્રકારનો ધર્મ જાણવો (મુ ૫ ૧૩૪)

અહીં ભાવના નીચે મુજબ

૧ જેવી રીતે પિત્તજ્વરથી પીડાતાને ચન્દનાદિ ક્વાથનુ વિધિપૂર્વક આસેવન થાય તો રોગની શાન્તિ થાય છે અર્થાત્ ગુણને કરે છે, તેવી રીતે જૈન ધર્મની સમ્યક્ વિધિ સહિત આરાધના અશુભ કર્મનો ક્ષય કરે છે, શુભ પ્રકૃતિનો બન્ધ કરે છે, ઇન્દ્રપણુ, ચક્રવર્તીપણું અને તીર્થંકરપણુ યાવત્ મોક્ષ આપે છે અહીં કાર્ત્તિક શ્રેષ્ઠીનુ દૃષ્ટાન્ત જાણવુ

૨ જેવી રીતે પિત્તના તાવથી પીડાતાને ત્રિદોષ તાવની ભ્રાન્તિથી અષ્ટાંગ ક્વાથ આપતા પિત્તનો પ્રકોપ થાય છે યાવત્ રોગી દોષમા-મોટી આપત્તિમા આવી પડે છે, તેવી રીતે ધર્મની ભ્રાન્તિથી આરાધના કરાતો મિથ્યાત્વીનો ધર્મ— કેવલ અશુભ કર્મનો બન્ધ કરે છે અને દુર્ગતિ વગેરે અનેક આપત્તિઓને પ્રાપ્ત કરે છે અહીં પુરીશદત્તનુ દૃષ્ટન્ત જાણવુ

૩ જેવી રીતે [illegible] પિત્તનો ઉપશમસ્વરૂપ [illegible] કરવારૂપી દોષને કરે [illegible] તેવી રીતે [illegible] કગતો ધર્મ ગુણ [illegible] શ્રીધરનુ દૃષ્ટાન્ત [illegible]

૪ જેવી રીતે [illegible] આપવામા આવે તો [illegible] સ્વરૂપ અલ્પ દોષને [illegible] શકે તેવા શ્લેષ્મને [illegible] તેવી રીતે મન્દ કાલ [illegible] ગુણને કરે છે, અલ્પ અવિધિથી [illegible] ગુણોને અને અલ્પ દોષ [illegible] ઘણા પુષ્પને જિનપ્રતિમા [illegible] ભૂમિ ઉપર પડેલા કેટલાક [illegible] દૃષ્ટાન્ત તથા કેરકડુ રાજાનુ દૃષ્ટાન્ત [illegible]

૫ જેવી રીતે [illegible] ઔષધ આપવામા આવે [illegible] રોગોને સારો [illegible] ગુણ કરે છે અને [illegible] પ્રભાવવાસ્વરૂપ [illegible] કરે છે, તેવી રીતે [illegible] સ્વરૂપ ઘણા [illegible] મિશ્રિત એવી આરાધના તે અ[illegible] નિયાણા સહિત [illegible] દોષને [illegible] દૃષ્ટાન્ત જાણવુ [illegible] સંભૂતિ [illegible]

૬ જેવી રીતે નવા તાવવાળાને એકલી ગડૂચી ક્વાથ આપવામાં આવે તો તે રોગીને ગુણ કે દોષ કંઈ કરતો નથી, તેવી રીતે ભાવ શૂન્યપણે આરાધાતો ધર્મ ગુણ કે દોષ કંઈ કરતો નથી, અર્થાત્ નિષ્ફળ થાય છે

गुण१दोसा२हिअदोस३गुणं४ च जह ओसहं चउहं कुज्जा।
अप्प१बहु२सव्व३विहिहीण(गु)४जुत्तधम्मा वि तह चउहा ॥
८ त ८॥

**ભાવાર્થ**—જેવી રીતે ગુણ અધિક અને દોષ અલ્પવાળુ ૧, દોષ અધિક અને ગુણ અલ્પવાળુ ૨, કેવળ દોષ કરનારૂ ૩, અને કેવળ ગુણ કરનારૂ ૪ એમ ચાર પ્રકારે ઔષધ હોય છે, તેવી રીતે અલ્પ અવિધિવાળો૧, બહુ અવિધિવાળો૨, સર્વથા અવિધિવાળો૩ અને સર્વથા વિધિયુક્ત૪ એમ ચાર પ્રકારે ધર્મ પણ જાણવો (મુ પ ૧૩૭)

## અહીં ભાવના નીચે મુજબ

૧ જેવી રીતે કફપિત્તના તાવવાળાને ક્ષુદ્રાદિ ક્વાથ આપે તો પિત્તને પ્રકોપાવવારૂપ અલ્પ દોષ થાય છે અને શ્લેષ્મને શમાવવારૂપ બહુ ગુણને કરે છે, તેવી રીતે અલ્પ વિધિની હીનતાથી આરાધાયેલો ધર્મ અલ્પ દોષ અને બહુ ગુણને કરે છે અહીં મુનિ મહાત્માની આંખમાંથી તણખલુ કાઢનાર રામ, વામન અને મગ્રામ એમ ત્રણ મિત્રોનુ દૃષ્ટાન્ત જાણવુ

૨. જેવી રીતે કફપિત્તના તાવવાળાને સાકર, ગડૂચી આપવામા આવે તો પિત્તના ઉપશમાવવારૂપ અલ્પ ગુણને કરે છે અને શ્લેષ્મને પ્રકોપાવવારૂપ બહુ અવગુણને કરે છે, તેવી રીતે બહુ વિધિએ કરી હીનતાથી અથવા નિયાણા સહિત આરાધાયેલો ધર્મ અલ્પ ગુણ અને બહુ દોષને કરે છે

૩ જેવી રીતે પિત્તના તાવથી પીડતાને ત્રિદોષના તાવની ભ્રાન્તિથી અષ્ટાદશ ક્વાથ આપવામા આવે તો ગુણ કિંચિત્ પણ કરતો નથી, પરન્તુ તાવના વિકારને વધારે છે, તેવી રીતે સર્વથા વિધિહીનપણે આરાધાતો ધર્મ મરીચિની જેમ સર્વથા દોષને કરે છે

૪ જેવી રીતે પિત્તના તાવથી પીડતાને ચન્દનાદિ ક્વાથ અપવામા આવે તો તાવના તમામ વિકારને શમાવે છે અને કોઈ પણ જાતના દોષને કરતો નથી, તેવી રીતે સર્વથા વિધિ સહિતપણે આરાધેલો ધર્મ નાગકેતુની જેમ સર્વથા ગુણને કરે છે

दोस१गुणरमप्पदिअ२ गुणध्व पचढ जहासह कुणइ।
तह मिच्छजम्न१दोणाइ॰अविहि३विहिजुत्त४ जिणधम्मो

॥९ त ९॥

ભાવાર્થ– જેવી રીતે કેવળ દોષને કરનાર૧, અલ્પ ગુણને કરનારૂ અને ઘણા દોષને કરનારૂ ૨, અધિક ગુણને કરનારૂ અને અલ્પ દોષને કરનારૂ૩ અને સર્વથા

ગુણને કરનારૂ૪ એમ ચાર પ્રકારના ઔષધ હોય છે, તેવી રીતે મિથ્યાત્વીનો યજ્ઞરૂપી ધર્મ પચેન્દ્રિયના વધ આદિ હેતુથી કેવળ દોષને કરનારો છે૧, મિથ્યાત્વીનો દાન આદિ ધર્મ અલ્પ ગુણ અને બહુ દોષ કરનારો છે૨, અવિધિ યુક્ત કરેલો શ્રીજિનધર્મ બહુ ગુણ અને અલ્પ દોષને કરનારો અને છે ૩ અને સર્વથા વિધિ સહિત કરેલો શ્રીજિનધર્મ ગુણને જ કરે છે૪ (મુ પ ૧૩૯)

इतिप्राच्यतटे विधिधर्मोपदेशाख्यश्चतुर्थस्तरङ्ग ॥

એ રીતે પહેલા તટમા વિધિથી ધર્મ કરવાના ઉપદેશ નામનો ચોથો અશ

સમાપ્ત

इति तपागच्छाधिराजश्रीमुनिसुंदरसूरिविरचिते
श्रीउपदेशरत्नाकरे
चतु शुद्ध्यभिधान
प्राच्यतट ॥

એ રીતે તપાગચ્છાધિરાજ
શ્રીમુનિસુ દરસૂરિ મહારાજે
રચેલા શ્રીઉપદેશરત્નાકરમા
ચારે પ્રકારની શુદ્ધિ
નામનો પ્રથમ તટ
સમાપ્ત

# શ્રીમુનિસુંદરસુરિવિરચિત
## શ્રીઉપદેશરત્નાકરનો

### મધ્ય તટ, પ્રથમ અંશ

अप्प खित्ते१काले२जीव३भावे४ अ संपयालाहे५ ।
विग्घाइक्कमे लब्भइ जो धम्मो भयह तं भिवय ॥ १ त १ ॥

ભાવાર્થ-ક્ષેત્રને આશ્રી અલ્પ ક્ષેત્રમાં૧, કાળને આશ્રી અલ્પ કાળમાં૨, જીવોને આશ્રી અલ્પ જીવોમાં૩, અને ભાવોને-આત્માના પરિણામોને આશ્રીને ધર્મના પરિણામો થોડામાં હોવાએ કરી અલ્પ ભાવમાં૪, તેમજ મનુષ્યપણાદિ દુર્લભ સંપત્તિઓનો લાભ થયે છતે અને વિઘ્નો-અંતરાયો ઉલ્લંઘન કરે છતે જે ધર્મ (સર્વવિરતિરૂપ) પ્રાપ્ત થાય છે તે શિવને દેનાર ધર્મને હે ભવ્ય પ્રાણી! તું ભજ અર્થાત્ સેવ (મુ પ ૧૯૦)

### અહીં ભાવના નીચે મુજબ

૧ ક્ષેત્રની અલ્પતા- ક્ષેત્રને આશ્રી ઊર્ધ્વ લોક, અધો લોક અને તિર્ચ્છા લોકમાં ફક્ત સર્વવિરતિનો સ્વીકાર તિર્ચ્છા લોકમાં પણ મનુષ્ય ક્ષેત્રમાં હોય છે, તેમાં પણ ૧૫ કર્મ ભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો જ સર્વવિરતિનો સ્વીકાર કરી શકે છે, જો કે આગમોમાં ત્રણે લોકમાં ધર્મની પ્રાપ્તિ સમ્યક્ત્વ અને શ્રુતને આશ્રીને કહી છે તેમજ તિર્યંચોને દેશવિરતિ પ્રતિપાદન કરેલી છે, (વળી દેવતાઓ વિષ

એમા મુઝાયેલા હોવાથી, નારકો વેદનાથી વ્યાકુળ હોવાથી અને તિર્ય ચો વિવેક આદિ રહિત હોવાથી તથા પ્રકારની ધર્મની સામગ્રીની વિવક્ષા કરી નથી ) પણ મનુષ્યોમા જ સર્વવિરતિ આદિ ધર્મની પ્રાપ્તિ હોવાએ કરી અ પ ક્ષેત્ર જાણવુ

૨ **કાલની અલ્પતા**– એક અવસર્પિણીમા તેમજ ઉત્સર્પિણીમા છ છ આરા હોય છે છ આરાનો કાળ દશ કોટાકોટી સાગરોપમનો હોય છે તેમા ઉત્સર્પિણીમા ત્રીજા અને ચોથા આરામા અને અવસર્પિણીમા ત્રીજા આરાના છેડાથી પાચમા આરાના છેડા સુધી અર્થાત્ એક કોડાકોડી સાગરોપમ જેટલા કાળમા સર્વવિરતિરૂપ ધર્મનો લાભ હોય છે માટે અ પ કાળ જાણવો

૩ **જીવોની અલ્પતા**– પૃથ્વીકાયાદિ યાવત્ દેવ જાતિ આદિ વિવિધ જીવોમા ફક્ત ગર્ભજ, પર્યાપ્ત, ભવ સિદ્ધિક, શુક્લપાક્ષિક અને કર્મભૂમિમા ઉત્પન્ન થયેલા એવા મનુષ્યનેજ સર્વવિરતિ આદિ ધર્મનો સ્વીકાર હોય છે આ હેતુએ ધર્મ પામનાર જીવો અલ્પ હોય છે

૪ **ભાવની અલ્પતા**– જાગ્રત અવસ્થા અને વધતા એવા શુભ પરિણામ કે દર્શન, શ્રવણ અથવા અનુકપા, અકામ નિર્જરા વગેર પરિણામો થવા દુર્લભ છે માટે પરિણામો અ પ હોય છે

૫. **સ પત્તિનો લાભ**– મનુષ્ય-ભવ આદિ સ પત્તિઓ આદિ શબ્દથી આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, રૂપ,

નીરોગી શરીર, દીર્ઘ આયુષ્ય, ધર્મનો સ્વીકાર, શ્રદ્ધા યાવત્ સંયમની પ્રાપ્તિ આદિ લેવુ

**વિઘ્નનુ ઓલગવુ** – મનુષ્યપણા આદિ સપત્તિઓની પ્રાપ્તિ થયા છતા સર્વવિરતિ આદિ ધર્મને પ્રાપ્ત કરવામા ઘણા વિઘ્નો આવે છે જેથી વિઘ્નોનુ ઓલઘન કરવુ

**વિઘ્નો**– આળસ, મોહ, અવજ્ઞા, અક્કડતા, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, વ્યાક્ષેપ, કુતૂહલ અને રમણતા તથા પિતા, માતા, છોકરા, સ્ત્રી, સ્વજન, ધન, સબળ પરતીર્થી, મન્ત્રી, રાજા, નગરના લોકો, અધમો અને પ્રમાદો અથવા જુદા ધર્મવાળાઓ, માતા, પિતા અથવા ધર્મના દ્વેષી અને અધિક સ્નેહીઓ–આ બધાઓનુ દાક્ષિણ્યપણાદિ બધન વગેરે વિઘ્નોનુ ઉલ્લઘન કર્યે છતે સર્વવિરતિ આદિ ધર્મની પ્રાપ્તિ થાય છે માટે સર્વવિરતિ આદિ ધર્મની પ્રાપ્તિ અતિદુર્લભ છે

હવે ધર્મનુ દુર્લભપણુ પ્રતિપાદન કરી મનુષ્ય-ભવમા ધર્મના ઉદ્યમ માટે તેનો ઉદ્યમ નહીં કરનારને બહુ હાનિ થાય છે તેનુ પ્રતિપાદન કરે છે

रयणायरंमि पत्ता रयणग्गहण पमत्तअपमत्ता ।
जह बहु अलाभलाभे लहति इय नरभवे धम्म ॥२॥
देवा तण१पाल२चदण३रयणायरगयपमत्तअपमत्ता ।
अणु१बहु२बहुतर३बहुतम४विहा गहगयाय जिआ धम्मं
॥ २ त २॥

**ભાવાર્થ**– જેવી રીતે રત્નને ગ્રહણ કરવા રત્નાકરમા ગયેલા પ્રમાદીઓ ઘણા લાભને પામતા નથી અને અ

માનીઓ ઘણા લાભ પામે છે, તેવી રીતે મનુષ્ય-ભવમા આવેલા આત્મા ધર્મરૂપી રત્નને ગ્રહણ કરવામા પ્રમાદી યથોક્ત લાભ પામતા નથી અને અપ્રમાદી ધર્મ ગ્રહણમા ઘણો લાભ પામે છે

( હવે આ પદાર્થને વિસ્તારથી કહે છે )

જેવી રીતે દેવતાના યોગથી તૃણાકર, ફળાકર, ચંદનાકર અને રત્નાકરમા ગયેલા પ્રમાદી ને અપ્રમાદીને અલ્પ, બહુ, બહુતર અને બહુતમ લાભ થાય છે, તેવી રીતે નારક, દેવ, તિર્યંચ અને અને મનુષ્યરૂપ ચાર ગતિના જીવોને અનુક્રમે ધર્મવિષયક લાભ થાય છે ( મુ પ ૧૪૨ )

અહી ભાવના નીચે મુજબ

૧ જેવી રીતે ઘાસના ઢગલા વિષે ગયેલો પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે, તેવી રીતે નરક ગતિને પામેલા જીવો ધર્મને વિષે પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે

૨ જેવી રીતે ફળના ઢગલા વિષે ગયેલો પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે, તેવી રીતે દેવ ગતિમા રહેલો જીવ ધર્મને વિષે પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે

૩ જેવી રીતે ચંદનના ઢગલા વિષે ગયેલો પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે,

તેવી રીતે તિર્યંચ ગતિમા રહેલો જીવ ધર્મ વિષે પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે

૪ જેવી રીતે રત્નાકર વિષે ગયેલો પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે, તેવી રીતે મનુષ્ય ગતિમા રહેલો જીવ ધર્મ વિષે પ્રમાદી ઓછો લાભ પામે છે અને અપ્રમાદી વધુ લાભ પામે છે

આવી રીતે ચારે ભાગા ભવાન્તરના ફળમા યોજવા

હવે નરભવનુ મહાન્ કિમતી એવા પુણ્યરૂપી રત્નો વડે રત્નાકરપણુ દર્શાવે છે

सगलवझाण छट्ठ मुक्खं सामाइयाइ देवाउ ।
रज्जाइ देइ पूआ, दाणाइ रयणत्ति( त्थपि ) मणुअत्ते ॥४ त ३॥

ભાવાર્થ–મનુષ્યપણામા સાત લવ કાળ જેટલુ ધ્યાન (વધારે હોય કે) છઠ્ઠનો તપ વધારે હોય તો મોક્ષને દે છે, સામાયિક આદિ દેવના આયુષ્યને બંધાવે છે જિન પૂજા અને દાન વગેરે રાજ્યાદિને આપે છે (યાવત્ મોક્ષને દે છે) (મુ પ ૧૪૬)

## અહી ભાવના નીચે મુજબ

૧ સાત લવ–અનુત્તર દેવોને પૂર્વ ભવ (મનુષ્યપણા)માં જો તેઓને સાત લવ જેટલુ ધ્યાન વધારે હોત કે છઠ્ઠનો તપ અધિક હોત તો મોક્ષમા જ જાત, અર્થાત્ સાત લવ પ્રમાણનુ ધ્યાન કે છઠ્ઠનો તપ મોક્ષને દેત આવી રીતે ધ્યાન અને તપ મોક્ષસ્વરૂપ મહાન્ ફળને દેતા હોવાથી, મહાન્

કિંમતી રત્નનો ઉપચાર કર્યો છે અને મનુષ્યપણું એ રત્ના કર છે આમ આગળ પણ સમજવુ

૨ **સામાયિક**– સામાયિક આદિ, આદિ શબ્દથી પૌષધ વગેરેનુ ગ્રહણ કરવુ બે ઘડીના એક સામાયિકથી "बाणवइ कोडीओ, लक्खा गुणसट्ठि सहस्स पणवीसं। नव सयपणवीसाए सतिहा अडभागपलिअस्स ॥" ૯૨ ક્રોડ ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫ પલ્યોપમનુ દેવનુ આયુષ્ય બાધે છે, તેજ રીતે પૌષધમા 'सुन्नि अ कोडिसहस्सा सत्तसया कोडिलखसहस्सा य। सत्तहत्तरीय तिंनवि सत्तसया सयरि त्तहिया ॥ १ ॥" ૨,૭,૭૭,૭૭,૭૭,૭,૭૦થી અધિક જેટલુ દેવનું આયુષ્ય બાધે છે

૩ **જિનપૂજા-દેવપાળની** જેમ જિનપૂજા આ ભવમા રાજ્યને દે છે, **નન્દન** આદિ આઠ કુમારોની જેમ જિનપૂજા દેવલોકને દે છે અને પુણ્યાઢ્ય રાજાની જેમ જિનપૂજા મોક્ષને પણ દે છે

૪ **દાન-મૂળદેવની** જેમ અલ્પ એવુ પણ દાન રાજ્યને દે છે, **શાલિભદ્રની** જેમ ભવાન્તરમા પણ દાન સુખોને દે છે, **જીર્ણ શેઠની** જેમ દાન દેવલોકને દે છે અને **ચન્દનબાળાની** જેમ દાન મોક્ષને દે છે

અને આદિ શબ્દથી શીલ, સયમ, ભાવ વગેરે અનેક રત્નો મનુષ્યપણારૂપ રત્નાકરમા છે

पणकोडिअहिअरोगा, जरय य आउस्सुवक्कमा मत्त।
मत्तभया निव्व तहिं धम्मुच्चिय नरभवे सारो ॥ ૯ ત ૪ ॥

ભાવાર્થ—જે મનુષ્ય-દેહમાં પાંચ ક્રોડથી અધિક રોગો છે, જેમાં આયુષ્યને સાત પ્રકારના ઉપક્રમ—આયુષ્ય તૂટવાના કારણો લાગે છે અને તેમાં હમેશાં સાત ભયો છે, એવા આ મનુષ્ય-ભવમાં ધર્મ એ જ સાર છે (મૂ પ ૧૭)

અહીં ભાવના નીચે મુજબ ।

૧ પાંચ ક્રોડ રોગો— અપ્રતિષ્ઠાન ના [illegible] પાંચ ક્રોડથી અધિક રોગો નિત્ય હોય છે, જ્યાં [illegible] મનુષ્ય-દેહના [illegible] એવા જ રોગો નાશનું કારણ છે તેવા આ મનુષ્ય-ભવમાં ધર્મ જ સાર છે તેથી સર્વ શક્તિથી તે આદરવા યોગ્ય છે, પરન્તુ વિષયો આદિ આદરવા યોગ્ય નથી. [illegible] નાશનું કારણ અને દુર્ગતિનો દુ [illegible] છે [illegible] ઓમાં વિષયો સુલભ છે, પણ [illegible] ધર્મ [illegible] છે

૨ સાત ઉપક્રમો— મનુષ્ય-ભવમાં [illegible] અને સ્નેહના અધ્યવસાય૧, [illegible], ચાબુક, [illegible], અગ્નિ, શીત, [illegible], ભૂખ, તરસ, વ્યાધિ આદિ અનેક નિમિત્તો૨, અતિ આહાર અથવા આહારનો અભાવ૩, [illegible] વેદના૪, વીજળી આદિના પડવાથી [illegible] અગ્નિનો સ્પર્શ૬ અને શ્વાસોશ્વાસનો નિરોધ૭ એમ [illegible] આયુષ્યને [illegible] ઉપક્રમો છે આથી આયુષ્યનો [illegible] હોવાથી કામાદિનો ત્યાગ કરી ધર્મ જ [illegible] છે [illegible]

૩ સાત ભયો—મનુષ્ય-ભવમાં [illegible] સ્વજાતીય મનુષ્ય આદિનો જે ભય તે [illegible], વિજાતીય તિર્યંચ દેવ આદિથી ભય તે [illegible] વગેરેને [illegible]

આદાન ભયરૂ, બાહ્ય નિમિત્તની અપેક્ષા વિનાનો ભય તે અકસ્માત્ ભય૪, દુષ્કાળ વગેરેમા જે ભય તે આજીવિકાનો ભયપ, મરણનો ભય૬ અને અપકીર્તિનો ભય તે અપયશ ભય૭. એમ સાત ભયો રહેલા છે

આવી રીતે ઘણા વિઘ્નો છે જેમા એવા આ મનુષ્યભવમા ધર્મ જ સાર છે

सुरहरहरिबंभाइ अविरयक्रीडापत्तिगे नाउं ।

अविरइपरिचायाआ जिणाइपत्ति लहइ धन्नो ॥६ त. ६॥

ભાવાર્થ–ઈન્દ્રાદિ દેવો, હર, હરિ, બ્રહ્મા આદિને અવિરતિ રૂપ ક્રીડા આદિની પ્રાપ્તિમા રહેલા જાણીને તે અવિરતિના ત્યાગથી ભાગ્યશાળી જિનાદિની પ્રાપ્તિને પામે છે (મુ પ ૧૪૭)

અહી ભાવના નીચે પ્રમાણે

ઈન્દ્રાદિ દેવો, હર, હરિ, બ્રહ્મા અને આદિ શબ્દથી પારાશર, વશિષ્ઠ, વિશ્વામિત્ર, દુર્વાસાઋષિ, ચક્રવર્તી રાજાઓ વગેરે અવિરતિપણાથી ક્રીડા આદિની પ્રાપ્તિમા રહેલા જાણી જેઓ અવિરતિનો ત્યાગ કરવાથી જિન અને આદિ શબ્દથી અવધિ આદિ જિન, કેવળી જિન આદિ મહર્ષિ, મહા શ્રાવક આદિની પ્રાપ્તિને પામે છે તે જરૂર મોક્ષમા જવા વાળા કે નજીકમા સિદ્ધિ થવાવાળા હોય છે આથી તે શ્લાઘ્ય છે

मुहपरिणाम थिरम सम्मं च चगति चउह जह चारि ।

सिसुगामहअरे१जग२सद्द३गया४चित्तिमिअजीया ॥७ त ६॥

(मणुआ इति था)

**ભાવાર્થ**– જેવી રીતે સુઅરનું બચ્ચું મુખે વિરસ અને પરિણામે વિરસ ખાઈને–ભક્ષ્યને ચરે છે–ખાય છે૧, બકરાનું બચ્ચું મુખે સરસ અને પરિણામે વિરસ ભક્ષ્યને ખાય છે૨, ગાયનું વાછરડું મુખે વિરસ અને પરિણામે સરસ ભક્ષ્યને ખાય છે૩ અને હાથીનું બચ્ચું મુખે સરસ ને પરિણામે સરસ ભક્ષ્યને ખાય છે૪, તેવી રીતે ચાર પ્રકારે નાસ્તિક પ્રાણીઓ આજીવિકાને આચરે છે (મુ પ ૧૪૬)

**અહીં ભાવના નીચે મુજબ**

૧ જેવી રીતે **ગર્તાસૂકરનું** બચ્ચું અશુચિ, કીચડ આદિ વિરસ ખાય છે અને તેનાથી પુષ્ટિને પામે છે તેમજ ચંડાળ આદિ વડે જીવતા જ અગ્નિમાં નાખી ભક્ષણ કરાય છે, તેવી રીતે કેટલાક મનુષ્યો, ભિલ્લો, શિકારીઓ, ચોરો આદિ સર્વ લોકથી નિંદનીય આજીવિકા વર્તમાનમાં–આ લોકમાં ચલાવે છે, ભવિષ્યમાં નરકના દુઃખદિના દુઃખો ભોગવે છે અને પરલોકમાં નરકાદિની પ્રાપ્તિ કરે છે

૨ જેવી રીતે **બોકડા** (એડક)ને બાલ્ય-અવસ્થામાં સારો સારો ખોરાક ખવડાવી પુષ્ટ કરાય છે અને હષ્ટ પુષ્ટ બનેલા એવા તેને ભોગાદિના અર્થીઓ ભોગ દે છે અને માંસના અર્થીઓ તેનો ઘાત કરે છે આમ તે મુખે સરસ અને પરિણામે વિરસ થાય છે, તેવી રીતે અતિલોભથી પરાભવ પામેલા અને અતિવિષય સુખોમાં આસક્ત થયેલા વાણિયા આદિઓ જેમ તેમ કરી ધન પેદા કરી તે ધન વડે વિષય વિલાસો ભોગવે છે તે મુખે સરસ હોય છે, પરન્તુ

તેના પરિણામે દુર્ગતિ આદિ દુઃખરૂપી સમુદ્રમાં પડે છે એટલે પરિણામે વિરસતા હોય છે

૩ જેવી રીતે **ગાયનું બચ્ચું** – વાછરડો બાલ્ય-અવસ્થામાંથી જેમ તેમ વિઘ્ન રીતે મોટો થતો, મોટો હાડ બનેલો ઈચ્છા પ્રમાણે ગાયોના ટોળામાં વિલાસ કરે છે, તેવી રીતે આ લોકના તુચ્છ સુખોની અપેક્ષા વિનાના અને ભિક્ષાથી પ્રાપ્ત કરેલા શુષ્ક પણ શુદ્ધ આહાર વડે સંયમ પાળતા સાધુઓ તેમજ દારિદ્રાદિ આપત્તિમાં પણ ઘણા ભાગે કૂર કર્મોને નહીં કરતા છ આવશ્યક આદિ ક્રિયા, તપ, દાન આદિ વડે સ્વનર-ભવને કૃતાર્થ કરતા શ્રાવકો આદિમાં વિરસ, પરન્તુ પરિણામે સુંદર એવા દેવલોક યાવત્ મોક્ષના સુખો ભોગવે છે

૪ જેવી રીતે **હાથીનું બચ્ચું** – રાજા આદિથી ગ્રહણ કરાયેલું મિષ્ટ મિષ્ટ આહારાદિ વડે નિરંતર પોષાતું અને ઉપદ્રવોથી રક્ષણ કરાતું તે સુખે સરસ અને પરિણામે મોટું થતાં ગજરાજ બનેલું રાજા આદિઓને વિશ્રામભૂમિ-સ્વરૂપ બનીને સુખોને અનુભવે છે તેવી રીતે કેટલાક મનુષ્યો પુરુષોમાં ઉત્તમ એવા, ભાગ્યના અતિશયથી **શ્રીવજ્રસ્વામી**ની જેમ બાળપણમાં સાધુ થયેલા સકલ શ્રીસંઘ વડે પૂજાય છે અને પરલોકમાં અનુત્તર દેવનું સુખ ભોગવે છે

सुगरममगरमच्छिआइपरकरिसहरिभारंडरोहिअसमाइ७ ।
मिच्छगिहनेहरचे अहमाइजिआण दिट्ठंता ॥८ त ७॥

ભાવાર્થ– મિથ્યાત્વના બંધનમાં અને ગૃહના સ્નેહ બન્ધનમાં–પોપટ૧, મચ્છર ૨, બગાઇ આદિ૩, હાથી૪, સિંહ૫, ભારંડ પક્ષી૬ અને તીક્ષ્ણ દાંતવાળા મોટા મત્સ્યો૭, એમ સાત અધમ આદિ જીવોના દ્રષ્ટાન્તો જાણવા (सु प १६०)

અહી ભાવના નીચે મુજબ

૧ પોપટ– જેવી રીતે પારસીક આદિ દેશમાં થયેલા પોપટને પકડનારાઓ વડે આંબા આદિ ઉપર લટકાવેલ દોરડા ઉપર બેઠેલા પોપટો પકડનારાથી દોરડું ભમાવતા પોતે નહી બંધાયેલા છતા પોતે બંધાયા છે તેમ માનતા ઉડવા માટે ઉદ્યમ કરતા નથી અને પકડનારાઓથી પકડાઈ આખી જિંદગી પાંજરાના બંધનને સહન કરે છે, તેવી રીતે કેટલાક જીવો ત્યાગ કરવાની સામગ્રી હોવા છતા પણ મિથ્યાત્વ અને ગૃહવાસના પાશને છોડવા માટે ખોટા ખોટા આલંબનો લઈ પોતાને અશક્ત માને છે, પોતે બંધનમાં આવેલા નહી હોવા છતા પોતાને બંધાયેલા માની પાશનો ત્યાગ કરતા નથી અને આ લોક તથા પરલોકના દુઃખોને અનુભવે છે

૨ મચ્છર– જેવી રીતે મચ્છર સિંહના નાકમાં પ્રવેશી સિંહને આકુલવ્યાકુળ કરે છે, હાથીના કર્ણમાં પેઠેલો હાથીનો નાશ કરે છે, ગજ વગેરેને દંશ દઈ ઉદ્વેગ પમાડે છે, ગૃહકોકિલની લાલમાં લાગેલો મરણ પામે છે, પણ પોતે પોતાને છોડાવવા અશક્ત હોય છે, તેવી રીતે

કેટલાક જીવો સસાર સુખના અભિલાપી, પરલોકના સુખોથી પરાગમુખ, વિષયાસક્તિવાળા, પાપકાર્યોમા દયા વિનાના, ઘાતને કરનારા, બીજાઓને ઘાતની પ્રેરણા આદિ કરી રાજા ઓને પણ ઉદ્વેગ કરે છે, બીજા પણ ક્રૂર કર્મો કરે છે, પરદ્રોહ કરે છે અને બીજાઓને કુબુદ્ધિ આપે છે, પરન્તુ સ્વહિતકારી તપ, સમ્યક્ત્વ, નિયમ, સયમ, દેશવિરતિ આદિનો સ્વીકાર, પાલન આદિમા અછતુ એવુ શરીરનુ અસમર્થપણું ગણી સ્રી છોકરાના સ્નેહનુ આલબન કરી લતાતન્તુ જેવા પ્રાયે અસાર એના વિષયોમા આસક્ત થયા છતા, સવથા સયમબગ વિનાના એવા યત્ન કરતા નથી, આવા મર્યા છતા દુર્ગતિમા જઈ વિવિધ પ્રકારના દુ ખોને સહન કરે છે

૩ બગાઈ– જેવી રીતે બગાઈ મનુષ્ય, પશુ વગેરેને ડશ દઈને ઉદ્વેગ પમાડે છે, આહાર-સુખની અભિલાપી એવી તે શ્લેષમ આદિ અપવિત્ર વસ્તુઓમા આનદ કરે છે અને તેમા ચોટેલી પોતાને છોડાવવામા અસમર્થ બનેલી દુ ખે કરી મરણ પામે છે, તેવી રીતે કેટલાક જીવો ચાડીઓ આદિએ કરી બીજાઓને ઉદ્વેગ કરે છે, ધર્મવીર્યથી રહિત બનેલા એવા ધર્મના શુભ કાર્યોમા ઉત્સાહ કરતા નથી, કદાપિ ઉત્સાહ કરે છે તો તે પ્રાય અપવિત્ર એવા કુગુરુઓમા જ કરે છે અને વિષયોમા આસક્ત થયેલા અને તેમા લાગેલા ઘણા ઉપદેશો વડે પણ મિથ્યાત્વ આદિથી છૂટવા અશક્ત નીવડેલા મરીને દુર્ગતિના જાય છે

૪ **હાથી**- જેવી રીતે હાથી મહાન્ બળવાન હોવા છતા હાથિણીના સ્પર્શની લોલુપતાથી પાણીમા પડેલો, ખેટન, વાહન, બન્ધન આદિ કલેશોને સહન કરે છે, માવત વડે મિષ્ટ આહારાદિથી વશ કરાયેલો છૂટો એવો પણ પોતાના બળને નહી દેખનારો એવો તે વનાદિમા જઈ સ્વેચ્છા પૂર્વક ક્રીડા આદિનુ સુખ ભોગવવા જવાનો ઉદ્યમ કરતો નથી, તેમજ પોતાને દુ ખને કરનારા એવા ભૂમિ ઉપર પડેલા અ કુશ વગેરેને અર્પણ કરે છે, તેવા રીતે કેટલાક જીવો બાલપણામા શુભવીર્યના યોગથી ધર્મકાર્યોમા ઉદ્યમ વાળા હોવા છતા પિતા આદિથી બળાત્કારે લગ્ન કરાયેલા, માતા-પિતા-સ્ત્રી-છોકરા વગેરેને વશ થયેલા, ઈન્દ્રિયોના સુખમાત્રમા આસક્ત થયેલા, કુટુબનો અભિપ્રાય હોય તે પ્રમાણે ચેષ્ટાઓને કરતા, ધર્મવીર્યને મદ કરતા, સમ્યગ્ દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ આદિનુ પાલન વગેરે જે ધર્મકાર્યો તેમા પ્રયત્ન કરતા નથી, પરન્તુ મોહમા બન્ધાયેલા ગૃહવાસમા જ રહે છે, અને કુટુબ તથા સ્વજનોને ખુશ કરવા માટે મિથ્યાત્વ, આરભાદિમા પ્રવર્તે છે, યાવત્ દુર્ગતિમા જાય છે જેવી રીતે કેટલાક હાથી પહેલા મદની અવસ્થામા અનુભવેલી ક્રીડા વગેરેના સ્મરણથી બન્ધનો-આલનો તોડી વનમા નાસી જાય છે, તેવી રીતે કેટલાક જીવો અતિશયે કરી નહિત ગુરુ મહાનજના પ્રતિબોધથી, કોઈક સુખ-દુ ખના નિમિત્તોથી, કોઈક ઉત્પન્ન થયેલા વૈરાગ્યથી અને કોઈક જાતિસ્મરણ આદિથી સયમવીર્યમા

ઉ નામ પામેના નવવિરતિ, દેશવિરતિ, સમ્યગ્દર્શન વગેરેને સ્વીકારે છે

૫. સિંહ- જેવી રીતે સિંહ મરણાન્તે પણ પાશમા પડતો નથી, બાલ્ય-અવસ્થામા કૂટ યન્ત્ર, પ્રપંચાદિથી પાશમા પડે છે તો પણ લોઢાની સાકળોએ બાધેલો છૂટે છે તો તો વનમા જાય છે, નહીં છૂટેલો એવો પણ હાથી આદિની જેમ પર્યાણુ માટે શક્ય હોતો નથી, તેની અવના કરવા માટે શક્ય હોતો નથી, ઘાસ ખાતો નથી પણ બળપુષ્ટિ કરનાર માંસને જ ખાય છે, તેને સેવકો પણ મધુર વચનોથી ખુશ રાખે છે પણ કોપાવતા નથી, તેવી રીતે કેટલાક શ્રાવકો જો પિતા આદિના વશપણાથી, સ્ત્રીના કપટથી ગૃહસ્થાવાસમા રહેલા પણ સ્ત્રી કુટુંબને વશ થયેલા પાપકાર્યોમા પ્રવર્તતા નથી, પરિણામે વિરસ, જીર્ણ ઘાસ સરખા સચિત્ત વગેરે આહાર કરતા નથી, કિન્તુ પરિણામે પુષ્ટિ અને બળને કરનારા અચિત્ત આહારોને કરે છે, પોતાની આજ્ઞાથી કુટુંબી જનોને ધર્મકાર્યમાં પ્રવર્તાવે છે પણ તેમની આજ્ઞાથી મહા-આરંભ આદિ પાપકાર્યોમા પ્રવર્તતા નથી જેમ સિંહ ઘર્ઘર અવાજોથી બીજા મનુષ્યોને, મૃગલાઓને ભય પમાડે છે તેમ ધર્મમા પ્રમાદી સ્વજનોને અને મિથ્યાત્વીઓને ત્યાગમય દર્શન, જૈન શાસ્ત્રના તર્કો આદિથી ભય પમાડે છે, પોતાની આજ્ઞાથી ધર્મ કરાવે છે, અને જ્યારે અવસર જુએ છે ત્યારે મિથ્યાત્વાદિથી, કુટુંબ અને વિષય-સ્વરૂપ પાશથી-

બન્ધનથી નીકળી સમ્યગ્દર્શન, બ્રહ્મચર્ય અને સયમસ્વરૂપ બગીચાના આનદયુક્ત સુખ અનુભવે છે

૬ **ભારડ પક્ષી**–જેવી રીતે 'પત્તાદરપ્પથગ્ગીવા૦" વાળા ભારડ પક્ષી– બે જીવ, એક ઉદર અને ભિન્ન ગ્રીવાવાળા હોય છે આ અપ્રમાદી એવા જ્યા ત્યા પાશને માનતા મનુષ્ય રહિત પર્વત, દ્વીપોમા ફરતા પાશમા પડતા નથી, આહારાદિ માટે જીવતા મનુષ્ય વગેરેને હણતા નથી, પોતાના પગે વળગેલા મનુષ્ય આદિને સમુદ્રાદિથી ઉતારી, ઈષ્ટ દ્વીપ આદિમા મૂકે છે અને ઇગ્િ ત સુખોને ભોગવે છે, તેવી રીતે કટલાક જીવો કર્મના ક્ષયોપશમથી, જાતિસ્મરણ નાનથી, બાલપણામા પણ દૃઢ સમ્યક્ત્વ, જ્ઞાન ને ચારિત્રવાળા, અપ્રમાદીપણે વિચરતા, માતા, પિતા, સ્ત્રી આદિને પાશની જેમ માનતા, નવ બ્રહ્મચર્યની વાડમા રહેતા, ફાસુ આહાર, વસ્ત્ર અને શય્યાને ગ્રહણ કરતા, અનુત્તર દેવો કરતા સયમમા અધિક સુખ અનુભવતા ક્રમે કરી મોક્ષ–સુખને પામે છે અને પોતાના આશ્રિતોને પણ તારે છે

૭ **રોહિત જાતિના મહા મત્સ્યો**– જેવી રીતે તીક્ષ્ણ દાતવાળા, મહાબળવાળા, મહાકાયાવાળા, સમુદ્રમા ઊડા પાણીમા ઘણા મત્સ્યોથી પરિવરેલા રોહિતજાતિના મત્સ્યો જાલમા પડતા નથી, માછીમારોથી કોઈ પણ રીતે પરિવાર સહિત જાળમા ફસાયેલા પણ ટળવળતા પરિવારને જોઈ દયા, કોપ અને અભિમાનથી પોતાના દાત વડે જાળને તોડી નાખે છે, નીકળી જાય છે અને જાળને પણ મત્સ્ય

ગ્રહણ માટે અયોગ્ય કરી નાખે છે, તેવી રીતે કેટલાક ઉત્તમ જીવો મોહપાયોને તોડી નાખી પોતે તરે છે અને **પૃથ્વી** ચન્દ્રની જેમ પોતાના આશ્રિતોને પણ તારે છે યાવત્ મોક્ષ-સુખને પામે છે અને પમાડે છે

મદ્દિઅરસુવણ્ણકલમા મજ્જામયપૂરિઆ જહા ઘડહા।
હુતિ કુગ્ગયારહિં તહ મણુઆ માવિગઇવસઆ ॥૧ ત ૮॥

**ભાવાર્થ**– દારૂથી ભરેલો માટીનો કલશ૧, અમૃતથી ભરેલો માટીનો કલશ૨, દારૂથી ભરેલા સોનાનો કલશ૩ અને અમૃતથી ભરેલો સોનાનો કલશ૪, એમ ચાર પ્રકારના કલશો હોય છે, તેમ ભાવિ–ગતિને આશ્રીને કુળ અને આચારો વડે ચાર પ્રકારના મનુષ્યો હોય છે (મુ વ ૧૬૪)

**અહીં ભાવના નીચે મુજબ**

૧ જેવી રીતે દારૂથી ભરેલો માટીનો ઘડો બન્ને પ્રકારે નિંદનીય છે, તેવી રીતે કેટલાક મનુષ્યો તેવા પ્રકારના દુષ્કર્મના વશથી નીચ કુળમા જન્મેલા હોય છે અને જીવવધ, દારૂ, માસનુ ભક્ષણ અને દેવ, ગુરુના શત્રુપણુ આદિ આચરણો નિંદિત હોવાને લઈ કાલિકસૌકરિકની જેમ બન્ને પ્રકાર નિંદનીય હોય છે

૨ જેવી રીતે અમૃતથી ભરેલો માટીનો ઘડો પૂર્ણ કલશના નામે વખણાય છે, અને તમામ મંગળોમા મંગળપણે વખણાય છે, તેવી રીતે કેટલાક મનુષ્યો દુષ્કર્મના વશથી નીચ કુળમા જન્મેલા છતા પણ અમૃતના સરખા ઊંચ, જિનપ્રણીત શુદ્ધ આચારોથી પવિત્ર આત્મા આ લોકમા

પ્રશસાને પાત્ર થાય છે અને પરલોકમા પણ સ્વર્ગ, મોક્ષની લક્ષ્મીને કાલિકસૌકરિકના પુત્ર સુલમની જેમ પામે છે

૩ જેવી રીતે દારૂથી ભરેલો સોનાનો કલશ ઉત્તમ હોવા છતા નિદનીય વસ્તુના સયોગથી ખૂબ નિદાને પાત્ર થાય છે, તેવી રીતે કેટલાક મનુષ્યો ઉત્તમ કુળમા જન્મેલા એવા પણ પહેલા કહી ગયા તેવા નીચ આચરણોને આચરતા વિશેષે કરી નિદાને પાત્ર થાય છે અને ભાવિ–દુર્ગતિમા જાય છે

૪ જેવી રીતે અમૃતથી ભરેલો સોનાનો કલશ પરમ સૌભાગ્યને પામે છે, તેવી રીતે કેટલાક મનુષ્યો ઊચ કુળમા જન્મેલા અને ઊચ આચરણોને આચરતા આ લોકમા લોકોત્તર સુખ, યશને પામે છે અને પરલોકમા લોકોત્તર ગતિના સુખનુ પાત્ર થાય છે

આ ચારેનુ ઉચ્ચ નીચ આચારપણું ભાવિની ઉચ, ઉચ્ચતર, મધ્યમ, હીન અને હીનતર ગતિના વશથી હોય છે

दलमेहरगच्चिरंगेरम्मा जह मोअगा सुहाविअरे ।
कुलधणधम्मविवेगावगया पव मणुअजम्मा ॥१० त ९॥

ભાવાર્થ–શુદ્ધ વસ્ત્ર વડે ચાલેલો દલ૧, ઘીમ્વરૂપ ચીકાશ૨, શ્રેષ્ઠ ખાડ૩, અને વેગર કહેતા દ્રાક્ષ, લવગ, ઈલાયચી, કર્પૂર, ચારોળી, બદામ, ખારેક અને કોપરૂ આદિ૪, એમ ચારેથી યુક્ત લાડવા જેમ રમણીય અને ઉત્તમ હોય છે તેમ ઇક્ષ્વાકુ વગેરે કુળ૧, ન્યાયથી ઉત્પન્ન કરેલુ ધન૨, જિનપ્રણીત ધર્મ૩ અને સાર–અસારની વહે

ગાળીસ્વરૂપ વિવેક૪, એમ ચારે કરી યુક્ત જ મનુષ્ય-જન્મ જાણીય, ઉત્તમ હોય છે ઇત્યાદિ કહેતા શુદ્ધ વર્ણ આદિ રહિત લાડવા સુંદર હોતા નથી, તેવી રીતે આ ચારથી રહિત મનુષ્ય-જન્મ સુંદર હોતો નથી એક એકનુ તરતમપણે અને એક એકના અભાવે અહીં ઘણા ભાગા થાય છે (વિશેષ અર્થીએ મુદ્રિત ટીકા પૃ ૧૬૫થી જાણી લેવુ ) (મુ પ ૧૬૯)

सुदृगा१निद्धारगयिला३इअरे॰यि अ मोअगा जहा छविहा।
कुल१धण२धम्म३जुआ तह नरजम्मा हुंति कम्मेहिं ॥ ११ त १०॥

'मुद्रित इयं गाथा "सुदलाणिद्धागुयिला अन्नडयिअ मोअगा जहा अट्ठ। तह कुलधणधम्माढ्ढा नरजम्मा हुति कम्मेहिं ॥ १ ॥"

ભાવાર્થ-જેમ ઉત્તમ દળવાળા૧, સ્નિગ્ધ-ચીકાશવાળા૨ આકારવાળા૩, ઇતરેતર પણ કહેતા સારા દળ વિનાના૪, ચીકાશ વિનાના૫ અને આકાર વિનાના૬, એમ છ પ્રકારના લાડુ હોય છે, તેવી રીતે ઉત્તમ કુળ૧, ઉત્તમ ધન૨, ઉત્તમ ધર્મ૩, ઉત્તમ કુલ રહિત૪, ઉત્તમ ધન રહિત૫ અને ઉત્તમ ધર્મ રહિત૬, આમ છ પ્રકારે કર્મથી મનુષ્ય-જન્મો હોય છે (મુ પ ૧૬૯)

એક એકના અભાવે અહીં પણ બીજા ભાગાઓ થાય છે (વિશેષ અર્થીએ મુદ્રિત ટીકા પૃ ૧૭૦ થી જાણી લેવુ)

॥ तपागच्छाधिराजश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे मध्याधिकारे प्रथमस्तरङ्गः ॥

**એ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિ વિરચિત શ્રીઉપદેશરત્નાકરના મધ્ય તટનો પહેલો અંશ સમાપ્ત**

जणवयणामयभाविअ१भीरुपावा२ सुधम्मरगिल्लो३।
मम्मत्त४यया५वस्सयद्दजुत्तो सुह-भायण होइ ॥ १ ॥

**ભાવાર્થ**-જિનવચનામૃતથી ભાવિત૧, પાપથી બીકણ૨, ઉત્તમ ધર્મ વિષે રંગવાળો૩, સમ્યક્ત્વ૪, વ્રતપ અને આવશ્યકક્રિયા૬, આમ આ છથી યુક્ત એવો આત્મા સુખનું ભાજન થાય છે (મુ પ ૧૭૧)

तिलोदग१लोहाग्नि२पयजल३पारयसुवर्ण४रसलोहाइ५।
जियधम्मभावणासु, दिट्ठंता भाविसिवयसआ ॥२ त २॥

**ભાવાર્થ**- ભાવિ થવાવાળા શિવ(મોક્ષ) વશથી જીવોની ધર્મ સમ્બન્ધી ભાવનાઓમાં તેલ અને પાણી૧, લોઢું અને અગ્નિ૨, દૂધ અને પાણી૩, પારો અને સુવર્ણ૪ અને સિદ્ધરસ અને લોઢુ૫, એમ પાંચ દૃષ્ટાન્તો જાણવા (મુ પ ૧૭૧)

## અહીં ભાવના નીચે મુજબ

૧ **તેલ અને પાણી**- જેવી રીતે એક વાસણમાં તેલ પાણી ભેગુ મેળવેલુ ભેગુ દેખાય છે, પરન્તુ પરસ્પર સમ્બન્ધથી મળેલા હોતા નથી, કાર્યવશે છૂટું પાડવુ શક્ય હોય છે, તેવી રીતે કેટલાક જીવરૂપી પાત્રમાં સદ્, અસદ્ ઉપયોગસ્વરૂપ મન-ચિત્ત અને ધર્મ સ્થાપન કરતા પરસ્પર જોડાણ થતું નથી કિન્તુ જુદા જ રહે છે, આવા આત્માને ઘણુ ભણાવવામાં આવે તો પણ તેનું ચિત્ત સૂત્ર અને અર્થથી તત્ત્વની શ્રદ્ધાસ્વરૂપ સમ્યક્ત્વના પરિણામ,

સમ્યગ્ અનુષ્ઠાનની રુચિ તથા સંયમમા વીર્ય વગેરેનુ ઉત્પન્ન થતુ થતુ નથી આવા આત્માઓ જે શ્રુતાદિ ભણે છે, ભણાવે છે, ઉપદેશે છે, ધર્મના અનુષ્ઠાનો કરે છે અને કરાવે છે, તો પણ તેઓનો આત્મા કર્માદિની મલિનતાથી મલિન, ખોટા ખોટા વિચારો ભવતૃષ્ણારૂપી ક્લુષિતતાથી મલિન આવા આત્માઓ અભવ્ય અંગારમર્દક આચાર્યના જેવા પ્રાયે હોય છે કોઇક આત્મા ગોશાલાની જેમ દુર ભવ્ય પણ હોય છે

૨ લોઢુ અને અગ્નિ– જેવી રીતે ધમતા સમયે લોઢુ અને અગ્નિ એકમેક થાય છે, દ્રવ થાય છે, ક્ષણવાર અગ્નિના વર્ણવાળુ થાય છે અને ઉષ્ણ પરિણતિ પણ થાય છે, તથા સ્ત્રી, પુરુષપણાના સંહાર કરવા માટે શકય બને છે, પરન્તુ થોડા સમય બાદ વર્ણતા, દ્રવતા, ઉષ્ણતાની અવસ્થાને છોડી દે છે, તેમ પાણી કે કાદવના સંસર્ગથી પણ છોડી દે છે અને ફરી કઠિનપણુ, કૃષ્ણ વર્ણપણુ તથા સંસ્કાર કરવાને અયોગ્યપણુ વગેરે પોતાના મૂળ સ્વભાવોને ધારણ કરે છે, તેવી રીતે કેટલાક જીવો સદ્ગુરુના યોગથી જૈન ધર્મરૂપી રસથી ભાવિત થાય છે અને મિથ્યાત્વ, આરંભ, ભવતૃષ્ણા, વિપરીત અનુષ્ઠાન, કદાગ્રહ અને દુર્બોધ વગેરે કઠિનપણું છોડી દે છે, અને સમ્યક્ત્વ, દેશવિરતિ વગેરેનો સ્વીકાર કરે છે, પરન્તુ મોહનીય કર્મના ઉદયથી, તથા પ્રકારના સ્વભાવથી, અથવા કુતીર્થી આદિના સંસર્ગથી ધર્મની પરિણતિ, સ્વીકારેલ વિરતિ આદિને છોડી દે છે આવા

આત્માઓ પ્રાયે કરી દુર્ભ યો છે, છતા પણ અર્ધપુદ્ગલ-પરાવર્તમા **ગૌતમસ્વામીથી** પ્રતિબોધાયેલ **હાલિકની** જેમ સિદ્ધ થાય છે જેવી રીતે પુન અગ્નિ આદિના સંસ્કારથી લોહ ફરી તે સંસ્કારને પામે છે અને તેનાથી શસ્ત્રાદિ ઇષ્ટ કાર્ય બની શકે, તેવી રીતે **સિદ્ધર્ષિની** જેમ અદુર્ભ યો ( નિકટભવી ) પણ હોય છે

૩ **દૂધ અને પાણી**-જેવી રીતે દૂધ અને પાણી એક ભાજનમા નાખેલુ અન્યોન્ય એવું તો મળી જાય છે કે જુદા પણું જરા પણ દેખાતુ નથી અને કોઈનાથી જુદુ પાડવા શક્ય હોતુ નથી, કાળે કરી પણ જુદુ પડતુ નથી પણ ફક્ત બે પ્રકારથી જ જુદુ પડે છે ૧ રાજહંસની ચાંચમાં ખટાશ હોવાથી તે ગૌળતા દૂધ જુદુ પડે છે અને ૨ અગ્નિથી કઢવતા પાણી બળી જતા દૂધ બાકી રહે છે આમ બે પ્રકારો તેની એક્યતા તોડનારા બને છે, તેવી રીતે કેટલાક જીવોને સદ્‌ગુરૂના ઉપદેશને શ્રવણ કરવા આદિથી સમ્યગ્ દર્શન, શ્રુત, દેશવિરતિ, સર્વવિરતિ વગેરેસ્વરૂપ ધર્મની પરિણતિ એવી તો થાય છે કે જે એકમેક થઈ જાય છે આવા આત્માના ધર્મ અનુષ્ઠાનો આદિ જરૂર ભાવરૂપ જ હોય છે વિઘ્નો જો નથી આવતા તો તે પરિણામ યાવત્ જીવન સુધી ટકે છે તેમા આવતા વિઘ્નો બે પ્રકારના હોય છે (૧) **અશ્વગ્રીવ** નામના પ્રથમ પ્રતિવાસુદેવના ધર્મના પરિણામ જેમ નાસ્તિક પુરોહિતના કુસંસર્ગથી નાશ પામ્યા, તેમ તેવા પ્રકારના વિઘ્નથી ધર્મના પરિણામ નાશ પામે

છે, અને (૩) રોગ, પીડા આદિથી જેમ મઠીઉચિના મન્દ પરિણામ થયા, તેમ તેવા પ્રસંગના વિઘ્નથી ક્વચિત્ ધર્મના પરિણામ નાશ પામે છે આવા આત્માઓ પ્રાયે આસન્ન સિદ્ધિક હોય છે

૪ પારો અને સુવર્ણ—જેવી રીતે તાંબા આદિના આભરણોમાં સોનાનો ઢાળ ચઢાવવા અર્થે સુવર્ણ અને પારાને એક કરાય છે અને પારાના પ્રતાપે સુવર્ણ તાંબા આદિના આભરણો વિષે વ્યાપી જાય છે આવા પ્રકારથી ઢાળ કરતા આભરણો પારાના એકપણાથી ધવલ દેખાતા અગ્નિ વિષે પડાય છે અને તે ધવલતા અગ્નિના તાપથી પારો ચાલી જવાથી દૂર થાય છે અને આભરણો વગેરે સુવર્ણના આભરણોવાળા દેખાય છે આ બન્નેનો થયેલો સંયોગ દૂર કરવો શક્ય હોતો નથી પરન્તુ તેનો વિનાશ થયે જ દૂર થાય છે દૂધ પાણીના દૃષ્ટાન્તમાં જેમ એકતરનો નાશ જણાવ્યો, તેમ અન થતુ નથી પરન્તુ પ્રાપ્ત કરેલા સ્વભાવમાં રહે છે, તેવી રીતે કેટલાક જીવોમાં સમ્યગ્દર્શન વિરતિ વગેરે-સ્વરૂપ ધર્મની ભાવના એવી તો એકપણારૂપ થઈ જાય છે કે ઉપસર્ગ અને આપત્તિઓમાં પણ જીવતા સુધી જતી નથી ભવાન્તરમાં ગયેલા કેટલાક દેવતા આદિના ભવમાં પણ સમ્યગ્દર્શન આદિની ભાવના મૂકતા નથી આવા આત્માઓ દેશવિરતિવાળા જો હોય તો પાકા શ્રાવકો હોય છે અને જો સર્વવિરતિવાળા હોય તો તે પાકા સાધુઓ હોય છે, આ આત્માઓ બધા યે અને આસન્નતર સિદ્ધિકા જ હોય

છે તેઓ આનદ શ્રાવકની જેમ ત્રીજા આદિ ભવમા સિદ્ધ થાય છે

૫ **સિદ્ધ રસ અને લોહુ** – જેવી રીતે સિદ્ધ રસના યોગથી લોહુ સુવર્ણ થાય છે, તે સિદ્ધ રસથી પ્રગટ થયેલ સુવર્ણપણાની અવસ્થાને કડુ, કુડલ આદિ અવસ્થામા પણ છોડતુ નથી, તેવી રીતે કેટલાક જીવો સમ્યક્ત્વ આદિ ભાવોને ભવાન્તરમા પણ મેલતા નથી આવા આત્માઓ આસન્નતમ સિદ્ધિકા જ હોય છે જો તે ક્ષાયિક સમ્યક્ત્વને ધારણ કરનારા હોય છે તો તે પૂર્વે બાધેલા આયુષ્યવાળા– તિર્યંચ કે મનુષ્યનુ આયુષ્ય બાંધેલા હોય તો ચોથે ભવે, દેવ કે નારકનુ આયુષ્ય બાધેલા ત્રીજે ભવે મોક્ષે જાય છે જો પૂર્વે આયુષ્ય બધાયેલુ ન હોય તો તે જ ભવે મોક્ષમા જાય છે

જિનવચનામૃતથી ભાવિત આત્મા જરૂર પાપથી ભયવાળો હોય છે માટે હવે ભયોને દર્શાવે છે

पियरमायसयणभज्जाजणवयणरधणाइमयलतित्थियमतिरायनिवा।
नायरअहमपमाया११ परमत्थभयाणि जीवाणं ॥ ३ त २ ॥

**ભાવાર્થ**–જિનધર્મ રહિત એવા પિતા૧, માતા૨, છોકરા૩, સ્ત્રી૪, સ્વજન૫, ધન૬, મળળ (વિવિધ આદિ બગનાગ) અને અન્ય તીર્થિકો૭, મન્ત્રી૮, રાજા૯, નગરના લોકો૧૦ અને પાચ પ્રકારના પ્રમાદો૧૧, એમ આ અગિયાર પ્રકારો જીવોને પરમાર્થથી–તત્ત્વથી વિશ્વભૂત હોઈ ભયો છે (મુ પ ૧૭૪)

पिय१माया२-वच्च३भज्ज्राप्मयण-धणा६मयर् तित्थिउमति८-
नियार९। नायर१०मधम्म११जिणमत१२जीयाण हिआणि णआणि
॥ ४ ॥ ३ ॥

ભાવાર્થ–જિનધર્મથી ભાવિત એવો પિતા૧, માતા૨, છોકરા૩, સ્રી૪, સ્વજન૫, ધન૬, પરતિર્થિકો૭, મન્ત્રી૮, રાજા૯, નગરના લોકો૧૦, સાધર્મિકો૧૧ અને જિનમત૧૨ એમ આ બાર પ્રમાણ જીવોને હિત કરી છે (મુ પ ૧૭૮)

चुण्णय१गुञ्ज२पयगा३चोग्दध४विद्रुम-कुसुमद्वङ्गपामा ७।
जीवाण धम्मरग दिट्ठंता भावियव्वमओ ॥ ७ ॥ ४ ॥

ભાવાર્થ–ચૂનો૧, ચનોઠી૨, પતંગિયો૩, ચોરમજીઠ૪, પરવાળા૫, કસુંબિયો૬ અને કપાસરૂનો ૭, એમ સાત રંગોના દ્દષ્ટાન્તો ભાવિ-કલ્યાણને આશ્રીને ધર્મરંગમા જીવોના જાણવા (મુ પ ૧૭૮)

## અહી ભાવના નીચે મુજબ

૧ ચૂનો— જેવી રીતે કળી ચૂનો પોતે રંગ રહિત છે છતા પણ તાંબૂલ વગેરેમા મળેલો બીજાઓના મુખ, દાંત આદિને રંગે છે તેવી રીતે કેટલાક જીવો પોતે મહા-મિથ્યાત્વ, મહારંભ અને સંસારતૃષ્ણા વગેરે કારણથી ધર્મ-રંગથી રહિત હોવા છતા પૂજા, મહત્ત્વ અને આજીવિકા આદિના કારણે જેમ નટ પોતાનામા વૈરાગ્ય નહી હોવા છતા પ્રેક્ષકોને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે, તેમ શુદ્ધ આદિ ધર્મોપદેશ આદિથી બીજાઓને સંવેગ વગેરે રંગો ઉત્પન્ન કરે છે આવા જીવો અંગારમર્દકની જેમ અભવ્યો અગર

દુર્લભ થયો હોય છે અથવા વિષયતૃષ્ણા આદિ આશ્રીને નરકા યુષ્ય બાંધેલા હોય છે

૨ **ચનોઠી**—જેવી રીતે **ચનોઠી** નામ રંગે કરી યુક્ત છે, પરન્તુ ધોવા એવા ઘસામણે રંગને તજી દે છે અને કાળવર્ણના આદિ રંગે કરી ખરાબ શોભાને પામે છે, તેવી રીતે કેટલાક જીવો ગુરુ મહારાજના તથા પ્રકારના ઉપદેશનુ સાંભળવું, સુખ—દુઃખ, સત્કાર, ધર્મવાનોની સમૃદ્ધિ અને સારા સમાગમથી કંઈક ધર્મની પરિણતિને પ્રાપ્ત કરે છે, પરન્તુ અલ્પ સુખ—દુઃખ આદિથી, ગુરુ—સંઘ આદિએ બહુમાન ન દેવાથી, ગુરુ આદિએ સાત ક્ષેત્ર આદિમાં કિંચિત્ દ્રવ્ય આદિની માગણી કરવાથી, ધર્મના અનુષ્ઠાનાનુ કઠિન—પણું હોવાથી, અનુષ્ઠાનોની પ્રેરણા થવાથી અને કુસંસર્ગ આદિના કારણોથી જલદી ધર્મરંગને તજી દે છે અને આદરેલા અનુષ્ઠાનોને કંઈક છોડવાથી કાબરચિત્રાપણાની અશોભાને પામે છે અથવા સર્વ ધર્મના અનુષ્ઠાનોને છોડવાથી ખરાબ શોભાને પામે છે આવા જીવો ભવ્યો જ હોય છે, કારણ કે સમ્યક્ત્વ પામેલ આત્મા ઉત્કૃષ્ટે અર્ધ પુદ્ગલપરાવર્તમાં સિદ્ધ થાય છે

૩ **પતંગિયો રંગ**—જેવી રીતે **પતંગિયા** રંગે રંગાયેલ વસ્ત્ર વાળીને સાચવ્યું હોય તો તે સમયે ઉત્તમ રંગના દેખાવે કરી શોભાને ધારણ કરે છે અને જો તે વસ્ત્ર વાપરવામાં આવે તો ઘસારા આદિથી ધીમે ધીમે રંગને તથા શોભાને છોડી દે છે, પરન્તુ રંગેલ વસ્ત્ર નહીં રંગેલ

થતુ નથી, તેની રીતે કેટલાક જીવો ધર્મરૂપી રગે રગાઈ ધર્મના અનુષ્ઠાનોથી દીપે છે, તમામ ધર્મના કાર્યોમા અગ્રેસરપણુ ધારણ કરે છે, કિન્તુ સામગ્રીના અભાવથી અને પહેલા કહી ગયેલ સુખ-દુખ આદિ કારણોથી ધીમે ધીમે ધર્મરગને સર્વ ધર્મના કાર્યોની અગ્રેસરતાને તજી દે છે, તેમ ધર્મના અનુષ્ઠાનાદિની શિથિલતાથી શ્રાવકપણાની ગોભાને પણ તજી દે છે, કિન્તુ શ્રાવક સમુદાય ભેગો મળેલો હોય તો તેમા ભળવુ, જેમ તેમ ક્રિયાનુ કરવુ, ક્રૂર અને ઘણા મોટા આરભોનો ત્યાગ પર્વ દિવસોની મર્યાદા સાચવવી અને દેવ-ગુરુ-સાધર્મિકની ભક્તિ આદિ ગુણને ત્યાગ ન કરવાથી તે અશ્રાવક થતા નથી જ આ જીવો ભવો છે પ્રાયે સખ્યાતા ભવે મોક્ષમા જનાર હોય છે વિશેષ સામગ્રીના યોગે તો થોડા ભવોમા મોક્ષમા જાય છે

૪ ચોલમજીઠનો રગ-જેવી રીતે ચોલમજીઠથી ઉત્પન્ન થયેલા રગે રગેલ વસ્ત્ર અથવા કૃમિ રગે રગેલ વસ્ત્ર ઘણા ઘસારે, ફાડે, તોડે અને જીર્ણ થયે પણ પોતાના પામેલા રગને તજતુ નથી, તેવી રીતે કેટલાક જીવો ઉપદેશ આદિથી ધર્મને વિષે પરિપ્લુત રગવાળા થાય છે અને ક્રિયા અનુષ્ઠાનો આદિ સર્વ ધર્મના કાર્યોમા અગ્રેસરતા ધારણ કરે છે, પહેલા કહી ગયા તેવી સામગ્રી આદિનો અભાવ વગેરે કારણો ઉપસ્થિત થાય તો પણ ધર્મ રગને તજતા નથી, પરન્તુ સ્વપક્ષ-પરપક્ષ આદિમા ધર્મના ગુણોના રગ વડે **મથુરાવાસી નદ** શ્રાવક આદિની માફક શોભતા જ રહે છે આવા જીવો પ્રાયે સાત કે આઠ ભવે મોક્ષગામી હોય છે

૫ **પરવાળાનો રગ**–જેવી રીતે પરવાળાને વેધે, ઘસે, ચૂર્ણ કરે તો પણ તેના રગની હાનિ થતી નથી. ચોલમજીઠના રગવાળા વસ્ત્રમા અને પરવાળાના રગમા એટલો ફેર હોય છે કે વસ્ત્ર રગવાથી રગવાળુ થાય છે, જ્યારે પરવાળામા ઉત્પત્તિ સાથે જ તે રગ હોય છે, તેવી રીતે કેટલાક જીવો બાલપણાથી ધર્મના રગવાળા હોય છે, કુલક્રમથી આવેલ શ્રાવક ધર્મથી ભાવિત રગવાળા હોય છે બાકી બધુ ચોલમજીઠના રગની જેમ યોજવુ

૬ **કસુબિયો રગ**– જેવી રીતે સસ્કાર કરેલો કસુબિયો રગ પગ આદિથી મર્દન કરાતો, કદર્થના પમાડાતો છતા પણ પોતાના રગને છોડતો નથી, કિન્તુ ઊલટો અધિકતાને ધારણ કરે છે, અને એના રગમા આવેલ વસ્ત્ર આદિને પણ રગી નાખે છે, તેવી રીતે કેટલાક ઉત્તમ જીવો ધર્મ રગથી રગિત થયેલા વિઘ્નો આવે છતા પણ ધર્મરૂપી રગને તજતા નથી, પરન્તુ અધિક અધિક ધર્મકાર્યોને કરે છે અને પોતાની સગતમા આવેલાઓને પણ ધર્મના રગવાળા કરે છે

૭ **કપાસનો રગ**– કોઈક દેશોમા કોઈક કપાસના બીજોને લાલ રગીને વાવે છે આથી તેનાથી ઉત્પન્ન થયેલ કપાસ લાલ જ હોય છે તેનુ રૂ, સૂતર અને વસ્ત્રાદિ પણ લાલ જ હોય છે આ કપાસ જેમ સસ્કાર પામ્યા છતા પૂર્વની અવસ્થાને તજતો નથી, તેમ કેટલાક જીવો ભવાન્તરમા ધર્મરગથી રગાયેલા જ રહે છે, આ ભવમા કોઈક જાતિસ્મરણ જ્ઞાનથી

તો કોઈક ભવાન્તરના સંસ્કારથી પણ રંગાયેલા જ રહે છે અને અન્ય ભવોમાં પણ તે રંગને છોડતા નથી

इह पुण किरोलफलविट्टयरंगुयुह्दहतह किण्हयलिइनीलीर अ ।
कप्पासदुम किण्हा दिट्ठंता पावरगस्स ॥१ तर्ग॥

(इय गाथा मुद्रित)

ભાવાર્થ- કિરોલવેલનું ફળ૧, કિટ્ટ આદિથી રંગેલ વસ્ત્ર૨, કાળા રંગે રંગેલ દુકૂલ-વસ્ત્ર૩, કૃષ્ણવેલનો રંગ૪, નીલી નામનો રંગ૫ અને કાળો કપાસ૬, એમ આ છ કાળા પાપરંગના દૃષ્ટાન્તો જાણવા (મુ પ ૧૮૧)

## અહીં ભાવના નીચે મુજબ

૧ કિરોલવેલ ફળ- જેવી રીતે કિરોલ નામની વેલો ઉપર ઉત્પન્ન થતા કાળા એવા કિરોનક નામના ફળો થોડા એવા ઘસારાદિથી પોતાનામાં રહેલી કાળાશને તજીને ઉજ્જવલપણાને દેખાડે છે, તેની રીતે કેટલાક જીવો થોડા એવા સદુપદેશ આદિથી કરેકંડુ આદિની જેમ મિથ્યાત્વાદિ પરિણામસ્વરૂપ અથવા ભવતૃષ્ણાદિ પરિણામસ્વરૂપ પાપ-રંગને તજી દે છે અને ધર્મસ્વરૂપ ઉજ્જવલતાને સ્વીકારે છે તેવા આત્માઓ આસન્નસિદ્ધિક અથવા તદ્ભવસિદ્ધિક હોય છે

૨ કિટ્ટઆદિથી રંગેલ વસ્ત્ર-જેવી રીતે કિટ્ટ-કીચડ આદિથી અથવા નીલપત્ર આદિથી રંગેલું વસ્ત્ર ઘસારાદિથી થોડી કાળાશને ધારણ કરે છે, પરન્તુ સર્વથા ઉજ્જવલ પણાને ધારણ કરતું નથી, તેની રીતે કેટલાક મિથ્યાત્વી અથવા આરંભથી પરિણત જીવો સુવિહિત સાધુ, શ્રાવકના

સમર્ગ અને ઉત્તમ શાસ્ત્રોના શ્રવણ આદિ ઘસારાથી ભદ્રિક થયેલા, અલ્પ મિથ્યાત્વના પરિણામી, અથવા મંદ આરંભ પરિણામી એવા આત્માઓ જેમ **કુમારપાળ** રાજાએ પૂર્વ ભવમાં પાંચ કોડીના પુષ્પોથી જિનપૂજા કરી તેમ કિંચિત્ જિનપૂજા, મુનિદાન આદિ પુણ્યને કરે છે આવા આત્માઓ ભવાન્તરમાં સુલભ બોધિ અને આસન્નસિદ્ધિક હોય છે

૩ **કાળા રંગે રંગેલ દુકૂલ-વસ્ત્ર**- જેવી રીતે તથા પ્રકારના કાળા રંગે રંગેલ દુકૂલ-વસ્ત્ર વિશેષઘણા ઘસારા પડે છતા કૃષ્ણ જ રહે છે, તેવી રીતે કેટલાક જીવો ગાઢ મિથ્યાત્વ અને મહા-આરંભો આદિ પાપમાં જ રંગ વાળા-આનંદવાળા તથા તેને અનુસરતી ક્રિયા, અનુષ્ઠાનો વગેરેમાં પ્રવર્તે છે કિન્તુ સદ્ગુરુઓના ઉપદેશરૂપી ઘણા ઘસારા આવે તો પણ પોતાના પાપરંગને છોડતા નથી

૪ **કૃષ્ણવેલડી**- જેવી રીતે કૃષ્ણવેલડી જેનુ પ્રસિદ્ધ એવુ બીજુ નામ લોકોમા **નાગદમની** કહે છે તે વેધે, ઘસે, ચૂર્ણ કરે છતાં પણ પોતાની કૃષ્ણતાને ત્યાગ કરતી નથી ( દુકૂલ અને નાગદમનીમા ફેરફારી એ છે કે દુકૂલમા મૂળ રંગ કૃષ્ણ હોતો નથી, જ્યારે નાગદમનીમા ઉત્પત્તિની સાથે જ કૃષ્ણતા હોય છે ) તેવી રીતે કેટલાક જીવોમા મિથ્યાત્વ, મહા-આરંભ આદિ પાપરંગ કાલિકસૌ-કરિકની જેમ જન્મસિદ્ધ હોય છે

૫ **નીલી રંગ**-જેવી રીતે નીલીનો કૃષ્ણ રંગ જેમ જેમ હાથ, પગાદિથી મદન કરવામા આવે છે, તેમ તેમ

કૃષ્ણતા અધિક અધિક થાય છે અને પોતાના સંસર્ગ આદિએ કરી બીજાને પણ મલિન કરે છે, તેવી રીતે કેટલાક જીવો સમ્યગ્દૃષ્ટિ રાજા વગેરેથી ભય આદિ બતલાવવા વડે અને પોતાના કર્મે ઉત્પન્ન થયેલ આપત્તિઓ આદિ વડે પણ પોતાના પાપરંગને છોડતા નથી, પરન્તુ અધિક અધિક પાપરંગને વધારે છે કેટલાક એવા જીવો હોય છે કે પોતાના સંસર્ગમાં આવેલા બીજા આત્માઓને પણ મલિન કરે છે

૯ કૃષ્ણ કપાસ–જેવી રીતે કૃષ્ણ રંગે રંગેલ કપાસિયાના બીજને વાવવાથી કાળો એવો કપાસ ઉત્પન્ન થાય છે અને તેનાથી ઉત્પન્ન થયેલ રૂ, સૂતર, વસ્ત્ર વગેરે પણ કૃષ્ણ રંગનું જ થાય છે, તેવી રીતે કેટલાક જીવો આ ભવમાં, પૂર્વ ભવોમાં ઉત્પન્ન કરેલા મિથ્યાત્વ આદિ પાપરંગવાળા હોય છે અને અન્ય ભવોમાં પણ તે પાપરંગને છોડતા નથી

सजल१ऽजल्या२ऽतारयमतार३शाह४हीण५पुण्णचंद्दनिसा।
सजल्य७ज्जल्य८ च दिण जिअमइधम्माण दिट्ठंता ॥८ त ६॥

ભાવાર્થ– વાદળા સહિત રાત્રિ૧, વાદળા અને તારાએ રહિત રાત્રિ૨, તારા સહિત રાત્રિ૩, શુદ્ધ આદિ ગ્રહો સહિત રાત્રિ૪, ચંદ્ર રહિત રાત્રિ૫, પૂર્ણ ચંદ્રવાળી રાત્રિ , વાદળાએ કરી વ્યાપ્ત આકાશવાળો દિવસ૭ અને નિર્મલ દિવસ ૮, એમ જીવોના સંબંધમાં મતિ અને ધર્મ વિષે આઠ દૃષ્ટાન્તો જાણવા (મુ પ ૧૮૪)

## [illegible]

૧. વાદળાં સહિત રાત્રિ-[illegible] [illegible]
રાત્રિ [illegible] અંધકાર [illegible] હોય છે, [illegible] [illegible]
મતિ પંચેન્દ્રિય આદિ વધ, [illegible], [illegible]
ઉપગમન [illegible], પરલોક, તીર્થ આદિ [illegible]
[illegible] [illegible] [illegible]
એ પ્રવૃત્તિના હેતુ થી હોય છે [illegible]

૨. વાદળાં અને [illegible] રહિત રાત્રિ-[illegible]
વાદળાં અને [illegible] [illegible] [illegible]
નથી, તેવી રીતે કેટલાક જીવોની [illegible]
પુત્ર-સ્ત્રી [illegible] પ્રતિબંધ, [illegible]
[illegible] અપવાદ બોલવા, ચોરી આદિ [illegible]
[illegible] અર્થની પ્રવૃત્તિપણે હોય છે [illegible]

૩ તારાઓ સહિત રાત્રિ-જેવી [illegible]
સહિત રાત્રિ કંઈક પ્રકાશ યુક્ત કરવાવાળી હોય છે તેવી
રીતે કેટલાક જીવોની મતિ વિનય, દયાગુણ [illegible]
આદિ કિંચિત્ પ્રકાશવાળી હોય છે જેમ સુનંદા

૪ શુભાદિ ગ્રહો સહિત રાત્રિ- જેવી રીતે શુક્ર
આદિ ગ્રહો રાત્રિની અંદર અંધકાર હોવા છતા ઉદ્યોતવાળી
હોય છે તેવી રીતે કેટલાક જીવોની મતિ મિથ્યાત્વરૂપી
અંધકારમાં પણ પૂર્વના [illegible] [illegible]
આદિ [illegible] હોય છે જેમ [illegible]

૫ ચ દ્ર વિનાની રાત્રિ– જેવી રીતે ચ દ્ર વિનાની રાત્રિ આની પહેલાના ભાગા કરતા અધિકતર ઉદ્યોતવાળી હોય છે, તેવી રીતે કેટલાક જીવોની મતિ આની પહેલાના ભાગા કરતા અધિક ભવનિર્વેદ, ખોટા આગ્રહ આદિ રહિત, પરોપકારિતા અને શુભ પરિણામસ્વરૂપ પ્રકાશનાળી હોય છે જેમ **પૂરણઋષિ**

૬ **પૂર્ણ ચ દ્રવાળી રાત્રિ**– જેવી રીતે પૂર્ણ ચ દ્ર વાળી રાત્રિ પૂર્વના ભાગા કરતા અધિકતર ઉદ્યોતવાળી હોય છે, તેવી રીતે કેટલાક જીવોની મતિ, સર્વ રીતે મિથ્યાત્વ આદિ અન્ધકારના નાશપણે મહા-ઉદ્યોતવાળી હોય છે જેમ **મ પ્રતિ રાજા**

૭ **વાદળા સહિતનો દિવસ**– જેવી રીતે પૂર્ણ ચન્દ્રવાળી રાત્રિ કરતા વાદળાએ સહિત દિવસ વધુ ઉદ્યોત વાળો હોય છે, તેવી રીતે કેટલાક જીવોની મતિ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિપણે સર્વથા મિથ્યાત્વરૂપી અ ધકાર રહિત હોય છે, પરન્તુ પૂર્વે બાધેલા આયુષ્ય આદિથી વિષય કષાય આદિ વાદળાના પટલ વડે મલિન હોય છે જેમ **શ્રેણિક રાજા**

૮ **નિર્મળ દિવસ**–જેવી રીતે નિર્મળ દિવસ ઉદ્યોત વાળો હોય છે, તેવી રીતે કેટલાક જીવોની મતિ મિથ્યાત્વરૂપી અ ધકારથી અને પ્રમાદરૂપી વાદળાનાં પટલોથી મુક્ત ઉદ્યોતવાળી હોય છે જેમ **અતિમુક્ત**

जह वरजल्भरिअसरं वायसमाणमहसमाइण ।
चायन्हिणामियवरई जिणवरवयण (मुद्रिताया तुं धर्म्मे)
तह जिआणं ॥ ८ त ७ ॥

**ભાવાર્થ**– સાર પાણીથી ભનયેલા સરોવરમા કાગડો, કૂતરો, હાથી, હસ વગેરે જેમ અનુક્રમે ત્યાગ, ચાટવુ, તૃપ્તિનુ કરવુ અને આનદ કરે છે, તેમ જીવો જિનવર પ્રભુના વચનમા (ધર્મમાં) કરે છે (મુ પ ૧૮૭)

जवनाल१इक्खुदडार२रस३गुड४खडा५ य मक्करा अच्चाद् ।
गयिला जहा जहुत्तर जिआणमिअ धम्मपरिणामा ॥ ९ ल ८ ॥

**ભાવાર્થ**–જેવી રીતે જવનો સાઠો૧, શેલડીનો સાઠો૨, શેલડીનો રસ૩, ગોળ૪, ખાડ૫, શ્રેષ્ઠ સાકર૬, એમ છ અનુક્રમે મધુર હોય છે, તેની રીતે જીવોના ધર્મ સબન્ધી પરિણામો હોય છે (મુ પ ૧૮૮)

**અહીં ભાવના નીચે મુજબ**

૧ **જવનો સાઠો**–જેવી રીતે જવનો સાઠો અલ્પતર રસવાળો હોય છે અને તેને ચાવતા કિંચિત્ રસનો સ્વાદ આવે છે, પરન્તુ તેમા કૂચા ઘણા જ હોય છે, તેવી રીતે કેટલાક જીવોને જિનધર્મના શ્રવણ સમયે કિંચિત્ સ્વાદ લાગે છે, પણ પાછલથી તે કૂચાપણે લાગે છે જેમ **નન્દક**

૨ **શેલડીનો સાઠો**–જેવી રીતે શેલડીનો સાઠો ચાવતા અધિક રસના સ્વાદને આપે છે અને રસ પણ ઘણો પ્રાપ્ત થાય છે, પરન્તુ કૂચા ઘણા હોય છે, તેવી રીતે કેટલાક જીવો ધર્મ કરતા અધિક અધિક સ્વાદ લે છે, પરન્તુ પ્રમાદરૂપ કૂચાઓ ઘણા હોય છે જેમ **વિમઢ** શ્રાદ્ધનો સામાયિક ધર્મ

૩ **શેલડીનો રસ**–જેવી રીતે શેલડીનો રસ શેલડીના સાઠા કરતા વધુ મધુર હોય છે, પરન્તુ કૂચો અને ધૂળે કુત્રા

મિશ્ર હોય છે, તેવી રીતે કેટલાક જીવોના ધર્મના પરિણામ, ઇક્ષુદડની યોજના કરતા અધિક મધુર હોય છે અને ઘણા વિષય-કષાય વગેરે પ્રમાદસ્વરૂપ ઘણા કૂચા હોતા નથી, તેમ આ લોકની કીર્તિ તથા મહાજન કે ધન આદિની આશસા, અભિમાન વગેરેસ્વરૂપ મલથી મલિનતા પણ કઈક હોય છે જેમ કપર્દિક શેઠ

૪ ગોળ-જેવી રીતે ગોળ રસના પિણ્ડીભૂત થવાથી અધિક રસવાળો હોય છે, પરન્તુ રાખ વગેરેથી મિશ્ર હોય છે, તેવી રીતે કેટલાક જીવોને ધર્મના પરિણામ તીવ્ર રસ વડે વિશેષ રસવાળા હોય છે, પરન્તુ રક્ષાની ઉપમાને યોગ્ય કિચિત્ કષાય આદિથી મિશ્ર હોય છે જેમ **કુમારપાળ**

૫ ખાંડ- જેવી રીતે ગોળ કરતા ખાંડમા અધિકતર રસ હોય છે અને મલ અલ્પ હોય છે, તેવી રીતે કેટલાક જીવોના ધર્મ સબન્ધી પરિણામો પૂર્વ કરતા અધિકતર હોય છે અને અ૫ પ્રમાદસ્વરૂપી મલ હોય છે જેમ **અભયકુમાર**

૬ સાકર- જેવી રીતે ખાંડ કરતાં જાતિ સાકર ઉત્તમ મધુર રસવાળી અને નિર્મલ હોય છે, તેવી રીતે કેટલાક જીવોના ધર્મ સબન્ધી પરિણામો સર્વોત્તમ મધુર રસવાળા અને તમામ પ્રકારના પ્રમાદરૂપ મલથી રહિત હોય છે જેમ ગુણસાગર

तणरगामय क्दूठगीरपदीवश्मणिद्तारद्सूरच्चंदाभा८ ।
धम्मम्इ जीवाणं आम नास नमिद्धीणं ॥८ त ९॥

**ભાવાર્થ**— ઘાસનો અગ્નિ૧, છાણાનો અગ્નિ૨, કાષ્ઠનો અગ્નિ૩, દીવાની કાન્તિ૪, મણિની કાન્તિ૫, તારાની કાન્તિ૬, સૂર્યની કાન્તિ૭ અને ચન્દ્રની કાન્તિ૮, એમ આઠની સમાન એક એકથી નજીક નજીકમા સિદ્ધિ જવાવાળા જીવોની અનુક્રમે ધર્મ વિષે રુચિ હોય છે (મુ ૫ ૧૯૦)

**અહી ભાવના નીચે મુજબ**

૧ **ઘાસનો અગ્નિ**— જેવી રીતે ઘાસના અગ્નિનો ટકવાનો કાળ અલ્પ હોય છે, તેમ તેની પ્રબળતા ઓછી હોય છે, તેવી રીતે કેટલાક જીવોની જૈન ધર્મ પ્રત્યેની નિશ્ચિતત્વની શ્રદ્ધારૂપ રુચિ તે રુચિ અતર્મુહૂર્ત કાળ ટકવાથી અતિવિશિષ્ટ સ્થિતિ અને વીર્ય રહિત હોવાથી, સુદૃઢ સ્મૃતિના કારણરૂપ સંસ્કારનુ આધાન ન કરનાર હોવાથી અને વિશેષ ધર્મક્રિયાના અનુષ્ઠાન સુધી સ્થિર નહિ રહેવાથી, ધર્મના અનુષ્ઠાનમા નહિ પ્રવર્તનારી હોય છે પણ અર્ધ પુદ્ગલપરાવર્તમા મોક્ષ આપનારી હોય છે તે ભ યોન ચ યિબીજની નાથે જ થાય છે

૨ **છાણાનો અગ્નિ**— જેવી રીતે છાણાનો અગ્નિ ઘાસના અગ્નિથી વધારે કાળ ટકવાનો હોય છે અને પ્રબળતા પણ વધુ હોય છે, તેવી રીતે કેટલાક જીવોમા જૈન ધર્મ પ્રત્યેની રુચિ વિશિષ્ટ સ્થિતિના બળથી રહિત હોવાથી ઉપયોગના સમયે સ્મરણની પટુતાનો અભાવ હોતે છતે પણ પહેલા કરતા કિંચિત્ વિશેષપણે ક્રિયા, અનુષ્ઠાનો પ્રત્યે સન્મુખ કર્યા છતા પણ તેની સિદ્ધિ કરનારી નથી

रुचि पूर्वनी रुचि करता कइक न्यून अर्ध पुद्गलपरावर्तमा मोक्षनु फल थाय छे

३ **काष्ठनो अग्नि**— जेवी रीते काष्ठनो अग्नि छाणाना अग्निथी जराक अधिक स्थिति, ताकातवाळो होय छे तेवी रीते केटलाक जीवोनी जैन धर्म प्रत्ये रुचि जराक पूर्व करता अधिक स्थिति अने बळना सद्भाववाळी, तेम सुंदर अने प्राये स्मरणबीजना संस्कारनु कारण होवाथी कइक कइक अनुष्ठाननी सिद्धि करनारी होय छे आ रुचि बीजी करता थोडा भवो वडे मोक्षने देनारी थाय छे

४ **दीवानी कान्ति**— जेवी रीते दीवानी प्रभा काष्ठना अग्निथी उग्र-स्थित-बळना योगवाळी होय छे, तेम स्व अने परने प्रकाशनारी होय छे, तेवी रीते केटलाक जीवोनी धर्म प्रत्ये रुचि उग्र-स्थिति-बळना प्रतापे पहेला कही गया एवी त्रणे रुचिओथी विशिष्टतर होय छे, ते अतिसुंदर स्मरणबीजनु कारण होवाथी विशिष्ट धर्मना अनुष्ठानमा प्रवर्तावनार होय छे विशेष विघ्न आदि विना जीवोने आयुष्यना अंत सुधी रहेवावाळी होय छे, पण विघ्न उपसर्ग आदि होते छते तो ते वचमा पण नाश पामे छे ते रुचि बीजा आत्माओने पण सदुपदेश वडे तत्त्वनो बोध उत्पन्न करनारी अने धर्मक्रियाओमा प्रवर्तावे छे, आ रुचि त्रीजी रुचि करता कइक न्यून भवो वडे मोक्षने देनारी थाय छे

૫ **મણિની કાન્તિ**- જેવી રીતે મણિની કાન્તિ સર્વથા નાશ નહી પામનારી તેમ તેના ભાગેલા ટુકડામા પણ નાશ નહી થનારી તથા બીજાને પીડા નહી કરનારી હોય છે, કિન્તુ બીજાને સતોષ કરનારી હોય છે, તેવી રીતે કેટલાક જીવોની ધર્મ પ્રત્યે રુચિ કેવલ સ્વરૂપ અનુષ્ઠાનની પ્રવૃત્તિનુ કારણ તથા બીજાઓને થોડો બોધ અને અનુષ્ઠાનો કરાવે છે આ રુચિ તે ભવમા નાશ પામતી નથી, છતા ભવાન્તરમા પડે છે તો પણ દઢ સ્મરણના કારણરૂપ સસ્કારનો હેતુ હોવાથી ચોથી રુચિ કરતા થોડા જ ભવ વડે મોક્ષને આપે છે વળી જો ભવાતરમા નથી પડતો તો અનતર ભાગ રોપમમા મોક્ષની પ્રાપ્તિનુ કારણ થાય છે

૬ **તારાની કાન્તિ**- જેવી રીતે તારાની કાન્તિ વિઘ્ન વગેરેથી નાશ પામનારી હોતી નથી, પરન્તુ પોતાની તે કાન્તિ ભવાન્તરમા તો છોડે છે, તેવી રીતે કેટલાક જીવોની ધર્મ પ્રત્યે રુચિ તે ભવમા વિઘ્ન કે કુસસર્ગ આદિથી નાશ પામતી નથી, પરન્તુ ભવાન્તરમા સાથે જતી નથી, આ રુચિ-મધ્યમ અતિચાર વિનાના અનુષ્ઠાનની પ્રવૃત્તિનુ કારણ હોય છે, આ રુચિ શુદ્ધ ઉપયોગને અનુસરતી હોવાથી ઘણુ કરીને પ્રમાદના ત્યાગનુ કારણ બને છે, તથા બીજાઓને નિર્મલ બોધ, ક્રિયાની પ્રવૃત્તિનુ નિમિત્ત થાય છે, તેમ ગભીરતા અને ઉદારતાવાળા આશયોનુ પણ કારણ હોય છે પ્રાયે સ્વ પરને ધર્મોના ઉપકારની પ્રવૃત્તિઓને ઉત્પન્ન કરનાર હોય છે, ભવાન્તરે આ રુચિ ફરી પણ પાછી પ્રાપ્ત

થવી સુલભ હોય છે, આવી રુચિ પાંચમા ભાગાથી થોડા જ ભવો વડે મોક્ષસુખને આપે છે, અને નહીં પડેલી એવી આ રુચિ છાસઠ સાગરોપમની અંદર જ મોક્ષ આપે છે

૭ **સૂર્યની કાન્તિ**– સૂર્યની કાન્તિ સમાન કેટલાક જીવોની ધર્મ પ્રત્યેની રુચિ અન્ય ભવમાં પણ નહીં પડવાવાળી હોય છે, હમેશા ઉત્તમ ધ્યાનમયી હોય છે, પરોપકારમા એક પ્રવર્તાવવાવાળી તેમ પ્રશમ સાર સુખોનુ નિદાન હોય છે, દેવ, માયા આદિથી પણ સંશયમા પાડવા અશક્ય હોય છે, પોતાના અને પરના અભ્યંતર અંધકારને નાશ કરનારી હોય છે, તમામ અનુષ્ઠાનોને પ્રવર્તાવવાવાળી હોય છે, તમામ સૂક્ષ્મ અર્થના બોધસ્વરૂપ હોય છે અને તમામ પ્રકારની લક્ષ્મીને વિકાસ પમાડનારી હોય છે આ રુચિવાળા આત્માઓને કેવલસ્વરુપ આ લોક નજીક હોય છે, કષાયના તાપો માત્ર સત્તાસ્વરૂપ કરી દીધેલા હોય છે, પ્રાયે કરી પાંચમે કે સાતમે ભવે અને ઉત્કૃષ્ટે કરી છાસઠ સાગરોપમમા મોક્ષ થાય છે

૮ **ચન્દ્રની કાન્તિ**–ચન્દ્રની કાન્તિ સમાન કેટલાક પુણ્યવાન જીવોની રુચિ સૂર્યની કાન્તિ સમાન રુચિ કરતા વિશેષ ગુણ યુક્ત હોય છે, અતિનજીકમા કેવલજ્ઞાન થનારને અથવા કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાને, ક્ષીણ પ્રાયે કષાયો અગર સર્વથા ક્ષીણ કષાયોવાળાને હોય છે આ રુચિવાળા આત્માઓ સર્વ ભવ્ય જીવોને બોધને દેનારા, તેમ જગતને આનંદને દેનારા હોય છે તે જ ભવમા મોક્ષસુખની લક્ષ્મીના વિલાસને ઉલ્લાસે છે

पुरसूअर मज्जिर विमा-वगहंसव-हंसादय पङ्कजलहरणो।
मह पउत्तामिज्जिज तहा विविहमिआ पावपुण्णमइ॥९.त १०॥

ભાવાર્થ—ગામનો સૂઅર, પારેવ બગલા, બગલો, હાથી અને હંસ જેવી રીતે નર્ક-અમર્ષમા કીચડ, અશુદ્ધ જલ અને શુદ્ધ જલની રુચિવાળા હોય છે, તેવી રીતે પુણ્ય-પાપની મતિએ કરી વિવિધ પ્રકારના જીવો હોય છે

આઠી ભાવના નીચે મુજબ

૧. ગામનો સૂઅર—જેવી રીતે ગામનો સૂઅર ત્રણે કાળ પોતાને વિશેષ કાર્ય ન હોય તો પણ અત્યન્ત અપવિત્ર કીચડને ખાય છે, તેમા જ આળોટે છે, બેસે છે, મૂવે છે અને આનંદ માને છે, તેવી રીતે જગતની અંદર એકેન્દ્રિયથી માંડી નારકીના જીવો પ્રાયે તેવા છે તે જીવો નીચે પ્રમાણે—એકેન્દ્રિયો—આહાર માટે એકેન્દ્રિય જીવો એકેન્દ્રિય આદિનું ભક્ષણ કરે છે બેઇન્દ્રિયો—કમિયા, શંખ, છીપોલી વગેરે બેઇન્દ્રિય જીવો જીવાતોને ખાય છે તેઇન્દ્રિયો—મીય, ખજૂરિયા વગેરે તેઇન્દ્રિયો મનુષ્ય, સર્પાદિને કારણે-અકારણે પણ ડશે છે ચઉરિન્દ્રિયો—ડાંસ, મચ્છર, ટીડી વગેરે ચઉરિન્દ્રિય જીવો મનુષ્ય આદિને ડશે છે, સ્થલચર પચેન્દ્રિયો—સર્પ, બિલાડી, વાઘ, નોળિયા આદિ પચેન્દ્રિય જીવો, જલચર પચેન્દ્રિયો—મચ્છો તથા તેને આશ્રીને રહેલા બગલા વગેરે અને ખેચરો—સમડી, ગીધ વગેરે આકાશમા ફરવાવાળા પક્ષીઓ પોતાના આહાર આદિ

કાર્યને લઈ અને અકારણે પણ તથા પ્રકારના સ્વભાવથી હિંસા આદિ પાપમા રક્ત હોય છે

**મનુષ્યો**– ચોરો, ગાડિયાઓ, મ્લેચ્છો, ભિલ્લો, શિકારીઓ, માછીમારો અને શાકિની વગેરે મનુષ્યો આહાર આદિ કાર્ય માટે અને પોતાને કાર્ય ન હોય તો પણ પોતાના બળના મદથી અને ક્રીડાની ચપલતા આદિથી પણ હિંસા, જૂઠું, ચોરી, પરનારીગમન, સર્વ જાતિની કામક્રીડા, પરિગ્રહની ઇચ્છા, ચાડીઓ અને બીજાને પીડા આદિ કરવાના પાપોમા નિ શકપણે પ્રવર્તે છે **દેવો**–દુષ્ટ વ્યન્તર આદિ દેવો મનુષ્ય આદિમા અધિષ્ઠિત થઈ ઉદ્વેગ પમાડે છે, મારી નાખે છે, બાળકો આદિને પણ છળે છે દુષ્ટ વ્યન્તર, વ્યન્તરીઓ, શક્તિ, જોગણીઓ મરકી આદિના ઉપદ્રવો વિકુર્વે છે, પરમાધાર્મિક દેવતાઓ નારકીઓને કદર્થના કરે છે, મિથ્યાદૃષ્ટિ દેવ, દેવીઓ બકરા, પાડા વગેરેના ઘાતો કરાવે છે **નારકીઓ**–નરકોમા રહેલા નરકના જીવો માંહોમાહી વિકુર્વેલા હથિયારો વડે યુદ્ધો કરે છે, વૈક્રિય શક્તિ વડે કીડા, પક્ષી આદિ વિકુર્વીને તેનુ ભક્ષણ કરે છે, –આમ સૂઅરની જેમ સ્વભાવથી પાપક્રિયામા જ આનંદ માનનારા કેટલાક જીવો હોય છે

૭ **પાડો**–જેવી રીતે પાડો તાપથી પીડાયેલો શીતલતા માટે કીચડથી વ્યાપ્ત એવા જલમા લીન થાય છે, તેવી રીતે કેટલાક જીવો આ લોકના દારિદ્રતા, રોગ અને ઉપદ્રવો

વગેરેથી પીડાયેલા તે દુ ખોને દૂર કરવા અને આ લોકના સુખોને માટે, શાન્તિના માટે, કુગુરુઓ અને કુશાસ્ત્રોથી મુઝાયેલા યજ્ઞ, હોમ આદિ શાન્તિ માટે કરે છે, ક્રૂર એવા દેવ, દેવીઓની આગળ યશોધરની જેમ બકરા, પાડા આદિ જીવોને હણે છે કેટલાક તો ધર્મના અર્થીપણે પરલોકના સુખો માટે (પૃ ૭૬) બળતુ પેટુ-પાપનો ઘડો, મરવાની શય્યા, કરવતથી મસ્તક છેદાવવું, કુગુરુઓની સેવા, દાસ-દાસી-જમીન વગેરે કુદાનો અને યાગ-હોમ વગેરે દીકડની ઉપમા સરખા કુધર્મોને કરે છે તેમ કેટલાક જીવો, મિથ્યા વ્રત, તપ, દાન અને માઘ સ્નાન આદિ અપવિત્રતાને કરે છે આવાઓ દુર્ગતિમા પ્રાયે જાય છે તેમ કોઇક વ્યતર આદિપણુ પામે છે

૭ બળદ-જેવી રીતે આખલો ઉપલક્ષણથી બલદ આદિ પ્રાપ્ત થએલા મિઠ જલમા આનદ કરે છે, પ ન્તુ અતિવિશેષતાને સમજતો નથી, તેથી શુદ્ધ જલ ન મળે તો અશુદ્ધ જલમા આનદ કરે છે, તેવી રીતે કેટલાક ભદ્રિક જીવો-ભદ્ર સ્વભાવવાળા, અનભિગ્રહીત મિથ્યાદૃષ્ટિઓ અથવા મિશ્ર ગુણસ્થાને રહેતા તેવા પ્રકારની સામગ્રી વિશેષે કરી શુદ્ધ એવા જિનધર્મમા, અથવા મિથ્યા તપ, વ્રત, નિર્વિશેષ દયા, દાનમા, અથવા સામાન્યથી સર્વ ધર્મમા આનદ કરે છે કેટલાકો આ લોક અને પરલોકના પૌદ્ગલિક સુખના માટે ચમત્કારી જિનતીર્થો વગેરેની યાત્રા કરે છે, પાસત્થા આદિ લોકોત્તર કુગુરુઓની સેવા કરે છે, કુગુરુઓના ઉપદેશ,

આદર આદિના કારણથી, મહિમાએ કરી સહિત સ્તોત્રાદિ પાઠનુ સ્મરણ કરે છે, વિશેષ વિધિ સહિત જિનરત્નાત્રપૂજા, આવશ્યક આદિ ક્રિયાઓમા, યત્ન કરે છે પરલોકના સુખના અર્થી એવા છતા પણ આ લોકના નિર્વાહના અર્થીપણે સાધુ વેષન ધારણ કરનારા પાસત્થાઓ કેટલીક આવશ્યક ક્રિયાઓમા તત્પર અને શુદ્ધ ઉપદેશ આદિમા રત હોય છે તે પરલોકમા દેવપણું આદિ પ્રાપ્ત કરે છે અને ધર્મ પણ પામે છે.

૪ બગલા–જેવી રીતે બગલાઓ ઉપલક્ષણથી ઢીંક, ચક્રવાક, સારસ પક્ષી આદિઓ પોતાને ભક્ષ્ય મત્સ્ય આદિઓને, પવિત્ર કે અપવિત્ર એવા સ્થાનને–જલને સેવે છે, એવી રીતે કેટલાક જીવો અભયકુમારને ગ્રહણ કરવાની અર્થી કપટ શ્રાવિકા આદિની જેમ, અથવા શુદ્ધ કે અશુદ્ધ ગૃહસ્થ સબન્ધી ધર્મ, શુદ્ધ કે અશુદ્ધ સાધુ સબન્ધી ધર્મ કપટ વડે આચરે છે અને બીજા વિશ્વાસુઓના દ્રવ્ય આદિનો છેદ વગેરે સ્વકાર્યની સિદ્ધિ જુવે છે અને તેવા સ્થાનનો આશ્રય કરે છે તે મહાપાપી એવા આત્માઓ આ લોક અને પરલોકમા દુર્યશ, લોકનિન્દા, રાજ્યદંડ વગેરે દુઃખોને અને નરક આદિના દુઃખોને પામે છે તેમ દુર્લભબોધિપણે અનન્તો સંસાર ભમે છે

૫ હાથી– જેવી રીતે હાથી રાજા વગેરેને પણ માન્ય હોય છે, ઊંડા અને પવિત્ર જલમા આનદ કરે છે, યથેચ્છ પાણી પીવે છે અને હાથિણીઓના ટોળાથી, પરિવ

રહેલા તે જળમાં ક્રીડા કરે છે, પરન્તુ જલથી નીકળી થોડી થોડી વારે ધૂલ વડે પોતાને ખરડે છે અને ફરી પૂર્વની રીતિએ પાણી આદિથી શુદ્ધ થાય છે, તેવી રીતે કેટલાક જીવો કે જેમને જિનવચન પરિણમે શ્રાવકધર્મ અંગીકાર કરેલા, વિશુદ્ધ દાન અને સાત ક્ષેત્રમાં ધન વાવવા આદિથી આ લોકના સમુદાયોથી સ્તુતિ કરાયેલ, તીર્થયાત્રા, દેરાસર, પ્રતિષ્ઠા વગેરે પુણ્યકાર્યોથી રાજાઓ આદિને પણ માનનીય અથવા સ્વયં રાજા-પ્રધાન એવા મહારાજા **કુમારપાલ, અભયકુમાર** મંત્રી વગેરેની જેમ અદ્ભુત પુણ્યોથી જગતથી પણ વખાણવા યોગ્ય ગુણવાળા અને કાયાથી શુદ્ધ સમ્યક્ત્વ, અણુવ્રતો આદિનું પ્રતિપાલન કરવામાં રક્ત, નિર્મલ સામાયિક આદિ ષડ્વિધ આવશ્યક-પૌષધ - દેવ - ગુરુ - સાધર્મિક - આરાધના તથા તપ-નિયમ-શીલ આદિ ગુણવાળા અનુષ્ઠાનોમાં પોતાના કુટુંબપરિવાર સહિત નિત્ય યત્ન કરનારા, તેમજ તેમાં જ **મનથી** આનંદ માનનારા અને **વચનથી** તે જ પ્રરૂપનારા, પરંતુ નિર્વાહ માટે જ કુલક્રમે આવેલા અનિન્દ્ય દ્રવ્ય ઉપાર્જનના ઉપાયમાં આરંભરૂપી ધૂલથી ખરડાય છે, અથવા ચમત્કારી અને ઈચ્છિત તીર્થમાં ભેટણું, માનતા આદિ લૌકિક લોકોત્તર અલ્પ મિથ્યાત્વ, અતિચાર આદિને સેવે છે, પરંતુ પ્રતિક્રમણ, આલોચના વગેરેથી શુદ્ધ થાય છે આવા શ્રાવકો આ લોકમાં પણ સર્વ લોકાદિ વિરુદ્ધ પંચકનો ત્યાગ આદિ લોકપ્રિય ગુણોથી ધર્મના પ્રભાવ વડે તમામ લોકો વડે વખાણને પામે છે અને પરલોકમાં બારમા કલ્પ સુધીના

દેવલોકના સુખોને પામે છે અને થોડા જ ભવોમા મોક્ષસુખને પામે છે

૬ હંસ– જેવી રીતે હંસ અગાધ અને અતિપવિત્ર પાણીવાળા માનસ સરોવર આદિમા ક્રીડા કરે છે, આનંદ કરે છે અને ત્યા જ નિર્મલ કમલની નાળો વગેરે પવિત્ર વસ્તુ ઓને ખાય છે, બહાર નીકળી કદાપિ પણ તડકો કે ધૂળ વગેરેને પામતો નથી તેથી તે તમામ પક્ષીઓમા શ્લાઘ્ય હોય છે, તેવી રીતે જિનવચનના શ્રવણ–અધ્યયન આદિ વડે, અથવા કર્મના ક્ષયોપશમ વડે ઉત્પન્ન થયેલા નિરુપમ સંવેગના વશથી —

ક કેટલાક ભ ય આત્માઓ– શ્રાવકો સ્વીકારેલ સમ્ય ક્ત્વ, વ્રત વગેરે શ્રાવકધર્મને કદાપિ અતિચાર લગાડતા નથી તેમ વિશેષ કર્મમલને એકઠો કરતા નથી

ખ અંગીકાર કરેલ છે સમ્યગ્જ્ઞાન– દર્શન–ચારિત્ર જેને એવા સાધુ મહાત્માઓ શુદ્ધ શિયલ અને અગિયાર અંગ વગેરેને ધારણ કરતા જગતપૂજ્ય એવા અહીં પણ દેવોની પણ પ્રશંસાને પાત્ર થાય છે આવા આત્માઓ ભવાન્તરમા મોક્ષને પામે છે અથવા સાત–આઠ ભવો વડે શિવસુખસ્વરૂપ લક્ષ્મીને પામે છે

विट्ठी१भाडवरमगउतणदचंदण९घणसार९ निहि१०वाणसरिसा।
इय धम्ममिच्छपायगमाया जीवाण भाविनिया ॥१० त ११॥

ભવાર્થ–વેઠેથી ઘાસને વહન કરનાર ૧, ભાડેથી ઘાસને વહન કરનાર ૨, પોતાની ઘાસને વહન કરનાર ૩, વેઠથી ચંદનને

વહન કરનાર ૪, ભાડેથી ચન્દનને વહન કરનાર ૫, પોતાના ચંદનને વહન કરનાર ૬, વેઠવી કર્પૂરને વહન કરનાર ૭, ભાડેથી કર્પૂરને વહન કરનાર ૮, પોતાના કર્પૂરને વહન કરનાર ૯ અને પોતાની નિધિને વહન કરનાર ૧૦, એમ દશ વહન કરનારા હોય છે, તેની જેમ ધર્મ, મિથ્યાત્વ અને પાપના અભિપ્રાયો મોક્ષને આશ્રીને જીવોના હોય છે (મુ પ ૧૯૪)

। इति तपागच्छाधिपश्रीमुनिसुन्दरसूरिविरचित श्रीउपदेशरत्नाकरे मध्यतटे द्वितीयस्तरङ्गः ।

એ પ્રકારે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુન્દરસૂરિના રચેલા શ્રીઉપદેશરત્નાકરના મધ્ય તટમા બીજો અંશ સમાપ્ત

---

**ભવાંતરમા સાથે આવનાર કોણ?**

अन्नं इमं कुडुंब अन्ना लच्छी सरीरमवि अन्नं ।
मोत्तुं जिणिंदधम्मं न भवतरगामिओ अन्नो ॥

હે ભવ્ય પ્રાણી! (આ જન્મના સબંધથી જોડાએલુ) કુટુંબ તે પણ જુદુ છે, (જીવિતના જોખમે મેળવેલી) લક્ષ્મી પણ જુદી જ છે, (ગર્ભથી પાળી પોષીને મોટુ કરેલુ) શરીર પણ જુદુ જ છે, પણ જિનેશ્વર ભગવાનના ધર્મ સિવાય કોઈ બીજુ ભવાંતરમા આવનાર નથી, (માટે તુ જિનેશ્વરભગવાનના ધર્મમા ઉદ્યમ કર!) (મ ભા ગા ૭૦)

ज सुह तस्स जे हेऊ, ज भय ज च अप्पणो ।
विणासी अविणासी अं इय जाण मुच्चइ भवा ॥१॥
मुक्खो सुक्खं तस्स य हेऊ नाणाइओ भय मोहो ।
कम्माणि अप्पणो तह विणमइ देहाइ न उ जीवो ॥न त १॥
सुग्मम् ।

ભાવાર્થ– જે સુખને, તેના જે કારણોને, જે ભયને, જે પોતાનાને, જે વિનાશીને અને જે અવિનાશીને જાણે છે તે ભવ્ય આત્માઓ ભવથી–સંસારથી મુક્ત થાય છે જે સુખ તે મોક્ષ, તેના કારણો જ્ઞાનાદિ, જે ભય તે મોહ, જે પોતાના તે કર્મો, તેમજ વિનાશી તે દેહ આદિ અને અવિનાશી તે જીવ છે (મુ પ ૧૯૯).

सुक्ख मुक्खे सो उण अणाइनयरस्स चायओ त च ।
दइ एह गुणचाया सो दुलहा इतमे अम्हा ॥३॥
मन्ने धन्निकज्जिआ मयजणवच्छन्ना अचलचित्ता ।
निल्लोहा य अकिचिणा माहसिआ नेरिमा पुन्नि ॥४॥
रागाइसु अविहडणा मिच्छत्ताइसु मणस्स अचलत्ता ।
सग्गाइसु सतोसा गव्वाइसु निअसुक्ख्यचाया ॥५॥
इट्ठविओगजराइसु वसणेसुवि पावओ अभीरुत्ता ।
पुव्वजिआ विवरीआ गया मिय भवसुह चइउं ॥ ६ त २
॥ चतुर्भि कलापकम्

ભાવાર્થ– મોક્ષને વિષે જ તાત્ત્વિક સુખ છે અને
વળી સુખ અનાદિ નગર(સંસાર નગર)ના ત્યાગથી

મ સાર નગરનો ત્યાગ-રાગાદિ ગુણોના ત્યાગથી મોહરાજા આપે છે, કારણ કે દુષમા કાલમા તે દુર્લભ છે જેથી (૩) હુ માનુ છુ કે કલિકાલના જીવો સેવકજનને વહાલા, અચલ ચિત્તવાળા, નિર્લોભીઓ, ઉદારતાવાળા અને સાહસિકો હોય છે એવા પ્રકારના પૂર્વ કાલમા હતા નહિ (૪) તે કેવી રીતે? તો તે જણાવતા જણાવે છે કે જે અનાદિ કાલના સેવકો એવા રાગ આદિ તેને વિષે વહાલને કરનારા, મિથ્યાત્વ આદિમા મનની અચ લતા-લીન ચિત્તવાળા, સ્વર્ગાદિ સુખોમા સતોષ માનનારા અર્થાત્ સ્વર્ગાદિ સુખના લોભ વગરના, ગર્વ વગેરેમા પોતાના પુણ્યનો ત્યાગ કરવામા ઉદારતાવાળા અને ઇષ્ટ પદાર્થોનો વિયોગ તથા ઘડપણ આદિમા તેમજ વ્યસનોમા, આપત્તિઓમા પણ પાપથી ભય નહીં પામનારા અર્થાત્ સાહસિકો એવા કલિકાલના જીવો હોય છે જ્યારે પૂર્વના કાળના જીવો તેનાથી વિપરીત હતા તેથી ભવસુખોનો ત્યાગ કરીને શિવને વિષે-મોક્ષને વિષે ગયા (૫-૬) (મુ પ ૨૦૮)

अजयए मा रज्ज हारई चिंदुहेउमुदहिं था।
कागिणिवए सहस्सं सगाइ अ जो विसयहेऊं ॥७ त ३॥

ભાવાર્થ- જે વિષયોના કારણે સ્વર્ગાદિને હારે છે તે આબા માટે રાજ્યને હારે છે, ટીપા પાણીના કારણે સમુદ્રને હારે છે અને કાકિણી માટે હજાર સોનામહોરને હારે છે (મુ પ ૨૦૭)

उदिओदिअ२अत्थमिआदिआरदिअ थमिअ३अत्थमिअ४थमिआ४।
भरह१हरि२वमदत्तदय कालसागरिअदिदुठता ॥८ त ४॥

ભાવાર્થ-ઉદિત-ઉદિત૧, અસ્તમિત-ઉદિત ૨, ઉદિત-અસ્તમિત ૩ અને અસ્તમિત-અસ્તમિત ૪ એમ (ભાગ્યના) ચાર પ્રકારમા અનુક્રમે મહારાજા ભરત૧, હરિકેશી ૨, બ્રહ્મદત્ત ચક્રવર્તી૩ અને કાલસોકરિકનાં દૃષ્ટાન્તો જાણવા (મુ ૫ ૨૦)

અહી ભાવના નીચે મુજબ

૧ ભરત મહારાજા અને અભયકુમારની જેમ આ ભવમા ઉત્તમ કુળ, જાતિ, રૂપ, લક્ષ્મી, સુખ, સતાન અને ઐશ્વર્યને ધારવુ કરવાએ કરી, તથા નિષ્કપટ રીતે શ્રીજિનપ્રણીત સમ્યગ્ દાન આદિ ધર્મનુ આરાધન કરનાથી પરભવમા પણ જેઓ મહેન્દ્ર આદિ સુખની સપત્તિને પામશે તે ઉદિત-ઉદિત

૨ હરિકેશી મુનિની જેમ આ ભવમા કુળ, જાતિ આદિએ કરી હીન, પરન્તુ સમ્યગ્ ધર્મને વિષે ઉદ્યમ આદિએ કરી પરલોકમા ઇન્દ્રાદિ સ્થાનને પામશે તે અસ્તમિત-ઉદિત

૩ બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ આ ભવમા ઉત્તમ કુળ આદિએ કરી ઉદિત અને પરભવમા હલકા સ્થાનને પામવાએ કરી અસ્તમિત એટલે ઉદિત-અસ્તમિત

૪ કાલિકસોકરિકની જેમ આ ભવમા પણ નિંદનીય અને પરભવમા પણ હલકા સ્થાનને પામવાએ કરી અસ્તમિત-અસ્તમિત

उच्चा नीआ चउहा हुंति जिआ उच्चनीअछंदेहिं ।
कुमरदहवयणखलमिगरतंदुलमच्छाइ अ दिन्तता ॥९त ५॥

ભાવાર્થ-જાતિએ કરી ઉચ્ચ અને અભિપ્રાયે કરી ઉચ્ચ-દૃષ્ટાન્ત તરીકે કુમારપાલ રાજા૧, જાતિએ કરી ઉચ્ચ

અને અભિપ્રાયો કરી નીચ-દૃષ્ટાન્ત તરીકે દશવદન-રાવણ ૨ જાતિએ કરી હલકા પણ અભિપ્રાયોએ કરી ઉચ્ચ-જેમ બલભદ્ર મુનિના સંગતવાળો મૃગ ૩ અને જાતિએ કરી હલકો અને અભિપ્રાયોએ કરી હલકો-જેમ તંદુલમચ્છ ૪, એમ ચાર પ્રકારના જીવોના દૃષ્ટાન્તો જાણવા. (મુ ૫ ૨૦૯)

अणु१पडिसोअ२अंतो३मज्झे४सव्वओ चरा५ मीणा।
इअ सुअधम्मे पवह चरन्ति मुनिमावया जीवा ॥१० त ६॥

ભાવાર્થ-અનુશ્રોત ચર ૧, પ્રતિશ્રોત ચર ૨, અન્તશ્રોત ચર ૩, મધ્યશ્રોત ચર ૪, અને સર્વતો ચર ૫ એમ પાંચ પ્રકારના મત્સ્યો હોય છે, તેવી રીતે મુનિઓ, શ્રાવકો અને સામાન્યથી જીવો શ્રુત અને ધર્મમાં પાંચ પ્રકારે વર્તે છે (મુ ૫ ૨૧૦)

अणुसोअ१ पडिसोय२ अंतो३मज्झ४ चरंति चउ मीणा।
चउहा इअ सुअधम्म पइ मुणिमाययजिआ हुंति ॥११ त ७॥

ભાવાર્થ-અનુશ્રોત ચર ૧, પ્રતિશ્રોત ચર ૨, અન્તશ્રોત ચર ૩ અને મધ્યશ્રોત ચર ૪ એમ ચાર પ્રકારના જેમ મત્સ્યો હોય છે તેમ શ્રુત, ધર્મની પ્રત્યે સાધુઓ, શ્રાવકો અને સામાન્ય જીવો હોય છે

इतिमध्याधिकारे तृतीयस्तरंग ॥

એ પ્રકારે શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા
શ્રીઉપદેશરત્નાકરના મધ્ય તટ
ત્રીજો અંશ સમાપ્ત.

---

कप्पतरुभवमकम्मा निहिरयणाईहिं चक्किहरिणाई।
मणवच्छिअ सुरा जं भुंजति सुह तय धम्मा ॥१ त १॥

ભાવાર્થ– અકર્મ ભૂમિ વિષે ઉત્પન્ન થયેલા મનુષ્યો જે કલ્પવૃક્ષથી ઉત્પન્ન થયેલા સુખોને ભોગવે છે, ચક્રવતી અને વાસુદેવો જે નિધિરત્ન આદિના સુખોને ભોગવે છે અને દેવતાઓ જે મનોવાંછિત સુખને ભોગવે છે તે ધર્મ થી જ છે (મુ પ ૧૧૦)

सव्वे कामर अत्थर कम्मर धम्मध जिणिंदभणिअन्च।
अप्पज्झा जाणंति उ क वि विसुद्धं अहरमिवा ॥२ त २॥

ભાવાર્થ– સર્વ જીવો કામ (વિષયો)ને જાણે છે, તેનાથી અલ્પ જીવો અર્થને જાણે છે, તેનાથી અલ્પ જીવો કર્મ–કૃષિ આદિને જાણે છે, તેનાથી અલ્પ જીવો ધર્મને જાણે છે અને જેનુ નજીકમા કલ્યાણ છે તેવા કેટલાક જ જીવો જિનેશ્વર મહાતાજનો કહેલો વિશુદ્ધ ધર્મ જાણે છે (મુ પ ૨૧૪)

दल१नह२गयिल३चगर४सुद्धा जह मोअगा सुपुन्नफला।
सम्मत्त१भाव२विहि३निआचिअगुणजुत्ता४ तहा धम्मा ॥३ त ३॥

ભાવાર્થ– જેવી રીતે લોટ૧, ઘી ૨, ગોળ૩ અને દ્રાક્ષ–લવિંગ–ઈલાયચી–કર્પૂર–ચારોળી–બદામ–ખારેક વગેરે વગેરે તેજનાઓ૪ કરી, શુદ્ધ એવો લાડુ, સપૂર્ણ ફળ વાળો થાય છે, તેવી રીતે સમ્યક્ત્વ૧, ભાવ૨, વિધિ૩ અને પોતાને ઉચિત ગુણોએ કરી યુક્ત૪ એવો ધર્મ સપૂર્ણ ફળવાળો થાય છે (મુ પ ૨૧૭)

दल१नेहरगविल३थेगरथ्हपयर्जुअ मोअगा जह्ठिटफला।
सम्मत्त१भाव२विहिऊ३चिअ४अइसयजुत्ता५तहा धम्मा ॥४ त ४॥

ભાવાથ– જેવી રીતે લોટ૧, ઘીર, ગોળ૩, તેજાનો૪ અને રૂપ૫, એમ પાચે કરી શુદ્ધ એવો જે લાડુ યથેચ્છ ફળવાળો થાય છે, તેની રીતે સમ્યક્ત્વ૧, ભાવ ૨, વિધિ૩, ઉચિતતા ૪, અને અતિશયોએ ૫ કરી યુક્ત એવો ધર્મ યથેચ્છ ફળવાળો થાય છે (મુ પ ૨૨૦)

अगय१पडियाम२पत्था३दिंति मियं समुहयाम४वहिकिरिआ५।
सम्मत्त१वया२ऽऽवस्मय३दाणु४चिआ५कम्मरोगहरा ॥६ त ५॥

ભાવાર્થ– જેવી રીતે ઔષધ૧, ચૂર્ણ૨, પથ્ય આહાર આદિ૩, સુખવાસ૪ અને બાહ્ય ક્રિયા ૫, એ બાહ્ય રોગના પ્રતિકારમા રોગને હરે છે, અને આરોગ્યરૂપી કલ્યાણને દે છે, તેવી રીતે સમ્યક્ત્વ૧ વ્રત૨, આવશ્યકક્રિયા૩, દાન૪ અને ઉચિતતા ૫, એ કર્મરૂપી રોગને હરે છે અને મોક્ષરૂપી કલ્યાણને દે છે (મુ પ ૨૨૧)

भयदुहरोग हरिउ आमह१पडियाम२पत्थ३मुहवासा४ ।
सम्मत्त१वया२ऽऽवस्सय३दाणाइ४ सिवसुह दिंति ॥६ त ६॥

ભાવાર્થ– જેવી રીતે ઔષધ૧, ચૂર્ણ૨, પથ્ય૩ અને મુખવાસ૪, બાહ્ય રોગને હરીને આરોગ્યરૂપી કલ્યાણ-સુખને આપે છે, તેવી રીતે સમ્યક્ત્વ૧, વ્રતો ૨, આવશ્યક૩ અને દાન આદિ૪ ભવરૂપી રોગને હરણ કરીને શિવસુખને આપે છે (મુ પ ૨૨૨)

सुअचरणवसहजुत्तो, आवस्सयदाणमाइपत्थयणा।
निच्छयववहारचक्को दंसणरहु नेइ जणु सिद्धिं ॥ ७ त ७॥

ભાવાર્થ-શ્રુત અને ચારિત્રરૂપી બે બળદોથી જોડેલો, આવશ્યક, દાન વગેરે માર્ગના ખોરાકવાળો અને નિશ્ચય, વ્યવહારરૂપી બે પૈડાંવાળો દર્શનરૂપી રથ, પોતાને આશ્રેલા જનોને-જીવોને સિદ્ધિમા લઈ જાય છે (મુ ૫ ૨૨૩)

साडोवमणाडोव जहोसह अप्पबहुगुणं चउहा।
सावज्जऽणवज्जाइअभेएहिं तहेव धम्माऽवि ॥८ त ८॥

ભાવાર્થ- જેવી રીતે, આટોપે કરી સહિત, આટોપે કરી રહિત, અલ્પ ગુણ અને બહુ ગુણે કરી ચાર પ્રકારે ઔષધ હોય છે, તેવી રીતે ધર્મ પણ આટોપે સહિત અને આટોપે કરી રહિત, સાવદ્ય અને નિરવદ્ય ભેદે કરી ચાર પ્રકારે હોય છે (મુ ૫ ૨૨૪)

અહી ચતુર્ભંગી નીચે પ્રમાણે

| ઔષધ | ધર્મ |
| --- | --- |
| ૧ આટોપે કરી સહિત અલ્પ ગુણ | ૧ આટોપે કરી સહિત સાવદ્ય |
| ૨ ,, ,, રહિત બહુ ગુણ | ૨ ,, ,, રહિત નિરવદ્ય |
| ૩ ,, ,, સહિત બહુ ગુણ | ૩ ,, ,, સહિત નિરવદ્ય |
| ૪ ,, ,, રહિત અલ્પ ગુણ | ૪ ,, ,, રહિત સાવદ્ય |

अप्प बहु जहोसहमप्पबहुगुण(जणे) भये चउहा।
एव विसुद्धिभेआ धम्मा पाव विवज्जयओ ॥९ त ९॥

ભાવાર્થ-જેવી રીતે ઔષધ અલ્પ બહુ ગુણ૧, અલ્પ અલ્પ ગુણ૨, બહુ અલ્પ ગુણ૩, અને બહુ બહુ ગુણવાળું હોય છે, તેવી રીતે વિશુદ્ધિના ભેદોએ કરી ધર્મના ફળ ચાર

પ્રકારે હોય છે અને વિપરીતતાથી પાપના ફળ પણ ચાર પ્રકારે હોય છે (મૂ પ ૨૨૬)

## ઔષધની ચતુર્ભગી

| | | |
|---|---|---|
| પ્રમાણે કરી અલ્પ ઔષધ અને ગુણે કરી બહુ–૧ | | ઔષધની ચતુર્ભગી |
| ,, ,, ,, ,, ,, અલ્પ–૨ | | |
| ,, બહુ ,, ,, ,, ,, ૩ | | |
| ,, ,, ,, ,, ,, બહુ ૪ | | |

તેવી રીતે ધર્મના ફળની અને પાપના ફળની ચતુર્ભગી વિચારવી

विज्जा१चक्कि२रसे३यरक्खूअतरु१सालि२विज्जयाणि३ जहा।
सिग्घाऽसिग्घफला तह नियमाइजुआऽजुआ धम्मा ॥१० त १०॥

ભાવાર્થ– જેવી રીતે વિદ્યાથી આબાનુ વૃક્ષ૧, ચક્રવતીના કાશ્યપ રત્નથી વાવેલી શાલિ ૨ અને રસવૈદે કરેલી રસાયનચિકિત્સાઉ જલદી ફળે છે, તેવી રીતે નિયમાદિથી યુક્ત એવો ધર્મ જલદી ફળે છે, અને જેવી રીતે વિદ્યા વિનાનુ આબાનુ વૃક્ષ૧, સામાન્યથી વાવેલી શાલિ ૨ અને સામાન્ય વૈદે કરેલી રસાયનની ચિકિત્સાઉ જલદી ફળતી નથી, તેવી રીતે નિયમાદિ વિના ધર્મ જલદી ફળતો નથી (મૂ પ ૨૨૧)

जह चक्किचम्मसाली तक्काल फलइ अक्खया हाइ।
इअ सत्तभायणुद्धो धम्मो इअरो इअरसाली ॥११ त ११॥

– ભાવાર્થ–જેવી રીતે ચક્રવર્તીના ચર્મરત્નમા વાવેલી શાલિ તત્કાલ ફળે છે અને અક્ષય હોય છે, તેવી રીતે સત્વ

અને ભાવે કરીને શુદ્ધ, એવો ધર્મ તત્કાલ ફળે છે અને અક્ષય થાય છે અને જેવી રીતે સામાન્યથી વાવેલી શાલિ જલદી ફળતી નથી તેમ અક્ષય હોતી નથી તેવી રીતે સત્ત્વ અને ભાવે કરી અશુદ્ધ એવો ધર્મ તત્કાલ ફળતો નથી તેમ અક્ષય હોતો નથી (મુ પ ૨૨૧)

जिणतित्थं१ जिणभत्तो रायार मन्तीइ य सावओ बलयु४।
माइसआ चारित्ती५ पचुज्जोआ जिणमयम्मि ॥१२ त १२॥

ભાવાર્થ–જિનતીર્થ૧, જિનભક્ત એવો રાજા ૨, જિન ભક્ત એવો મન્ત્રી૩, બલવાન શ્રાવક૪ અને અતિશયે કરી સહિત સાધુ૫, એમ આ પાચ જિનમત વિષે ઉદ્યોતના કરનારા છે (મુ પ ૨૩૦)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचित श्रीउपदेशरत्नाकरे
मध्यम मध्याधिकारे चतुर्थस्तरग ॥

એ રીતે તપાગચ્છીય શ્રીમુનિસુન્દરસૂરિવિરચિત
જયશ્રીથી અકિત શ્રીઉપદેશરત્નાકરના
મધ્ય તટમા પ્રકીર્ણક ઉપદેશ
નામનો ચોથો અશ સમાપ્ત.

॥ सपूर्णोऽय मध्याधिकार ॥ ग्रन्थाग्र ४८ ॥

એ રીતે સહસ્રાવધાનથી અપ્રતિમ બુદ્ધિમા,
ધુરંધર શ્રીમુનિસુન્દરસુરિએ રચેલા
શ્રીઉપદેશરત્નાકરનો મધ્ય તટ
સમાપ્ત

इत पर मुद्रिम न

श्रीमुनिसुंदरसूरिविरचित

# श्रीउपदेशरत्नाकर

## અપર તટ

### મૂળ તથા ભાવાર્થ

ધર્મના ફળને દેખાડવા દ્વાન ઉપદેશ નામનો

પ્રથમ અંશ

जयश्रियो१ऽनर्गलमंगलावली२,
मसौख्यसौभाग्यसुदीर्घजीविता ३।
अभीष्टसिद्धी४सुधियश्च५सपदो६,
ददाति धम्मो भविना जिनोदित ॥१॥ (कल्पद्रु)

ભાવાર્થ–ભવ્ય જીવોને જિનેશ્વર ભગવન્તે કહેલો ધર્મ જયસ્વરૂપ લક્ષ્મીઓ૧, પુષ્કલ મંગળના સમૂહ૨, સુખ અને સૌભાગ્યે કરી અતિદીર્ઘ જીવનો૩, ઇચ્છિત સિદ્ધિઓ૪, ઉત્તમ બુદ્ધિઓ૫ અને સંપત્તિઓ૬ આપે છે (૧-૧)

स्फुरन्ति वेश्मन्यमित श्रियोऽर्थिनार१,
मुखे गिर२श्लाघ्यतमा धियो हृदि ३।
तनौ च सौभाग्यरमाऽऽसयोवनं५,
यशांसि दिक्चक्रऽऽहृतधर्मत सताम् ॥२॥ (५)

ભાવાર્થ–અરિહન્ત ભગવન્તના ધર્મથી સજ્જનોના ઘરમા ચોમેરથી ઇચ્છિત એવી લક્ષ્મીઓ૧, મુખ વિષે અત્યન્ત વખાણવા યોગ્ય વાણીઓ૨, હૃદયમા બુદ્ધિઓ૩, શરીરને વિષે સૌભાગ્યરૂપી લક્ષ્મી૪, બન્ને ખભાઓમા બલ ૫ અને દિશાઓમા યશો૬ સ્ફુરે છે (૧–૨)

सकलमतुलमगलमालिका, वितनुते१ चिनुते सुखसंपद २।
हरति विघ्नचयं३ कुरुते शिवं४, मतिमता जिनधर्मसुरद्रुम
॥३॥ (४)

ભાવાર્થ–બુદ્ધિમાનોને જિનધર્મરૂપી કલ્પવૃક્ષ તમામ મનોહર મગલોની માળાને વિસ્તારે છે૧, સુખની સપત્તિઓ એકઠી કરે છે ૨, વિઘ્નના સમૂહને હરે છે ૩ અને કલ્યાણને કરે છે (૧–૩)

मगलानि१श्रियोऽभीष्टा२रूप३मायुर्बल५ यश ६ ।
प्रभुत्व७मिष्टसिद्धिश्च८, धर्मकल्पतरो फलम् ॥४॥ (८)

ભાવાર્થ–મગલો૧, ઇચ્છિત લક્ષ્મીઓ૨, રૂપ૩, આયુ૪, બલ૫, યશ૬, પ્રભુપણું૭ અને ઇષ્ટસિદ્ધિ૮, એમ આઠ ધર્મરૂપી કલ્પવૃક્ષના ફળ છે (૧–૪)

चिरायु १शिवरमारोग्य३, सपदोऽभीष्टसिद्धय ६।
जय सविजयानंदं, भवति जिनधर्मत ॥५॥ (६)

ભાવાર્થ–જિનધર્મથી દીર્ઘ આયુષ્ય૧, કલ્યાણ૨, આરોગ્ય૩, સપત્તિઓ૪, ઇચ્છિત સિદ્ધિઓ ૫ અને વિજય અને આનદે કરી સહિત જય થાય છે (૧–૫)

प्रथमाशालममंगलावली१,
श्रिय सद्वानन्दरसोर्मिर्मिता २ ।
सुगति३ स्त्रिया पथिकमास्य४,
धर्मो यच्छन्तु नयते जिनोदित ॥६॥ (४)

ભાવાર્થ– જિનેશ્વર ભગવન્તોએ કહેલો, જગતના અભિપ્રાયોના વિશ્રામના સ્થાનરૂપ ધર્મ અતિશય વધતી એવી ઉત્તમ મંગલની શ્રેણીઓને૧, સદા આનંદના રસના મોજાઓરૂપી ભવ્ય ને ધાન્ય કરી રહેલી લક્ષ્મીઓને ૨, સુખોને ૩ અને સ્વર્ગ-મુક્તિને૪ પ્રાપ્ત કરે છે (૧-૬)

त्रिवर्गसार१सुखसे स तत्वतो
निधि गुणानां२ सकलप्रसाधक३ ।
अनिरुद्धसौख्ये४ शिवमाहेतु५,
धर्मो विसेव्य सुरसेवितोऽर्हता ॥७॥ (५)

ભાવાર્થ– જે ત્રણે વર્ગમાં સારરૂપ૧, સુખોના ભંડારરૂપ ૨, સમગ્ર ઈષ્ટના સાધકરૂપ૩, અનિષ્ટના અનાર ૪, અને આ લોક અને પરલોકમાં હિતકારક૫ છે અને દેવોએ સેવા કરી છે જેની એવો અર્હંત ભગવંતનો ધર્મ મનુષ્યોએ તત્વથી સેવવા યોગ્ય છે (૧-૭)

धनदुर्गतिनित्यदोऽप्यभीप्सित१, शौकदः सुखसंवर्धिता २ ।
पूर्णो त्रिविधमार्गमार्गस्य, श्रियं सकल धनमान्त्रम् ॥८॥ (३)

ભાવાર્થ– જે શ્રી ત્રણ પ્રકારે દુઃખના સમૂહનો નાશ પામે છે, બધુ પ્રકારે સુખના સમૂહ એકઠા થાય છે અને ત્રણ પ્રકારનું ઇચ્છિત પૂર્ણ થાય છે, તે આ જ ભગવંતે કહેલ ધર્મને નમો ત્રણ પ્રકારે વંદુ (૧-૮)

૧વ્યાખ્યા- 'ત્રૈધનુ ઘનિચય ઇતિ-'ત્રિવિધ' દુઃખ-આધ્યાત્મિકમાધિદૈવિકમાધિભૌતિક ચેતિ૨,' ત્રણ પ્રકારનુ દુઃખ આધ્યાત્મિક૧, આધિદૈવિક૨, આધિભૌતિક૩ 'તત્રાચ દ્વિધા-શારીર માનસ ચ' તેમા પ્રથમ આધ્યાત્મિક દુઃખ બે પ્રકારે શરીર સબન્ધી અને મન સબન્ધી 'શારીર-વાતપિત્તશ્લેષ્મણા વૈષમ્ય નિમિત્ત' વાત, પિત્ત અને શ્લેષ્મના વિષમપણાના નિમિત્તે શરીર સબન્ધી દુઃખ 'માનસ-કામક્રોધલોભમોહેર્ષ્યાવિષય-દર્શનનિમિત્ત-કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અને વિષયોના દેખવા નિમિત્તે મન સબન્ધી દુઃખ, ૧ દ્વિતીય-યક્ષરાક્ષસગ્રહાવેશહેતુક૨' બીજુ જે આધિદૈવિક-તે યક્ષ, રાક્ષસ, ગ્રહ આદિ પ્રવેશના કારણવાળુ ૨ 'તૃતીયચ-માનુષપશુપક્ષિમૃગસરીસૃપસ્થાવરનિમિત્તમિતિ૨' ત્રીજુ જે આધિભૌતિક-તે મનુષ્ય, પશુ, પક્ષી, મૃગ, સર્પ અને સ્થાવર નિમિત્તવાળુ ૩ 'યદ્વામનોવાક્કાયજભેદાત્રિવિધ દુઃખ' અથવા મન, વચન અને કાયાથી ઉત્પન્ન થયેલુ ત્રણ પ્રકારનુ દુઃખ 'નરકતિર્યગ્મનુષ્યભવભવ ચેતિ' નરક, તિર્યંચ અને મનુષ્યભવમા ઉત્પન્ન થયેલુ દુઃખ સુખસચયસ્ત્રિવિધેતિ-મનુષ્યસુખ દેવસુખ મોક્ષસુખ ચેતિ ત્રિવિધ સુખ' સુખમચય ત્રણ પ્રકારે-મનુષ્યનુ સુખ૧, દેવનુ સુખ૨, અને મોક્ષનુ સુખ૩ એમ ત્રણ પ્રકારનુ

---

મુદ્રિત-ઉ૦ ૨૦ સટીક-૨૩૧ તમે પત્રે "અથાઽપરતટ સુગમતયા ન વિવ્રિયતે ઇતિ" એમ જણાવેલુ છે તેથી અપર તટની વ્યાખ્યા થી ગ્રી પણ જ્યા મૂળની પ્રતમા વ્યાખ્યા છે ત્યા અમે અહીં વ્યાખ્યા આપી છે

સુખ धर्मार्थकामरूप मानसिक वाचिक कायिक चेति वा' અથવા ધર્મ, અર્થ અને કામસ્વરૂપ ત્રણ પ્રકારનુ માનસિક ૧, વાચિક ૨ અને કાયિક ૩ સુખ 'त्रिविधमर्थितं च' અને ત્રણ પ્રકારનુ ઇચ્છિત ઇત્યાદિ 'शेषस्पष्ट' આદીનુ સમજી શકાય તેમ છે ॥૮॥

सुपरराजिप्रथितप्रभाव १ स्वजातिसीमेष्टफलोऽनपाय ३।
प्रयत्नलभ्य प्रकुशलैर्जिनोऽस्य धर्मश्च कल्पद्रुसम शिवाय॥९॥

ભાવાર્થ—દેવોના સમૂહે વિસ્તારેલો છે પ્રભાવ જેનો૧, પોતાની જાતિઓમા સર્વોત્તમ અને ઇષ્ટ એવુ ફળ છે જેનુ ૨, જેની આરાધના કર્યે છતે વિઘ્નો રહિત ૩ અને વિવેકીઓ વડે પ્રયત્નથી પ્રાપ્ત કરવા યોગ્ય ૪ એવા કલ્પવૃક્ષના સરખા શ્રીજિનેશ્વર ભગવાન અને એમનો ધર્મ કલ્યાણના માટે હો! (૧-૯)

व्याख्या- कल्पद्रुपक्षे- 'सुपरैराजिभि –' देवश्रेणिभि 'प्रथित'– विस्तारित 'प्रभावो' यस्य स। 'स्वजातौ'– सर्व द्रुमेषु 'सीमा –मर्यादा सर्वोत्तम इत्यर्थ। 'इष्ट'–मनोवाछित मैहिक धनधान्यादिफल यस्मात् स। 'अनपाय 'तस्य छेदाय पायरहितत्वात्। 'प्रय नेन' विधिवदाराधनात् प्राप्य कुशलैरिति।

કલ્પવૃક્ષપક્ષમા—દેવોની શ્રેણિઓથી વિસ્તાર કરાયેલો છે પ્રભાવ જેનો સર્વ વૃક્ષોમા સર્વોત્તમ મનોવાછિત એવા આ લોક સબન્ધીના ધન, ધાન્ય આદિ ફળો છે જેનાથી તે કલ્પવૃક્ષનુ છેદાદિ વિઘ્નો રહિતપણુ હોવાથી અનપાય વિવેકીઓ વડે વિધિપૂર્વક આરાધનાથી પ્રાપ્ત કરવા યોગ્ય

श्रीजिनपक्षे च-'सुपर्वराजिषु' सुपर्वराजिभिर्वा-सुर श्रेणिभिर्जन्मदीक्षाकेवलज्ञानादौ 'प्रथित'-विस्तारित प्रभावो यस्य स । 'स्वजातौ-सर्वदेवेषु 'सीमा', 'इष्ट' सर्वमेहिक राज्यादिक पारत्रिकं चेन्द्रत्वादिमोक्षसुखादिकं वा फलं यस्मा त्स । न विगत ऽपाया -विघ्ना -यस्मिन्नाराध्यमाने इत्यनपाय, सकलविघ्नहर्त्ता इत्यर्थ । 'कृशलै' विवेकिभि प्रयत्नेन नृभवा दिसामग्रीरूपेण लभ्यश्चेति ।

શ્રીજિનપક્ષમા-સર્વ દેવોની શ્રેણિઓમા અથવા સર્વ દેવોની શ્રેણિઓ વડે જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આદિમા વિસ્તારયો છે પ્રભાવ જેનો સર્વ દેવોમા મર્યાદા-સર્વોત્તમ ઇષ્ટ એવુ સર્વ રાજ્યાદિ આ લોકનુ ફળ અને પરલોક સબન્ધી ઇન્દ્રપણુ વગેરે અને મોક્ષસુખ આદિ ફળ છે જેનાથી તે જેની આરાધના કર્યે છતે વિઘ્નોની રહિતતા અર્થાત્ તમામ વિઘ્નોના હર્તા વિવેકીઓ વડે મનુષ્ય ભવ આદિ સામગ્રીથી પ્રાપ્ત કરવા યોગ્ય

धर्मपक्षे तु-'शासनानि पर्वाणि श्रीपर्युषणादीनि तेषु श्रेणिषु श्रेणिभिर्वा 'प्रथित'-विस्तीर्ण प्रभावो यस्य स । स्वजातौ'-सर्वधर्मेषु सीमा' । शेष तीर्थकृत्पक्षसममिति ॥९॥

ધર્મપક્ષમા તો- સુદર પર્યુષણા આદિ પર્વોની શ્રેણિઓમા અથવા શ્રેણિઓ વડે વિસ્તીર્ણ-ફેલાએલો પ્રભાવ છે જેનો સર્વ ધર્મોમા સીમા સર્વોત્તમ શેષ-બાકીનુ શ્રીજિનેશ્વર મહારાજના પક્ષની સમાન જાણવુ ॥૯॥

जयविजयविधाता१विश्वविश्वप्रदाता२,
भवजलनिधिसेतुर्धर्मविश्वनिर्वाहहेतु४।
अखिलगुणनिधान५ सर्वधर्मप्रधान६,
वितरतु जिनधर्मः सततं सर्वशर्म ॥१०॥ (६)

ભાવાર્થ–જય અને વિજયને કરનાર૧, જગતના તમામ ઇષ્ટને દેનાર ૨, ભવસમુદ્રને પાર પામવાને પુલ સમાન૩, જગતના નિર્વાહનુ કારણ૪, તમામ ગુણોના નિધાન ૫ અને સર્વ ધર્મોમાં પ્રધાન૬ એવો શ્રીજિનધર્મ નિરતર સર્વે સુખને આપો (૧-૧૦)

देवो जिनेन्द्रः१ गुरवश्चरित्रिणोर,
धर्मस्तदुक्तश्च दयादिपावनः३।
सुता विनीता४ प्रणयी परिच्छदो५,
मनोऽनुगाः स्युर्ललनाश्च६ पुण्यत ॥११॥ (६)

ભાવાર્થ–પુણ્યથી જિનેન્દ્ર દેવ૧, ચારિત્રવાળા ગુરુઓ૨, તેમને કહેલો દયાદિથી પવિત્ર એવો ધર્મ૩, વિનયવાળા પુત્રો૪, પ્રેમવાળો પરિવાર ૫ અને મનને અનુકૂળ એવી લલનાઓ મળે છે (૧-૧૧)

सुखानि दत्ते१ हरते विपत्ततीर२-
स्तनोति भद्राण्य३शिवानि नाशयन४।
महाधिभिर्व्याधिगणान्निहन्ति यो५,
धर्मं भज त्वार्हतमेव तं सुधीः ॥१२॥ (८)

ભાવાર્થ–જે સુખોને આપે છે૧, વિપત્તિઓના સમૂહને હરે છે ૨, કલ્યાણોને વિસ્તારે છે૩, અકલ્યાણોનો નાશ કરે છે૪ અને જે માનસિક ચિંતાઓ સહિત વ્યાધિઓના

સમહને કરો છે૫ તે અરિહંત મહારાજના૪ ધર્મને હે પંડિતો! તમે સેવો! (૧-૧૨)

मङ्गलानि ससुखानि१ जयश्री२ सम्पदोऽप्यभिमता३श्चिरमायुः४।
सद्धियः५ सुभगताद् प्रभुता७ च स्युर्यतो भजत तं जिनधर्मम्
॥१३॥(७)

ભાવાર્થ—જેનાથી સુખે કરી સહિત મંગળો૧, જયરૂપી લક્ષ્મીઓ૨, ઇચ્છિત એવી સંપત્તિઓ૩, દીર્ઘ એવું આયુષ્ય૪, ઉત્તમ બુદ્ધિઓ૫, ભાગ્યશાળીપણું૬ અને સ્વામીપણું૭ થાય છે તે જિનધર્મને તમે સેવો! (૧-૧૩)

वसूनि पृथ्व्यः खनयो मणीन् द्रुमाः,
फलानि मुक्ता अपि ताम्रपर्णिका।
लताः प्रसूनानि गजांश्च विन्ध्यभूः
पुण्यात्मनां बिभ्रति भुक्तयेऽङ्गिनाम् ॥१४॥

ભાવાર્થ—પુણ્યશાળી જીવોના ભોગને માટે (ઉપભોગને માટે) પૃથ્વીઓ-ધનોને, ખાણો-મણિઓને, વૃક્ષો-ફળોને, તામ્રપર્ણિકા-(નદી)-મોતીઓને, લતાઓ-પુષ્પોને અને વિંધ્યાચળની ભૂમિ-હાથીઓને ધારણ કરે છે (૧-૧૪)

भवन्ति शिल्पानि कृतानि शिल्पिना१,
विशिष्टकर्माण्यपि कर्मकारिणाम्२।
सुशिक्षिताश्चापि कला कलावतां३,
श्रेयोभृतामेव सुखोपभुक्तये ॥१५॥ (३)

ભાવાર્થ—શિલ્પીઓએ કરેલાં શિલ્પો૧, સેવકોનાં વિશિષ્ટ કાર્યો૨ અને કલાવાનોની સારી રીતે શીખેલી

કલાઓ૩, કલ્યાણને ધારણ કરનારાઓના સુખના ઉપભોગ માટે જ છે (૧-૧૫)

मितप्रमाणास्तनुभूजलादयो१,
मितप्रभावाः प्रभुतद्गृहादयः२।
फलन्ति वृक्षा नियतैः फलैः३ पुन-
र्मितिस्त्रिधाऽप्यस्ति न धर्मवस्तुनः ॥१६॥(३)

**ભાવાર્થ**–શરીર, ભૂમિ અને પાણી આદિ માપેલા પ્રમાણવાળા છે ૧, દેવો અને તેમના ગૃહો વગેરે માપેલા પ્રભાવવાળા છે ૨ અને વૃક્ષો નિયત એવા ફળો વડે ફળે છે ૩, કિન્તુ ધર્મરૂપ વસ્તુનું ત્રણે પ્રકારે પણ માપ હોતું નથી (૧-૧૬)

जलायतेऽग्निर्१जलधिः स्थलायते२,
पुरायतेऽरण्य३मगः समायते४।
सुहृद्यतेऽरि५र्जनकायते नृपः६
सतां नितान्तं सुकृतानुभावतः ॥१७॥(६)

**ભાવાર્થ**–અત્યન્ત પુણ્યના પ્રભાવથી સજ્જન પુરુષોને અગ્નિ પાણીપણાનું આચરણ કરે છે ૧, સમુદ્ર સ્થળપણાનું આચરણ કરે છે ૨, જંગલ નગરપણાનું આચરણ કરે છે ૩, પર્વત સમપણાનું આચરણ કરે છે ૪, શત્રુ મિત્રપણાનું આચરણ કરે છે ૫ અને રાજા પિતાપણાનું આચરણ કરે છે ૬ (૧-૧૭)

भवन्ति तेषां विपदोऽपि संपद१,
प्रयत्नसाध्यकृत सुरा मतामर२।
जनाश्च सर्वे स्वजना३ कृतायना,
रमन्ति येषां सुकृतेश्च हृदय ॥१८॥ (३)

ભાવાર્થ- જેઓને પુણ્ય એક ઋદ્ધિઓ શોભે છે તે સજ્જનોને વિપત્તિઓ પણ સંપત્તિપણાને ભજે છે, દેવો પ્રયત્ન માત્રથી જ સાનિધ્ય કરનાર થાય છે, અને બધા સામાન્ય લોકો રક્ષણને કરનાર સ્વજનો તરીકે થાય છે (૧-૧૮)

आधारभूता जगता त्रयस्य यो१,
नियाजकोऽर्केन्दुपयोधिधार्मुचाम२।
तनोति मर्त्यामरमुक्तिसम्पद-३
स्तमय धर्मं भजतेष्टशर्मणे ॥१९॥ (३)

ભાવાર્થ-જે ત્રણે જગતનો આધાર ભૂત છે ૧, અને જે સૂર્ય-ચંદ્ર-સમુદ્ર-મેઘને નિયોજક છે-વ્યવસ્થાને જાળવે છે ૨ અને જે મનુષ્ય-દેવતા તથા મોક્ષની સંપત્તિઓને વિસ્તારે છે ૩ તે જ ધર્મને ઈષ્ટ સુખને માટે તમે સેવો !(૧-૧૯)

अबान्धजाना प्रतिभाति बान्धव १,
सदा सहाय परमोऽसहायिनाम २।
पर प्रभुर्निष्प्रभुतार्त्तिभगिना३
जिनेन्द्रधर्म सकलेष्टसाधनात् ॥२०॥ (३)

ભાવાર્થ-જિનેન્દ્ર પ્રભુનો ધર્મ, સકલ ઈષ્ટ પદાર્થોનુ સાધન હોવાથી, બાંધવ વગરનાઓને બાંધવરૂપ, સહાય વિનાનાને હંમેશા ઉત્કૃષ્ટ સહાય આપનાર અને નિ પ્રભુતા (દરિદ્રતા)રૂપ પીડા યુક્ત જીવોને ઉત્કૃષ્ટ પ્રભુતારૂપ શોભે છે (૧-૨૦)

यदमुदा स्यु मरु कार्यार्पिणो१,
न याति याता यदतिस्थितिक्रमा २।

न यान्ति वाता वा प्रसरन्ति नाग्नयो,
ज्वलन्ति या धर्मविजृम्भितं हि तत् ॥ २१ ॥ (४)

ભાવાર્થ-જે મેઘો કાળે વર્ષવાવાળા હોય છે, જે વાયરો સ્થિતિને ઉલ્લંઘન કરી વાતો નથી, સમુદ્રો ભૂમિ ઉપર ફેલાતા નથી, અગ્નિ (બધુ) બાળતો નથી, તે ખરેખર ધર્મનો વિલાસ છે

द्रुमैः सुराणां मणिभिश्च किं नृणां,
पर्याप्तमाप्तैः करुणा सधेनुभिः ।
चिन्त्या अचिन्त्या अपि संपदोऽखिला
ददाति जैनेश्वरधर्म एव तत् ॥ २२ ॥

ભાવાર્થ-મનુષ્યોને દેવોના વૃક્ષો (કલ્પવૃક્ષો) અને મણિઓ વડે શું ? પ્રાપ્ત થયેલા કામધેનુ સહિત એવા કામઘટો વડે સર્યું ! કારણ કે ચિન્તવેલી અને અચિન્તવેલી તે તમામ સંપદાઓ જિનેશ્વર ભગવન્તનો ધર્મ જ આપે છે

दुराशया न प्रभवन्ति दुर्जना,
न चापि चौरा न च दैवतग्रहाः ।
न शाकिनीसिंहभुजंगमादयो
न चामया प्राणिनि पुण्यपालिते ॥ २३ ॥

ભાવાર્થ-પુણ્યથી (ધર્મથી) પાવન કરાયેલા એવા પ્રાણીઓ (જીવો) ઉપર ખરાબ આશયોવાળા દુર્જનો, ચોરો, દેવો અને ગ્રહો, શાકિની, સિંહ, સર્પ વગેરે અને રોગો સમર્થ થતા નથી (૧-૨૩)

तनोति रक्षामपि गर्भगस्य य,
शिशोश्च यो या शयितस्य योऽगिन ।
प्रमादिनो दैवपरस्य चापि य,
स जैनधर्मे क्रियता वृतिर्बुधा ॥ २४ ॥

ભાવાર્થ-જે ગર્ભમા રહેલાની, જે બાળકની, જે સૂતેલા એવા પ્રાણીની, જે પ્રમાદીની અને જે ભાગ્ય ઉપર તત્પર એવાની પણ રક્ષાને કરે છે તે જૈન ધર્મરૂપી વાડ, હે પડિતો! તમે કરો? (૧-૨૪)

स्फुरति यद्द्वारि गजाश्वुरङ्गमा,
विमुक्तमत्याश्च भटा रणान्कटा ।
यच्छत्रसिंहासनचामरार्चना,
मृदङ्गवीणादिरवैश्च जागरा ॥२५॥

प्रणम्रशीर्षैश्च निदेशधारण,
ममप्रलोऽत्र प्रभुतेष्टकर्मसु ।
यदप्सर श्रीमदहृत्प्रियाततिः-
नृपस्य तद्धर्मसमृद्धिज फलम ॥२६॥ (युग्मम)

ભાવાર્થ-રાજાના દ્વારમા જે હજારો હાથીઓ, ઘોડાઓ, યુદ્ધમા તૈયાર એવા સુભટો સ્ફુરાયમાન હોય છે, જે છત્ર, સિંહાસન, ચામર વડે રોજ પૂજાય છે, મૃદગ, વીણા વગેરેના અવાજથી રોજ જગાય છે, નમેલા મસ્તકથી બધા લોકો વડે આજ્ઞા ધરાય છે, જે ઇચ્છિત કાર્યોમા પ્રભુતા (અમેસરપણું) અને જે અપ્સરાની શોભાના ગર્વને હરનારી સ્ત્રીઓની શ્રેણિ છે તે ધર્મરૂપ સમૃદ્ધિથી ઉત્પન્ન થયેલુ ફળ છે

अखण्डिताज्ञा त्रिदिशेश्वरैरपि१,
त्रिखण्डसाम्राज्यरमा स्वयंवरा२।
अयत्नदेवाद्रिबलभारच तनौ३,
भवन्ध्वरीणां सुकृतैः पुराकृतैः ४॥२७॥ (४)

ભાવાર્થ– દેવોના સ્વામીઓ (ઇન્દ્રો) વડે પણ જે અખંડિત આજ્ઞા ૧, સ્વય વરેલી જે ત્રિખંડ સામ્રાજ્યની લક્ષ્મી ૨, તથા શરીર વિષે જે પ્રયત્ન વિના દેવતાઈ હાથિયારના લાભવાળુ બળ ૩ તે વાસુદેવોને પૂર્વે કરેલા પુણ્યો વડે હોય છે

पराणि रत्नानि१ सुरव्रजैः श्रिताः२,
बलं तनौ३ नवनिधयः४, सदाऽनुगा।
स्त्रियोऽपि रूपप्रहताप्सरः श्रियो५,
जिनोक्तपुण्यैर्विलसन्ति चक्रिणाम् ॥ २८ ॥ (५)

ભાવાર્થ– શ્રેષ્ઠ એવા રત્નો૧, દેવોના સમૂહ વડે સેવ્યતા ૨, શરીર વિષે બળ૩, હંમેશા અનુસરનારી એવી ઉત્તમ પ્રકારની નિધિઓ અને રૂપે કરી હણી નાખી છે અપ્સરાઓની શોભા જેને એવી સ્ત્રીઓ પણ ચક્રવર્તીઓને જિનેશ્વર ભગવન્તોએ કહેલા એવા પુણ્યોથી વિલાસ પામે છે (૧-૨૮)

जगत्प्रधानं द्वरी जनिमहत्
नगेऽभिषेकादिविधि२ सुधाशनम्३।
अनुत्तरौज४स्सुभगत्वसंपदा
ऽविलासयत्यस्थासु सुरेश्वरार्चनाद् ॥२९॥

तद्देशनास्थलअगुणोत्तरा गिर ८
सम्प्रातिहार्यातिशयर्द्धयोऽद्भुता ९।
चिदादनन्तत्व१०मशेषविश्वपो
पकारिताद्दीनि११ च पुण्यतोऽर्हताम् ॥ ३० ॥
युग्मम् (११)

ભાવાર્થ– ત્રણ જગતને આનંદને કરનારો જન્મ૧, મેરુપર્વત વિષે અભિષેક વગેરે ની વિધિ ૨, અમૃતનો આહાર ૩, અનુત્તર એવું બળ ૪, સૌભાગ્યરૂપી સંપત્તિઓ ૫, તમામ અવસ્થાઓમા ઈન્દ્રો વડે પૂજા૬, તેમની દેશનાનું સ્થાન (જે સમોસરણ) ૭, ગુણોત્તર એવી (યોજનગામી આદિ) વાણી૮, અદ્ભુત એવી વિદ્યમાન પ્રાતિહાર્યો અને અતિશયોની ઋદ્ધિ૯, જ્ઞાન આદિનું અનન્તપણું૧૦ અને તમામ જગત ઉપર ઉપકારિતા વગેરે૧૧ જે છે, તે અર્હન્ત ભગવન્તોને પુણ્યથી જ હોય છે (૧-૩૦)

प्रभुत्वमसहायस्य१, श्रियश्चाव्ययमायिन२।
निस्त्राणस्यापि यद् रक्षा३ धर्मस्तेनावबुध्यताम् ॥३१॥ (३)

ભાવાર્થ– સહાય વિનાનાને જે પ્રભુપણું અને વ્યવસાય વિનાનાને જે લક્ષ્મી તથા રક્ષણ વગરનાની જે રક્ષા થાય છે તે હેતુએ કરી તમે ધર્મ છે એમ જાણો ! (૧-૩૧)

ततश्च–

जनि कृतार्था१ पितृमातृपालना २
दिक् प्रयास सफल३र्थियेऽभिधा३।
प्रशस्यते दर्शनमप्यमुष्य४,
मतिर्निविष्टा जिनधर्मकर्मसु ॥ ३२ ॥

ભાવાર્થ- જેની મતિ જિન ધર્મના કાર્યોમા રહેલી છે તેનો જન્મ કૃતાર્થ છે ૧, તેના પિતા અને માતાનો પાવન કરવા આદિ પ્રયાસ સફળ છે૨, ' એમનું નામ કલ્યાણ માટે થાય છે૩ અને એમનુ દર્શન પણ વખણાય છે (૧-૩૨)

यस्यैकैकोऽपि भेदस्त्रिदशतरुवनस्येव शाखी समग्रा-
भीष्टार्थाना प्रदाता१ फलमनुपमित मोक्षसौख्य तु मुख्य२ ।
चक्रित्वादिप्रसंगागतमथ विविधा संपदश्चैहिक३ च,
श्रीमानुद्यज्जयश्रीः स जयति भगवद्भाषित कोऽपि धर्म ॥३३॥

ભાવાર્થ- જેનો એક એક ભેદ પણ દેવતાના વૃક્ષ (કલ્પવૃક્ષ)ના વનના ઝાડની જેમ સમગ્ર ઈચ્છિત અર્થોને દેવાવાળો છે ૧, જેનું મુખ્ય ફળ ઉપમા ન અપાય એવુ મોક્ષનુ સુખ છે૨, અને જેનુ ઐહિક ફળ પ્રસંગથી આવેલ ચક્રીપણુ વગેરે વિવિધ પ્રકારની સંપદાઓ છે ૩, તે જિનેશ્વર ભગવાનનો કહેલો શ્રીમાન્ ઉદ્યત જય લક્ષ્મીવાળો કોઈક (અદ્વિતીય) ધર્મ જય પામે છે (જયવંતો વર્તે છે)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे-ऽपरतटे धर्मफलोपदर्शनद्वारोपदेश प्रथमस्तरङ्ग ।

એ રીતે તપાગચ્છાધિપતિ શ્રીમુનિસુંદરસૂરિ
મહારાજે રચેલા શ્રીઉપદેશરત્નાકરના અપર
તટમા ધર્મનુ ફળ દેખાડનારા દ્વારોના
ઉપદેશરૂપ પ્રથમ તરંગ

---

જેનાથી તને તેનાથી પણ અધિક સદ્ધિઓ થાય તેવુ જે, (પુણ્ય) તે તો તુ પોતે કરતો નથી (૨-૭),

पितृमातृमयोऽसि शैशवे ललनालौल्यमयश्च यौवने ।
वर्दपत्यमयश्च वार्द्धके, न कदाऽप्यात्ममयस्तु रे जड ! ॥८॥

ભાવાર્થ- તુ બાળપણામા માતા-પિતામય હતો, યૌવનપણામા લલનાઓમા લોલુપતામય હતો, અને ઘડપણમા નિર્દનીર બચ્ચાઓમય હતો, પણ હે મૂર્ખ! કદાપિ પણ આત્મમય થયો નથી અર્થાત્ હે મૂર્ખ! તુ એવો થાય છે પરતુ કદાપિ મારા આત્માનુ શુ થશે? તેના વિચારમય થતો નથી (૨-૮)

किं विस्मृतं मरणमाधिगणाश्च नष्टाः?,
किं व्याधयोऽप्यपुनरागमनं निवृत्ताः?।
दु:खानि दुर्गतिभवानि न सन्ति किं वा?,
यन्न करोषि सुकृतानि कदाऽपि जीव! ॥९॥

ભાવાર્થ- હે જીવ! શુ મરણને ભૂલી ગયો છે? શુ આધિઓ-માનસિકચિન્તાઓનો સમૂહ નાશ પામ્યો છે? શુ વ્યાધિઓ-શારીરિકરોગો ફરી ન આવે એવી રીતે પાછા ફર્યા છે? અથવા શુ દુર્ગતિમા ઉત્પન્ન થવાવાળા દુઃખો નથી? કે જેથી હે જીવ! તુ કદાપિ પુણ્યોને નથી કરતો? (૨-૯)

परिकल्पितसम्भवादपि, व्यसनाद्यन्न बिभेषि मय! भोः!।
परिचिन्तयसि प्रतिक्रिया न च तेषां परलोकभाविनाम् ॥१०॥

ભાવાર્થ- હે ભવ્ય આત્મા! અહીં તુ જેનો સભવ કલ્પિત છે એવા વ્યસનથી-પીડાથી ભય પામે છે, પરતુ

પરલોકમા થવાવાળા એવા દુ ખોના પ્રતિકારને તુ વિચારતો નથી (૨-૧૦)

समवाप्य धनानि विभ्रमोद्भटनारीस्तनयांस्तथाऽऽत्मन ।
मुदमावहसे न बुध्यसे, निखिलं गत्वरमेव सत्वरम् ॥ ११ ॥

ભાવાર્થ– પોતાના ધનોને, વિભ્રમે કરી–શણગારે કરી ઉદ્ભટ એવી સ્ત્રીઓને અને પોતાના પુત્રોને લેઇને હર્ષને તુ વહન કરે છે, પરન્તુ તુ વિચારતો નથી કે તે તમામ વસ્તુ જલદી જવાવાળી છે (૨-૧૧)

ननु धावसि धर्मबाधया, विविधोपाधिभिरत्र शर्मणे ।
न बिभेषि तु दुर्गतिभ्रमात् मरणे तस्त्विय भावि किं न ते ? ॥१२

ભાવાર્થ– હે જીવ ! તું આલોકના સુખને માટે ધર્મને બાધા આવે તેવી રીતે વિવિધ ઉપાધિઓ (કાર્યો) વડે દોડે છે, પણ તુ મરણ પછી દુર્ગતિઓમા ભમવાથી ભય પામતો નથી શુ તે મરણ તને થવાનુ નથી ? (૨-૧૨)

नृपमानधनादिवाग्मदो, विषयानव समीक्षसे परम् ।
न विचारयसीति मूढ ! म, मरणम शरणीभविष्यति ? ॥१३॥

ભાવાર્થ– હે મૂઢ ! રાજાનુ માન અને ધન આદિથી ઉન્મદ બનેલો એવો તુ માત્ર શબ્દાદિવિષયોને જ જોયા કરે છે, પરતુ મરણ વખતે અશરણ એવા તને શરણ કોણ થશે ! તે તુ વિચારતો નથી (૨-૧૩)

यदधीनमिहात्म ! जीवितं, चपलं श्वासमिमं न वेत्सि किम् ? ।
धनपुत्रकलत्रयुग्, स्थिरबुद्धिं यदुपैषि मोहितः ॥ १४ ॥

ભાવાર્થ– હે જીવ ! અહીં જીવિત જેના આધીન છે એવા શ્વાસને શુ તુ ચપલ છે એમ નથી જાણતો ? જેથી મોહ પામેલો એવો તુ ધન, પુત્ર, સ્ત્રી અને બન્ધુઓમા સ્થિરબુદ્ધિને પામે છે (૨–૧૪)

पिब खाद ललाङ्गनागणे, शृणु गीत परिपश्य नाटकम्।
कुरु धर्मकथामपीह मा यदि ते शाश्वतमस्ति जीवितम् ॥१५॥

ભાવાર્થ– અહીં સ્ત્રીઓના સમૂહની સાથે પી, ખા, ગીત સાંભળ, નાટક જો અને ધમ કથા પણ મા કર ! પરંતુ જો જીવિત તારૂ શાશ્વત હોય ! (અર્થાત્ જીવિત તારૂ શાશ્વત નથી માટે બીજુ છોડીને ધર્મકથા કર !) (૨–૧૫)

शरदभ्रसमा श्रियोऽखिलास्तटिनीपूरसमं च जीवितम्।
नटपेटकवत कुटुम्बकं, ननु किं मुह्यसि धर्मकर्मसु ? ॥ १६ ॥

ભાવાથ– તમામ લક્ષ્મી શરદઋતુના વાદળાના સરખી ક્ષણિક છે, આ જીવિત નદીના પૂર સરખુ ચ ચલ છે તથા ભેગુ મળેલુ આ કુટુ બ નટના ટોળા સમાન અનિયત છે, તો પછી હે ભવ્ય પ્રાણી ! ધમ કાર્યોમા શા માટે તુ મુ ઝાય છે ? (૨–૧૬)

चपलं धनमायुरल्पकं, स्वजना स्वार्थपरा वपु क्षयि।
ललना कुटिला कुत पराभवभीविघ्नभृत भव सुखम् ? ॥१७॥

ભાવાર્થ– ધન ચપલ છે, આયુષ્ય અસ્થિર અને અ પ છે, સ્વજનો સ્વાર્થમા તત્પર છે, શરીર ક્ષય પામવાવાળુ છે, સ્ત્રીઓ કુટિલ છે તેથી પરાભવ, ભય અને વિઘ્નથી ભરેલા એવા આ ભવમા–જીવનમા સુખ કયાથી ?, અર્થાત્ સ સારમા સુખ જ નથી (૨–૧૭)

नलिनीदलगाम्बुबिंदुचपलेषु उत्तरं सुखेषु ।
परिचयसि स्वमज्ञ! हा, सुचिरातन्नमु ...॥१८॥

ભાવાર્થ– કમળના પત્ર ઉપર રહેલ ... બિન્દુ સમાન ચપળ અને અતિતુચ્છ એવા મનુષ્યજન્મ... સુખો વડે હે અજ્ઞ–મૂર્ખ! ... અને ... એવા દેવ અને મોક્ષના સુખોથી તુ ... છે (૨–૧૮)

अवोचाम च–
उरभ्रकाकिण्युदबिंदु कामाम्रवणिक्त्रयीशकटभिक्षुकार्थः ।
निदर्शनैर्हारितमर्त्यजन्मा, दुःखी प्रमादैर्बहु शोचिताऽसि ॥१९॥
(अध्यात्मकल्पद्रुम श्लो. १२३ पृ ८०)

ભાવાર્થ– ઘેટુ ૧, ... ૨ ... જળનુ બિન્દુ ૩, આંબો ૪, વેપારી ૫, ... ગાડાવાળો ૬ અને ભિક્ષુ ૭ આદિની જેમ પ્રમાદથી મનુષ્ય–જન્મને હારી ... ઘણો શોચ કરવાવાળો–પશ્ચાતાપ ... તુ ... (૨–૧૯)

द्रविणे किमिहापि नश्वरे, स्वजने स्वार्थपरेऽप्यहो लिये ।
वपुषापि च जीर्यताऽनिशं कुरु धर्मं हितमात्मने परम् ॥२०॥

ભાવાર્થ– આ ભવમાં પણ નાશ પામવાના સ્વભાવ વાળા દ્રવ્યો વડે, ... અને સ્વાર્થમા ત૫ર એવા સ્વજનો વડે અને નિરન્તર જીર્ણ થવાવાળા શરીર વડે પણ શુ? (અર્થાત્ એ તરફ લક્ષ્ય ન રાખતા) આ માને હિતકારી અને ... ધર્મને તુ કર! (૨–૨૦)

न धमकार्यसम हि कार्यं,
न धमदेष्टु सममस्ति मित्रम्।
न बोधिलाभस्य समोऽस्ति लाभो,
नीरागसौख्यस्य समं न सौख्यम् ॥ २१ ॥

ભાવાર્થ– હે ભવ્યપ્રાણી! ધર્મના કાર્યના સમાન કોઈ કાર્ય નથી, ધર્મને દેખાડનારની સમાન કોઈ મિત્ર નથી, બોધિલાભના સમાન કોઈ લાભ નથી અને વીતરાગપણાના સુખના સમાન કોઈ સુખ નથી (૨-૨૧)

विकटा अट पर्वताटवीस्तर वादुर्धीन् भज भूपतीनपि।
अपि साधय मन्त्रदेवता, न तु सौख्य सुकृतेर्विनाऽस्ति ते ॥२२॥

ભાવાર્થ–હે મહાનુભાવ! વિકટ પર્વતવાળા જંગલોમા તું રખડ, સમુદ્રોને તર, રાજાઓને પણ સેવ, મંત્ર અને દેવોને પણ સાધ, પરન્તુ પુણ્યો વગર તને સુખ થવાનું નથી (૨-૨૨)

भजते सुखिनोऽपि बुद्धिमान्, जिनधर्मं सुखमौल्कारणम्।
अपि दु खगति (त) स पन यन्, परम दु खगदक्षयौषधम् ॥२३॥

ભાવાર્થ– સુખી એવો બુદ્ધિમાન્ પણ સુખના મૂળ કારણભૂત એવા જિનધર્મને સેવે છે અને દુખને પામેલો એવો પણ તે તેને જ સેવે છે, કારણ કે જિનેશ્વરમહારાજનો ધર્મ જ દુખરૂપી રોગના ક્ષયનું શ્રેષ્ઠ ઔષધ છે (૨-૨૩)

यत एवामिता रोगा, यत एवाबल वपु।
अप्राणा यत एवार्त्ता, धमस्तनैव सेव्यते ॥ २४ ॥

ભાવાર્થ– જે કાન્તાથી રોગો પ્રમાણ વગરના છે, જે મરણથી શરીર નિર્બળ છે, જે કારણથી પીડાતાઓ રક્ષણ વિનાના છે તે હેતુથી જ ધર્મ સેવવા યોગ્ય છે (૨–૨૪)

दहत्यग्निर्विषं हन्ति, दुर्गन्धं लसुनं यथा।
तथा प्राणिष्वनित्यत्वं, मता का परिदेवना? ॥ २५ ॥

ભાવાર્થ– જેવી રીતે અગ્નિનો સ્વભાવ છે કે બાળે, વિષનો સ્વભાવ છે કે મારે, લસણનો સ્વભાવ છે કે દુર્ગન્ધ આપે તેવી રીતે પ્રાણીઓમા અનિત્યપણુ છે તેમા સજ્જન પુરુષોને શોક શો કરવો! (૨–૨૫)

अस्तान्तमाना उदया, विपदन्तताश्च सम्पदः ।
वियोगान्ताश्च संयोगास्तन्नित्यं धर्ममाचर ॥ २६ ॥

ભાવાર્થ– ઉદયો અસ્તના છેડાવાળા છે, સંપત્તિઓ વિપત્તિઓના અંતવાળી છે અને સંયોગો વિયોગોના છેડાવાળા છે, તે માટે નિત્ય એવા ધર્મને તું આચર! (૨–૨૬)

चलं धनं न स्थिरमीश्वरत्वं, सविघ्नमायुर्वपुरप्यसारम्।
त्राता न दुःखात् स्वजनः परो वा धर्मस्ततस्त्राणकरो निषेव्यः ॥

ભાવાર્થ– ધન ચંચળ છે, ઐશ્વર્યપણું પણ અસ્થિર છે, આયુષ્ય વિઘ્નવાળુ છે અને શરીર પણ અસાર છે, તેમજ સ્વજન કે પરજન દુઃખથી રક્ષણ કરનાર નથી તે કારણથી રક્ષણને કરવાવાળો એવો ધર્મ સેવવા યોગ્ય છે (૨–૨૭)

स्वप्नेन्द्रजालनाटकरङ्गस्थादिगतागतिवियोगसंज्ञातम्।
बाह्यं कुटुम्बयोगं धर्मकुटुम्बी भव सदाऽऽत्मन्! ॥ २८ ॥

ભાવાર્થ– હે આત્મા! સ્વપ્ન, ઈન્દ્રજાળ, નાટક, વૃક્ષ વગેરેમાં રહેલા જીવો (પક્ષીઓ)ના યોગની જેમ (અસત્, અનિત્ય) બાહ્ય એવા કુટુંબના સંબંધને જાણીને હંમેશા ધર્મરૂપ કુટુંબવાળો થા! (૨–૨૮)

बिभेषि दु:खादि जीव! मा ततो,
ममत्वमर्थेषु सुतेषु वा वृथा ।
ममत्वतः दुःखमवेहि तत् त्यजन्,
भव द्रुतं श्रीनमिवत् सदा सुखी ॥ २९ ॥

ભાવાર્થ– હે જીવ! જો દુઃખાદિથી તું ભય પામે છે તો ધનમાં અને પુત્રોમાં મમત્વને ના કર, કારણ કે મમત્વથી દુઃખને ઉત્પન્ન થયેલું જાણ માટે તેને જલદી ત્યાગ કરતો તું શ્રીનમિ રાજર્ષિની જેમ હંમેશા સુખી થા (૨–૨૯)

यदुपतिर्न सुतैः शक्तितोऽपि तु,
न शक्तिता सगरेण हि सूनवः ।
न हरयोऽपि बलैरिति चिन्तयन्
भवगतिं भव साम्यधिया सुखी ॥ ३० ॥

ભાવાર્થ– કૃષ્ણ પુત્રો વડે રક્ષણ માટે શક્ય ન થયા, સગર ચક્રવર્તી પુત્રોને બચાવી શક્યા નહિ અને વાસુદેવો સૈન્યો વડે રક્ષણ કરી શકાયા નહિ એ પ્રમાણે ભવસ્થિતિને વિચારતા સામ્ય (સરખાપણાની) બુદ્ધિ વડે તું સુખી થા (૨–૩૦)

अप्राप्ते नैव यस्मिन् भवति शिवसुखश्रीर्भवत्येव चाप्ते,
मालियस्याक्षरस्यैस्त्वतिदुरधिगमैर्मानुषत्वादिकार्ग ।
आलस्याद्येषु चाप्यस्त्वधिकदशम् य वाप्तिवर्ज्यादितेषु
श्रीमानुचत्तयश्री स सकलहितकृत सेव्यतां जैनधर्म ॥३१॥

ભાવાર્થ જે-ધર્મ પ્રાપ્ત નહીં થયે છતે મોક્ષસુખની લક્ષ્મી પ્રાપ્ત થતી નથી અને જે-ધર્મ પ્રાપ્ત થયે છતે થાય છે વળી અતિદુર્લભ એવા મનુષ્યપણાદિ ચાર અંગોએ જેની પ્રાપ્તિ છે અને જે આલસ્ય આદિ તેર કાઠિયાઓ દૂર કરે છતે પ્રાપ્ત થાય છે માટે તે શ્રીમાન્ વધતી જયરૂપ લક્ષ્મી વાળો, સકળ હિતને કરનારો એવો જૈન ધર્મ (હે ભવ્ય જીવો ! તમે) સેવો (૨-૩૧)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे-ऽपरतटे धर्मविषयप्रमादपरिहारोपदेशनामा द्वितीयस्तरङ्गः ।

આ રીતે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિ મહારાજે રચેલા શ્રીઉપદેશરત્નાકરના અપર તટમા ધર્મના વિષયમા પ્રમાદને પરિહરવાના ઉપદેશ નામનો બીજો અંશ સમાપ્ત

અનિત્યતાની પ્રબલતા

सव्वप्पणा अणिच्चो नरलोओ ताव चिट्ठउ असारो।
जीयं देहो लच्छी सुरलोयम्मि वि अणिच्चाइं ॥
(भ मा गा ११ ॥

જો કે સર્વથા પ્રકારે અનિત્ય અને અસાર એવો આ મનુષ્ય લોક છે તેથી તેની તો દરકાર ન કરીએ પણ દેવલોકમા પણ (લાંબુ એવુ) જીવન, (વૈક્રિય એવો) દેહ અને (અત્યંત ઘણી) લક્ષ્મી પણ અનિત્ય છે (સ્થિર રહેનારી નથી માટે હે ભવ્ય પ્રાણી! તેના અનિત્યપણાનો વિચાર કર)

श्रीउपदेशरत्नाकर, अपर तट
पापने परिहरनाना उपदेश नामनो
तृतीय अंश

भो भो जना! यदि भवार्णवपातभीता-
सौख्यानि वाञ्छथ महोदयसंगतानि।
तद्धर्मपात्रमिममार्हतमाश्रयध्वं,
यत्रागता कठिनपापशिला निहाय ॥१॥

ભાવાર્થ– ભો ભો લોકો! જો ભવસમુદ્રમા પતનથી ભયભીત થયા થકા અને મહાન્ ઉદયે કરી યુક્ત એવા સુખોને તમે વાંછતા હો તો છાતી ઉપર રહેલી કઠિન પાપરૂપી શિલાને તજીને આ અર્હન્ત સમ્બન્ધી ધર્મરૂપી પાત્રનો આશ્રય કરો! (૩–૧)

मुक्त्वाऽपि गर्भवसतिं पुनरेति जीव-
स्तारुण्यमृच्छति च बाल्यमिव व्यपायम्॥
आसत्तिमेति च जरा मरणं त्ववश्यं,
तद् दुष्कृतानि कुरुषे किमपास्तशङ्कः ?॥२॥

ભાવાર્થ–જીવ ગર્ભવાસને મૂકીને પણ ફેર તેને પામે છે, નિર્દોષ બાળપણાની જેમ તરુણપણાને પામે છે, ઘડપણ નજીકમા આવે છે અને મરણ, તો અવશ્ય થવાનુ છે તો પછી નિઃશંક થઈને કેમ પાપોને તું કરે છે? (૩–૨)

दुःखानि दुस्तरमिच्छसि चेद्विहातुं,
तत् किं करोषि सततं ननु दुष्कृतानि?।

स्नेहाक्तभाजन इवात्र रजांसि दुःखा-
-यागय पातकभृते हि यन्गलगन्ति ॥३॥

ભાવાર્થ– જો તુ દુઃખોને અત્યન્ત દૂર છોડવા માટે ઇચ્છે છે તો પછી શા માટે નિરન્તર દુષ્કૃત્યોને કરે છે? જાણ કે ચીકાશવાળા ભાજનમા ધૂળ ચોંટે છે તેની જેમ પાપથી ભરેલા એવા જીવને વિષે દુઃખો આવીને બળાત્કારે લાગે છે–ચોંટે છે (૩–૩)

पापानि जीव ! कुरुषे विगलद्विवेकः,
सौख्यानि वाञ्छसि नित्यमहो जडोऽसि।
किंपाकपादपफलै किमिहोपभुक्तै-
श्चैतन्यजीवितसुखेन्द्रियतुष्टय स्युः ? ॥४॥

ભાવાર્થ– હે જીવ ! તુ વિવેક રહિત પાપોને કરે છે અને હમેશા સુખોને વાછે છે, અહો ખરેખર તુ અજ્ઞાની છે ! શુ અહીં કિંપાક વૃક્ષના ફળો ખાવાથી ચૈતન્ય, જીવિત, સુખ અને ઇન્દ્રિયોની તુષ્ટિઓ થાય છે? અર્થાત્ નહિ જ થાય (૩–૪)

हालाहल पिबसि वाञ्छसि दीर्घमायु-
र्दावानल विशसि काङ्क्षसि शीतिमानम्।
भुक्ष कुपथ्यमथ चेच्छसि कल्पता यत्, ,
पाप तनोषि सुखमततिमीहसे च ॥५॥

ભાવાર્થ–હે ભવ્ય પ્રાણી ! તુ ઝેરને પીએ છે અને દીર્ઘ આયુષ્યને ઇચ્છે છે દાવાનળમા પ્રવેશ કરે છે અને શીતળતાની આશા કરે છે, કુપથ્યને ખાય છે અને શરીરે

નીરોગીપણાને ઈચ્છે છે, (આ બધુ જેમ અશક્ય છે) તેમ તુ પાપોને કરે છે અને સુખની પરપરાને ઈચ્છે છે (માટે તે પણ શક્ય નથી) (૩-૫)

ताप नयेन्द्रमपि चक्रधरं भजस्व,
मन्त्रान् प्रसाधय वशीकुरु चेटकादीन्।
दुर्गानटातिविकटास्तर वारिराशीन्
पापे रतस्य न तथापि समीहिताप्तिः ॥६॥

ભાવાર્થ– ઈન્દ્રને સતોષ પમાડ, ચક્રવર્તીને સેવ, મન્ત્રોને સાધ, મલીન દેવોને વશ કર, વિકટ એવા દુર્ગોમા રખડ, ભયકર એવા સમુદ્રોને તર, છતા પણ પાપમા રક્ત એવા તને ઈચ્છિતની પ્રાપ્તિ નથી (૩-૬)

पापं सुखेऽपि विदधात्यधमः सुभावा-
न्निर्वाहहेतुमथ चापदि मध्यमोऽङ्गी।
प्राणानपि त्यजति साधुजनो विपत्सु,
नाऽकृत्यमाचरति चायतिशर्मकामः ॥७॥

ભાવાર્થ– અધમ પુરુષ સુખમા પાપને કરે છે, મધ્યમ પુરુષ આપત્તિમા નિર્વાહના કારણે શુભ ભાવથી પાપને કરે છે, અને ભવિષ્ય કાળના સુખની ઈચ્છાવાળા સાધુ પુરુષો–ઉત્તમ મનુષ્યો વિપત્તિઓમા પ્રાણોને પણ તજે છે, પરન્તુ અકૃત્યને આચરતા નથી (૩-૭)

नीचैः कुले जनिरपारदरिद्रभावे१,
दौर्भाग्यरसामयतति२ कुकुटुम्बयोग४।
वाग्निष्ठुराऽन्धबधिरत्वभवऽदुयशांसि८,
मर्त्येष्विमुत्रिरिति पापतरोः फलानि ॥८॥

ભાવાર્થ– અત્યંત દરિદ્ર એવા નીચ કુળમાં જન્મ ૧, દુર્ભાગ્યપણું ૨, રોગો ૩, ખરાબ કુટુંબનો યોગ ૪, કઠોર વાણી ૫, વધ ૬, પરાભવ ૭, અપજશ ૮ અને અત્યન્ત ઇષ્ટનો વિયોગ ૯, એ પ્રમાણે પાપરૂપી વૃક્ષના ફળો છે (૩–૮)

दारिद्रविप्लुतमनास्तदपोहकाम्यो,
पापं करोष्यनुदिनं द्रविणार्जनाय ।
मो ! साध्यसाधनविभागमवेपि मूढ !,
नापथ्यभोजनरतो हि गदोपशान्तिः ॥९॥

ભાવાર્થ– દારિદ્રથી પરાભવ પામેલા મનવાળો, તને દૂર કરવાની ઇચ્છાવાળો એવો તું ધન પેદા કરવા માટે દરરોજ પાપને કરે છે, પરન્તુ હે મૂઢ ! તું સાધ્ય–સાધનના વિભાગને સમજ ! કારણ કે અપથ્ય ભોજન કરનારને રોગની શાન્તિ થતી નથી જ (તેમ પાપ કરવાથી દરિદ્રતા નાશ થવાની નથી) (૩–૯)

दास्यं वरं न च समृद्धिभरोऽप्यधर्मात्,
भैक्ष्याशनं वरमघैर्न सुधोपभोगः ।
वासो वरं सह मृगैरघतो न राज्यं,
मृत्युर्वरं स्तृजिनं न च दीर्घमायुः ॥१०॥

ભાવાર્થ– દાસપણું સારૂં છે પણ અધર્મથી મળતો એવો સમૃદ્ધિનો સમૂહ સારો નથી, ભૂખિયા ખાઈ રહેવું સારૂં પરન્તુ પાપો વડે અમૃતનું ભોજન સારૂં નથી, મૃગલાઓ સાથે વસવું સારૂં પણ પાપથી ઉત્પન્ન થતું રાજ્ય સારૂં નથી, તેવી રીતે મરણ સારૂં છે પરંતુ પાપપૂર્વકનું દીર્ઘ જીવન સારૂં નથી (૩–૧૦)

आत्मन् ! जडोऽसि बधिर किमनीक्षणोऽसि,
यद्दुष्कृतानि कुरुषेऽप्युदयाभिलाषी।
जानासि नैतदपि सर्वजनेषु रूढ,
गोपाऽपि क्षयमिह प्रवदन्ति पापात् ॥११॥

ભાવાર્થ–હે આત્મા ! શુ તુ જડ છે? બહેરો છે! આખ વિનાનો છે, કે જેથી ઉદયનો–ચઢતીનો અભિલાષી છતા પણ દુષ્કૃત્યોને તુ કરે છે? તમામ લોકોમા રૂઢ–પ્રસિદ્ધ આ વાતને શુ તુ નથી જાણતો? કે ગોવાળિયાઓ પણ 'પાપથી ક્ષય' એમ બોલે છે (૩–૧૧)

तरुवत्तटिनीतटाद्गता प्रमदाहृद्गतगुह्यमन्त्रवत् ।
जलवच्च मृदामपात्रगा, न चिर स्थास्यति पापिषु श्रिय ॥१२॥

ભાવાર્થ–નદીના કાંઠે ઉગેલા વૃક્ષોની જેમ, સ્ત્રીના હૃદયમા રહેલ ગુપ્ત મ ત્રની જેમ અને માટીના કાચા ભાજનમા રહેલા જળની જેમ પાપી એવા જીવોને વિષે લક્ષ્મી લાબો સમય રહેશે નહિ (૩–૧૨)

अभ्यधिष्महि च–

दीपवन्न्यायजं द्रव्य दीप्यते चिरमण्वपि।
तृणाग्निवदनीत्युत्थ, भूयोऽप्याशु विनश्यति ॥१३॥

ભાવાર્થ–અમે કહી ગયા છીએ કે ન્યાયથી ઉત્પન્ન થયેલુ થોડુ એવુ પણ દ્રવ્ય દીપકની જેમ દીર્ઘ કાળ સુધી શોભે છે, અને અનીતિથી ઉત્પન્ન થયેલુ ઘણું પણ દ્રવ્ય ઘાસના અગ્નિની જેમ પણ જલદી નાશ પામે છે (૩–૩૧)

स्पृश्यन् यद्यथा यथाः मजेद् धनभोगादि तदश्नुते न वा।
यदि वाऽणु चर च पापजा विपदस्त्वत्र परत्र दु महा ॥१४॥

ભાવાર્થ–બુદ્ધિ વિનાનો ધન, ભોગાદિને ઇચ્છતો જે પાપોને કરે છે તેને ધન વગરે તો મળે ખરૂ અને ન મળે પણ ખરૂ અથવા થોડુ અને અસ્થિર ધન, ભોગાદિ પામે છે અને પાપોથી ઉત્પન્ન થયેલી વિપત્તિઓ તો આલોકમા અને પરલોકમા દુ મહા એવી વેદનઓ તો પામે છે (૩-૧૪)

पापानुबंधिसुकृतस्य लभ्यै कदाचित,
येपाचनाप्ययकृतामपि लभ्यत श्री ।
साऽप्यायती नरकहेतुतयाऽऽपदय,
पुर्ष्यथेय हरितं, सरमैरजस्य ॥१५॥

ભાવાર્થ– કદાપિ કોઈને પાપ ક તા છતા પણ પાપાનુ બધી પુણ્યના અ શથી લક્ષ્મી દેખાય છે તે લક્ષ્મી ભવિષ્ય કાળમા નરકનુ કારણ હોવાથી આપત્તિરૂપ છે જેમ સરસ એવા લીલા ઘાસ વડે બકરાનુ પોષણ (અર્થાત લીલા ઘાસથી બકરાનુ પોષણ ભવિષ્યમા મરણનુ કારણ હોવાથી દુ ખરૂપ છે, તેમ પાપાનુબધી પુણ્યથી મળેલી લક્ષ્મી નરકનુ કારણ હોવાથી વિપત્તિરૂપ છે ) (૩-૧૫)

येषा कृत चरमि पापभरं कन्य
पुत्रादयः पृथगमी निजकर्मवश्या ।
यान्तीत्यर्थयदि ननु तत्फलभोगकाले,
भावी न कोऽपि नरकापदि ते सहाय ॥१६॥

ભાવાર્થ—જેઓના માટે તુ પાપના સમૂહને કરે છે તે સ્ત્રી, પુત્રાદિઓ પોતાના કર્મને વશ એવા જુદા જુદા જનારા છે અને જાય છે તે તુ જાણ! સમજ! તે પાપના ફળના ઉદય કાળે નરક વગેરે આપત્તિઓમા તને કોઈ પણ સહાય કરનારા નથી (૩-૧૬)

धिग् पौरुष सह महत्त्वसमृद्धिभोगै-
र्यातु क्षय चतुरिमा स महत्धैर्य ।
किं तै सहायनिकरैः सुतबन्धुदारै-
र्येष्वत्र सत्स्वपि भवन्नरकव्यथाऽर्थी ॥१७॥

ભાવાર્થ— મહત્ત્વ, સમૃદ્ધિ અને ભોગો સહિત પુરુષાર્થને ધિક્કાર થાવ! રૂપ અને ધૈર્ય કરીને સહિત તે ચતુરાઈ નાશ પામો! જેઓ વિદ્યમાન છતા પાપ વડે નરકની પીડા થાય તે પુત્ર, ભાઈ, સ્ત્રી સબન્ધી સહાયકોના સમૂહો વડે શું? (૩-૧૭)

ते बान्धवा स च पिता जननी च सैव,
देव स एव स गुरु स सुहृच्च सम्यग्।
यद्वाक्सुधा हि पिबतो वृजिनान्निवृत्तौ,
बुद्धिर्भवेत् किल यया सकलार्त्तिनाश ॥१८॥

ભાવાર્થ— તે ભાઈઓ છે, અને તે જ પિતા છે, અને તે જ માતા છે તથા તે જ ગુરુ છે, તે જ સાચો મિત્ર છે કે જેની વાણીરૂપી અમૃતને-પીવાથી પાપથી નિવૃત્ત થવામા બુદ્ધિ થાય, જે બુદ્ધિ વડે સકળ દુ:ખનો નાશ થાય (૩-૧૮)

मूलं यस्योरमोहो भववनगहने स्कन्धबन्धः कुबोधः,
शाखा प्रौढकषाया दन्ततिरतुलदेहगेहादिचिन्ता।
दारिद्र्यादीनि पुष्पाण्ययघफलदमिमं नित्यतृष्णाम्बुसिक्तं,
छित्त्वा पुण्यैः कुठारैर्नरकफलमयं स्याज्जनः सज्जयश्रीः ॥१९॥

**ભાવાર્થ**– આ સંસારરૂપી જંગલમાં વિશાળ મોહ જેનું મૂળ છે, અજ્ઞાન એ થડ છે, પ્રબળ કષાયો એ શાખા છે, દેહ, ઘર વગેરેની ચિંતાઓ એ પુષ્કળ પાંદડાઓ છે, દરિદ્ર આદિ એ પુષ્પો છે, હંમેશા તૃષ્ણારૂપી જળથી સિંચાયેલ, નરકના ફળમય એવા પાપરૂપી વૃક્ષને પુણ્યરૂપી કુહાડાથી છેદીને વિદ્યમાન એવી જયરૂપી લક્ષ્મીવાળો જીવ થાય છે (૩-૧૯)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे-
ऽपरतटे पापपरिहारोपदेश-
स्तृतीयस्तरङ्गः ।

એ રીતે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુંદરસૂરિએ
રચેલા શ્રીઉપદેશરત્નાકરના
અપર તટમાં
પાપને પરિહરવાના ઉપદેશ નામનો
તૃતીય અંશ



## અધ્યાય ૪.

## વિશેષ ધર્મ કૃત્યોના ઉપદેશ નામનો

### ચતુર્થ અંગ

देवो जिनोऽष्टादशदोषवर्जित षट्त्रिंशता सूरिगुणैर्युतो गुरु ।
धर्मो दशद्वादशधा भजन् भिदो, ददाति मुक्तिं न कथंचनापर ॥

ભાવાર્થ– અઢાર દોષ રહિત જિન એવા દેવ ૧, આચાર્યના છત્રીસ ગુણોએ યુક્ત એવા ગુરુ ૨, દશ અને બાર પ્રકારના ભેદને ભજવાવાળો એવો ધર્મ મોક્ષને આપે છે આ સિવાય અન્ય દેવ, ગુરુ અને ધર્મ મોક્ષને દેતા નથી (૪–૧)

भक्तिर्जिनेन्द्रो सुगुरोश्च सेवा, सम्यक्त्वशुद्धिव्रतधारणं च ।
नित्यं षडावश्यकनिर्मितिश्च, दानादिरंगश्च शिवाय धर्मे ॥२॥

ભાવાર્થ– જિનેશ્વર પ્રભુની ભક્તિ, સુગુરુની સેવા, સમકિતની નિર્મળતા, વ્રતોનું ધારણ કરવું, હંમેશા છ આવશ્યકક્રિયાનું કરવું અને દાન આદિમાં આનંદ–આવો ધર્મ કલ્યાણ માટે થાય છે (૪–૨)

देवः शिवश्रीप्रतिभूर्जिनेश्वरो, गुरुः क्रियाढ्योऽपि च तत्त्वदेशकः ।
धर्मश्च ताभ्यां गदितो निराश्रवो, न लभ्यते दूरमहोदयैर्ध्रुवम् ॥३

ભાવાર્થ– મોક્ષલક્ષ્મીના સાક્ષીભૂત એવા જિનેશ્વર દેવ, ક્રિયાયુક્ત અને તમામ તત્ત્વને દેખાડનાર એવા ગુરુ અને તે બન્નેએ કથન કરેલો આશ્રવ વિનાનો ધર્મ–આ ત્રણ મોક્ષ દૂર છે જેને તેવાને જરૂર પ્રાપ્ત થતા નથી (૪–૩)

पितेव जैन समयो दयाप्रसू मद्भावना चानुचरी गुणा सुता ।
सदा सहाया सुकृतानि कीर्त्तय:,पुत्र्य कुटुम्बेऽत्र रत सदा सुखी

ભાવાર્થ– જૈન સિદ્ધાન્તરૂપી પિતા, દયારૂપી માતા, સદ્ભાવનારૂપી દાસી, ગુણોરૂપી પુત્રો, સુકૃતરૂપી સહાયકો અને કીર્ત્તિઓરૂપી પુત્રીઓ–આ કુટુમ્બમા તલ્લીન એવો જીવ હ મેશા સુખી હોય છે (૪–૪)

सघाधिपत्य गुरुजैनचैत्यबिम्बप्रतिष्ठापनमागमोद्धृति ।
सम्यक्त्वशुद्धिर्यतिधर्मदापन धर्मा अमी स्युर्जिननामकर्मणे ॥ ॥

ભાવાર્થ– સઘનું અધિપતિપણું, વિશાલ જૈનચૈત્ય અને બિબની પ્રતિષ્ઠાઓ તથા આગમો–શાસ્ત્રોનો ઉદ્ધાર, સમ્યક્ત્વની શુદ્ધિ, સાધુધર્મ અપાવવો–આ ધર્મો જિન નામકર્મ માટે થાય છે (૪–૫)

अर्चीकरश्चैत्यमर्यामरस्तथा, बिम्बानि सिद्धान्तमलीलिखश्च ये ।
अपूपुजन् सघमदीदिपुत मत, जिनस्य ते सर्वरमावशीकृता ॥६

ભાવાથ–જેઓ ચૈત્યને કરાવે છે, તથા જિનબિ બોને ભરાવે છે, સિદ્ધાન્તોને લખાવે છે, શ્રીસ ઘને પૂજે છે અને શ્રીજિનમતને દીપાવે છે તેઓએ તમામ લક્ષ્મી વશ કરેલી છે (૪–૬)

अर्चीकरश्चैत्यमर्यामरस्तथा, बिम्बानि चालीलिखदागम च य ।
चारित्रमग्राहयदात्मपादिकान्, वशीकृतास्तै सकलेष्टसपद ॥७

ભાવાથ– જે ચૈત્યને કરાવે છે, તથા જિનબિ બોને ભરાવે છે અને આગમને લખાવે છે, તેમ પોતાના છોક- રાદિને દીક્ષા ગ્રહણ કરાવે છે તેથી તમામ ઈષ્ટ સપત્તિઓ તેઓએ વશ કરેલી છે (૪–૭)

स्थाल दर्शनमुज्ज्वल व्रतगुणा पक्वान्नखण्डादय,
शालि शीलमतिस्तपाश्चिरतिर्दालि सुभावो घृतम्।
शाका यार्पगिर क्रिया वरदधि ज्ञान जल शुद्धये,
श्रेयस्तृप्तिसुखाय भोजनमिद निघ्नद्भवार्तिक्षुधम् ॥८॥

ભાવાર્થ– ઉજ્જવળ દર્શનરૂપી જેને થાળ છે, વ્રતના ગુણોરૂપી જેને પક્વાન્ન ખાડ આદિ છે, શિયળને વિષે જે મતિ તે રૂપી જેને ચોખા છે, તપસ્યા કરવામા આનદ તે રૂપી જેને દાળ છે, ઉત્તમ ભાવરૂપી જેને ઘી છે, જિનેશ્વરની વાણીરૂપી જેને શાક છે, ક્રિયારૂપી જેને શ્રેષ્ઠ દહીં છે અને શુદ્ધિ માટે જેને જ્ઞાનરૂપી જળ છે, ભવપીડારૂપી ભૂખને નાશ કરનારૂ આ ભોજન કલ્યાણરૂપી તૃપ્તિના સુખને માટે થાય છે અર્થાત્ મોક્ષસુખને માટે થાય છે (૪–૮)

द्वेधा धर्मरथ नयद्वयवृष ज्ञानक्रियाचक्रभृत्
सम्यक्त्वव्रतपीठशुद्धफलक ज्ञानादिकाद्धिप्रथम्।
श्रित्वा सद्गुरुसारथिं गुणगणैर्बद्ध शिवच्छायुग,
मोहव्याघ्रभवाटवीं शिवपुरे भव्योऽश्नुते शं परम ॥९॥

ભાવાર્થ– બે નયોરૂપી બળદો છે જેને, જ્ઞાન અને ક્રિયારૂપી ચક્રને ધારણ કરનાર, સમ્યક્ત્વ અને વ્રતરૂપી પીઠ અને શુદ્ધ પાટીઉ છે જેને, જ્ઞાન આદિરૂપ ઊંધ છે જેને, સદ્ગુરુરૂપી સારથિ છે જેને, ગુણના સમૂહથી બાંધેલો અને મોક્ષની ઇચ્છારૂપી ધૂસરૂ છે જેને એવો સાધુ અને શ્રાવક એ બે પ્રકારનો ધર્મરૂપી રથને આશ્રીને (ભેમીને) ભ ય જીવ વિશાળ ભવરૂપી જગલને ઉલઘન કરી શિવરૂપી નગરમા પરમ સુખને પામે છે (૪–૯)

जिनगुरुसंघ भक्तिं तन्वन्नावश्यकानि भवभीरु ।
सदयसद्व्यवहार श्राद्धो लभते श्रियोऽभीष्टा ॥१०॥

ભાવાર્થ– દેવ, ગુરુ અને સઘને વિષે ભક્તિને કરતો, આવશ્યકને કરતો, ભવથી ભયવાળો, દયાળુ અને ન્યાય યુક્ત વ્યવહારવાળો એવો શ્રાવક ઇષ્ટ એવી લક્ષ્મીઓને મેળવે છે (૪-૧૦)

पितृवद्देवगुरून् य सुतवद्बन्धूनिव सधर्मकान् पश्येत्।
निधिजीवितमिव धर्मं तस्य वशा सपदो निखिला ॥११॥

ભાવાર્થ– જે પુણ્યવાન્ દેવ, ગુરુઓને પિતાની જેમ, સાધર્મિકોને પુત્ર અને બન્ધુઓની જેમ તથા ધર્મને નિધાન અને જીવિતની જેમ જુએ છે તેને તમામ સંપત્તિઓ સ્વાધીન થાય છે (૭-૧૧)

जिनसद्गुरुसघार्चा व्यवहृतिशुद्धि परोपकारित्वम्।
औचित्य च विभूषणमेतल्लक्ष्मीवशीकुरुत ॥१२॥

ભાવાર્થ– જિનદેવ, સુગુરુ અને શ્રીસઘની પૂજા, વ્યવહારમા શુદ્ધિ, પરોપકારીપણુ અને ઉચિતતા–આ વિભૂષણ લક્ષ્મી વશ કરે છે (૪-૧૨)

कषायशैथिल्यमुदारचित्तता, कृतज्ञता सर्वजनेष्वनुग्रह ।
प्रपन्नधर्मे दृढिमाऽर्च्यपूजन,गुणादृतिर्भाविजिनत्वलक्षणम् ॥१३॥

ભાવાર્થ– કષાયોની મદતા, ઉદાર વૃત્તિ કૃતજ્ઞપણું (કરેલા ઉપકારને નહિ ભૂલવુ), તમામ જીવો ઉપર ઉપકાર, સ્વીકારેલ ધર્મમા દૃઢપણુ, પૂજવાને યોગ્ય તેને પૂજવુ અને ગુણો વિષે આદર–આ ભાવિજિનત્વનાં લક્ષણ છે (૪-૧૩)

श्रुतजिनगुरुसघाना पूजा सोद्यापनानि च तपासि।
पौषधसामायिकमपि सद्य श्रेयो वशीकुर्युः ॥१४॥

ભાવાર્થ– શ્રુત, જિનદેવ, ગુરુ અને સ ઘની પૂજા, ઉદ્યાપન સહિત તપશ્ચર્યાઓ અને પૌષધ, સામાયિક પણ જલદી કલ્યાણોને વશ કરે છે (૪–૧૪)

पा वस्थादिकुतीर्थसङ्गरहित सल्लक्षणैर्भूषणै
युक्त दर्शनमुत्तमन्यवहृति श्रीदेवसघार्चनम्।
पित्रादावुचितज्ञता व्रतरति पर्वज्ञताऽऽवश्यका
ऽक्षेपो धैर्यगभीरते च गृहिणो धर्मो ह्यय श्रेयसे ॥१५॥

ભાવાર્થ– પાસત્થા આદિ અને અન્ય દર્શનીઓના સ સર્ગ રહિત, ઉપશમ આદિ પાચ લક્ષણો અને સ્થૈર્ય આદિ પાચ ભૂષણોએ યુકત એવુ સમ્ય_ગ્દર્શન, નીતિમય વ્યવહાર, શ્રીદેવ અને સ ઘની પૂજા, પિતા આદિ વિષે ઉચિતતાને જાણનાર, વ્રતોમા તત્પરતા, પર્વનુ જાણપણુ, આવશ્યક ક્રિયામા અવિલ બ, ધૈર્ય અને ગ ભીરતા–આ પ્રમાણે ગૃહસ્થીઓનો ધર્મ કલ્યાણ માટે થાય છે (૪–૧૫)

तप श्रेयोऽखिल दत्ते, विशिष्योद्यापनै सह।
ईदृगर्हद्गुरुसघाचादिभि सातिशय च तत् ॥१६॥

ભાવાર્થ– તપશ્ચર્યા તમામ કલ્યાણોને આપે છે કરી છે અરિહ ત, ગુરુ અને સ ઘની પૂજા આદિ જેમા એવા ઉદ્યાપન કરીને સહિત અતિશયવાળો જે તપ તે વિશેષે કરીને ફળને આપે છે (૪–૧૬)

ઉજ્જવલ ક્રિયાના ગુણો વડે જન્મને તમામ ઇચ્છિત કરનારો કરે। અર્થાત્ સફળ કરે (૪-૨૦)

दयाक्षमाऽर्हन्मुनिसङ्घपूजया परोपकारो व्यवहारशुद्धि ।
शास्त्रप्रणीता विशर्मति यस्मिन्, धर्म भजध्व भवभीरवस्तम्॥२१

ભાવાર્થ– હે ભવભીરૂઓ! શાસ્ત્રમા કહેલી દયા, ઈન્દ્રિયોનુ દમન, અર્હન્-મુનિ-સઘની પૂજા સહિત પરોપકાર અને વ્યવહારશુદ્ધિ જેમા વિલસે છે તે ધર્મને તમે સેવો (૪-૨૧)

भवार्तिघात जिनमीप्सितप्रद, धर्म तदुक्त च दयादिपावनम्।
गुरु विशुद्धाचरण महीयते, यस्तस्य सपत्प्रचयो न हीयते ॥२२॥

ભાવાર્થ– જે ભાગ્યશાળી ભવની પીડાઓને નાશ કરનાર અને ઈચ્છિતને દેનાર એવા શ્રીજિનને તથા તેમને કથન કરેલા દયા આદિ કરી પવિત્ર એવો ધર્મ અને વિશુદ્ધ આચરણવાળા એવા ગુરુને પૂજે છે તેને સપત્તિઓનો સમૂહ ત્યાગ કરતો નથી (૪-૨૨)

पूजा जिनेन्द्रस्य तपश्च दानमावश्यकाद्य कुरु नित्यमेव।
विशेषत पर्वसु तत्सु भावाद्देवर्षिमान्येषु फल ह्यनन्तम् ॥२३॥

ભાવાર્થ– હે મહાનુભાવ! તું જિનેન્દ્રની પૂજાને, તપ અને દાનને તથા આવશ્યક આદિને હમેશા કર અને દેવ અને મુનિઓને માન્ય એવા તે પર્વોમા વિશેષ પ્રકારે ભાવથી કર, કારણ કે તેનુ ફળ અનતુ છે (૪-૨૩)

जलाहारौषधस्वापविद्यात्सगकृषिक्रिया
सत्फला स्वस्वकाले स्युरेव धर्मोऽपि पर्वसु ॥२४॥

ભાવાર્થ- પાણી, આહાર, ઔષધ, નિદ્રા, વિદ્યા, ત્યાગ અને ખેતીની ક્રિયા-આ તમામ પોતપોતાના અવસરે કરેલી ઉત્તમ ફળવાળી જેમ થાય છે તેમ પર્વોમાં કરવામાં આવેલ ધર્મ ઉત્તમ ફળવાળો થાય છે (૪-૨૪)

सम्यक्त्वमूलो व्रतदीर्घशाखो ज्ञानालवालो गुणपत्रमाल्यः।
दानादिसंपत्कुसुमो गृहस्थधर्मद्रुमो मुक्तिफलं प्रसूते ॥२५॥

ભાવાર્થ- સમ્યક્ત્વ એ જેનું મૂળ છે, વ્રત એ જેની લાંબી શાખા છે, જ્ઞાન એ જેનો ક્યારો છે, ગુણો એ જેના પાંદડાંઓ છે, દાન આદિની સંપત્તિઓ જેના પુષ્પો છે એવું ગૃહસ્થ-ધર્મરૂપી વૃક્ષ મોક્ષરૂપી ફળને ઉત્પન્ન કરે છે (૪-૨૫)

लक्ष्मीं क्षेत्रनियोजनेन सुभगां चक्रे स्वकीर्तिर्जगद्-
धामस्थानसमर्पणेन मुदिता नन्ता मुदाल्हासिन ।
सद्भूतस्तवना कृताश्च कवयोऽर्हच्छासनं घातित
पापैस्त्वि शिवशाम निर्मितमहा पुण्यात्मयाऽस्मात्कृतिन् ॥२६

ભાવાર્થ- (સાત) ક્ષેત્રમાં જોડવા વડે કરીને લક્ષ્મીને સુભગ (સફળ) કરી, જગતમાં વાસસ્થાન અર્પણ કરવા વડે પોતાની કીર્તિ હર્ષિત કરી, નત પુરુષોને હર્ષથી ઉલ્લાસિત કર્યા, કવિઓને વિદ્યમાન ગુણોની સ્તવનાવાળા કર્યા અને જૈન શાસનને અજવાળ્યું માટે હે પુણ્યવાન! આ તે આ કૃત્યથી શિવસુખ હસ્તગત કર્યું (૪-૨૬)

चिरांश्चिरमिवादिव सुरमणिमिव दर्शन गुणान् सुतरन् ।
स्निग्धमध्य निधीनिव चिरय गृहीहसे श्रेय ॥२७॥

ભાવાર્થ–હે ચેતન! જો તું કલ્યાણની ઇચ્છા રાખતો હોય તો વિરતિને પ્રિયાની જેમ, સમ્યગ્દર્શનને ચિન્તામણિરત્નની જેમ, ગુણોને પુત્રની જેમ અને જિન ધર્મને નિધિઓની જેમ તું વિચાર! (૪–૨૭)

वपुर्धर्मोद्यमे श्लाघ्यं, स्याच्चित्तं तत्त्वचिन्तया।
कुटुम्बं धर्ममाहात्म्याद्वित्तं च क्षेत्रवापतः ॥२८॥

ભાવાર્થ– ધર્મમા ઉદ્યમ કરવા વડે શરીર, તત્ત્વની વિચારણા વડે મન, ધર્મમા માહાત્મ્ય કરવાથી કુટુંબ અને ક્ષેત્રમા વાવવાથી ધન પ્રશંસનીય થાય છે (માટે હે ચેતન! તુ ધર્મમા યત્ન આદિ વડે કરીને શરીર આદિને પ્રશંસનીય બનાવ) (૪–૨૮)

पुण्यक्रियया प्रीतिर्भीतिः पापाद्रतिर्जिनाभिहिते।
हर्षः प्रभावनायां द्वेषो रोषादिषु च शिवकृत् ॥२९॥

ભાવાર્થ– ધાર્મિક ક્રિયામા પ્રીતિ, પાપથી ભય, જિનવચનમા રમણતા, શાસન–પ્રભાવના વિષે હર્ષ અને રોષ વગેરેમા દ્વેષ–આ કલ્યાણને કરનાર છે અર્થાત્ મોક્ષસુખને આપનાર થાય છે (૪–૨૯)

अनाचारेष्वसामर्थ्यमचातुर्यं च वञ्चने।
आलस्यं च महारम्भे, श्रेयसे मूकता कलौ ॥३०॥

ભાવાર્થ – અનાચારોમા અશક્તિ, ઠગવામા ચતુરાઈનો અભાવ, મહારંભમા આળસપણુ અને કલહમા મૂગાપણુ–આ કલ્યાણ માટે થાય છે (૪–૩૦)

शिवपदसुखेऽभिलाषो निर्वेदो भवसुखेषु धीर्मे याम्।
जगदुपकारे चित्तं लभेणमाम नमाभ्यस्य ॥३१॥

ભાવાર્થ– મોક્ષપદના સુખમા અભિલાષ, સ સારના સુખોમા ઉદ્વેગ, મૈત્રીભાવના વિષે બુદ્ધિ અને જગતના ઉપનન્મા ચિત્ત–આ નિકટ ભવીના ચિહ્નો છે (૪–૩૧)

मुह्यति लग्नादिषु य स्निह्यति सपत्सु निश्वसित्यसुषु ।
न सृजति तेन स्वहित, केवलमाकारत स पुमान ॥३२॥

ભાવાર્થ– સ્ત્રીઓ વગેરેમા જે મોહ પામે છે, સ પત્તિઓમા રાગ કરે છે અને પ્રાણોમા જે વિશ્વાસ ધરે છે, તેથી તે પોતાનું હિત કરતો નથી તે મનુષ્ય ફક્ત આકૃતિથી જ મનુષ્ય છે (૪–૩૨)

अशुचिभ्य इव जुगुप्सा विषयेभ्यो भयमघादिव च निधनात् ।
विरती रक्षोभ्य इव क्रोधादिभ्यो लघु शिवाय ॥३३॥

ભાવાર્થ– અશુચિ પદાર્થોની જેમ વિષયોથી જુગુપ્સા, મરણની જેમ પાપથી ભય અને રાક્ષસોની જેમ ક્રોધ વગેરેથી વિરતિ (દૂર રહેવુ)–આ જલદી મોક્ષને માટે થાય છે (૪–૩૩)

गलिरिव निन्दाचारे गणिकेव स्वजनबन्धुजायादौ ।
नट इव लोकाचारे भवति श्राद्धो भवे विरक्त ॥३४॥

ભાવાર્થ– સ સારને વિષે વૈરાગી એવો શ્રાવક–નિ દનીય એવા આચારમા ગળિયા બળદ જેવો, સ્વજન, બન્ધુઓ અને સ્ત્રીઓ વગેરેમા ગણિકા જેવો અને લોકાચાર વિષે નટના જેવો હોય છે (૪–૩૪)

यो मातृवत्पालितभारवहन, दुर्गाध्वसत्रेपथवत् कुटुम्बम् ।
श्रेय पुरप्रापणपातकम्पुर, पश्येत्स शुध्यत्यममो गृहेऽपि सन् ॥३५॥

ભાવાર્થ– જે પુણ્યવત ધનને ભાડે ઉપાડેલા ભારની જેમ, કુટુબને દુ ખે કરી ગમન થાય તેવા માર્ગમા સથવારાની જેમ અને શરીરને મોક્ષ નગરને પ્રાપ્ત કરાવનાર વહાણની જેમ જુએ છે તે ઘરમા રહ્યો છતો પણ મમતા વિનાનો નિર્મળ થાય છે (૪–૩૫)

सम्यक्त्व यस्य मूल समयपरिचय स्क धयची व्रतानि,
प्रौढा शाखा प्रशाखा गुणदलनिचिता शुद्धशीलागरूपा ।
गुच्छाश्चावश्यकाली भवसुखततय पुष्पलक्ष्म्य फलानि,
श्रेय शर्मास्तु धर्म स सुरतरुनिभोऽभीप्टद स्सज्जयश्री ॥३६॥

ભાવાર્થ– સમ્યક્ત્વ જેનુ મૂળ છે, શાસ્ત્રોનો પરિચય એ જેનુ થડ છે, વ્રતો–નિયમો એ જેની પ્રૌઢ એવી શાખાઓ છે, ગુણરૂપી પાદડાઓ સહિત શુદ્ધ શીલાગરૂપી જે ॥ પ્રશાખાઓ છે, આવશ્યકોની શ્રેણિ એ જેના ગુચ્છાઓ છે, ભવસુખની શ્રેણીઓ એ જેના પુષ્પો છે, મોક્ષનુ સુખ એ જેના ફળો છે એવો કલ્પવૃક્ષના સરખો શ્રેષ્ઠ જયશ્રીવાળો એવો ધર્મ ઇચ્છિત દેનારો થાઓ ! (૪–૩૬)

इति तपाश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे-
ऽपरतटे विशेषधर्मकृत्योपदेशनामा चतुर्थस्तरङ्ग

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રીમુનિસુન્દરસૂરિજીએ રચેલા શ્રીઉપદેશરત્નાકરના અપર તટમા વિશેષ ધર્મ–કૃત્યોના ઉપદેશનામનો ચતુર્થ અશ



## વિવિધ ધર્મકૃત્યોના ઉપદેશ નામનો
### પાચમો અંશ

अक्खयनिही सुहाण सपरेसिं इहपरत्थ हिअकारी ।
सुहपरिणामे रम्मो जिणधम्मो जगजणाधारो ॥१॥

ભાવાર્થ– સુખોનો અક્ષયનિધિ, પોતાને અને બીજાઓને આલોક અને પરલોકમા હિતને કરવાવાળો, કરતી વખતે અને પરિણામમા સુન્દર, જગતના લોકોને આધારભૂત એવો શ્રીજિનધર્મ છે (૫-૧)

दुलहा सव्वसामग्गी, आउ झिज्झ(जा)इ दिणे २ ।
नत्थि धम्म विना सुक्ख, कुज्जा त तेणुयक्कमा ॥२॥

ભાવાર્થ– મનુષ્ય-ભવ આદિ સર્વે સામગ્રીઓ દુર્લભ છે, દિવસે દિવસે આયુષ્ય ઓછુ થાય છે, અને ધર્મ વિના સુખ નથી તે માટે તું યત્નથી ધર્મ કર. (૫-૨)

धम्म कुणउ तुरह जगभक्खणलोलुपण कालेण ।
सुरनरनारयतिरिआ पय सज्जीकया कवला ॥३॥

ભાવાર્થ– હે આત્મા! તુ ધર્મ કરવા માટે ઉતાવળ કર! કારણકે જગતનું ભક્ષણ કરવામા લોલુપી એવા કાળે દેવ-નર-નારક તિર્ય ચોરૂપી આ કોળિયાઓ તૈયાર કર્યા છે (૫-૩)

दारिद्दमिंदिआइ य वलहाणी रोगसोगवहुयया ।
सपरगता कलिकाले सुहासुहे बोहमोहकरा ॥४॥

ભાવાર્થ– આ કલિકાલમા સ્વસબધી અને પરસબધી દારિદ્રતા, ઇન્દ્રિય આદિ અને બળની હાનિ, રોગ, શોક,

વધ અને બન્ધ આ બધુ જાનીને બોધ કરનારા થાય છે અને અજ્ઞાનીને મોહ કરનારા થાય છે (૫-૪)

विसमा देसा दुट्ठा निवाइआ भयकुगुरुसपल्लरोगा ।
दहधणाइ अणिच्च जीवे वोहिंति कलिकाले ॥५॥

ભાવાર્થ- આ કલિયુગમા વિષમ એવા દેશો છે, દુષ્ટ એવા રાજા આદિઓ છે, કુગુરુઓ, દુર્જનો અને રોગરૂપી ભયો છે, તેમ દેહ અને ધન આદિનુ અનિત્યપણું તે જીવોને બોધ પમાડે છે (૫-૫)

नाऊण भवसरूवं तणुसयणधणेसु विगयरागस्स ।
सुरसिवसुहाणुरागा न दुच्चरो दुच्चरो धम्मो ॥६॥

ભાવાર્થ- ભવનુ સ્વરૂપ જાણીને શરીર, સ્વજન અને ધન વિષે રાગ વિનાનાને તથા દેવલોક અને મોક્ષના સુખોનો અનુરાગ હોવાથી તેને દુષ્કર એવો ધર્મ પણ દુષ્કર નથી અર્થાત્ સુકર છે (૫-૬)

आसवमोहकसायाइएहिं चउसुवि गईसु विविहदुहं ।
पावंति जिआ सुहमवि तवभावसुदाणमाईहिं ॥७॥

ભાવાર્થ- જીવો ચારે ગતિમા આશ્રવ, મોહ અને કષાય વગેરેથી જાત જાતના દુ ખોને પામે છે તેની રીતે તપ, સુભાવ, અને ઉત્તમ દાન આદિથી જાત જાતના સુખને પણ પામે છે

इहपरलोइयआवयहरणं सिवसोमसयलसुहकरणं ।
इक्क तिहुअणसरणं भवता ता सुणह जिणधम्मं ॥८॥

ભાવાર્થ— હે પ્રાણીઓ ! આલોક અને પરલોકની આપદાઓને હરણ કરનાર, મોક્ષ સુધીના તમામ સુખને કરનાર એવો અજોડ જિનધર્મ ત્રણે જગતના જીવોને શરણરૂપ થાવ ! તે કારણથી જિનધર્મને કરો !

सामग्गिअभावेविहु, वसणेवि सुहेवि तह दुसंगेवि
जस्स न हायइ धम्मो तिच्छयओ भणसु त सड्ढ ॥९॥

ભાવાર્થ— સામગ્રીના અભાવમાં પણ વ્યસનમાં-દુ:ખમાં, સુખમાં તથા કુસંસર્ગમાં પણ જે ધર્મને ત્યાગ કરતો નથી તેને નિશ્ચયે શ્રાવક કહેવો (૫-૯)

सुपरिच्छिअदेवगुरू विसयकसायासवेहिँ भयभीरू।
वयआवस्सयधीरो अइरा सिवसुक्खय लहइ ॥१०॥

ભાવાર્થ— સારી રીતે પરિક્ષા કરી છે દેવ, ગુરુની જેને, વિષય-કષાય અને આશ્રવો વડે સંસારથી ભય પામેલો, તથા વ્રત અને આવશ્યકક્રિયા વિષે ધીર એવો જીવ જલદી મોક્ષસુખના સ્થાનને પામે છે (૫-૧૦)

विणु सारहिं रहो इव पोओ निज्जामग न इट्ठफल।
नाणकिरिआजुअ तह विणा गुरु सेविओ धम्मो ॥११॥

ભાવાર્થ— જેમ સારથિ વિનાનો રથ અને નિર્યામક વિનાનું વહાણ ઇષ્ટ ફળવાળું થતું નથી, તેમ જ્ઞાન, ક્રિયા યુક્ત એવા ગુરુ વિના સેવેલો ધર્મ ઇષ્ટ ફળવાળો થતો નથી (૫-૧૧)

निसेससुणाधार दुरतसंसारसायरुत्तार।
सिवसुहमच्चवार सम्मत्त भयदुग्गइनिवार ॥१२॥

ભાવાર્થ–તમામ ગુણોનો આધાર, દુખે કરી જેનો અંત છે તેવા સંસારરૂપી સમુદ્રથી ઉતારનાર અને દુર્ગતિને નિવારનાર અને મોક્ષસુખના બાનારૂપ એવા સમ્યક્ત્વને તમે સેવો। (૫-૧૨)

पासंडे पासत्थे कुदेवचरिआणि मिच्छसत्थाणि।
जाणिउ रज्जंति बुहा मग्गे अबुहा अमग्गंमि ॥१३॥

ભાવાર્થ–પાખંડીઓને, પાસત્થાઓને, કુદેવના ચરિત્રોને અને મિથ્યાશાસ્ત્રોને જાણીને બુદ્ધિમાનો સન્માર્ગમા જોડાય છે અને અજ્ઞાનીઓ ઉન્માર્ગમા જોડાય છે (૫-૧૩)

चउविहमिच्छच्चाओ अट्ठविहापूआ तिविहवंदणयं।
बारस वय छावस्सय गिहिधम्मो सिवफलो एसो ॥१४॥

ભાવાર્થ– ચાર પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ, અષ્ટ પ્રકારની પૂજા, ત્રણ પ્રકારના વંદણ, બાર વ્રત અને છ આવશ્યક–આ ગૃહસ્થનો ધર્મ મોક્ષના ફળવાળો છે (૫-૧૪)

धम्मत्थमत्थस्स नयण अज्जणं
पासंडपासत्थकुमित्तवज्जणं।
जिणिंदसाहम्मिअसाहुपूअणं
दक्खत्तमन्नत्थवि सड्ढमंडणं ॥१५॥

ભાવાર્થ– ધર્મને માટે ન્યાયથી ધનને ઉપાર્જન કરવુ, પાખંડીઓ, પાસત્થાઓ અને કુમિત્રોનો ત્યાગ કરવો તથા જિનેંદ્ર પ્રભુ, સાધર્મિકો અને સાધુઓની પૂજા કરવી, તેમ બીજા સ્થાનોમા પણ દક્ષપણુ રાખવુ તે શ્રાવકનુ આભૂષણ છે (૫-૧૫) – –

विसयसु जो न मुज्झइ न छलिज्जइ जो कसायभूर्यहि ।
जमनिअमरुई जस्स य करट्ठिअ सिवसुह तस्स ॥१६॥

ભાવાર્થ- વિષયોમા જે મુઝાતો નથી અને જે કષાયરૂપી ભૂતો વડે છળાતો નથી તથા જેની યમ અને નિયમમા રૂચિ છે, તેને મોક્ષસુખ હથેળીમા છે (૫-૧૬)

भवदुहभयं न तेसिं जगमित्ताणं निगयममत्ताण ।
जेसिं पिआणि किरिआतवसंजमखतिबभाणि ॥१७॥

ભાવાર્થ- જગતને મિત્ર સમાન, મમતા રહિત એવા જેઓને ક્રિયા-તપ-સયમ-ક્ષમા અને બ્રહ્મચર્ય પ્રિય છે, તેઓને સસારના દુ ખનો ભય હોતો નથી (૫-૧૭)

विसयकसायविरत्तो रत्तो जमनियमभावणतवेसु ।
सविग्गो अपमाई जई गिही यावि सिज्झिज्जा ॥१८॥

ભાવાર્થ- વિષય કષાયથી વિરક્ત, યમ-નિયમ-ભાવના અને તપસ્યામા રક્ત, સ વિગ્ન તથા અપ્રમાદી સાધુ અથવા ગૃહસ્થ પણ સિદ્ધ થાય છે (૫-૧૮)

सुदिट्ठिसेवा परमिट्ठिझाण गीअत्थमज्झायनिसेवणा य ।
कुसीलसंगा उदरिज्जणा य, पभावणा सासणि मुक्खहेऊ ॥१९॥

ભાવાર્થ- સમ્યગુદૃષ્ટિની સેવા, પરમેષ્ઠિમ ત્રનુ ધ્યાન, ગીતાર્થની સેવા અને સ્વાધ્યાયનુ સેવન, કુશીલિયા તથા યથાછ દોનો ત્યાગ અને જિન શાસન વિષે પ્રભાવના-આ મોક્ષનુ કારણ છે (૫-૧૯)

ठाणमि पुज्जा सुविवेय गेह धम्मोवयारे निउण कुटुंब ।
सिज्झिज्ज धीम विसए कसाए सुसत्तयचारी न सिवाभिकखी ॥२०॥

ભાવાર્થ– વિવેકી પુરુષ યોગ્ય સ્થાને ઘરને કરે, ધર્મના ઉપચારો (અનુષ્ઠાનો)માં કુટુંબને નિપુણ કરે, તેમજ સુર, અર્થ પ્રમાણે ચાવનાર, મોક્ષનો અભિલાષી એવો બુદ્ધિમાન્ મનુષ્ય વિષય અને કષાયમાં આસક્તિ ન કરે (૫–૨૦)

दढमम्मत्तसमिद्धी सुद्धी चित्तस्स करणजयलद्धी ।
नाणाइधम्मबुद्धी जइ लद्धा ता धुवं सिद्धी ॥२१॥

ભાવાર્થ– દઢ સમ્યક્ત્વરૂપી સમૃદ્ધિ, ચિત્તની શુદ્ધિ, ઇન્દ્રિય–જયરૂપી લબ્ધિ અને જ્ઞાનાદિ ધર્મમાં બુદ્ધિ જો પ્રાપ્ત થઇ તો જરૂર સિદ્ધિ છે (૫–૨૧)

जिणसाहुसंघभत्ती पभावणा परयणे थयरुई अ ।
आवस्सएसु जत्तो धम्मो सिवसुहफलो एसो ॥२२॥

ભાવાર્થ– જિન, સાધુ અને સંઘ વિષે ભક્તિ, શાસનની પ્રભાવના, વ્રતોની રુચિ અને આવશ્યક ક્રિયામાં ઉદ્યમ–આ ધર્મ મોક્ષસુખના ફળવાળો થાય છે (૫–૨૨)

दाणदयातवसीला दीणुद्धरणं सुदेवगुरुपूआ ।
गेहागयाण उचिअ सव्वेसि सम्मओ धम्मो ॥२३॥

ભાવાર્થ– દાન, દયા, તપ, શિયળ, ગરીબોનો ઉદ્ધાર, સુદેવની પૂજા, સુગુરુની પૂજા અને ઘેર આવેલાની ઉચિતતાને કરવી–આ ધર્મ સર્વને માન્ય છે (૫–૨૩)

सत्तसु खित्तेसु धणं मणं सया धम्मतत्तचिंतासु ।
धम्मुज्जमेसु देहं सव्वावारं सिवं देइ ॥२४॥

ભાવાર્થ– નિરંતર સાતે ક્ષેત્રોમાં વપરાતું ધન, ધર્મતત્ત્વની વિચારણામાં વ્યાપારવાળું મન, અને ધર્મના ઉદ્યમમાં વ્યાપારવાળું શરીર–આ મોક્ષને આપે છે (૫–૨૪)

जिणभत्ती गुरुसेवा आवस्सयवयरुई भय भावा ।
दसणदढया खित्ते धणजावो दिति सिवसुक्खं ॥२५॥

ભાવાર્થ– જિનભક્તિ, ગુરુસેવા, આવશ્યક ક્રિયા અને વ્રતોની રુચિ, સંસારમાં રખડાવનાર કારણોથી ભય, દૃઢ સમ્યક્ત્વ અને સાતે ક્ષેત્રમાં ધનનું વાવવું–આ મોક્ષસુખને આપે છે (૫–૨૫)

जिणभत्ती गुरुपूआ आगमगहण पभावणा तित्थे ।
साहम्मिअवच्छल्लं सावयधम्मो सिवं देइ ॥२६॥

ભાવાર્થ– જિનભક્તિ, ગુરુપૂજા, આગમનું ગ્રહણ, શાસનની પ્રભાવના અને સાધર્મિક-વાત્સલ્ય આવો શ્રાવકધર્મ મોક્ષને આપે છે (૫–૨૬)

सिवसुहसंपयमइरा लहइ जिओ देवसघगुरुभत्तो ।
विसयकसायविरत्तो उवउत्तो सुद्धकिरिआसु ॥२७॥

ભાવાર્થ–દેવ, સંઘ અને ગુરુનો ભક્ત, વિષય અને કષાયથી વિરક્ત તથા શુદ્ધ ક્રિયામાં ઉપયોગવાળો એવો જીવ શીઘ્ર શિવસુખની સંપદાને પામે છે (૫–૨૭)

जिणगुरुआगमभत्ती, उचिआचरण पभावणा तित्थे ।
साहम्मिअवच्छल्लं इअ धम्मो इट्ठफलजणगो ॥२८॥

ભાવાર્થ– જિન, ગુરુ ને આગમને વિષે ભક્તિ, ઉચિત આચરણ, શાસનની પ્રભાવના અને સાધર્મિક-વાત્સલ્ય–આ ધર્મ ઇષ્ટ ફળને ઉત્પન્ન કરનારો છે (૫–૨૮)

विगहावसणविरत्तो परोवयारी अ सुद्धववहारी ।
सव्वत्थ उचिअकारी पवयणमुज्जोअए सड्ढो ॥२९॥

ભાવાર્થ– વિકથા અને વ્યસનોથી વિરક્ત, પરોપકારી, શુદ્ધ વ્યવહારવાળો અને તમામ સ્થાને ઉચિતતાને કરનારો એવો શ્રાવક જૈન શાસનનો ઉદ્યોત કરનારો છે (૫-૨૯)

सव्वे वि जस्स भेआ फलंति मणवछिएहिं सुक्खेहिं।
सुरतरुवणसममेअं सेवह जिणसासणं भविआ ! ॥३०॥

ભાવાર્થ– હે ભવ્યો! જેના તમામ ભેદો મનના ઇચ્છિત સુખો વડે ફળે છે તે કલ્પવૃક્ષના વન સમાન એવા જિન શાસનને તમે સેવો! (૫-૩૦)

धणमिव धम्मं चिंतइ जीविअमिव जो वयाइं रक्खेइ।
देवयमिव जिणसुगुरू आराहइ तं वरइ सिद्धी ॥३१॥

ભાવાર્થ– જે ધનની જેમ ધર્મને ચિંતવે છે, જીવિતની જેમ વ્રતોનું રક્ષણ કરે છે અને સાક્ષાત્ ઇષ્ટ દેવની જેમ જિન પ્રભુ તથા સુગુરુની આરાધના કરે છે તેને મુક્તિરૂપી રમણી વરે છે (૫-૩૧)

इह फले (ल्ल) जह बम्म पवत्तए मोअगाइणा बालो।
वामत्थदसणा तह मुग्गा सिवसुहफले रा(घ)म्मे ॥३२॥

ભાવાર્થ– જેમ બાળક લાડવા આદિથી આવોકના ફળવાળા કાર્યોમાં પ્રવર્તે છે, તેમ અજ્ઞાનીઓ મોક્ષસુખ છે ફળ જેનું એવા ધર્મને વિષે વિષય-સુખ ને અર્થને દેખવાથી પ્રવર્તે છે (૫-૩૨)

नाणालवाल दमणमूलो वयमाइ सुतयनिअमदलो।
भवसुहकुसुमो भत्र जयमिरिफलओ जयउ धम्मतरु ॥३३॥

ભાવાર્થ– જ્ઞાન એ જેનો કયારો, દર્શન એ જેનુ મૂળ, વ્રતો એ જેની શાખાઓ, ઉત્તમ તપ અને નિયમો એ જેના પાદડાઓ, સંસારિક સુખ એ જેના પુષ્પો અને મુક્તિરૂપી લક્ષ્મી એ જેનુ ફળ છે એવો ધર્મ–વૃક્ષ જયવંતો હો! (૫–૩૩)

इतितपागच्छाधिराजश्रीमुनिसुंदरसूरिविरचित
श्रीउपदेशरत्नाकरेऽपरतटे
प्राकृतगाथाभिर्विविधधर्मकृत्योपदेशनामा पचमोऽशः

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રીમુનિસુંદરસૂરિએ રચેલા ઉપદેશરત્નાકરના અપર તટમા પ્રાકૃત ગાથાઓ વડે કરીને વિવિધ પ્રકારના ધર્મ કૃત્યોના ઉપદેશ નામનો પાચમો અંશ

---

**જિનેશ્વર ભગવાનનુ શાસન જ શરણ**

रोगजरामच्चुमुहागयाण बलिचक्किकेसवाणपि।
भुवणेवि नत्थि सरणं एक्कं जिणसासणं मोत्तुं ॥
(भ भा गा ७६)

હે ભવ્ય પ્રાણી! રોગ, ઘડપણ અને મૃત્યુના મોઢામા ગયેલા એવા બળદેવ, છ ખંડના માલિક એવા ચક્રવર્તી અને ત્રણ ખંડના માલિક એવા વાસુદેવોને પણ એક જિનેશ્વર ભગવાનના શાસન સિવાય ત્રણે ભુવનની અંદર બીજુ કોઈ પણ શરણુ નથી (માટે હે જીવ! તુ અશરણપણુ વિચાર!)

## અપર તટ

## તમામ દર્શનને સામાન્ય ધર્મ-કાર્યના ઉપદેશ નામનો

### છઠ્ઠો અંશ

य शास्त्रवेत्ता गुरुदेवभक्त परोपकारी नयधर्मचारी।
ज्ञाता गुणानामपवादभीरु पुमान् स एवेह परे तु नाम्ना ॥१॥

ભાવાર્થ-જે શાસ્ત્રનો જાણનાર, ગુરુ ને દેવની ભક્તિવાળો, પરોપકારી, નીતિમય ધર્મને આચરનાર, ગુણોને ઓળખનાર અને અપવાદથી ભય પામનારો તે જ આ જગતમા પુરુષ છે બાકી તો નામના પુરુષ છે (૬-૧)

ध्येय परात्मा गुरुरर्चनीय परोपकार करुणा च सत्यम्।
शमा दमा न्याययश सुशास्त्राभ्यासा मतासेव हिताय धर्म ॥२॥

ભાવાર્થ- પરમાત્માનુ ધ્યાન કરવુ, ગુરુની પૂજા કરવી તથા પરોપકાર, દયા, સત્ય, શમતા, ઇન્દ્રિયોનુ દમન, ન્યાય, યશ અને ઉત્તમ શાસ્ત્રોના અભ્યાસો-આ ધર્મ સજ્જનોને હિતને માટે થાય છે (૬-૨)

रति सदाचारविधावनिन्दा खलेष्वपि प्रीतिरथोत्तमेषु।
अमत्सर शास्त्रविदा च गोष्ठी शक्त्योपकारश्च सतां स्वभाव ॥३॥

ભાવાર્થ- સદાચાર આચરવામા તત્પરતા, દુર્જન જીવો વિષે પણ નિંદા નહીં કરનારા, ઉત્તમ આત્માઓ વિષે પ્રીતિ, અમત્સર, શાસ્ત્રના જાણકાર સાથે ગોષ્ઠી કરવી તથા

શક્તિ પ્રમાણે ઉપકાર કરવો–આ સજ્જનોનો સ્વભાવ હોય છે (૬–૩)

दया दम सत्यमगाढलोभता,
सुशीलता चार्जवमार्द्रवक्षमा
प्रदानमस्तेयपरोपकारिते,
हिताय धर्मा इति सर्वसम्मता ॥४॥

ભાવાર્થ– જીવો વિષે દયા, ઇન્દ્રિયોનું દમન, સત્ય, અતિલોભતા નહિ, સદાચારપણું, સરલતા, નમ્રતા, ક્ષમા, દાન, ચોરી ન કરવી અને પરોપકાર–આ સર્વમાન્ય ધર્મો હિતને માટે થાય છે (૬–૪)

शास्त्रे रतिः सकलधर्मविचारणा च,
ध्यानं परात्मनि दयोपकृती सुशीलम्।
निन्दाकुसंगगुणिमत्सरवर्जनं च,
धर्मं सतां निखिलशास्त्रनिरूपिताऽयम् ॥५॥

ભાવાર્થ– શાસ્ત્ર વિષે રતિ, સકલ ધર્મોની વિચારણા, પરમાત્મા વિષે ધ્યાન, દયા, ઉપકાર, ઉત્તમ આચાર તથા નિંદા, કુસંગ અને ગુણીઓ વિષે મત્સરનો ત્યાગ, તમામ શાસ્ત્રોમાં નિરૂપણ કરેલો એવો આ સજ્જનોનો ધર્મ છે (૬–૫)

ज्ञानाभयाऽनुग्रहभैषजयस्त्रदान–
पूजाऽर्हता गुणवतां विनतिः सुशीलम्।
लोकापवादभयमन्यगुणग्रहो धी–
र्धैर्यं गुरुश्च महतामिति मण्डनानि ॥६॥

ભાવાર્થ– જ્ઞાન–અભય–અન્ન–ઘર–દવા અને વસ્ત્રનું દાન, યોગ્યની પૂજા, ગુણવાનોને વિશેષે કરી નમસ્કાર, સદાચાર, લોકાપવાદથી ભય, અન્યના ગુણોનુ ગ્રહણ, ધર્મ વિષે બુદ્ધિ અને યશ–આ મોટા પુરુષોના આભૂષણો (૯–૬)

पैशुन्यमात्सर्यपरस्वहारहिंसाऽन्यनिन्दाक्षणदाऽशनानि ।
कन्यानृतादीनि च वर्जनीयाऽन्यत पर पापपद न किंचित् ॥७॥

ભાવાર્થ– ચાડિયાપણું, બીજાના ગુણનો દ્વેષ, પારકા ધનનુ હરણ, હિંસા, બીજાની નિંદા, રાત્રિભોજન અને કન્યા આદિ અસત્યો ત્યાગ કરવા યોગ્ય છે, આનાથી બીજુ પાપનુ સ્થાન કોઈ નથી (૯–૭)

न्याय्येन वृत्तिर्गुरुदेवपूजा पित्रादिसन्तुष्टिरुपक्रिया च ।
दीने दयोत्साहमति ससत्त्वा गतामपि प्राक् श्रियमानयन्ति ॥८॥

ભાવાર્થ– ન્યાયવાળો જ વેપાર, ગુરુપૂજા, દેવપૂજા, પિતા વગેરેને સંતોષ કરવો અને ઉપકાર, દીનને વિષે દયા અને સત્ત્વ સહિત ઉત્સાહવાળી બુદ્ધિ–આ ગયેલી એવી પણ લક્ષ્મીને જલદી આણે છે (૯–૮)

प्रियहितरचन वचन, वपुरुपकृत् धर्मचिंतक चेत ।
वित्त त्रिवर्गहेतु सुकृतमय श्लाघ्यते चायुः ॥९॥

ભાવાર્થ– પ્રિયકારી અને હિતકારી વચન, ઉપકારને કરવાવાળુ શરીર, ધર્મનુ ચિન્તવન કરવાવાળુ ચિત્ત અને ત્રણે વર્ગના કારણવાળુ ધન અને સત્કૃત્યોથી યુક્ત એવું આયુષ્ય–આ બધુ પ્રશંસનીય છે (૯–૯)

धम म नो यत्र जनापवाद,
मा चातुरी दुश्चरित न यत्र।
ग्र थ स तत्त्वाधिगमो यत स्यात,
तत्व च तद्येन महोदयश्री ॥१०॥

ભાવાર્થ–તે ધર્મ છે કે જેમા લોક-અપવાદ નથી, તે ચાતુરી છે કે જેમા દુરાચાર નથી, તે ગ્રન્થ છે કે જેનાથી તત્ત્વોનો બોધ થાય છે અને તે જ તત્ત્વ છે કે જેનાથી મોક્ષરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે (૬-૧૦)

वृद्धौ मातापितरौ गुरु प्रिया निर्मलान्यपत्यानि।
पोष्याणि निर्धनैरपि गृहिभि श्रेयोऽथमिह शक्त्या॥११॥

ભાવાર્થ– આ જગતમા વૃદ્ધ એવા માતા, પિતા, ગુરુ, સ્ત્રી અને નિર્મલ એવા બાળબચ્ચા– આ બધાનુ પોષણ નિર્ધન એવા ગૃહસ્થોએ પણ આ ભવના કલ્યાણ માટે શક્તિ પ્રમાણે કરવુ જોઈએ (૬-૧૧)

देव कलाधर्मगुरू पितामाता भयापहर्त्ता शुभवृत्तिदाता।
भ्रातोपकारी भगिनी च वृद्धा पूज्या यथार्ह गृहिणा शुभाय॥१२

ભાવાર્થ– દેવ, કળાગુરુ, ધર્મગુરુ, પિતા, માતા, ભયને દૂર કરનાર, શુભ આજીવિકાના દાતા, ભાઈ, ઉપકારી, બહેન અને વૃદ્ધો-એઓનુ ગૃહસ્થોએ કલ્યાણને માટે યથા યોગ્ય સત્કાર, સન્માન કરવુ ( -૧૨)

वृद्धौ च मातापितरौ गुरुश्च
मित्राण्यपत्यानि सती च भार्या।
स्वसा धवोऽस्याश्च सुतापतिश्च
भ्राता च पोष्या गृहिण स्वमात्र ॥१३॥

ભાવાર્થ-વૃદ્ધ એવા માતા-પિતા, ગુરુ, મિત્ર, પોતાના ઉપર સતી એવી સ્ત્રી, બહેન, બનેવી, જમાઈ, ભાઈ અને પોતાને આશ્રે રહેવાને ગૃહસ્થીઓએ પોષવા યોગ્ય છે (૯-૧૩)

મો (ना) बालेष्वपि हीलना किल गुणोच्चार खलानामपि,
प्रह्वत्व च रिपुष्वपि प्रणमन पूज्येषु धर्मे रति ।
शास्त्रेषु व्यसन गिरा मधुरिमा धिक्कारमात्सर्ययो
सर्वस्योपकृतिर्भय कुयशसो हेतु समग्रश्रियाम ॥१४॥

ભાવાર્થ- અજ્ઞાની જીવોની નિંદા ન કરવી, દુર્જન પુરુષોના પણ ગુણો બોલવા, શત્રુઓ વિષે પણ નમ્રપણું, પૂજ્ય પુરુષો વિષે નમસ્કાર, ધર્મ વિષે તત્પરતા, શાસ્ત્રો વિષે આસક્તિ, વાણીમા મીઠાશ, ધિક્કાર અને ઈર્ષ્યા નહિ તે, તમામ ઉપર ઉપકાર અને અપયશનો ભય-આ સમગ્ર લક્ષ્મીનુ કારણ છે (૯-૧૪)

लक्ष्मीस्त्यागविवेकपुण्यसफला धर्मो दयाद्यन्वित,
पुण्यश्रेणिमय जनुर्जनहिता शास्त्रार्थरम्या मति ।
चातुर्यं गतवचन सुमधुरा वाग् ज्ञानमात्मार्थकृत,
सौन्दर्यं जनोपकारसुभगा भाग्यैर्भवेत् केषुचित् ॥१५॥

ભાવાર્થ- ત્યાગ, વિવેક અને પુણ્યે કરી સફળ લક્ષ્મી, દયા આદિએ યુક્ત ધર્મ, પુણ્યની પરંપરામય જન્મ, લોકોને હિત કરનારી, શાસ્ત્રાર્થે કરીને રમ્ય એવી બુદ્ધિ, છેતરપિંડીથી રહિત એવી ચતુરાઈ, અત્યન્ત મીઠી વાણી, આત્માના અર્થને કરનારૂં જ્ઞાન, ધર્મ-અને લોકો ઉપર ઉપકાર એ વડે કરીને સુંદર એવી જાહોજલાલી-આ બધુ કોઈક જીવોમાં જ ભાગ્ય વડે જ હોય છે (૯-૧૫)

लोभ सुकृते व्यसन शास्त्रे दोषेक्षण कुतत्त्वेषु ।
निर्दाक्षिण्य कुपथोऽत्यागे भवरिपुजयश्रिये कृतिनाम् ॥१६॥
गीति [ ॥१७॥ ]

ભાવાર્થ– પુણ્ય-કાર્યોમા લોભ, શાસ્ત્ર વિષે આસક્તિ, કુતત્ત્વોમા દોષોનુ જોવુ અને કુમાર્ગનો ત્યાગ નહીં કરવા વિષે દાક્ષિણ્યતા -હિતપણુ–આ બધુ પુણ્યશાળીઓને ભવરૂપી શત્રુની જય કરનારી લક્ષ્મી માટે થાય છે (૬–૧૯)

इति तपाश्रीमुनिसुन्दरविरचिते श्रीउपदेशरत्नाकरेऽपरतटे सर्वदर्शनसाधारणधर्मकृत्योपदेश षष्ठ

એ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુન્દરસૂરિએ રચેલા ઉપદેશરત્નાકરના અપર તટમા સર્વ દર્શનને સામાન્ય ધર્મના ઉપદેશ નામનો છઠ્ઠો અંશ

---

અશાશ્વતુ શુ ?

धणरूवरिद्धिजोव्वणपहुत्तण सुभगया अरोयत्त ।
इट्ठेहिं य सजोगो असासयं जीवियव्व च ॥
(म भा गा २४)

હે ભવ્ય પ્રાણી ! તુ ધન, રૂપ, ઋદ્ધિ, યૌવન, પ્રભુપણુ, સૌભાગ્યપણુ, આરોગ્યપણુ, ઇષ્ટ જનોનો સંયોગ અને જીવિત–આ બધુ શાશ્વતુ છે એમ માનીશ નહિ, કારણ કે એ બધુ અશાશ્વતુ જ છે અર્થાત એ બધુ અસ્થિર છે માટે શાશ્વતપણામા ઉદ્યમ કર

અપર તટ

પરશુરામનું ઉપદેશ નામનો

સાતમો અંશ

पितेव य पालयति प्रजा नये,
प्रवर्तयन् धर्मपथे निजे च।
बुधान् यतीन् दर्शनिनश्च मानयन्,
नृपश्चिरं नन्दति सम्पदां पदम् ॥१॥

ભાવાર્થ—જે રાજા પિતાની જેમ પ્રજાને નીતિથી પાળે છે, પોતાની ધર્મમાર્ગને વિષે પ્રવર્તાવે છે, પંડિતો, સાધુઓ તથા દર્શનવાળાને માન આપે છે તે રાજા લાંબા સમય સુધી સંપત્તિઓનું ભાજન એવો તે આનંદ કરે છે (૭-૧)

प्रजासु वृद्धिर्नृप ! राज्यवृद्धये,
प्रजासु धर्मो दुरितापहः प्रभो ।
प्रजासु नीतिर्नृप ! धर्मकीर्त्तिकृत
नृपाय तुष्यन्ति सुरा प्रजोत्सवैः ॥२॥

ભાવાર્થ— હે રાજન્! પ્રજાની વૃદ્ધિ રાજ્યની વૃદ્ધિ માટે થાય છે, હે નૃપતિ! પ્રજાને વિષે ધર્મ તે પાપને દૂર કરનાર થાય છે, હે નરેશ્વર! પ્રજા વિષે નીતિ ધર્મ અને કીર્તિને કરે છે, પ્રજાના ઉત્સવોથી દેવતાઓ રાજા ઉપર ખુશ થાય છે (૭-૨)

प्रगल्भते यस्य बलो न राज्ये,
सतां महत्त्वं गुरुदेवपूजा ।
धर्मध्वविघ्नोऽनघशास्त्रपाठ,
सखेति तं रक्षति भूपमिन्द्रः ॥३॥

ભાવાર્થ– હે મિત્ર! જેના રાજ્યમાં લુચ્ચાઓ જોર કરતા નથી, સજ્જનોનું મહત્ત્વ છે, દેવપૂજા અને ગુરુપૂજા થાય છે, ધર્મો વિષે અન્તરાય કરવામાં આવતા નથી અને ઉત્તમ શાસ્ત્રનો પાઠ થાય છે, એથી તે રાજાનું ઇન્દ્ર રક્ષણ કરે છે (૭–૩)

विमुच्य राज्यादिति विनश्वर
कृतमहारम्भमयं स्वकमभि ।
मज्यो पत न नरकावटेऽजिता,
नृप नयो धर्मयुत समुद्धरन्त ॥४॥

ભાવાર્થ– નાશવંત એવું રાજ્યાદિ તમામ છોડી દઈને મહાઆરંભમય કરેલા પોતાના આચરણો વડે કર્મોને મનાયું મનયે નરકરૂપી કૂવામાં પડતા એવા રાજાને ધર્મ, અહિત ઉપાર્જન કરેલો ન્યાય ઉદ્ધરે છે અર્થાત્ ન્યાય રાજાનો ઉદ્ધાર કરે છે (૭–૪)

प्रजा रक्षेन्नृपो यत्नात् ता हि कोशाऽस्य जंगम ।
मानयेद् धार्मिकान् साधूंस्तदाशीर्भि स नन्दति ॥५॥

ભાવાર્થ– રાજા પ્રજાનું યત્નથી રક્ષણ કરે છે, કારણ કે તે પ્રજા રાજાનો જરૂર જંગમ કોશ–ભંડાર છે તેમજ રાજા ધર્મિષ્ઠને અને સાધુઓને માને અને તેઓના આશીર્વાદોથી તે રાજા સમૃદ્ધિવાન્ બને છે (૭–૫)

न्यायधर्मयशामा चयमर्जन,
स्वप्रजाश्च सुखयन् मनुपाये ।
मानयन् यतितपस्वियुधादीन्
पुण्यकर्मभिरिदति नरेन्द्र ॥६॥

ભાવાર્થ– ન્યાય, ધર્મ અને યશોના સમૂહને ઉપાર્જન કરનાર, સારા સારા ઉપાયો વડે પોતાની પ્રજાને સુખ પમાડ નાર અને સાધુ, તપસ્વી તથા પંડિતોનું માન સન્માન કરના એવો રાજા પુણ્ય કાર્યો વડે ઉદયને પામે છે (૭– )

राज्ञा नाष्टनिधेयान्यष्टविधेयानि चाष्टहेयानि।
धार्याणि चाष्ट हृदये विश्वसितव्य न चाष्टम्य ॥७॥

ભાવાર્થ– રાજાએ આઠ કૃત્યો કરવા નહિ, આઠ કૃત્યો કરવા, આઠ કૃત્યો છોડવા, આઠ વસ્તુ હૃદયમા ધારણ કરવી અને આઠ બાબતોનો વિશ્વાસ કરવો યોગ્ય નથી (૭–૭)

खलसङ्ग १ कुकलत्र२ क्रोधा३ व्यसन४ मद ५ दुर्नयलक्ष्मी ६।
असदाग्रह७श्च जडिम८त्यष्ट न कार्याणि भूपेन ॥८॥

ભાવાર્થ– દુર્જનોની સોબત ૧, ખરાબ નારી ૨, ક્રોધ ૩, વ્યસન ૪, અભિમાન ૫, અનીતિવાળી લક્ષ્મી ૬, ખોટો આગ્રહ ૭, અને જડતા ૮–આ આઠ રાજાને કરવા યોગ્ય નથી (૭–૮)

कीर्ति १ सुगुणौचित्य२ कौशल्य३ सत्कलासु सन्मित्रमू४।
दाक्षिण्य५ दीनदयो६द्यमा७ दम८श्चाष्ट कार्याणि ॥९॥

ભાવાર્થ– કીર્તિ ૧, ઉત્તમ ગુણવાળાનુ ઉચિતપણું ૨, સારી કળાઓમા નિપુણપણું ૩, સારો મિત્ર ૪, દક્ષિણ્યપણું ૫, દીન ઉપર દયા ૬, ઉદ્યમ ૭ અને ઇન્દ્રિયોનુ દમન ૮–આ આઠ બાબતો રાજાઓને કરવા યોગ્ય છે (૭–૯)

निर्लज्जत्व१मविनय २ कुशीलता३ निष्ठुरत्वम४पि माया५।
अनया६व्ययद्या७ऽसत्य८ हेयान्यष्टौ नृपेणेयम् ॥१०॥

ભાવાર્થ– નિર્લજ્જપણું ૧, અવિનય ૨, દુરાચાર ૩, નિષ્ઠુરપણું ૪, પ્રપંચ ૫, અન્યાય ૬, અપયશ ૭ અને અસત્ય ૮–આ આઠ વસ્તુઓ રાજાએ છોડવા યોગ્ય જ છે (૭–૧૦)

उपकार प्रतिपन्न२ सुभाषित३ मर्ममर्म४ वरविद्या५।
देवो६ गुरु७श्च धर्मो८, राज्ञा धार्याणि हृदयष्टौ ॥११॥

ભાવાર્થ– ઉપકાર ૧, કબૂલ કરેલું વચન ૨, સુભાષિત ૩, તમામ મર્મ ૪, શ્રેષ્ઠ વિદ્યા ૫ દેવ ૬, ગુરુ ૭ અને ધર્મ ૮–આ આઠ વસ્તુઓ રાજાએ હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે (૭–૧૧)

कामुक१ भुजग२ज३नल३-४
युवति द्विज रोग७गोत्रिभूपानाम८।
अष्टाना न क्षणमपि
विश्वसितव्य नरेन्द्रेण ॥१२॥
पद्दिम कुल्कन ॥ इति नृपतिमाश्रित्योपदेश ।

ભાવાર્થ– કામી ૧, સર્પ ૨, પાણી ૩, અગ્નિ ૪, યુવતિ ૫, બ્રાહ્મણ ૬, રોગ ૭, અને ગોત્રવાળા રાજાઓ ૮–આ આઠનો રાજાઓએ ક્ષણવાર પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી આ પ્રમાણે રાજાને આશ્રી ઉપદેશ કહ્યો (૭–૧૨)

धर्माभ्युन्नतये सदोपकृतये सत्सु स्फुरत्कीर्तये,
दुष्टाना निगृहीतये निरतयेऽप्रयानयस्फूर्तये ।
भूमीभृ ननतोभयार्थकृतये सम्यक् च यद् व्यापृति
श्लाघ्य सैव सुधी स एव दर्शिता सर्वाश्च तेन श्रिय ॥१३॥

ભાવાર્થ– ધર્મની ઉન્નતિ માટે, સત્પુરુષને વિષે સદા ઉપકાર માટે, ઉજ્જવળ કીર્તિ માટે, દુષ્ટોના નિગ્રહ માટે, પાપથી પાછા હઠવા માટે, ન્યાયની વૃદ્ધિ માટે અને રાજા અને પ્રજા બન્નેની ભલાઈ કરવા માટે સમ્યક્ વેપાર છે જેનો એવો અધિકારી શ્લાઘનીય છે ને તે જ ઉત્તમ બુદ્ધિ વાળો છે, તેને જ તમામ લક્ષ્મીઓ વશ કરેતી છે (૭-૧૩)

सर्वत्रोपकृतिर्यशोनयरतिश्चैत्यादिधर्मोन्नति ;
सत्कार सुजने खलावगणन श्रीसघकार्यक्रिया ।
चातुर्य नृपलोकयोर्हितकृति क्षेत्रेषु वाप श्रिया-
मर्चन् देवगुरून् नृपाधिकृतिमानेतैः सुधी शुद्ध्यति ॥१४॥

ભાવાર્થ– સર્વત્ર ઉપકાર કરવુ, યશ અને નીતિમા આનંદ, ચૈત્ય આદિ ધર્મની ઉન્નતિ, ઉત્તમ લોકો વિષે સત્કાર, દુર્જન પુરુષની અવગણના, શ્રીસઘના કાર્યોનુ કરવુ, ચાતુર્યપણુ, રાજા અને પ્રજાના હિતને કરવુ, સાત ક્ષેત્ર વિષે લક્ષ્મીને વાવવુ, દેવ, ગુરુઓની પૂજા કરનાર-આ બધા વડે ઉત્તમ બુદ્ધિશાળી એવો રાજાનો અધિકારી શુદ્ધ થાય છે (૭-૧૪)

यस्य वक्ति जन कीर्त्ति परोपकरणे रुचि ।
नये धीर्दुनये द्वेष स श्लाघ्यो व्यापृत सुधी ॥१५॥

ભાવાર્થ– જેની લોકો કીર્તિને બોલે છે, પરોપકાર કરવામા રુચિ, નય વિષે બુદ્ધિ, અનીતિ વિષે દ્વેષ આવા બુદ્ધિમાન અધિકારી વખાણવા યોગ્ય છે (૭-૧૫)

। इत्यधिकारिण प्रति।

આ પ્રમાણે અધિકારીઓ પ્રત્યે ઉપદેશ કહ્યો

नयधर्मवियुग् राज्य व्यापार प्रौढधर्मरुचिवियुक्‍ ।
निर्धर्माणा प्रभुत्व स्वपरगाभाग्यैर्गरा हेते ॥१६॥

ભાવાર્થ– નીતિ ધર્મથી રહિત એવુ રાજ્ય, તીવ્ર ધર્મની રુચિ વિનાનો વેપાર અને ધર્મહીનોનુ સ્વામીપણું આટલા પોતાના અને બીજાના દુર્ભાગ્યોથી ખરેખર ઝેર હોય છે (૭–૧૬)

पिशुनप्रियो नरेन्द्रो नीचो नृपसगतो धन कारो ।
तत्वविमुखस्य शास्त्र विश्वानर्थाय कलिकाले ॥१७॥

ભાવાર્થ– ખુશામતિયા પ્રિય છે જેને એવો રાજા, રાજાની સોબતવાળો નીચ મનુષ્ય, કારીગરને ધન તથા તત્વથી વિમુખને શાસ્ત્ર–એ આ કલિકાળ વિષે જગતના અનર્થ માટે થાય છે (૭–૧૭)

राजा नयी विवेकी परोपकारी विशेषविन्मन्त्री।
साधु प्रभुर्वदान्यो दानी वसुधासुधा हेना ॥१८॥

ભાવાર્થ– નીતિવાળો રાજા, વિવેકી સહિત પરોપકારી અને વિશેષને જાણનાર એવો મંત્રી, સજ્જન એવો માલિક, દાન–ગુણયુક્ત એવો ધનાઢ્ય–આ બધા તો પૃથ્વીના અમૃતો છે (૭–૧૮)

लोकाम्बुधे पिबति वाडवद्वृधनाम्बु,
नित्य स्वकुक्षिभरणाय नृपश्च मन्त्री।
गजन् पयोद इव कोऽपि महान् जनाना,
दुर्नीतितापहननाद्भिनशर्मणे च ॥१९॥

ભાવાર્થ- જે રાજા અને મન્ત્રી પોતાનું ઉદર ભરવા માટે વડવાનલની જેમ લોકરૂપી સમુદ્રમાંથી પુષ્કળ પાણી પીએ છે તે નિન્દનીય છે, ગાજતા મેઘની જેમ કોઈક જ મહાન પુરુષ લોકોના દુર્ગતિરૂપી તાપને હણવાથી હિત અને સુખને માટે થાય છે (૭-૧૯)

दानै श्री प्रभुता नयेन नृपति पन्दर्शनीमाननै-
र्मन्त्री लोकनृपापकारसुकृतैर्ज्ञानक्रियाभ्यां गुरु ।
धर्मस्थानमहाजनैश्च नगरं पुण्यालिभिर्जीवितं,
धर्म सत्यदयातपोव्रतदमैः सम्प्राप्यते श्लाघ्यताम् ॥२०॥

ભાવાર્થ- દાન વડે લક્ષ્મી, નીતિથી પ્રભુતા, છએ દર્શનીઓને માનવા વડે કરીને રાજા, લોક અને રાજા ઉપર ઉપકાર તથા સુકૃતો વડે મન્ત્રી, જ્ઞાન અને ક્રિયાથી ગુરુ, ધર્મના સ્થાનો અને મહાજનોથી નગર, પુણ્યની શ્રેણિઓ વડે જીવન તથા સત્ય-દયા-તપ-વ્રત અને ઇન્દ્રિયોના દમન વડે ધર્મ પ્રશંસનીયપણાને પામે છે (૭-૨૦)

एककुलेऽप्युपकारी लघुरपि मान्यः प्रदीप इव लोके ।
धान्यः प्रदीपनश्चन् सुमहानपि शीघ्रमपकारी ॥२१॥

ભાવાર્થ-જગતમાં દીપકની જેમ એક કુળમાં પણ ઉપકારી એવો નાનો પણ માન્ય હોય છે, પરન્તુ અતિપ્રકાશવાળા અગ્નિની જેમ અપકારી એવો અતિમહાન્ પણ જલદી નાશ કરવા લાયક થાય છે (૭-૨૧)

अर्जयत्यद्भुतां लक्ष्मीं गुणं प्रति नमद्धनुः ।
विना गुणं नमत्काष्ठं वक्रं वाद्ययशः पुनः ॥२२॥

ભાવાર્થ– ગુણ-દોરી પ્રત્યે નમનારૂ ધનુષ્ય તેની જેમ સત્ય, સંયમાદિ ગુણ પ્રત્યે અનુરાગવાળા અદ્ભુત લક્ષ્મીને ઉપાર્જન કરે છે, જ્યારે ગુણ-દોરી વિના નમનારૂ કાષ્ઠ, તેની જેમ સત્ય, સંયમાદિ ગુણ પ્રત્યે અનુરાગાદિ વિનાના વક્રતાદિ અપયશને પામે છે (૭-૨૨)

छायाफलजलसहिता जलाशया दुर्लभा यथा लोके ।
सौहृदबोधमहत्त्वान्वितास्तथा मानवा लोके ॥२३॥

ભાવાર્થ– જેવી રીતે લોકમાં છાયા ફળ અને જળ સહિત એવા જળાશયો-સરોવરો દુર્લભ હોય છે તેવા રીતે લોકમાં પ્રીતિ, બોધ અને મહત્ત્વએ કરી યુક્ત એવા મનુષ્યો દુર્લભ હોય છે (૭-૨૩)

प्रागेव केचिन्मधुरा घृतादिवत्,
प्रान्ते च चूतादिवदत्र परेऽङ्गिनः ।
द्राक्षादिवत् केऽप्युभयत्र केचन,
द्वयेऽपि नैवेन्द्रवारुणादिवत् ॥२४॥

ભાવાર્થ–કેટલાક જીવો ઘી આદિની જેમ પહેલા મધુર હોય છે, બીજા કેટલાક જીવો આંબાના ફળ વગેરેની જેમ પ્રાન્તે મધુર હોય છે, કેટલાક જીવો દ્રાક્ષ વગેરેની જેમ પહેલા અને પછી પણ મધુર હોય છે અને કેટલાક કિંપાક ફળની જેમ પહેલા અને પછી પણ કડવા હોય છે (૭-૨૪)

भुवो भारकरा सन्ति कुत्र २ न केऽद्रयः ।
दधु कुलाचला पत्र युगान्ताप्लुता महीम् ॥२५॥

ભાવાર્થ–ભૂમીને ભાર કરનારા કયા પર્વતો કયા કયા નથી, અર્થાત્ છે જ કે યુગના છેડે સમુદ્ર વિષે ડૂબતી ભૂમિને કુલાચલ પર્વતો જ ધારણ કરે છે (૭-૨૫)

न भूच्छिन्नाम्बुपान् कान् के तपयन्ति जलाशया।
चातकास्त्वम्बुदा एवाप्युच्छिष्टैकाम्बुपायिन ॥२६॥

ભાવાર્થ–કયા જળાશયો–સરોવરો ભૂમિ વડે એઠુ થયેલુ પાણી પીનારા એવા કોને કયા જળાશયો તૃપ્તિ નથી કરતા અર્થાત્ તમામ જળાશયો પાણી પીનારાઓને તૃપ્તિને કરે છે પરતુ એઠુ નહિ એવુ પાણી પીનાર ચાતક પક્ષીઓને તો મેઘો જ તૃપ્તિ કરે છે (૭–૨૬)

धर्मस्य विघ्नान्न कलौ सृजन्ति के,
स्वल्पे तदुद्योतकरा पुनर्यदि।
तमस्विनीं निर्मिमतेऽखिला अपि,
ज्योतिर्गणा वासरमर्क एव तु ॥२७॥

ભાવાર્થ–કલિકાલમા ધર્મમા વિઘ્નોને કોણ નથી કરતુ અર્થાત્ વિઘ્ન કરનારા ઘણા હોય છે, જ્યારે ધર્મનો ઉદ્યોત કરનારા થોડા જ હોય છે તમામ જ્યોતિષો–ગ્રહ, નક્ષત્ર ને તારા આદિઓ પણ રાત્રિને કરે છે, દિવસને તો સૂર્ય જ કરે છે (૭–૨૭)

धर्म्यं पथ्य श्रयन्ति ज्ञा धर्म्याधर्म्यविमिश्रणे।
जल त्यक्त्वा न किं हंसा पिबन्ति विशद पय ॥२८॥

ભાવાર્થ– ધર્મ અને અધર્મના મિશ્રણ તેમા બુદ્ધિમાન્ પુરુષો પથ્ય એવા ધર્મનો અગીકાર કરે છે પાણીનો ત્યાગ કરી નિર્મલ એવા દૂધને હંસો શુ નથી પીતા ? અર્થાત્ પીએ છે (૭–૨૮)

रमते गौरव सतो माध्यस्थ्यात्तत्त्वदर्शिन ।
लेभे जगत्सु मध्यस्थो मेरु सर्वाद्रिपूज्यताम् ॥२९॥

ભાવાર્થ- જેવી રીતે જગતમાં મધ્યે રહેલો મેરુ પર્વત તમામ પર્વતોમાં ઉચ્ચપણાને પામે છે તેવી રીતે તત્વને દેખનાર મધ્યસ્થ એવા સજ્જન પુરુષો માધ્યસ્થપણાથી ગૌરવને મેળવે છે (૭-૨૯)

विश्वस्याप्युपकारकोऽसि जनको रत्नाकरस्ते भुव-
स्ताप हरस्रे दधासि भुवने गर्जोन्नती दानिषु ।
चेत् सामान्यनृणां गिरोऽपि गणयस्युच्चावचास्तज्जग-
ज्जीवातेर्विरुदं भविष्यति किमाधारं हहा मेघ ! हे ॥३०॥

ભાવાર્થ- હે મેઘ ! તુ વિશ્વને ઉપકાર કરનારો છુ, કારણ કે સમુદ્ર તારો પિતા છે, તુ જગતના તાપને હરણ કરે છે, તુ જગતમાં દાનીઓમાં ગર્જના અને ઉન્નત્તિને ધારણ કરે છે એટની વાત છે કે જો તુ સામાન્ય માણસોની ઊંચનીચ વાણી પણ ગણીશ, તો જગત જીવાનુ બિરુદ કયા આધારવાળુ થશે ?(૭-૩૦)

इति किञ्चित् साधारणोपदेशाधिकार

આ પ્રમાણે કિંચિત્ સાધારણ ઉપદેશનો અધિકાર કહ્યો

अवञ्चन स्वामिनि दर्शना नति,
सत्योपकाराश्रितपालनानि च ।
दान नयो दीनदयार्तरक्षण,
धर्म स्मृत क्षत्रकुलाय भद्रकृत् ॥३१॥

ભાવાર્થ- માલીકને ઠગવો નહીં, દશનોને નમસ્કાર, સત્ય, ઉપકાર, આશ્રિતોનુ પાલન, દાન, નીતિ, અને ગરીબો ઉપર દયા તથા પીડિતોનુ રક્ષણ, આટલો ક્ષત્રિય કુળને માટે કલ્યાણને કરનાર ધર્મ કહેલો છે (૭-૩૧)

विनयो दीनार्तरक्षण प्रतिपन्नदृढिमाऽर्च्यपूजनम् ।
सत्यं च परोपकारिता धर्मं क्षत्रकुलेषु शस्यते ॥३२॥

ભાવાર્થ– વિનય, દીન અને પીડિતોનુ રક્ષણ, પ્રતિજ્ઞામા દૃઢતા, પૂજ્યોનુ પૂજન, સત્ય અને પરોપકારીપણું આનો ધર્મ ક્ષત્રિય કુળોમા વખણાય છે (૭–૩૨)

यमनियमरतिर्वेदाद्यभ्यासो ब्रह्म मैत्र्युपकार ।
स्फुटशुद्धधर्मकथनं धर्मं क्षेमाय विप्राणाम् ॥३३॥

ભાવાર્થ– યમ અને નિયમ પ્રત્યે પ્રેમ, વેદ વગેરેનો અભ્યાસ, બ્રહ્મચર્ય, મૈત્રી, ઉપકાર અને સ્પષ્ટ રીતે શુદ્ધ ધર્મનુ કથન, આટલો ધર્મ બ્રાહ્મણોના કલ્યાણ માટે થાય છે (૭–૩૩)

वेदादिशास्त्रार्थपरिश्रम क्षमा,
दयादमो ब्रह्मगुणक्रियादृति ।
वृत्तिविशुद्धा च परोपकारिता,
धर्मो ह्यय विप्रकुले जयश्रिये ॥३४॥

ભાવાર્થ– વેદ વગેરે શાસ્ત્રો અને તેના અર્થોમા પરિશ્રમ, ક્ષમા, દયા, ઇન્દ્રિયોનુ દમન, બ્રહ્મચર્યનો ગુણ તથા ક્રિયા પ્રત્યે આદર, અત્યન્ત શુદ્ધ એવી આજીવિકા અને પરોપકારીપણુ આ ધર્મ બ્રાહ્મણ કુળ વિષે જયલક્ષ્મી માટે થાય છે (૭–૩૪)

इति तपागच्छेशश्रीमुनिसुन्दरसूरिविरचिते श्रीउपदेशरत्नाकरे-ऽपरतटे प्रकीर्णकोपदेश सप्तमोऽश ॥

એ પ્રમાણે તપાગચ્છાધિરાજ શ્રીમુનિસુન્દરસૂરિએ રચેલા શ્રીઉપદેશરત્નાકરના અપરતટમા પરચુરણ ઉપદેશ નામનો સાતમો અંશ સમાપ્ત



---

## શ્રીજિનપૂજા નામનો

### આઠમો અંશ

जयसिरिरिद्धिमइकतीसिद्धीओ जस्स पयपसाएण।
विलसति सेवएसु त जिणकप्पद्दुम भयह ॥१॥

ભાવાર્થ- હે પુણ્યવન્તો! જેના ચરણ કમળના પ્રસાદથી સેવકો વિષે જય-શ્રી-ધ્રતિ-મતિ-કાન્તિ અને સિદ્ધિઓ વિલસે છે તે જિનરૂપી કલ્પવૃક્ષને તમે સેવો! (૮-૧)

पिइव्व सुहाइ वियरइ धम्मो जणउव्व सव्वजतुण।
जणओ तस्स जिणिदो जयइ जगपिआमहो स तओ ॥२॥

ભાવાર્થ- પિતાની જેમ સર્વે જીવોને ધર્મ ઇચ્છિત સુખોને આપે છે, તેનો જનક-ધર્મને ઉત્પન્ન કરનાર જિનેન્દ્ર પ્રભુ છે તેથી તે જિનેશ્વર ભગવાન્ જગતના પિતામહ છે તે જયવંતા વર્તો! (૮-૨)

पत्तमि जस्स धम्मो होइ सिय निच्छिय न य अपत्ते।
अणुसगिअ भवसुह जिणराय भयह त भविआ ॥३॥

ભાવાર્થ- જિનેશ્વર મહારાજને પ્રાપ્ત કર્યે છતે ધર્મ થાય છે, નૈશ્ચયિક મોક્ષ થાય છે અને તેમને નહિ પામેલાને ધર્મ થતો નથી, મોક્ષ પણ થતો નથી જિનેશ્વર મહારાજ પ્રાપ્ત થયે છતે ભવના સુખ તો આનુષંગિક છે માટે હે ભવ્યો! તે કારણથી જિનેશ્વર ભગવાનને તમે ભજો! (૮-૩)

इक्कोवि जंमि भेओ सव्विच्छिअसुहफलाणि विअरेइ।
सुरतरुवण व धम्मो जेणुत्तो सोऽरिहा पुज्जो ॥४॥

ભાવાર્થ- જેનો એક પણ ભેદ કલ્પવૃક્ષના વનની જેમ તમામ ઇચ્છિત સુખના ફળોને આપે છે તે ધર્મ જેમને કહેલો છે તે અરિહન્ત ભગવાનની પૂજા કરો। (૮-૪)

सव्वसुह धम्मफल धम्मो सुद्धागमा स जिणमूले।
इहपरलोइअसिवसुहाभिलासिणा ता जिणो पुज्जो ॥५॥

ભાવાર્થ-સર્વે સુખ ધર્મનુ ફળ છે, શુદ્ધ આગમવાળો ધર્મ છે, તે ધર્મનુ મૂળ જિનેશ્વર પ્રભુ છે તેથી આલોક સબધી, પરલોક સબધી અને મોક્ષસુખના ઇચ્છનારે શ્રીજિનેન્દ્ર પ્રભુ પૂજવા યોગ્ય છે (૮-૫)

सुरअसुरवाणमनरजोइसखयराइणो जमच्चति।
सासयजिणभवणेसु सेअत्थ त जिण भयहा ॥६॥

ભાવાર્થ- દેવ, અસુર, વાનવ્યન્તર, જ્યોતિષી અને વિદ્યાધરો વગેરે શાશ્વતા જિન ચૈત્યોમા જેને પૂજે છે તે જિનને કલ્યાણના માટે તમે સેવો। (૮-૬)

सार नरे तिवग्गो तत्थवि धम्मो तहिंपि जिणमणिओ।
तत्थवि पणपरमिट्ठी तेसु जिणो त भयह तेण ॥७॥

ભાવાર્થ- હે ભ યો। મનુષ્યમા ત્રિવર્ગ-ધર્મ અર્થ અને કામ સાર છે, ત્રિવર્ગમા-ધર્મ સાર છે, ધર્મોમા પણ જિનેશ્વરે કહેલો ધર્મ સાર છે, જિનેશ્વરે કહેલા ધર્મમા પણ પચ પરમેષ્ઠી સાર છે, અને પચ પરમેષ્ઠીઓમા શ્રીજિન પ્રભુ સાર છે, આ હેતુએ કરી જિન પ્રભુને તમે સેવો। (૮-૭)

कप्पद्दुमंमि तरुणो मणिणो चिंतामणिम्मि जह सव्वे ।
जिणभत्तीए धम्मा तप्फलदाण तहा सव्वे ॥८॥

ભાવાર્થ– જેમ કલ્પવૃક્ષમા તમામ વૃક્ષો સમાય છે, ચિંતામણિ રત્નમા બધા મણિઓ સમાઇ જાય છે, તેવી રીતે તમામ ધર્મો શ્રીજિનભક્તિમા સમાઇ જાય છે, કારણ કે તે તમામ ધર્મના ફળને આપનાર હોવાથી તેમા સમાય છે (૮–૮)

कणफलमणिमुत्ताईणुदए जह हुति सव्वसत्तीओ ।
तह सव्वसुहफलाण दाणे जिणपूअणे हुति ॥९॥

ભાવાર્થ– અનાજ, ફળ, મણિ, મોતી આદિ પ્રાપ્ત થયેથી જેમ તમામ શક્તિઓ થાય છે, તેમ જિનેશ્વર ભગવાનની પૂજામા તમામ સુખના ફળો દેવાની શક્તિ હોય છે (૮–૯)

जह बहुकाल धन्ने पुक्खलसवट्टमेहजलवुद्दी ।
तह जिणभत्ती इक्का जीवे सुचिरं सुहे देइ ॥१०॥

ભાવાર્થ– જેમ પુષ્કલાવર્ત મેઘની જળવૃષ્ટિ ઘણા કાળ સુધી ધાન્યને દે છે, તેમ એક જ જિનભક્તિ જીવોને ઘણા લાંબા કાળ સુધી સુખોને આપે છે (૮–૧૦)

पुप्फामिसथयमाई पूआ अग्गग्गभावओ तिविहा ।
तिहुअणपहुणो विहिआ तिहुअणसामित्तण कुणइ ॥११॥

ભાવાર્થ– ત્રણ જગતના સ્વામીને–પુષ્પ, નૈવેદ્ય અને સ્તુતિ–સ્તવ આદિના ક્રમે અંગ, અગ્ર અને ભાવથી ત્રણ પ્રકારે કરેલી પૂજા ત્રણ જગતના સ્વામીપણાને કરે છે (૮–૧૧)

बिंदूवि उदहिनिहिओ जह कालमणतमक्खओ होइ ।
पवमणतगुण जिणे पूआवि अणतसुहदाणा ॥१२॥

ભાવાર્થ– જેમ સમુદ્રમા પડેલુ એક પાણીનુ બિન્દુ પણ અનતા કાળ સુધી અક્ષય હોય છે–સુકાતુ નથી, તેમ જિનેશ્વર ભગવાનને વિષે કરવામા આવેલી પૂજા તે પણ અનત સુખને આપનાર હોવાથી અનત ગુણી થાય છે. (૮–૧૨)

गोसीसपडिमकुसुम बिंदू गगाइ अडवि अग्गिकणो ।
इअ अप्पा जिणपूआ सुहदाणे अक्खया होइ ॥१३॥

ભાવાથ– થોડુ એવુ ગોશીષ–ચદન, પ્રતિમાનુ પુષ્પ, ગગાના પાણીનુ બિન્દુ અને જગલ વિષે અગ્નિનો કણિયો જેમ મોટા ફળવાળો થાય છે, તેમ થોડી એવી પણ જિન–પૂજા સુખ દેવામા અક્ષય થાય છે (૮–૧૩)

पूआ परिणामाइसु जम्म चउत्थाइ सुहफल होइ ।
पूअह त जिणचद जगसरणं मुक्खसुहकरणं ॥१४॥

ભાવાર્થ– જેની પૂજાના પરિણામ વગેરેમા ઉપવાસ આદિ તપનુ શુભ ફળ થાય છે તેવા જગતને શરણભૂત અને મોક્ષસુખને કરનાર એવા જિનેશ્વર પ્રભુને પૂજો । (૮–૧૪)

પૂજા આદિનુ ફળ

तयाचोक्तं पद्मचरित्रे–

मणसा होइ चउत्थ छट्ठफ उट्ठिअस्स सभवइ ।
गमणस्स य आरमे हवइफल अट्ठमोवासो ॥१५॥
(सु प प १३९, श्लो ८९)

ભાવાર્થ- પૂજા માટે મન કરવાથી ઉપવાસનુ ફળ, ઉઠે એટલે છઠ્ઠનુ ફળ અને જવાનો આરભ કરે એટલે અઠ્ઠમનુ ફળ પ્રાપ્ત થાય છે (૮-૧૫)

गमणे दसम तु भवे तह चेव दुवालस गए किंचि ।
मज्झे पक्खोवास मासोवास तु दिट्ठेण ॥१६॥ (९०)

ભાવાર્થ- ચાલ્યો એટલે ચાર ઉપવાસનુ, કઈક થોડેક ગયો એટલે પાચ ઉપવાસનુ, મધ્ય માર્ગે ૫દર ઉપવાસનુ ને જિનમદિર દેખે છતે મહિનાના ઉપવાસનુ ફળ થાય છે (૮-૧૬)

सपत्तो जिणभवण लहइ छम्मासिअ फल पुरिसो ।
सवच्छरिअ तु फल दारुद्देसे ठिओ लहइ ॥१७॥ (९१)

ભાવાર્થ- જિનભવને આવે છતે જીવ છ માસના ઉપવાસનુ ફળ પામે છે, જિનચૈત્યના બારણે પામે છતે વર્ષના ઉપવાસનુ ફળ પામે છે (૮-૧૭)

पायक्खिणे लहइ वरिससयफल तओ जिणे दिट्ठे ।
पावइ वरिससहस्स अणत पुण्ण जिणथुईए ॥१८॥ (९२)

ભાવાર્થ- પ્રદક્ષિણા કરે એટલે સો વર્ષના ઉપવાસનુ, જિનપ્રભુના દર્શન કરવામા હજાર વર્ષના ઉપવાસનુ અને જિન પ્રભુની સ્તુતિ કરવાથી અનત પુણ્યને પામે છે (૮-૧૮)

कुसुमक्खयगधपईवफलजल-
जलधूवनेवेज्जवत्थुवत्थेहिं ।
अट्ठविहा जिणपूआ
देइ सिव अट्ठभवमज्झे ॥१९॥

ભાવાર્થ– પુષ્પ ૧, સુગન્ધ–ચન્દન ૨, સારા ચોખા ૩, જળ ૪, ફળ ૫, નૈવેદ્ય ૬, ધૂપ ૭, અને દીપક ૮ એ રીતે આઠ પ્રકારની જિનપૂજા આઠ ભવની અંદર મોક્ષને આપે છે (૮–૧૯)

यमाहिअसुक्खफलं पद्दूठतवेहिंपि जं विणा नेव।
जेण य सिवंपि लब्भइ भयह जिणं तं च जिणधम्मं ॥२०॥

ભાવાર્થ– હે પુણ્યશાળીઓ ! જે (જિનધર્મ) વિના ઉગ્ર એવી તપસ્યાઓથી પણ બ્રહ્મલોકથી અધિક સુખનું ફળ પામતા નથી પણ જેનાથી મોક્ષસુખ પણ પમાય છે તે જિનેશ્વર ભગવાનને અને તે જિનધર્મને તમે ભજો ! (૮–૨૦)

जस्साणा तिजगम्मि वि सामित्तं देइ पूअणं पूआ।
झाणं सिवसुहमवि तं अच्चेह जिणं जहिट्ठफलं ॥२१॥

ભાવાર્થ– હે ભાગ્યશાળીઓ !, જેની આજ્ઞા ત્રણ લોકનું પણ સ્વામીપણું આપે છે, જેની પૂજા પૂજનને આપે છે, જેનું ધ્યાન મોક્ષસુખને પણ આપે છે માટે ઇચ્છિત ફળને આપનાર એવા જિન પ્રભુની તમે પૂજા કરો ! (૮–૨૧)

कुसुममवि जंमि ववित्रं होइ हु कप्पद्दुमोऽभिमयदाणा।
तंमि जिणखित्ते ववित्र धणबीअं कुणहऽणंतफलं ॥२२॥

ભાવાર્થ– જેમાં (જિનક્ષેત્રમાં) વાવેલું ફૂલ પણ ઇચ્છિત આપનાર હોવાથી કલ્પવૃક્ષ થાય છે તે જિનક્ષેત્રને વિષે ધનરૂપી બીજને વાવીને અનંત ફળવાળું કરો ! (૮–૨૨)

तिजगस्सवि जम्माइसु आणंदो अइसया य भुवणहिआ।
आसिवदाणे सत्ती जस्स जिणिंदं तमच्चेह ॥२३॥

**ભાવાર્થ**– જેના જન્મ આદિમાં ત્રણે જગતના જીવોને પણ આનંદ હોય છે, જેના અતિશયો ભુવનને હિતકારી હોય છે અને મોક્ષ સુધીના સુખ દેવામા જેની શક્તિ છે, તે જિનેન્દ્ર પ્રભુને તમે પૂજો। (૮–૨૩)

आराहय जिणमेअ मुहुत्तमित्तपि जैमि पडिवन्ने ।
पुग्गलपरिअट्टद्धे होइ सिव ववित लेऽणंते ॥२४॥

**ભાવાર્થ**– હે મોક્ષના અભિલાષીઓ। મુહૂર્ત માત્ર પણ જેનો સ્વીકાર કર્યે છતે અનંતા પુદ્ગલપરાવર્ત કાળ ખપાવીને અર્ધ પુદ્ગલપરાવત મા મોક્ષ થાય છે એવા આ જિનને તમે આરાધો। (૮–૨૪)

भवजलहितरणनावा सिवसोहारोहणिक्कनिस्सेणी ।
कल्लाणवसीकरणी जिणपूआ हरइ दुरिआइ ।२५॥

**ભાવાર્થ**– સંસારરૂપી સમુદ્ર તરવામા નાવ સમાન મોક્ષરૂપી મહેલ ચઢવામા અદ્વિતીય નિસરણી અને કલ્યાણને વશ કરનારી એવી શ્રીજિનપૂજા પાપોને દૂર કરે છે (૮–૨૫)

जिणभवणबिंबपूआ पइट्ठजत्ताइगीअनट्टाऽऽणा ।
सासणपभावणाइ वि जिणभत्ती देइ इट्ठफले ॥२६॥

**ભાવાર્થ**– જિનમંદિર, બિંબની પૂજા, પ્રતિષ્ઠા, યાત્રા વગેરે, ગીત, નાટક, આજ્ઞા અને શાસનપ્રભાવના વગેરે જિનભક્તિ પણ ઇષ્ટ ફળોને આપે છે (૮–૨૬)

तिविहं तिकरणसुद्धो तिक्कालपूअं जिणस्स जो कुणइ ।
भुंजिअ तिवग्गसार चउत्थवग्गपि सो लहई ॥२७॥

ભાવાર્થ– ત્રિકરણ (મન-વચન-કાયા)થી શુદ્ધ એવો જે ભવ્ય પ્રાણી જિનેશ્વર ભગવાનની ત્રણ પ્રકાર(અગ-અગ્ર-ભાવ)ની ત્રિકાળ પૂજાને કરે છે તે જીવ ધર્મ-અર્થ-કામના સારને ભોગવીને ચતુર્થ વર્ગ જે મોક્ષ, તેને પણ તે પામે છે (૮-૨૭)

घय१दहि२खीर३सुर४हिजला-
भिसेअ६गुरुधूय७चदण८तुरुक्के९ ।
चामर८छत्त९पडागा१०,
कूसय११दप्पणे१२दीव१३ ॥२८॥

गधव्व१४तूर१५नट्टे१६बलि१७कुसुम१८वत्थ१९माइबहुभेए ।
जिणपूआए दिंतो पावइ पच्छिअसुह सयय ॥२९॥ युग्मम् ॥

इतिश्रीपद्मचरित्रोक्त पूजोपदेशगाथाद्वय[1]

---

१–મુદિત પદ્મચરિત્રમાં પૃ ૧૩૯ મા તેને સમર્થન કરનાર આ પ્રમાણે ગાથાઓ છે

जलथलयसुरहिनिम्मलकुसुमेसु य जिण समच्चेइ ।
सो दिव्वविमाणठिओ कीलइ पवरच्छराहि सम ॥७२॥

ભાવાર્થ–જળમાં ઉત્પન્ન થયેલા અને સ્થળભૂમિમાં ઉત્પન્ન થયેલા એવા સુગન્ધવાળા અને નિર્મળ એવા પુષ્પોથી જે જિનને પૂજે છે તે દેવ વિમાનમાં રહ્યો છતો શ્રેષ્ઠ અપ્સરાઓ સાથે આનંદ કરે છે

—भावकुसुमेसु नियय विमलेसु जिण समच्चए जो उ ।
सो होइ सुदरतणू लोए पूयारिहो पुरिसो ॥७३॥

ભાવાર્થ– ઘી ૧, દહીં ૨, દૂધ ૩, સુગન્ધી જળનો અભિષેક ૪, અગરૂનો ધૂપ ૫, ચંદન ૬, તુરૂષ્ક ૭, ચામર ૮, છત્ર ૯, પતાકાઓ ૧૦, દર્ડાના આકારનું એક આભરણ ૧૧, દર્પણ ૧૨, દીપક ૧૩, ગાંધર્વ ગાયન ૧૪, વાજીન્ત્ર ૧૫, નાટક ૧૬, નૈવેદ્ય ૧૭, કેસર ૧૮ અને વસ્ત્ર ૧૯ આદિ ઘણા પ્રકારે જિનપૂજામા આપતો આ મા નિરંતર વાંછિત સુખને પામે છે (૧–૨૮, ૨૯)

## એ પ્રમાણે શ્રીપદ્મ ચરિત્રમાં કહેલ પૂજાના ઉપદેશને જણાવનારી બે ગાથાઓ કહી

---

ભાવાર્થ– હમેશાં નિર્મલ એવા ભાવ પુ ૈ (અહિંસા વગેરે)થી જિન પ્રભુને જે પૂજે છે, તે સુંદર શરીરવાળો અને લોકમાં પૂજાને યોગ્ય એવો પુરુષ થાય છે

धूय अगरुतुरुक्क कुंकुमवरचंदण जिणवरस्स ।
जो देइ भावियमई सो सुरहिसुरो समुभवइ ॥७॥

ભાવાર્થ–ભાવિત મતિવાળો જે મનુષ્ય જિનેશ્વર ભગવાનને અગરૂ અને તુરુષ્કનો ધૂપ કેસર, શ્રેષ્ઠ ચંદનને દે છે તે સુગન્ધવાળો દેવ થાય છે

जो जिणभवणे दीवं देइ नरो तिव्वभावसंजुत्तो ।
सो दिणयरसमतेओ देवो उप्पज्जइ विमाणे ॥८॥

ભાવાર્થ– અત્યંત ભાવ કરીને યુક્ત એવો જે મનુષ્ય જિનભવન વિષે દીપકને આપે છે તે મનુષ્ય સૂર્યના સરખો તેજવાળો દેવ થાય છે

छत्त चमरपडाया दप्पणलम्बूसया वियाण च ।
जो देइ जिणायपणे सो परमसिरिं समुव्वहइ ॥७६॥

ભાવાર્થ– છત્ર ચામર, ધ્વજા દર્પણ ફદુક અને ચંદરવો જે જિનમંદિરને વિષે આપે છે તે પરમ લક્ષ્મી પ્રાપ્ત કરે છે

गंधेहि जिणवरतणू जो हु समालभइ भावियमइओ ।
सो सुरभिगंधपउरे रमइ विमाणे सुचिरकाल ॥७७॥

ભાવાર્થ– જે ભાવિત મતિવાળો ગન્ધ વડે જિનવર પ્રભુના શરીરની પૂજા કરે છે, તે સુગંધમય એવા વિમાનમાં ઘણો કાળ આનંદ કરે છે

काऊण जिणवराण अभिसेय सुरहिगंधसलिलेण ।
सो पावइ अभिसेय उप्पज्जइ जत्थ जत्थ नरो ॥७८॥

ભાવાર્થ– સુગંધમય પાણી વડે જિનવર પ્રભુનો અભિષેક કરેવાથી જે તે મનુષ્ય જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ત્યાં તે અભિષેકને પામે છે

खीरेण जोऽभिसेय कुणइ जिणिंदस्स भत्तिरागेण ।
सो खीरविमलधवले रमइ विमाणे सुचिरकाल ॥७९॥

ભાવાર્થ– જે ભક્તિરાગથી દૂધ વડે જિનેન્દ્ર પ્રભુને અભિષેક કરે છે, તે દૂધના સરખા નિર્મળ અને ઉજ્જ્વલ એવા વિમાનમા દીર્ઘ કાળ સુધી આનંદ કરે છે

दहिकुंभेसु जिण जो ण्हवेइ दहिकोट्टिमे सुरविमाणे ।
उप्पज्जइ लच्छिधरो देवो दिव्वेण रूवेण ॥८०॥

ભાવાર્થ– જે દહીંના કળશો વડે જિન પ્રભુને અભિષેક કરે છે તે દહીંના સરખુ ભૂમિતળવાળા દેવ વિમાનમા દિવ્યરૂપે કરી શોભાને ધારણ કરતો એવો તે દેવ થાય છે

पत्ता घियाभिसेयं जो कुणइ जिणेसरस्स पययमणो ।
सो होइ सुरहिदेहो सुरपवरो वरविमाणम्मि ॥८१॥

ભાવાર્થ—જય ગાથી જે જિનેશ્વરને ઘીનો અભિષેક કરે છે તે તેમ એવા વિમાનમાં સુગંધી શરીરવાળો ઉત્તમ દેવ થાય છે

अभिसेयपभावेण बहवे सुव्वंतिऽणंतविरियाई ।
ण्हाहिसयरिद्धी सुरवरसोक्खं अणुहवंति ॥८२॥

ભાવાર્થ—શાસ્ત્રમાં સંભળાય છે કે અભિષેકના પ્રભાવથી પ્રાપ્ત કરી છે અભિષેકની ઋદ્ધિ જેમને એવા **અનંતવીર્ય** વગેરે ઘણાઓ ઉત્તમ દેવતાના સુખને અનુભવે છે

भत्तीए निवेयणाय बलिं च जो जिणहरे पउञ्जेइ ।
परमविभूई पावइ आरोग्गं चेव सो पुरिसो ॥८३॥

ભાવાર્થ— જે જિનમંદિર વિષે ભક્તિ અને સન્માનપૂર્વક બલિ-નૈવેદ્યને આપે છે, તે પુરુષ પરમ આબાદી અને આરોગ્યને પામે છે

गन्धव्वतूरनट्टं जो कुणइ महुस्सवं जिणाययणे ।
सो वरविमाणवासे पावइ परमुस्सवं देवो ॥८४॥

ભાવાર્થ— જે જિનમંદિરમાં ગંધર્વ, વાજિંત્ર અને નાટકપૂર્વક મહોત્સવ કરે છે તે શ્રેષ્ઠ વિમાનના સ્થાન વિષે દેવ થાય છે અને પરમ ઉત્સવને પામે છે

जो जिणवराण भवणं कुणइ जहाविहवसारसंजुत्तं ।
सो पावइ परमसुहं सुरगणअहिणंदिओ सुइरं ॥८५॥

ભાવાર્થ— જે પોતાના વિભવ અને ઉત્સાહે કરી યુક્ત જિનેશ્વરોનું મંદિર કરે છે તે દેવના સમૂહથી અભિનંદનને પામતો લાંબા સમય સુધી પરમ સુખને પામે છે

जे अ धम्मपोअदाणे छजीवगोपालणे सिवपहे अ।
निज्जामग महगोवा सत्थाहा ते जिणे भयह ॥३०॥

ભાવાર્થ– જે ધર્મરૂપી વહાણ હેવામા નિર્યામકના સમાન છે, છ જીવ નિકાયરૂપી ગાયોના પાલન કરવામા મોગ ગોવાળ છે અને મોક્ષમાર્ગ વિષે સાર્થવાહ સમાન છે તે જિન પ્રભુને તમે સેવો। (૮-૩૦)

पूआइ कुमाराई पभावइ नट्टि नाणि दहवयणो ।
गीए सिहो दाणे चंदो जिणभत्ति न्दिट्ठंता ॥३१॥

ભાવાર્થ– પૂજા આદિમા કુમારપાલ રાજા વગેરેનુ, નાટકમા પ્રભાવતી રાણીનુ, નાદ વિષે રાવણનુ, ગીતમા સિંહકુમારનુ અને દાનમા ચંદ્રનું દૃષ્ટાન્ત જિનભક્તિમા જાણવુ (૮-૩૧)

जिणस्स पूअं ण्हवणाइगीय, नट्टप्पयाणाइ पभावणाई ।
चक्किंदइदत्तजिणत्तहेउं, कुज्जा तुहो वछिअसपयत्थं ॥३२॥

ભાવાર્થ– ચક્રીપણું, ઇન્દ્રપણુ અને જિનપણુ જેનુ કારણ છે, અભિષેક આદિ, ગીત, નાટક આદિ અને પ્રભાવના વગેરે જિનેશ્વર મહારાજની પૂજાને વિચક્ષણ પુરૂષ વછિત સંપત્તિ માટે કરે (૮-૩૨)

जिणहरबिंबपइट्ठा जत्तागमविविहपूअसंघेसु ।
मणवयणतणुदविणाणं वावारा सयलसुक्खफला ॥३३॥

ભાવાર્થ– જિનમન્દિર, પ્રતિમા, પ્રતિષ્ઠા, યાત્રાએ જવુ, વિવિધ પ્રકારની પૂજા અને શ્રીસંઘમા મન,

વચન, કાયા અને દ્રવ્યો–આ ચારેનો વ્યાપાર–ઉપયોગ થાય તે સકલ સુખના ફળોવાળુ છે (૮–૩૩)

दया दमो सच्चमणीहया य बम च सोअं ववहारसुद्धी ।
कसायचाओ अ परोवयारो इअ जस्स धम्मो अरिहा से पुज्जो ॥३४॥

ભાવાર્થ– દયા, ઇન્દ્રિયોનુ દમન, સત્ય, નિસ્પૃહતા, બ્રહ્મચર્ય, શૌચ, વ્યવહારશુદ્ધિ, કષાયનો ત્યાગ, અને પરોપકાર આ પ્રકારે જેનો ધર્મ છે તે અરિહંત ભગવાનને પૂજે (૮–૩૪)

इति प्राकृतगाथाभिः पूजोपदेश ।

આ પ્રમાણે પ્રાકૃત ગાથાઓ વડે પૂજાનો ઉપદેશ કહ્યો

ग्रहा प्रसन्ना वशवर्तिन सुरा,
न व्यन्तराद्या प्रभवन्ति च द्विप ।
नश्यन्ति विघ्ना विलसन्ति सपदो,
हृदि स्थिते यत्र जिन स पूज्यताम् ॥३५॥

ભાવાર્થ– જિનેશ્વર ભગવાન હૃદયમા રહ્યે છતે ગ્રહો પ્રસન્ન થાય છે, દેવો આધીન થાય છે, વ્યન્તર વગેરે અને શત્રુઓ સમર્થ થતા નથી, વિઘ્નો નષ્ટ થાય છે અને સંપદાઓ વિલાસ કરે છે, તે જિનને તમે પૂજો (૮–૩૫)

द्विधा भवापायगदोपशान्तये,
दिदेश यो धर्मरसायन परम् ।
स्मृतोऽपि सत्ते ह्यजरामर पद
सोऽपूर्वधन्वन्तरिरर्च्यता जिन ॥३६॥

**ભાવાર્થ**– બન્ને પ્રકારના સંસારના દુઃખોરૂપી રોગો, તેની શાન્તિ માટે જેમને શ્રેષ્ઠ દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ધર્મરૂપી રસાયનને દેખાડયુ છે, તથા જે ધન્વંતરિ સ્મરણ માત્રથી જરૂર મોક્ષપદને આપે છે તે અપૂર્વ ધન્વંતરિ એવા જિન પ્રભુને તમે પૂજો ! (૮–૩૬)

यदागमेनापि भवानसङ्ख्यान्,
विदन्ति पड्जीवमयं च विश्वम् ।
मुक्तिर्यदाज्ञावशगैव भव्या,
विधीयतां सर्वविदोऽस्य भक्तिः ॥३७॥

**ભાવાર્થ**– હે ભવ્યો ! જેના શાસ્ત્રો વડે અસંખ્યાતા ભવોને જાણો છો અને છ જીવમય જગતને જાણો છે, મુક્તિ જેની આજ્ઞાને વશ રહેલી છે તે સર્વજ્ઞની તમે ભક્તિ કરો ! (૮–૩૭)

प्रातिहार्यरमयाऽतिशयैर्वा वाग्गुणैः सुविशदागमधर्मैः ।
यो निनाय नयते खलु नेष्यत्याश्रितान् शिवपदं स जिनोऽर्च्यः
॥३८॥

**ભાવાર્થ**– જેમને અશોક આદિ આઠ પ્રાતિહાર્યરૂપી લક્ષ્મી વડે અથવા (ચોત્રીશ) અતિશયો વડે, વાણીના (પાત્રીશ) ગુણો વડે અને અતિનિર્મલ આગમ અને ધર્મ વડે આશ્રિતોને મોક્ષપદ પમાડયુ, પમાડે છે અને પમાડશે તે જિન પ્રભુની તમે પૂજા કરો ! (૮–૩૮)

गीतनृत्तपटुतूर्यनिनादैरग्रगञ्जि जिनमर्चति योऽत्र ।
चमिरात्र जिनसंपदमाप्त, सोऽर्च्यते त्रिजगतापि तथैन ॥३९॥

**ભાવાર્થ**– જે અહીં ગીત, નૃત્ય અને ઘણા વાજીંત્રોના શબ્દોએ કરીને આકાશને ગજવવાપૂર્વક જિનેશ્વર ભગવાનની પૂજા કરે છે તે ચક્રવર્તી, શક્રેન્દ્ર, જિનની સંપત્તિને પામ્યો હતો તેવી રીતે જ ત્રણે જગત વડે પૂજ્ય છે (૮-૩૯)

प्ररोहन्ति समेष्टसंपल्लतत्यो
यदीयक्रमध्यानपूजादियोगात् ।
नवाम्बुदादिव क्षीयते चाग्नितापः,
स भद्राणि देयात्प्रभुर्वीतरागः ॥४०॥

**ભાવાર્થ**– નવા મેઘની જેમ જેના ચરણકમલના ધ્યાનથી અને પૂજા આદિના યોગે તમામ ઇષ્ટ સંપત્તિ રૂપી વેલડીઓ ઊગે છે અને દુઃખરૂપી તાપ નાશ પામે છે તે વીતરાગ પરમાત્મા કલ્યાણોને આપો ! (૮-૪૦)

स मंगलालीमगजान्तिरर्गला,
जिनाधिराज सतत तनोतु वः ।
धर्मद्रुम कोऽपि स येन रोपित-
श्चक्री द्रुतीर्थेशपदानि यत्फलम् ॥४१॥

**ભાવાર્થ**– તે જિનેશ્વર ભગવાન તમોને હંમેશા પુષ્કળ માંગળિક માળાને કરો જેમને કોઈક અલૌકિક એવો ધર્મવૃક્ષ રોપ્યો છે કે જેનું ફળ ચક્રવર્તી, ઇન્દ્ર અને તીર્થંકરની પદવી કરે છે (૮-૪૧)

आसक्तिमात्रादपि यो हरेत् प्रभु-
र्वैरेतिदुर्भिक्षगदाद्युपद्रवान् ।
तदर्हणाया महिमाऽनुमीयता
मैस्तच्चतुर्वेगकरो जिनोऽर्च्यताम् ।~।

ભાવાર્થ- જે પ્રભુ સમીપ માત્રથી વેર, ઇતિ, દુભિક્ષ-દુષ્કાળ અને રોગાદિ ઉપદ્રવોને હરે છે, તે (જિનેશ્વરની) પૂજાનો મહિમા કોનાં વડે માપી શકાય? તે ચતુર્વર્ગ-ધર્મ-અર્થ-કામ-મોક્ષને કરનારા જિન પ્રભુને તમે પૂજો (૮-૪૨)

हास्यादिषट्क चतुर कषायान्
पचाश्रयान् प्रेममदौ च केलिम् ।
तत्याज यस्त्याजयते च दोषा-
नष्टादशार्हन् शिवदोऽर्च्यतां स ॥४३॥

ભાવાર્થ- હાસ્યાદિ છ, ચાર કષાય, પાંચ આશ્રવો, રાગ, મદ અને ક્રિડા-આ અઢાર દોષોને જેમને છોડી દીધા છે અને છોડાવે છે-તજાવે છે તે મોક્ષને દેનારા અર્હન્ પ્રભુને તમે પૂજો! (૮-૪૩)

मनो जिनेन्द्रगुणचिन्तनेन
वच पुनीते स्तुतिगीतिभिर्य ।
तनु च पूजाविधिनृत्तवाद्यै-
स्त्रिलोकपूज्य लभते पदं स ॥४४॥

ભાવાર્થ- જે જિનેશ્વર ભગવાનના ગુણ-ચિન્તવન કરવાથી મનને, સ્તુતિ અને ગીત વડે વચનને તથા પૂજા-વિધિ, નૃત્ય અને વાદ્યો વડે શરીરને પવિત્ર કરે છે તે ત્રણ જગતને પૂજ્ય એવા સ્થાનને મેળવે છે (૮-૪૪)

सौभाग्यमारोग्यसुदीर्घजीवितं,
त्रिवर्गसिद्धं शिवमिष्टसंपदः ।
इहापि दत्ते भविना सदाऽपि या,
जिनेन्द्रभक्तिं भजतादरादिमाम् ॥८४॥

ભાવાર્થ– સૌભાગ્ય, આરોગ્ય, અતિદીર્ઘ જીવન, ત્રણ વર્ગની સિદ્ધિ, કલ્યાણ અને ઇષ્ટ સંપત્તિઓ અહીં પણ હંમેશા ભવ્ય આત્માઓને જે આપે છે તે આ જિનેન્દ્ર પ્રભુની ભક્તિ આદરપૂર્વક તમે કરો ! (૮-૪૫)

पुष्पाक्षतामिषफलोदकगन्धदीपधूपै
र्यजन जिनपतेर्भविकोऽष्टधाऽर्चाम् ।
विश्वोत्तमाश्चिरमवाप्य भवेऽष्टसिद्धी,
स्यादष्टकर्ममुगन तचतुष्टयात्मा ॥८६॥

ભાવાર્થ– ભવિક એવો આત્મા પુષ્પ, અક્ષત, નૈવેદ્ય, ફળ, જળ, ગન્ધ, દીપક અને ધૂપ-આ અષ્ટ પ્રકારની જિનપતિની પૂજા કરતો આ ભવમાં-જગતમાં ઉત્તમ એવી આઠ સિદ્ધિઓ દીર્ઘ કાળ સુધી પામીને અષ્ટ કર્મથી રહિત થયો હતો અનન્ત ચતુષ્ટય-સ્વરૂપવાળો આત્મા થાય છે (૮-૪૬)

ध्यानेन चित्त वचनं स्तवेनाहत करौ द्रव्यमथार्चनेन ।
भाले कृतार्थीकुरुते च नत्या, य स्यात् कृतार्थोऽत्र परत्र चायम्
॥४७॥

ભાવાર્થ– જે અર્હન્ત પ્રભુના ધ્યાન વડે ચિત્તને, સ્તવના વડે વચનને, પૂજન વડે ધનને અને હાથને, નમસ્કાર કરવા વડે કપાળને જે કૃતાર્થ કરે છે તે આ લોક અને પરલોકમાં કૃતાર્થ થાય છે (૮-૪૭)

धूपानपूग्रामरगीतनृत्तवाद्यादिपूजा जनबोधहेतो ।
भुक्ते यदर्हन्नपि तत्कृती ता, श्रेयः प्रदा स्यान्यहिताय कुर्यात् ॥४८॥

ભાવાર્થ– લોકોના બોધના કારણે અર્હન્ પ્રભુ પણ જે ગંધ, છત્ર, અમરગીત, નૃત્ય, વાજીત્ર આદિની પૂજાને ભોગવે છે કરે માટે પુણ્યશાલી એનો આત્મા કલ્યાણને દેનારી એવી તે પૂજાને પોતાના અને બીજાના હિત માટે કરે (૮-૪૮)

स्कान्दे भागवते वा विष्णुपुराणे तथैव वेदेषु ।
मीमांसादिष्वपि यो वर्ण्य स जिनोऽर्च्यतां मुक्त्यै ॥४९॥

ભાવાર્થ– સ્કન્દપુરાણમા, ભાગવતમા, વિષ્ણુપુરાણમા તેવી રીતે વેદોમા અને મીમાંસા આદિમા પણ જે જિનનુ વર્ણન કર્યુ છે તે જિનને મોક્ષ માટે તમે પૂજો ! (૮-૪૯)

तथाहि-स्कन्दपुराणे-नगरस्थापनाधिकारे वृद्धत्वान्नगरपुराणेति प्रसिद्धे षड्भिः सहस्रैः श्रीऋषभचरित्रमस्ति। भागवते- पञ्चमस्कन्धे विष्णोरवतारतया श्रीऋषभवर्णनमस्ति, तत्र प्रौढत्वादेव गृहीतत्वाद्विष्णवतारत्वमसत्य, दशावतारादिशास्त्रान्तरे विसंवादित्वादिभिर्बहुहेतुभिः ऋषभवर्णनं तु सत्यम्। विष्णुपुराणेऽपि तदनुयायिनैव, वेदेषु- तु जिनप्रमाणाकुला दर्शी-ॐ ऋषभं पवित्रमध्वरमित्यादि, ॐ लोकश्री प्रतिष्ठितान् चतुर्विंशतितीर्थंकरानित्यादि, यत्ते मृत्यमन्त्र स्वस्तीन इन्द्रो वृद्धश्रवा, स्वस्तीनस्तार्क्ष्यो रिष्टनेमीरित्यादि तिलकमन्त्र इत्यादि रहस्यानेषु आदिशब्दात् 'अपाणि पादोजवन इत्यादि, न्यायतर्कग्रन्थे- नैयायिकमहातर्के नोक्षा न भस्म

न जेत्यादि मा धातुप्रासादप्रशस्त्यादिष्विति ¹

સ્કન્દપુરાણમા-વિશાળ હોવાથી નગરપુરાણ એ તરીકે પ્રસિદ્ધ એવા નગર સ્થાપનાના અધિકારમા ૯ હજાર શ્લોક પ્રમાણનુ શ્રીઋષભચરિત્ર છે

ભાગવતમા પાચમા સ્કન્ધમા વિષ્ણુના અવતારપણે શ્રીઋષભદેવનુ વર્ણન છે તેમા પ્રૌઢપણું હોવાથી જ ગ્રહણ કરેલુ હોવાથી વિષ્ણુપણાનુ અવતારપણું તે તો અસત્ય છે ચ્શાવતારવાદી અન્ય શાસ્ત્રો વડે વિસવાદીપણુ આદિ ઘણા હેતુઓથી શ્રીઋષભદેવનુ વર્ણન તો આવુ છે

વિષ્ણુપુરાણમા પણ તેમના અનુયાયીઓએ કહેલુ છે

વેદોમા જિન(૨૪) અગુલપ્રમાણ દર્વી–કડછી કહેલ છે

(અને ઉપર પ્રમાણે મન્ત્ર આદિના પાઠો છે)

चैत्यातपत्रासनमूर्त्तिपद्मद्वै-
निर्दोषवृत्तागमधर्मदेशनै ।
य एव विश्वैकहितो विभाव्यते,
देवाधिदेवो ह्यधुनाऽपि सेव्यतां [illegible]

ભાવાર્થ– જે ચૈત્ય, છત્ર, સિહાસન, મૂર્તિ, પદમા રહેલા ગ્રહો, નિર્દોષ જીવન, શાસ્ત્ર અને ધર્મદેશના વડે જગતના અદ્વિતીય હિતકારી જ જે વિચારાય છે તે દેવાધિદેવને હમણા પણ તમે સેવો (૮–૫૦)

---

૧ કર્તાના જમાનામા અને તેનાથી [illegible] પ્રતોના લખાણ પ્રમાણે આ બધા પાઠ [illegible] અન્ય મતવાળા હમણા કહેવા લાગ્યા છે કે [illegible] નથી તો સભવ છે કે આ જમાનાની [illegible] ન હો

रवीन्दुपद्माकरपादप घन-
द्रुमादिवद् यः कुरुतेऽङ्गिनां हितम् ।
अरोषतापोऽप्युपकारमागता,
विहारजन्मादिभिरर्च्यतामयम् ॥५१॥

ભાવાર્થ— સૂર્ય, ચંદ્ર, સરોવર, મેઘ, ચંદન અને વૃક્ષ વગેરે જેમ જીવોને ઉપકાર કરે છે તેમ વીતરાગ છતાં પણ જિનેશ્વર પ્રભુ પોતે વિહાર, જન્મ-કલ્યાણક વગેરેથી ઉપકારને કરે છે, માટે આ જિન પ્રભુને તમે પૂજો (૮-૫૧)

यं शुश्रूषति ततिः सुसम्पदां सर्वदुःखनिकरो जिहासति ।
नैव मुक्तिपदवी दवीयसी, यस्य स्यादिति स भक्तिमर्हति ॥५२॥

ભાવાર્થ—જેને ઉત્તમ સંપદાઓની શ્રેણી વરવા ઇચ્છે છે, જેને સર્વ દુઃખોનો સમૂહ છોડવા ઇચ્છે છે, અને જેને મુક્તિ-પદવી બહુ દૂર નથી એવો તે (મનુષ્ય) પુણ્યશાળી અરિહન્ત ભગવાનને વિષે ભક્તિને લાયક છે (૮-૫૨)

विराधिता स्याद् भवदुःखहेतुराराधिता निर्वृतिसंपदे च ।
आज्ञा यदीयैव समग्रदात्री, स सेव्यतां विश्वपतिर्जिनेन्द्रः ॥५३॥

ભાવાર્થ—સમગ્ર વસ્તુને આપનારી એવી જેમની જ આજ્ઞા વિરાધી છતી ભવ-દુઃખનું કારણ થાય છે અને જેમની આજ્ઞા આરાધી છતી મોક્ષની સંપદા માટે થાય છે તે જગતના સ્વામી જિનેન્દ્ર પ્રભુને તમે સેવો (૮-૫૩)

तृणगोमयकाष्ठदीपकानलरत्नोडुरवीन्दुभानिभा ।
जिनभक्तिरिहाद्यपुद्गलात् तनुते मुक्तिसुखानि तद्भवे ॥५४॥[1]

---

૧ આ ગ્રન્થનું પાનું ૯૨-૯૬ જુઓ.

ભાવાર્થ–ઘાસનો અગ્નિ, છાણાનો અગ્નિ, કાષ્ઠનો અગ્નિ અને દીવાનો અગ્નિ, રત્નની પ્રભા, નક્ષત્રની પ્રભા, સૂર્યની પ્રભા અને ચન્દ્રની પ્રભા સરખી જિનેશ્વર ભગવાનની ભક્તિ અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી માંડી યાવત્ તેજ ભવમાં મોક્ષના સુખોને વિસ્તારે છે (૮–૫૪)

शान्त्य भवक्लेशमहामयाना,
रसायन निर्वृतिपुष्टिहेतुम्।
य एव धर्माम(न्लि)दिदश वैद्यो
जिनाऽच्यता सात्महिते यत्नीह्‌ा ॥ ५५

ભાવાર્થ–જે વૈદ્ય ભવક્લેશરૂપી મહા[illegible] માટે અને મોક્ષ–સુખની પુષ્ટિના [illegible] રસાયનને બતાવ્યુ છે તે વૈદ્યરૂપી જિન [illegible] આત્માના હિતની ઇચ્છા હોય તો તમે પૂજો (૮–૫૫)

दोष दोषगुणौ गुणं च कुरुते दोषक्षयाच्च गुणं
भैषज्य भिषजा यथाऽर्च्यपुरुषस्यैव चतुर्धाऽर्चना।
मिथ्यादृग्मस्तो १ऽस्यचातिशयिन २ सत्क्ष[illegible] देशावतान् ३,
मुक्त्यै४ चार्थ१ तदन्वितो२ज्झितमना३[illegible]अर्चिता॥ ५६।

ભાવાથ–જેમ વૈદ્યોનુ ઔષધ ૧ કેવલ દોષને કરે છે ૨ દોષ અને ગુણ બન્નેને કરે છે ૩ કેવલ ગુણને કરે છે અને ૪ દોષનો નાશ કરી ગુણને કરે છે, તેમ પૂજ્ય પુરુષની પૂજા ચાર પ્રકારે હોય છે તદ્ યથા ૧ મિથ્યાદ્રષ્ટિની પૂજા [illegible] હોવાથી કેવલ દોષને કરે છે ૨ મિથ્યાદ્રષ્ટિ અતિશય[illegible]

[illegible]

દેવાની અથવા ચમત્કારીઓની પૂજા પાપ યુક્ત હોવાથી ગુણ ને દોષ બન્ને કરનારી હોય છે, ૩ પોતાને પૌદ્‌ગલિક ઇચ્છાઓના વશથી સર્વજ્ઞની પૂજા મિથ્યાત્વના ત્યાગવાળી હોવાથી કેવલ ગુણવાળી હોય છે, ૪ મોક્ષના માટે કરાયેલી પૂજા મિથ્યાત્વનો ત્યાગ અને પાપના ત્યાગવાળી હોવાને લેઇ સુખની પ્રાપ્તિ હોવાથી દોષના નાશ યુક્ત ગુણવાળી હોય છે (૮-૫૬)

गुणस्थानसोपानपङ्क्तिं दधाना,
　　शिवौकाधिरोहाय निःश्रेणिकल्पा ।
जिनेन्द्रस्य भक्तिः सतां शील्यमाना
　　क्रमादुच्चमुच्चं पदं संतनोति ॥ ७॥

